# વસ્તુપાલનું વિદ્યામંડળ

અને

બીજા લેખો

જૈન ઓફિસ – ભાવનગર

# વસ્તુપાલનું વિદ્યામંડળ

અને

## બીજા લેખો


અધ્યાપક ભોગીલાલ જ. સાંડેસરા, એમ. એ.

અર્ધમાગધી અને ગુજરાતીના અધ્યાપક, શેઠ ભો. જે. વિદ્યાભવન
ગુજરાત વિદ્યાસભા (ગુજરાત વર્નાક્યુલર સોસાયટી,) અમદાવાદ



સંવત ૨૦૦૪] [સને ૧૯૪૮

"જૈન" ઑફિસ : ભાવનગર

પ્રાપ્તિસ્થાન
જૈન ઓફિસ–ભાવનગર

"જૈન" પત્રની સને ૧૯૪૭ ની ભેટ.
કીમત ૨-૦-૦

મુદ્રકઃ—
આનંદ પ્રિન્ટિંગ પ્રેસ.
ભાવનગર

# સ્તાવિક

'જૈન'ના તંત્રી શ્રી. ગુલાબચંદભાઈએ 'જૈન' માટે એક ભેટ-પુસ્તક લખી આપવાની સૂચના મને થોડાક માસ પહેલાં કરી હતી. પરન્તુ ગ્રન્થરૂપે કંઈ નવું લખવાની અનુકૂળતા તે સમયે નહોતી. અત્યાર પહેલાં સામયિકોમાં છપાયેલા, પણ ગ્રન્થસ્થ નહિ થયેલા મારા લેખો પૈકી મુખ્યત્વે જૈન સાહિત્ય અને ઇતિહાસ સાથે સંબંધ ધરાવતા થોડાક લેખોનો એક સંગ્રહ બહાર પાડવાનું સૂચન મેં કર્યું, અને તેમણે તે સહર્ષ સ્વીકાર્યું. પરિણામે આ સંગ્રહ પ્રસિદ્ધ થાય છે.

જૈન સાહિત્ય અને ઇતિહાસ એ વાસ્તવિક રીતે તો ભારતીય સાહિત્ય અને ઇતિહાસનો જ એક અંતર્ગત ભાગ છે. જૈન અને જૈનેતર એવા ભેદો આપણે મોટે ભાગે અભ્યાસની સરળતાને ખાતર પાડતા હોઈએ છીએ. એથી આ સંગ્રહમાંના લેખો એક દૃષ્ટિબિન્દુથી જોતાં જૈન સાહિત્ય, ઇતિહાસ અને શ્રમણસંસ્કૃતિને સ્પર્શ કરતા છે તો બીજા દૃષ્ટિબિન્દુથી જોતાં ભારતીય સાહિત્ય અને ગુજરાતના રાજકીય–સાંસ્કૃતિક ઇતિહાસ વિષેના છે. લેખો વિષે વિચાર કરતાં આટલું ધ્યાનમાં રાખવા વિનંતી છે.

પ્રેસની શરતચૂકને લીધે પુસ્તકની વચમાં જ, પૃ. ૩૨ ઉપર એક જાહેર ખબર દાખલ થઈ ગઈ છે. એ માટે હું વાચકોની ક્ષમા ચાહું છું.

અમદાવાદ
તા. ૨૯–૨–૪૮

ભોગીલાલ જ. સાંડેસરા

# આ લેખકનાં અન્ય પુસ્તકો

**સંશોધન**

વાઘેલાઓનું ગૂજરાત ( ૧૯૩૯ )
પ્રાચીન ગૂજરાતી સાહિત્યમાં વૃત્તરચના ( ૧૯૪૧ )
ઇતિહાસની કેડી–લેખસંગ્રહ ( ૧૯૪૫ )
**वस्तुपाल का विद्यामंडल**–હિન્દી અનુવાદ ( ૧૯૪૭ )
જૈન આગમ સાહિત્યમાં ગૂજરાત ( હવે પછી )

**સંપાદન**

સંઘવિજયકૃત સિંહાસનબત્રીસી ( ૧૯૩૩ )
માધવકૃત રૂપસુન્દર કથા ( ૧૯૩૪ )
વીરસિંહકૃત ઉષાહરણ ( ૧૯૩૭ )
મતિસારકૃત કર્પૂરમંજરી ( ૧૯૪૧ )
સત્તરમા શતકનાં પ્રાચીન ગુર્જર કાવ્ય ( ૧૯૪૮ )
નેમિચન્દ્રકૃત ષષ્ટિશતક–ત્રણ બાલાવબોધો સાથે ( છપાય છે )

**અનુવાદ**

સંઘદાસગણિકૃત વસુદેવ–હિંડી :( ૧૯૪૬ )
પંચતંત્ર ( છપાય છે )
હિન્દમાં આર્ય ભાષાવિકાસ અને હિન્દી ( છપાય છે )

# અનુક્રમણિકા


| | |
|---|---|
| પ્રાસ્તાવિક... ... .... ... ... ... ... .... | .... |
| વસ્તુપાલનું વિદ્યામંડળ... ... ... ... ... ... | ૧ |
| સારનાથ... .... ... .... ... ... ... .... | ૩૩ |
| ભારુંડ : લોકકલ્પનાનું એક પક્ષી ... ... ... ... | ૩૮ |
| 'પ્રબન્ધકોશ'નો મુઈઝુદ્દીન કોણ?... ... ... ... | ૪૪ |
| એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ... ... ... ... ... | ૫૯ |
| સંડેર : ઉત્તર ગૂજરાતનું એક ઐતિહાસિક ગામડું... ... | ૬૯ |
| "ક્રુક્ષાબન્ધં વિદધતિ ન યે" ... ... ... ... ... | ૮૦ |
| કેટલાક ઐતિહાસિક શિલાલેખો.... ... ... ... ... | ૮૩ |
| પાટણના જૈન ઇતિહાસની કેટલીક સામગ્રી... ... ... | ૧૦૧ |
| "ગૂજરાતનાં શાહી મુગલ ફરમાનો".... ... ... | ૧૧૨ |
| સૌભાગ્યપંચમી કથા... ... ... ... ... ... ... | ૧૧૯ |
| ગૂજરાતમાં 'નૈષધીયચરિત'નો પ્રચાર તથા તે ઉપર લખાયેલી ટીકાઓ | ૧૩૩ |
| સમયનિર્દેશ.... ... ... ... ... ... ... ... | ૧૪૯ |
| સૂચિ.... ... ... ... ... ... ... ... ... | ૧૫૧ |
| શુદ્ધિપત્રક... ... ... ... ... ... ... ... | ૧૬૮ |

# વસ્તુપાલનું વિદ્યામંડળ

त्यागा: कुड्मलयन्ति कल्पविटपित्यागक्रियापाटवं
कामं काव्यकलापि कोमलयति द्वैपायनीयं वच: ।
बुद्धिर्धिक्कुरुते च यस्य धिषणां चाणक्यचिन्तामणे:
सोऽयं कस्य न वस्तुपालसचिवोत्तंस: प्रशंसास्पदम् ॥

—નરેન્દ્રપ્રભસૂરિકૃત અલંકારમહોદધિ

सत्कविकाव्यशरीरे दुष्यदगददोषमोषणैकभिषक् ।
श्रीवस्तुपालसचिव: सहृदयचूडामणिर्जयति ॥

—સોમેશ્વરકૃત ઉલ્લાઘરાઘવ

બાલ મૂળરાજ, ભીમદેવ બીજો, લવણપ્રસાદ, વીરધવલ અને વીસલદેવનો કાળ–વિક્રમના તેરમા સૈકાનો ઉત્તરાર્ધ અને ચૌદમા સૈકાનો પ્રારંભકાળ–એ ગૂજરાતમાં સંસ્કૃત વિદ્યાના વિલાસનો કાળ છે. વીરધવલ અને વીસલદેવ તો માળવાના પ્રસિદ્ધ રાજાઓ મુંજ અને ભોજની જેમ પોતાની સભામાં પંડિતો રાખતા. પણ આ યુગમાં વિદ્યાપ્રચારને સૌથી વધુ વેગ મળ્યો હોય તો તે ધોળકાના રાણા વીરધવલના મંત્રીઓ વસ્તુપાલ–તેજપાલ તરફથી. આ સમયની સાહિત્યપ્રવૃત્તિમાં વસ્તુપાલની પોતાની પ્રેરણા ઘણે મોટે અંશે કારણભૂત બની છે.

વસ્તુપાલ એક વીર યોદ્ધો અને નિપુણ રાજપુરુષ હોવા ઉપરાંત સાહિત્યરસિક, સાહિત્યવિવેચક અને કવિ પણ હતો. શ્રીકૃષ્ણ

અને અર્જુનની મૈત્રી, રૈવતક ઉપર તેમનો વિહાર અને છેવટે અર્જુને કરેલું સુભદ્રાનું હરણ—એ મહાભારતીય પ્રસંગને ૧૬ સર્ગોમાં કવિત્વપૂર્ણ રીતે વર્ણવતું, નરનારાયણાનંદ નામે મહાકાવ્ય તેણે રચ્યું છે. ગૂર્જરદેશના જ એક પૂર્વકાલીન મહાકવિ માઘના શિશુપાલવધની રીતિએ લખાયેલું પ્રસ્તુત કાવ્ય કાવ્યવિવેચનાના પ્રત્યેક દૃષ્ટિકોણથી માઘની એ વિખ્યાત રચનાની સામે માનભર ઊભું રહેવાને પાત્ર છે. આ ઉપરાંત શત્રુંજયમંડન આદિનાથ સ્તોત્ર, ગિરનારમંડન નેમિનાથસ્તોત્ર, અંબિકાસ્તોત્ર આદિ સ્તોત્રો તથા દસ શ્લોકોની આરાધના એ કાવ્યો વસ્તુપાલે રચેલાં મળે છે. વસ્તુપાલે રચેલાં સુભાષિતો જલ્હણની સૂક્તિમુક્તાવલિ અને શાર્ઙ્ગધરની શાર્ઙ્ગધરપદ્ધતિમાં ઉધ્ધૃત થયેલાં છે. મેરુતુંગકૃત પ્રબન્ધચિન્તામણિ, રાજશેખરકૃત ચતુર્વિંશતિપ્રબન્ધ, જિનહર્ષકૃત વસ્તુપાલચરિત, તથા પુરાતન પ્રબન્ધસંગ્રહ આદિ ગૂજરાતમાં જ રચાયેલ પ્રબન્ધાત્મક ગ્રન્થોમાં પણ વસ્તુપાલની સંખ્યાબંધ સૂક્તિઓ મળે છે. સૂક્તિઓની રચનામાં વસ્તુપાલનો વિશિષ્ટ આદર હતો એટલું જ નહીં પણ સૂક્તિરચનામાં તેની કવિપ્રતિભાનું વૈશિષ્ટ્ય પ્રકટ થતું હતું એમ જુદા જુદા પ્રબન્ધોમાં ઉધ્ધૃત થયેલા કોઈ અજ્ઞાતનામા કવિના નીચેના શ્લોક ઉપરથી જણાય છે:

पीयूषादपि पेशला शशधरज्योत्स्नाकलापादपि
स्वच्छा नूतनचूतमञ्जरिभरादप्युल्लसत्सौरभाः ।
वाग्देवीमुखसामसूक्तविशदोद्गारादपि प्राञ्जलाः
केषां न प्रथयन्ति चेतसि मुदं श्रीवस्तुपालोक्तयः ॥

સોમેશ્વરે પણ પોતાના "ઉલ્લાઘરાઘવ" નાટકમાં આ જ વસ્તુનું સમર્થન કરતાં કહ્યું છે કે—

अम्भोजसम्भवसुता वक्त्राम्भोजेऽस्ति वस्तुपालस्य ।
यद्वीणारणितानि श्रूयन्ते सूक्तिदम्भेन ॥

વસ્તુપાલની કાવ્યકલાની મૌલિકતા વર્ણવતાં એ જ કવિ પોતાની આબુપ્રશસ્તિમાં લખે છે કે—

विरचयति वस्तुपालश्चुलुक्यसचिवेषु कविषु च प्रवरः ।
न कदाचिदर्थग्रहणं श्रीकरणे काव्यकरणे वा ॥

એક સમકાલીન કવિએ વસ્તુપાલને 'કૂર્ચાલસરસ્વતી' (દાઢીવાળી સરસ્વતી)નું બિરુદ આપ્યું છે, બીજાએ તેને 'સરસ્વતીકંઠાભરણ' તરીકે વર્ણવ્યો છે. 'વાગ્દેવીસૂનુ' અને 'સરસ્વતીપુત્ર' એ તેનાં બીજાં બિરુદો છે. કવિઓનો આશ્રયદાતા હોવાને કારણે તે 'લઘુ ભોજરાજ' કહેવાતો. પંડિતો અને કવિઓને તેણે પ્રબન્ધોમાં વર્ણવ્યા પ્રમાણે, લાખોનાં પ્રીતિદાન આપ્યાં હતાં. લાખો દ્રમ્મ ખર્ચીને તેણે ભરૂચ, ખંભાત અને પાટણમાં જ્ઞાનભંડારો સ્થાપ્યા હતા, એ તેની અપૂર્વ વિદ્યાપ્રિયતાનો પુરાવો છે. તેનો પોતાનો ગ્રન્થભંડાર પણ ખૂબ સમૃદ્ધ હતો. રાજકાજ–પ્રવણ એવા અતિશય પ્રવૃત્તિમય જીવનમાંથી પણ સરસ્વતીસેવા માટે પૂરતો સમય તે મેળવી લેતો હતો. તેના પોતાના જ હસ્તાક્ષરોમાં સં. ૧૨૯૦ માં લખાયેલી, ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય મહાકાવ્યની તાડપત્રીય પ્રત ખંભાતના ભંડારમાં મોજૂદ છે. 'ધોળકા યુનિવર્સિટી' તરીકે આજકાલ ઉપહાસ પામી રહેલું ધોળકા વસ્તુપાલની છાયા નીચે ગૂજરાતનું એક સાચું વિદ્યાધામ બન્યું હતું.

વિક્રમના તેરમા શતકના ઉત્તરાર્ધમાં અને ચૌદમા શતકના પૂર્વાર્ધમાં ગૂજરાતમાં જે મૂલ્યવાન સંસ્કૃત સાહિત્ય રચાયું છે તે મુખ્યાંશે વસ્તુપાલના વિદ્યામંડળની સાહિત્યપ્રવૃત્તિને તથા વસ્તુપાલના પોતાના આશ્રય અને ઉત્તેજનને આભારી છે. વિદ્યામંડળમાં રાજપુરોહિત સોમેશ્વર, હરિહર અને નાનાક પંડિત, મદન, સુભટ, મંત્રી યશોવીર, અરિસિંહ આદિ હતા. વસ્તુપાલના ગાઢ સંપર્કમાં આવેલા જૈન સાધુ કવિઓ અને પંડિતોમાં અમરચન્દ્રસૂરિ, ઉદયપ્રભસૂરિ, નરચન્દ્રસૂરિ, નરેન્દ્રપ્રભસૂરિ, જયસિંહસૂરિ તથા માણિકચચન્દ્ર આદિનાં નામો ગણાવી શકાય. આ ઉપરાંત બીજા અનેક કવિઓ તથા જેમનાં નામો આજે મળતાં નથી એવા કેટલાયે પંડિતો વસ્તુપાલ-

ની આસપાસ એકત્ર થયેલા હતા. એ સર્વનો તથા તેમની સાહિત્યપ્રવૃત્તિનો સંક્ષિપ્ત પરિચય આપવાનો પ્રયાસ અહીં કર્યો છે.

## સોમેશ્વર

यस्यास्ते मुखपङ्कजे सुखमृचां वेदः स्मृतीवृंद य-
स्तता सद्मनि यस्य यस्य रसना सूते च सूक्तामृतम् ।
राजानः श्रियमर्जयन्ति महतीं यत्पूजया गूर्जराः
कर्तुं तस्य गुणस्तुतिं जगति कः सोमेश्वरस्येश्वरः ॥

—વસ્તુપાલ

श्रीसोमेश्वरदेवेकवरवेत्य लोकम्पृणं गुणग्रामम् ।
हरिहर-सुभटप्रभृतिभिरभिहितमेवं कविप्रवरैः ॥
वाग्देवतावसन्तस्य कवेः श्रीसोमशर्मणः ।
धुनोति विबुधान् सूक्तिः साहित्याम्भोनिधेः सुधा ॥
तव वक्त्रं शतपत्रं सद्वर्णं सर्वशास्त्रसम्पूर्णम् ।
भवतु निजं पुस्तकमिव सोमेश्वरदेव वाग्देव्याः ॥

—સુરથોત્સવ મહાકાવ્ય : પ્રશસ્તિ

પુરોહિત સોમેશ્વર વસ્તુપાલનો ઇષ્ટ મિત્ર હતો. તેણે રચેલા સુરથોત્સવ મહાકાવ્યની પ્રશસ્તિ ઉપરથી જણાય છે કે તેના પૂર્વજો મૂલરાજના સમયથી રાજપુરોહિત તરીકે કાર્ય કરતા હતા. તેનો મૂળ પુરુષ વડનગરનો ગુલેચા ગોત્રનો સોમ નામે વિદ્વાન બ્રાહ્મણ હતો. સોમનો પુત્ર લલ્લશર્મા ચામુંડનો અને તેનો પુત્ર મુંજ દુર્લભરાજનો પુરોહિત હતો. મુંજનો પુત્ર કુમારશર્મા સિદ્ધરાજનો પુરોહિત હતો. તેનો પુત્ર સર્વદેવ, તેનો આમિગ તથા તેનો સર્વદેવ (બીજો) થયો. તેણે કુમારપાલનાં અસ્થિ ગંગામાં પધરાવ્યાં હતાં. એ સર્વદેવના નાના ભાઇ કુમારને લક્ષ્મી નામે સ્ત્રીથી મહાદેવ, સોમેશ્વર અને વિજય નામે ત્રણ પુત્રો થયા. એમાંનો સોમેશ્વર એ ભીમદેવ, વીરધવલ અને વીસલદેવનો રાજપુરોહિત થયો, તેની તથા વસ્તુપાલની વચ્ચે મૈત્રીની દૃઢ ગાંઠ બંધાઈ અને વસ્તુપાલને આશ્રયે તેની સારસ્વત સેવાને ખૂબ પોષણ મળ્યું.

સોમેશ્વરના ગ્રન્થોમાં કીર્તિકૌમુદી, સુરથોત્સવ, રામશતક અને ઉલ્લાઘરાઘવ નાટક પ્રાપ્ત થયેલાં છે. આ સિવાય આબુ ઉપર વસ્તુપાલ–તેજપાલે બંધાવેલ લૂણવસહીની પ્રશસ્તિ તથા ગિરનાર ઉપ. રના તેમણે જીર્ણોધ્ધૃત કરેલા મન્દિરની પ્રશસ્તિ સોમેશ્વરે રચેલી છે. વીરધવલે ધોળકામાં બંધાવેલા વીરનારાયણપ્રાસાદની ૧૦૮ શ્લોકની પ્રશસ્તિ પણ સોમેશ્વરે રચેલી હતી, એમ ચતુર્વિંશતિ પ્રબન્ધ ઉપ- રથી જણાય છે. એ પ્રાસાદ કે તેની પ્રશસ્તિ હાલમાં વિદ્યમાન નથી. સુરથોત્સવની પ્રશસ્તિમાં પોતે ભીમદેવની સભાને યામાર્ધમાં એક નાટક રચીને હર્ષિત કરી હતી, એમ સોમેશ્વરે લખ્યું છે. આ નાટક ઉલ્લાઘરાઘવથી ભિન્ન હોવું જોઇએ, કારણ કે ઉલ્લાઘરાઘવ તો સોમેશ્વરે પોતાના પુત્ર ભલ્લશર્માની પ્રાર્થનાથી લખ્યું હતું, એવી તેમાં નોંધ છે. સુરથોત્સવની પ્રશસ્તિમાં જેનો ઉલ્લેખ છે તે નાટક અપ્રાપ્ય છે.*

નવ સર્ગનું કીર્તિકૌમુદીમહાકાવ્ય સોમેશ્વરે પોતાના આશ્રય- દાતા મંત્રીની પ્રશસ્તિરૂપે લખ્યું છે, પરન્તુ વસ્તુપાલની કારકિર્દી અને ગૂજરાતના વાઘેલા રાજાઓનો ઇતિહાસ એટલો અવિનાભાવે સંકળાયેલો છે કે ગૂજરાતના ઇતિહાસના અભ્યાસ માટે પણ એ કાવ્ય અત્યંત ઉપયોગી થઈ પડે છે. પ્રારંભમાં અણહિલપુરનું વર્ણન કરીને કવિએ મૂળરાજથી ભોળા ભીમ સુધીના તથા પછીની વાઘેલા શાખાના અર્ણોરાજથી વીરધવલ સુધીના રાજાઓનો ઇતિહાસ આપ્યો છે. પછી વસ્તુપાલ–તેજપાલની મંત્રીપદે થયેલી સ્થાપના તથા લાટપતિ શંખનો તથા મારવાડથી ચઢી આવેલા ચાર રાજાઓનો મંત્રીએ એકી સાથે કેવી રીતે પરાજય કર્યો એ વર્ણવ્યું છે. વિજય પછી, મહાકાવ્યની રૂઢિ અનુસાર પુરપ્રમોદ તથા ચંદ્રોદયનું વર્ણન

* સોમેશ્વરે કાવ્યપ્રકાશ ઉપર કાવ્યાદર્શ નામની ટીકા લખી હોવાનું સુરથોત્સવના સંપાદકો જણાવે છે, પણ એ સોમેશ્વર તો ભારદ્વાજગોત્રીય દેવકનો પુત્ર હોઈ આપણા સોમેશ્વરથી ભિન્ન છે.

કર્યું છે. પછી મંત્રીનો પરમાર્થવિચાર નિરૂપ્યો છે, જેમાં સૂર્યોદયનું વર્ણન કરતાં કવિએ સંસારની અસારતાનો બોધ આપ્યો છે, અને છેવટે મંત્રીએ કરેલી શત્રુંજય અને ગિરનારની યાત્રાઓનું વિસ્તૃત વર્ણન કરીને કીર્તિકૌમુદીનું સમાપન કર્યું છે.

પણ કીર્તિકૌમુદીનું મહત્ત્વ કેવળ ઐતિહાસિક દૃષ્ટિએ જ નથી. કાવ્યદૃષ્ટિએ પણ મધ્યકાલમાં રચાયેલાં સંસ્કૃત મહાકાવ્યોની આગલી હરોળમાં તે બેસે છે. વસ્તુપાલનું નરનારાયણાનંદ જેમ માઘની ધાટી ઉપર રચાયેલું છે તેમ કીર્તિકૌમુદીમાં કાલિદાસની રીતિનું પ્રશસ્ય અનુસરણ છે. વસ્તુપાલ તેમજ સોમેશ્વરે પોતાના એ સમર્થ પુરોગામીઓની કાવ્યપરંપરાને બહુ સુન્દર રીતે જાળવી રાખી છે અને સંસ્કૃત પંચકાવ્યોને બાજુએ રાખીએ તો, બાકીનાં સંસ્કૃત મહાકાવ્યોમાં તેમની કૃતિઓ બેશક અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરે છે.

પંદર સર્ગનું સુરથોત્સવ મહાકાવ્ય ભોળા ભીમદેવના સમયમાં અણહિલવાડમાં થયેલી રાજકીય અવ્યવસ્થાને અનુલક્ષીને રચાયેલું છે. માર્કંડેયપુરાણ–અંતર્ગત દેવીમાહાત્મ્યનું વસ્તુ કવિએ લીધું છે. સ્વારોચિષ મન્વંતરમાં ચૈત્ર વંશમાં થયેલા સુરથ રાજાના મંત્રીઓ તેના શત્રુઓ સાથે ભળી જતાં તેનું રાજ્ય હરાઈ ગયું અને તે અરણ્યમાં જઇને વસ્યો. ત્યાં તેને મેધ નામના એક મુનિનો સમાગમ થયો. એ મુનિએ તેને ભવાનીની આરાધના કરવાનું કહ્યું, અને દેવીમાહાત્મ્યમાં વર્ણવેલાં ભવાનીનાં પરાક્રમો તેને કહ્યાં. આથી સુરથે તપશ્ચર્યા કરીને ભવાનીને પ્રસન્ન કરી. દેવીએ તેને થોડા સમયમાં રાજ્ય પાછું મળવાનો આશીર્વાદ આપ્યો.' એવામાં સુરથના સ્વામીભક્ત સેવકો તેના કૃતઘ્ન મંત્રીઓનો નાશ કરીને તેને ખોળતા ખોળતા આવી પહોંચ્યા અને રાજધાનીમાં લઈ જઈને ધામધૂમથી તેનો અભિષેક કર્યો.

ભોળા ભીમદેવને રાજ્યભ્રષ્ટ કરીને જયંતસિંહ નામનો કોઈ

સામંત અભિનવ સિદ્ધરાજ નામ ધારણ કરીને, અણહિલવાડની ગાદી ઉપર થોડોક સમય બેઠો હતો. સં. ૧૨૮૦ નું તેનું એક શાસનપત્ર પણ મળે છે. આ પછી ભીમદેવનું બીજું શાસનપત્ર સં. સં. ૧૨૮૩ નું તો મળે છે, એટલે જયંતસિંહે માત્ર લીંબુઉછાળ રાજ્ય કર્યું હતું એ ચોક્કસ છે. સંભવિત છે કે આ સમકાલીન પ્રસંગ જોયા પછી સોમેશ્વરની કવિપ્રતિભા સુરથોત્સવ રચવાને પ્રેરાઈ હોય.

એ કાવ્યના પહેલા જ સર્ગમાં, પોતાના કાવ્યના આદર્શભૂત કાલિદાસના કવિત્વ પ્રત્યે પક્ષપાત વ્યક્ત કરતાં કવિ કહે છે કે—

श्रीकालिदासस्य वचो विचार्य
नैवान्यकाव्ये रमते मतिर्मे ।
किं पारिजातं परिहृत्य हन्त
भृङ्गालिरानन्दति सिन्धुवारे ।

ઉલ્લાઘરાઘવ એ રામાયણની કથાનું નાટકરૂપે નિરૂપણ કરતી કૃતિ છે. એના પ્રત્યેક સર્ગને અંતે કવિએ વસ્તુપાલની પ્રશંસાનો એક શ્લોક મૂક્યો છે. એ નાટક દ્વારિકાના જગતમન્દિરમાં પ્રબોધિની એકાદશીને દિવસે ભજવાયું હતું. રામશતક એ સોમેશ્વરનું એક સુન્દર સ્તુતિકાવ્ય છે.

આ સિવાય જુદા જુદા પ્રબન્ધોમાં સોમેશ્વરનાં સંખ્યાબંધ શીઘ્રકાવ્યો, સ્તુતિકાવ્યો, સમસ્યાપૂર્તિઓ અને પ્રશંસાત્મક પ્રાસંગિક પદ્યો છે.

વસ્તુપાલ અને સોમેશ્વરનો મૈત્રીસંબંધ ઠેઠ વસ્તુપાલના જીવનના અંતકાળ સુધી ટક્યો હતો. રાજા વીસલદેવના મામા સિંહે એક જૈન સાધુનું અપમાન કર્યું હતું. (કેટલાકના કથન મુજબ, સિંહે વસ્તુપાલના નોકરને માર્યો હતો.) આથી વસ્તુપાલે સિંહનો હાથ કાપી નાખ્યો હતો. વીસલદેવે વસ્તુપાલને મોતની સજા કરી,

પણ પુરોહિત સોમેશ્વરે રાજાને સમજાવી વસ્તુપાલનો જીવ બચાવ્યો હતો. એ જ અરસામાં વસ્તુપાલને તાવ આવવા લાગ્યો. વસ્તુપાલ અને તેજપાલ એ બન્ને ભાઈઓ મોટો સંઘ કાઢી શત્રુંજય તરફ ચાલ્યા, પણ ત્યાં પહોંચ્યા પૂર્વે જ વસ્તુપાલનું મૃત્યુ થયું.

## હરિહર

मुधा मधु मुधा सीधु मुधा सोऽपि सुधारसः ।
आस्वादितं मनोहारि यदि हारिहरं वचः ॥

—વસ્તુપાલ

स्ववाक्पाकेन यो वाचां पाकं शास्त्यपरान् कवीन् ।
स्वयं हरिहरः सोऽभूत् कवीनां पाकशासनः ॥

—કીર્તિકૌમુદી

સંસ્કૃત પંચકાવ્યો પૈકીના સુપ્રસિદ્ધ નૈષધીયચરિતના કર્તા શ્રીહર્ષના વંશમાં હરિહર પંડિત થયો હતો. પોતાના વતન ગૌડદેશમાંથી નીકળીને માર્ગમાં લોકોને અન્નદાન દેતો તે ભારે સમૃદ્ધિપૂર્વક ધોળકામાં વીરધવલની સભામાં આવ્યો હતો. પણ તેનું આગમન સોમેશ્વરથી સહન થયું નહિ અને હરિહર આવ્યો એ સમયે તે હાજર રહ્યો નહિ. આથી હરિહરે સોમેશ્વરનું ગર્વખંડન કરવાનો નિશ્ચય કર્યો. એક વાર સભા મળી ત્યારે રાણાએ હરિહરને કહ્યું કે, "હે પંડિત! આ નગરમાં અમે વીરનારાયણ નામનો પ્રાસાદ કરાવ્યો છે, તેની પ્રશસ્તિનાં ૧૦૮ કાવ્યો સોમેશ્વરદેવ પાસે કરાવ્યાં છે, તે સાંભળીને પરીક્ષા કરો." પછી સોમેશ્વરે તે કાવ્યોનું પઠન કર્યું. તે સાંભળી હરિહરે કહ્યું કે, "હે દેવ! કાવ્યો સારાં છે તેમજ અમારાં પરિચિત છે, કેમકે માલવદેશની ઉજ્જયિની નગરીમાં હું ગયો હતો ત્યારે સરસ્વતી–કંઠાભરણ નામના પ્રાસાદના ગર્ભગૃહમાં પટ્ટિકા ઉપર ભોજદેવના વર્ણનરૂપ આ કાવ્યો મેં જોયાં હતાં. જો આપને વિશ્વાસ ન આવતો હોય તો એ સર્વ કાવ્યો હું પરિપાટીપૂર્વક બોલી બતાવું." એમ કહીને તેણે એ કાવ્યો અસ્ખલિત રીતે બોલી

બતાવ્યાં. આથી રાણાને તેમજ વસ્તુપાલને દુઃખ થયું અને સોમેશ્વર તો શરમનો માર્યો જડ જેવો થઈ ગયો.

પછી સોમેશ્વરે વસ્તુપાલને ઘેર જઈને કહ્યું કે, "હે મંત્રી ! એ કાવ્યો મારાં જ છે. તમે મારી શક્તિ જાણો છો. હરિહરે આ રીતે મારી વિડંબના કરી છે." પછી વસ્તુપાલ સોમેશ્વરને સાથે લઈને હરિહરની પાસે ગયો. હરિહરે સોમેશ્વરને આલિંગન આપ્યું અને સત્કાર કર્યો. સોમેશ્વરે તેને કહ્યું કે, " હે પંડિત ! કાવ્યચોરીના કલંકમાંથી તું મને મુક્ત કર." હરિહરે પ્રસન્નતા-પૂર્વક તેમ કરવાનું સ્વીકાર્યું. બીજે દિવસે સભા મળતાં હરિહરે કહ્યું કે, " પરમેશ્વરી ભારતી જય પામે છે, જેના પ્રસાદથી મને આવી શક્તિ પ્રાપ્ત થઈ છે." વસ્તુપાલે પૂછ્યું: " કેવી ?" હરિ-હરે ઉત્તર આપ્યો કે, " કાવેરી નદીને તીરે સારસ્વત મંત્ર સાધીને મેં સરસ્વતીને પ્રસન્ન કરી હતી. દેવીના વરદાનથી કોઈ પણ ૧૦૮ પદ્યોની અવધારણા માટે હું સમર્થ છું, જેમકે સોમેશ્વરનાં ૧૦૮ કાવ્યો." પછી બીજા ૧૦૮ છંદો કહેવડાવીને હરિહરે તે સર્વ બોલી બતાવ્યા અને એ રીતે સર્વને પ્રતીતિ કરાવી. રાણાએ પૂછ્યું કે, "તો પછી તમે સોમેશ્વરને શા માટે દૂષિત કર્યા ?" હરિહરે કહ્યું કે, " તેમણે મારી અવજ્ઞા કરી હતી, તેનું જ મેં ફળ આપ્યું છે." પણ રાણાએ કહ્યું, "સરસ્વતીપુત્રોમાં પરસ્પર સ્નેહ હોય એ યોગ્ય છે." એમ કહીને તે બન્ને વચ્ચે તેણે મૈત્રી કરાવી. સોમેશ્વરે કીર્તિ-કૌમુદીમાં હરિહરની જે પ્રશંસા કરી છે તથા સુરથોત્સવના અંતિમ સર્ગમાં જણાવ્યા પ્રમાણે હરિહર પણ સોમેશ્વરની કાવ્યરચનાને જે રીતે બિરદાવતો હતો તે જોતાં પાછળથી તેમની મૈત્રી ગાઢ બની હોય એમ જણાય છે.

વીરધવલની રાજસભામાં કાવ્યગોષ્ઠિ થતી તેમાં હરિહર નૈષધ-ના શ્લોકો બોલતો. નૈષધ કાવ્ય એ સમયે ગુજરાતમાં જાણીતું થયું નહોતું, તેથી એ નવા કાવ્યના કવિત્વપૂર્ણ શ્લોકો સાંભળીને

વસ્તુપાલ આદિ આનંદ પામતા હતા. એક વાર વસ્તુપાલે પૂછ્યું કે, "પંડિત! આ કયો ગ્રન્થ છે?" પંડિતે ઉત્તર આપ્યો કે, "શ્રીહર્ષકૃત નૈષધ મહાકાવ્ય." વસ્તુપાલે કહ્યું કે, "તેની પ્રતિ મને બતાવો." પંડિત બોલ્યો કે, "આ ગ્રન્થ અન્યત્ર નથી, માટે ચાર પ્રહર માટે જ તેની હસ્તલિખિત પુસ્તિકા તમને આપીશ." પછી મંત્રીએ લહિયાઓ રોકીને એક રાતમાં જ તે આખું પુસ્તક લખાવી લીધું. પછી તેના ઉપર સુગંધી દ્રવ્યો નાખી જીર્ણ દોરી વડે બાંધી જૂના જેવું બનાવીને રાખી મૂકયું. સવારે પંડિતને તેનું પુસ્તક પાછું આપીને વસ્તુપાલે કહ્યું કે, "અમારા ભંડારમાં પણ આ શાસ્ત્ર છે એમ અમને યાદ આવે છે. માટે તપાસ કરો." પછી પેલી નવીન પ્રતિ વિલંબપૂર્વક શોધી કાઢવામાં આવી અને ખોલી તો **निपीय यस्य क्षितिरक्षिणः कथा०:** થી શરૂ થતું નૈષધ નીકળ્યું. પંડિતે કહ્યું કે, "મંત્રી! આ તમારી જ માયા છે." આ રીતે મંત્રીએ હરિહરને પણ ગર્વમુકત કર્યો.

વસ્તુપાલે નકલ કરાવ્યા પછી નૈષધનો ગૂજરાતમાં બહોળો પ્રચાર થયો. અસાધારણ કાવ્યપ્રતિભા અને પાંડિત્યથી મંડિત એ મહાકાવ્ય ઉપરની જૂનામાં જૂની અને પ્રમાણભૂત ટીકાઓ ગૂજરાતમાં જ લખાયેલી છે.*

ખુદ વસ્તુપાલે કરેલી હરિહરનાં કાવ્યોની પ્રશંસા ઉપરથી તેની કવિત્વશક્તિનો ખ્યાલ આવે છે. જો કે પ્રબન્ધોમાં ઉધ્ધૃત થયેલાં શીઘ્રકાવ્યો અને સોમનાથનું દર્શન કરતાં તેણે રચેલાં કેટલાંક સ્તુતિ-

* નૈષધ ઉપરની સૌથી પ્રાચીન વિદ્યાધરની ટીકા વીસલદેવના ભારતી ભાંડાગારમાંની પ્રતના પાઠ ઉપર રચાયેલી છે. સંભવ છે કે એ પ્રત વસ્તુપાલવાળી નકલ ઉપરથી જ લખાયેલી હોય. વધુ માટે જુઓ પંદરમા સાહિત્ય સંમેલનમાં મારો નિબંધ 'ગૂજરાતમાં નૈષધીયચરિતનો પ્રચાર તથા તે ઉપર લખાયેલી ટીકાઓ.' (મુદ્રિત : ભારતીય વિદ્યા, ભાગ ૩, સિંધી સ્મૃતિ ગ્રન્થ)

કાવ્યો સિવાય હરિહરની બીજી કોઈ રચનાઓ આજે મળતી નથી. શ્રીહર્ષના વંશમાં થયેલો આ કવિ, મહાકવિ બાણની જેમ, ગર્ભશ્રીમંત હોવા છતાં વસ્તુપાલની કીર્તિથી આકર્ષાઈ ઠેઠ ગૌડ દેશથી ગૂજરાત સુધી આવ્યો હતો, એ વસ્તુ ગૂજરાતની સરસ્વતીસેવાએ સમસ્ત ભારતવર્ષમાં જે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી હતી તેની સૂચક છે.

## મદન

हरिहर परिहर गर्वं कविराजगजाङ्कुशो मदनः ।

—મદન

જૂના સમયમાં રાજસભાઓમાં તેમજ અન્યત્ર જ્યાં અનેક કવિઓ એકત્ર થતા ત્યાં તેઓ વચ્ચે અનિવાર્ય રીતે સ્પર્ધા થતી. કેટલીક વાર એ સ્પર્ધા ખૂબ ઉગ્ર રૂપ પકડતી. વસ્તુપાલની સભામાં હરિહર અને મદન એ બે પંડિતો વચ્ચે પુષ્કળ વાદવિવાદ થતો. મદન પંડિત કોણ અને ક્યાંનો હતો તે વિષે કંઈ જાણવા મળતું નથી, પણ પ્રબન્ધકારે હરિહર અને મદનને **महाकवीश्वरौ** કહ્યા છે, તે ઉપરથી લાગે છે કે મદન પણ કંઈ સાધારણ કોટિનો પંડિત નહીં હોય. તેનાં કેટલાંક સૂક્તો પ્રબંધોમાં મળે છે. તે અને હરિહર પરસ્પર ખૂબ મત્સર કરતા. આથી વસ્તુપાલે દૌવારિકને આજ્ઞા કરી હતી કે, "જ્યારે આ બેમાંથી એક પંડિત અંદર હોય ત્યારે બીજાને પ્રવેશ કરવા દેવો નહીં." પણ એક વાર હરિહર મંત્રીની સાથે વિદ્યાવિનોદ કરતો હતો ત્યારે મદન આવી પહોંચ્યો. તેણે કહ્યું—

हरिहर परिहर गर्वं कविराजगजाङ्कुशो मदनः ।

એ સાંભળી હરિહર બોલ્યો—

मदन विमुद्रय वदनं हरिहरचरितं स्मरातीतम् ॥

પછી મંત્રીએ વિનોદમાં કહ્યું, "જે સો કાવ્યો રચી કાઢે તેને હું મહાકવિ કહું." એટલે મદને ત્વરાપૂર્વક નારીએળના વર્ણનનાં સો

કાવ્યો રચ્યાં. હરિહરે સાઠ કાવ્યો રચ્યાં. એટલે મંત્રીએ કહ્યું, "હરિહર તો હાર્યો." હરિહર બોલ્યો:—

रे रे ग्रामकुविन्द कन्दलयता वस्त्राण्यमूनि त्वया
गोणीविभ्रमभाजनानि बहुशः स्वात्मा किमायास्यते ।
अप्येकं रुचिरं चिरादभिनवं वासस्तदासूत्र्यतां
यन्नोज्झन्ति कुचस्थलात् क्षणमपि क्षोणीभृतां वल्लभाः ॥

આ સાંભળીને મંત્રીએ હર્ષથી બન્નેનો સત્કાર કર્યો.

## સુભટ

सुभटेन पदन्यासः सः कोऽपि समितौ कृतः ।
येनाधुनाऽपि धीराणां रोमाञ्चो नापचीयते ॥

—કીર્તિકૌમુદી

વસ્તુપાલના વિદ્યામંડળમાંના કવિઓ નરચન્દ્ર, વિજયસેન, હરિહર આદિ સાથે સુભટની સ્તુતિ પણ સોમેશ્વરે કીર્તિકૌમુદીના મંગલાચરણમાં કરી છે. વળી સુરથોત્સવની પ્રશસ્તિમાં પોતાની કવિતા વિષેનો સુભટ અને હરિહરનો પ્રશંસાત્મક અભિપ્રાય તેણે ટાંક્યો છે તે ઉપરથી પણ સુભટ અને સોમેશ્વર ગાઢ સંપર્કમાં હતા એમ અનુમાન થાય છે. અંગદવિષ્ટિના પૌરાણિક પ્રસંગનું નિરૂપણ કરતું સુભટનું નાનકડું દૂતાંગદ છાયાનાટક પ્રાપ્ત થાય છે. એ નાટક ત્રિભુવનપાલની આજ્ઞાથી પાટણમાં ભજવાયું હતું. એમાંના કેટલાયે શ્લોકો સુભટની ઉચ્ચ કવિપ્રતિભાની સાક્ષી પૂરે છે. દૂતાંગદની પ્રસ્તાવનામાં સુભટે પોતાને 'પદવાક્યપ્રમાણપારંગત' કહ્યો છે, એ જોતાં એણે પ્રમાણશાસ્ત્રના વિષયમાં કોઇ ગ્રન્થ કદાચ રચ્યો હોય.

વળી આ છાયાનાટકમાં સુભટે સ્વરચિત શ્લોકો ઉપરાંત ભવભૂતિ, રાજશેખર આદિ પૂર્વકાલીન કવિઓના શ્લોકો પણ લીધા છે, અને નાટકને અંતે એ વસ્તુનો ઋણસ્વીકાર પણ કર્યો છે—

स्वनिर्मितं किञ्चन गद्यपद्य-
बन्धं कियत्प्राक्तनसत्कवीन्द्रैः ॥
प्रोक्तं गृहीत्वा प्रविरच्यते स्म
रसाढ्यमेतत्सुभटेन नाट्यम् ॥

## નાનાક પંડિત

मुखे यदीये विमलं कवित्वं
बुद्धौ च तत्त्वं हृदि यस्य सत्त्वम् ।
करे सदा दानमयावदानं
पादे च सारस्वततीर्थयानम् ॥
काव्येषु नव्येषु ददाति कर्णं
प्राप्नोति यः संसदि साधुवर्णम् ।
विभूषणं यस्य सदा सुवर्णं
प्राप्ते तु पात्रे न मुखं विवर्णम् ॥

—સરસ્વતીસદન પ્રશસ્તિ

નાનાક પંડિત આનંદપુરનો કાપિષ્ઠલગોત્રીય નાગર બ્રાહ્મણ હતો. તેના પિતાનું નામ ગોવિંદ હતું. ગોવિંદના ત્રણ પુત્રોમાં નાનાક વચેટ હતો. તેના કુટુંબમાં વિદ્વત્તાનો વારસો વંશપરંપરાથી ઊતરી આવેલો હતો. નાનાકે કાતન્ત્ર વ્યાકરણનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હતો. રામાયણ, મહાભારત, પુરાણો અને સ્મૃતિઓમાં તે પારંગત હતો, કાવ્ય, નાટક અને અલંકારમાં નિપુણ હતો તથા આખા ઋગ્વેદનો જ્ઞાતા હતો. સારંગદેવ વાઘેલાના સમયનો એક અધૂરો શિલાલેખ વંથળીમાંથી મળ્યો છે, તે નાનાકની રચના હોય એમ તેના અંતમાં પ્રશસ્તિકારના કુટુંબ વિષે જે હકીકત આપી છે તે ઉપરથી જણાય છે. વીસલદેવની રાજસભામાં જેઓએ અમરચન્દ્રસૂરિની કવિત્વશક્તિની પરીક્ષા કરી હતી તેમાં નાનાક પણ હતો, પરન્તુ નાનાકની કોઈ સળંગ કૃતિ અત્યારસુધીમાં જાણવામાં આવી નથી. તેણે સં. ૧૩૨૮ માં પ્રભાસના સમુદ્રકિનારે સારસ્વત સદન—પાઠશાળા બાંધી હતી. એ સરસ્વતીસદનની બે પ્રશસ્તિઓમાંથી નાનાક

અને તેના કુટુંબ વિષે ઘણી હકીકત મળે છે. રાજા વીસલદેવે નાનાક-ને વિપુલ દાન આપ્યાં હતાં. નાનાકે પોતે પણ સુપાત્રોને એવાં જ દાન કર્યાં હતાં, અને પ્રશસ્તિકાર કહે છે તે પ્રમાણે, લક્ષ્મી અને સરસ્વતીનો વિરોધ તેનામાં શમી ગયો હતો. રાજા વીસલદેવ જ્યારે જીવતો હતો ત્યારે નાનાક તેને શાસ્ત્રપુરાણોની કથા સંભળાવતો હતો અને તે મરણ પામ્યો ત્યારપછી તેનું પર્વે પર્વે શ્રાદ્ધ સરાવતો હતો એમ પ્રશસ્તિમાં કહ્યું છે. આથી વસ્તુપાલની વિદ્યમાનતામાં નાનાક યુવાવસ્થામાં હશે એમ જણાય છે. નાનાકે રચેલું વસ્તુપાલનું સ્તુતિ-કાવ્ય ઉપદેશતરંગિણી અને ચતુર્વિંશતિ પ્રબંધમાં મળે છે.

## યશોવીર

प्रकाश्यते सदा साक्षाद् यशोवीरेण मन्त्रिणा ।
मुखे दन्तद्युता ब्राह्मी करे श्रीः स्वर्णमुद्रया ॥

—કીર્તિકૌમુદી

યશોવીર વસ્તુપાલનો ગાઢ મિત્ર હતો અને ઝાલોરના ચૌહાણ રાજા ઉદયસિંહનો મંત્રી હતો. वस्तुपालयशोवीरौ सत्यं वाग्देवतासुतौ એ રીતે સોમેશ્વરે બન્ને મિત્રોની સ્તુતિ કરી છે. ઘણું કરીને આ મૈત્રીને કારણે તો યશોવીરને 'કવીન્દ્રબન્ધુ'નું બિરુદ મળ્યું હતું. તે રાજનીતિનિપુણ હોવા ઉપરાંત બહુશ્રુત વિદ્વાન અને નિપુણ કવિ, વસ્તુપાલ સાથે તેનો મેળાપ આબુ ઉપર નેમિનાથના મન્દિરમાં હતો. પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે થયો હતો. તે સમયે યશોવીરે વસ્તુપાલનું એક કવિત્વપૂર્ણ શ્લોકથી સ્વાગત કર્યું હતું. (પુરાતન પ્રબન્ધસંગ્રહ, પૃ. ૭૦) વસ્તુપાલે પણ મિત્રભાવે કરેલી યશોવીરની કવિત્વમય પ્રશંસા-ના સંખ્યાબંધ શ્લોકો પ્રબન્ધોમાં મળે છે.

શિલ્પશાસ્ત્રનો પણ યશોવીર ઉત્તમ જ્ઞાતા હતો. આબુ ઉપરના એ મન્દિરના શિલ્પકામમાં તેણે કેટલાક દોષો બતાવ્યા હતા.

વિખ્યાત આલંકારિક માણિક્યચન્દ્રે પણ યશોવીરની સ્તુતિ કરતાં કહ્યું છે કે—

यशोवीर लिखत्याख्यां यावच्चन्द्रे विधिस्तव ।
न माति भुवने तावदाद्यमप्यक्षरद्वयम् ॥

( પુરાતન પ્રબન્ધસંગ્રહ, પૃ. ૫૦ )

વસ્તુપાલની જેમ યશોવીરે પણ કવિઓ અને ચારણોને દાન આપ્યાં હતાં. તેનાં સંસ્કૃત અને અપભ્રંશ સ્તુતિકાવ્યો પ્રબંધોમાં મળે છે.

## અરિસિંહ

यत्करे लवणसिंह जन्मनः
काव्यमेतदमृतोददीर्घिका ।
वस्तुपालनवकीर्तिकन्यया
धन्यया किमपि यत्र खेलितम् ॥

—અમરચન્દ્રસૂરિ

ઠક્કુર અરિસિંહના પિતાનું નામ લવણસિંહ હતું. ચતુર્વિંશતિપ્રબન્ધમાં જણાવ્યા પ્રમાણે, તે વાયડ ગચ્છના જીવદેવસૂરિનો ભક્ત હતો. એ ઉપરથી તે જૈન હતો એ સ્પષ્ટ છે. તે ગૃહસ્થ હતો, છતાં પ્રસિદ્ધ સાધુકવિ અમરચન્દ્રસૂરિને કાવ્યદીક્ષા આપવાનો યશ તેને ઘટે છે. અમરચન્દ્રસૂરિએ પોતે પણ આ વસ્તુ સ્વીકારી છે અને અરિસિંહને सारस्वतामृतमहार्णवपूर्णिमेन्दुः તરીકે વર્ણવ્યો છે. ચતુર્વિંશતિપ્રબન્ધકારે અરિસિંહને અમરચન્દ્રનો 'કલાગુરુ' કહ્યો છે. જહ્‌લણની સૂક્તિમુક્તાવલિમાં અરસી ઠક્કુરનાં ચાર સુભાષિતો ઉધ્ધૃત થયેલાં છે. તે અરસી અને આ અરિસિંહ અભિન્ન જણાય છે. અમરચન્દ્રે પોતાના કલાગુરુ અરિસિંહનો રાજા વીસલદેવ સાથે પરિચય કરાવ્યો હતો તે પ્રસંગનાં તથા વસ્તુપાલ સાથેના પ્રાસ્તાવિક વિનોદનાં અરિસિંહે રચેલા સંખ્યાબંધ શીઘ્રકાવ્યો મળે છે. અરિસિંહની મુખ્ય રચના એ વસ્તુપાલનાં સુકૃત્યોના વર્ણનરૂપે રચેલું સુકૃતસંકીર્ત્તન નામનું અગીઆર સર્ગનું મહાકાવ્ય છે. તેમાં વનરાજથી સામંતસિંહ સુધીના તથા મૂળરાજથી ભીમદેવ અને અર્ણો-

રાજથી વીરધવલ સુધીના રાજાઓનો સંક્ષિપ્ત ઇતિહાસ આપીને વસ્તુપાલનું વિસ્તૃત ચરિત્ર આપ્યું છે, અને વિશેષતઃ તેણે કરેલી યાત્રાનું વર્ણન કર્યું છે. એ કાવ્યના પ્રત્યેક સર્ગને અંતે 'અમર પંડિત'—અમરચન્દ્રસૂરિએ રચેલા પાંચ શ્લોકો આપવામાં આવેલા છે. એમાંના પહેલા ત્રણ શ્લોક વસ્તુપાલની પ્રશંસાના અને ચોથો અરિસિંહ તથા તેની કાવ્યચાતુરીની પ્રશંસાનો છે; ઉપર્યુક્ત ચાર શ્લોકો અમર પંડિતે રચેલા છે એમ પાંચમા શ્લોકમાં જણાવેલું છે.

## અમરચન્દ્રસૂરિ

ब्रह्मचारिप्रवरो महाव्रतधरो वेणीकृपाणोऽमरः ।

—નયચન્દ્રસૂરિકૃત હમ્મીરમહાકાવ્ય

અમરચન્દ્રસૂરિ એ સંસ્કૃત સાહિત્યમાં એક નામાંકિત વ્યક્તિ છે. બાલભારત અને કાવ્યકલ્પલતા એ તેમના ગ્રન્થો સાર્વત્રિક પ્રસિદ્ધિ પામેલા છે. બાલભારત તો તેમણે બ્રાહ્મણ વિદ્વાનોની પ્રેરણાથી જ વીસલદેવના સમયમાં રચ્યું હતું. કાવ્યકલ્પલતા નામના અલંકારશાસ્ત્રના ગ્રન્થ ઉપર કવિશિક્ષાવૃત્તિ નામની ટીકા તેમણે પોતે જ રચી છે. એ ટીકામાં તેમણે કાવ્યકલ્પલતાપરિમલ અને અલંકારબોધ નામના પોતાના ગ્રન્થોનો ઉલ્લેખ કરેલો છે, પણ તે હાલ મળતા નથી. તેમની બીજી કૃતિઓમાં છન્દોરત્નાવલી, સ્યાદિશબ્દસમુચ્ચય અને પદ્માનંદ કાવ્ય છે. પદ્માનંદ કાવ્ય પાટણના એક વાયડા વણિક પદ્મની વિનંતીથી અમરચન્દ્રે રચ્યું હતું. તેમાં તીર્થંકરોનાં ચરિત્ર આપેલાં હોવાથી તે જિનેન્દ્રચરિત પણ કહેવાય છે. આ ઉપરાંત સૂક્તાવલી અને કલાકલાપ એ અમરચન્દ્રના બે ગ્રન્થોનાં નામ ચતુર્વિંશતિ પ્રબન્ધમાં આપેલાં છે.

વિવેકવિલાસના કર્તા વાયડગચ્છીય સુપ્રસિદ્ધ જિનદત્તસૂરિના અમરચન્દ્ર શિષ્ય હતા. ચતુર્વિંશતિપ્રબન્ધ અનુસાર, અરિસિંહ પાસેથી અમરચન્દ્રને સિદ્ધસારસ્વત મંત્ર મળ્યો હતો અને તેનો એકવીસ દિવસ જાપ કરવાથી સરસ્વતીએ તેમને સિદ્ધ કવિ થવાનું

વરદાન આપ્યું હતું. પછી વીસલદેવની વિનંતીથી અમરચંદ્ર તેના દરબારમાં આવ્યા હતા. તે સમયે સભામાં હાજર રહેલા કવિઓએ અમરચંદ્રને સમસ્યાઓ પૂછી હતી; અને એ પ્રસંગે અમરચંદ્રે ૧૦૮ સમસ્યાઓ પૂરી હતી એમ પ્રબન્ધકાર નોંધે છે.

જેમ અરિસિંહના સુકૃતસંકીર્તનના પ્રત્યેક સર્ગને અંતે અમરચંદ્રે પાંચ શ્લોક મૂકેલા છે તેમ અમરચંદ્રની કાવ્યકલ્પલતાનાં કેટલાંક સૂત્રો અરિસિંહે રચેલાં છે.

અમરચંદ્રના શીઘ્રકવિત્વનો એક નર્મગર્ભ પ્રસંગ ઉપદેશતરંગિણીમાં મળે છે. * એક વાર વસ્તુપાલ અમરચંદ્રસૂરિના વ્યાખ્યાનમાં આવ્યો હતો, પણ બારણામાં પ્રવેશતાં તેણે આચાર્યના મુખેથી સાંભળ્યું—

अस्मिन्नसारे संसारे सारं सारङ्गलोचना ।

આ સાંભળીને, 'મુનિનું ચિત્ત સ્ત્રીકથામાં આસક્ત છે' એમ માનીને વસ્તુપાલે તેમને વંદન કર્યું નહિ, ત્યારે આચાર્યે શ્લોકનું બીજું ચરણ કહ્યું કે—

यत्कुक्षिप्रभवा एते वस्तुपाल भवादृशाः ॥

એટલે આશ્ચર્યચકિત થઇ વસ્તુપાલે માનપૂર્વક વંદના કરી.

દીપિકાકાલિદાસ અને ઘંટામાઘની જેમ અમરચંદ્ર સંસ્કૃત સાહિત્યમાં वेणीकृपाणोऽमरः તરીકે પ્રસિદ્ધ છે, કેમકે બાલભારતમાં પ્રભાતવર્ણનમાં દધિમંથન કરતી તરુણીના વર્ણનમાં તેમણે વેણીને અનંગના કૃપાણની ઉપમા આપી છે—

---

* ચતુર્વિંશતિ પ્રબન્ધ તથા વસ્તુપાલચરિતમાં આજ પ્રસંગ ખંભાતના સ્તંભનપાર્શ્વનાથ ચૈત્યના અધિષ્ઠાયક મલ્લવાદીના સંબંધમાં અને પુરાતન પ્રબન્ધ-સંગ્રહમાં ભરૂચના મુનિસુવ્રત ચૈત્યના અધિષ્ઠાયક બાલચંદ્રસૂરિના સંબંધમાં વર્ણવેલો છે, પણ ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં મલ્લવાદી તો વલભી રાજ્યકાળમાં થઈ ગયા અને વસ્તુપાલના સમયમાં મુનિસુવ્રત ચૈત્યના અધ્યક્ષ વીરસૂરિ અને તેમના શિષ્ય જયસિંહસૂરિ હતા.

दधिमथनविलोलल्लोलदृग्वेणीदम्मा—
दयमदयमनङ्गो विश्वविश्वैकजेता ।
भवपरिभवकोपत्यक्तबाणः कृपाण—
श्रममिव दिवसादौ व्यक्तशक्तिर्व्यनक्ति ॥

છન્દ, અલંકાર, વ્યાકરણ અને કાવ્ય એમ અનેક વિષયોમાં અમરચન્દ્રે ગ્રન્થરચના કરી છે. તેમની રચનાશૈલી સરલ, મધુર, સ્વસ્થ અને નૈસર્ગિક છે. શબ્દાલંકારો અને અર્થાલંકારો ઉપરનો તેમનો કાબૂ મનોહર છે અને સંસ્કૃત ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ અસાધારણ છે. તેમની રચનાઓમાં વ્યાકરણની ભૂલ શોધી પણ જડે તેમ નથી. જૈન હોવા છતાં બ્રાહ્મણધર્મ ઉપર તેમને નૈસર્ગિક ભાવ હતો એ બાલભારત જેવી તેમની રચના ઉપરથી તેમજ બાલભારતના પ્રત્યેક સર્ગના પ્રારંભમાં તેમણે કરેલી વ્યાસમુનિની સ્તુતિ ઉપરથી જણાઈ આવે છે.

## વિજયસેનસૂરિ

जीयाद् विजयसेनस्य प्रभोः प्रातिभदर्पणः ।
प्रतिबिम्बितमात्मानं यत्र पश्यति भारती ॥

—ઉદયપ્રભસૂરિકૃત ધર્માભ્યુદય

मुनेर्विजयसेनस्य सुधामधुरया गिरा ।
भारतीमञ्जुमञ्जीरस्वरोऽपि परुषीकृतः ॥

—કીર્તિકૌમુદી

વિજયસેનસૂરિ એ નાગેન્દ્ર ગચ્છના હરિભદ્રસૂરિના શિષ્ય હતા અને વસ્તુપાલ–તેજપાલના કુલગુરુ હતા. એ મંત્રીબંધુઓએ કરેલાં સત્કૃત્યોમાં, બાંધેલા મન્દિરોમાં અને કરેલી યાત્રાઓમાં વિજયસેનસૂરિની પ્રેરણા મુખ્યાંશે કારણભૂત હતી. એમના ઉપદેશથી જ વસ્તુપાલે ગિરનારની યાત્રાનો મોટો સંઘ કાઢ્યો હતો. એ સંઘમાં સ્ત્રીવર્ગને ગાવા માટે ગિરનાર આદિનું સુન્દર વર્ણન ગૂંથીને વિજયસેનસૂરિએ રેવંતગિરિરાસુ નામની અપભ્રંશ રાસકૃતિની રચના કરેલી છે. વસ્તુપાલે જીર્ણોદ્ધૃત કરેલા ગિર-

નારના મન્દિરની પ્રતિષ્ઠાવિધિ સં. ૧૨૮૮ માં થઇ હતી, એટલે આ રાસ પણ તે જ સમયે રચાયો હોવા જોઇએ. એ કાવ્ય ઐતિહાસિક દૃષ્ટિએ તો મહત્ત્વનું છે જ, પણ કાવ્ય તરીકે પણ આપણા જૂના રાસસાહિત્યમાં એનું અગ્રિમ સ્થાન છે. વળી રેવંતગિરિરાસુ એ આપણી પ્રાચીનતમ રાસકૃતિઓ પૈકી એક છે એ તેની એક નોંધપાત્ર વિશિષ્ટતા છે.

બાલચન્દ્ર કવિએ રચેલી વિવેકમંજરી ટીકાનું સંશોધન વિજય-સેનસૂરિએ કર્યું હતું. પ્રબન્ધોમાં વિજયસેનસૂરિના મુખમાં કેટલાંક સંસ્કૃત શીઘ્રકાવ્યો મૂકવામાં આવેલાં છે, પણ આ એકમાત્ર અપભ્રંશ રાસકૃતિ સિવાય તેમની બીજી કોઇ સળંગ રચના જાણવામાં આવેલી નથી. પરન્તુ સમકાલીન સાહિત્યમાં તેમની કાવ્યવાણીની જે પ્રશસ્તિ ગાવામાં આવેલી છે એ જોતાં તેમણે અન્ય સંસ્કૃત રચનાઓ પણ કરી હોવાનો પૂરો સંભવ છે.

## ઉદયપ્રભસૂરિ

अजिह्मपरमब्रह्मरवेरुदयदीपकः ।
प्रभोरुदयप्रभोः शब्दब्रह्मोल्लासः प्रकाश्यताम् ॥

—શબ્દબ્રહ્મોલ્લાસ[?]*

ઉદયપ્રભસૂરિ એ વસ્તુપાલના ગુરુ વિજયસેનસૂરિના શિષ્ય હતા. એમની રચનાઓમાં મુખ્ય ધર્માભ્યુદય અથવા સંઘપતિચરિત્ર નામનું પંદર સર્ગનું મહાકાવ્ય છે. વસ્તુપાલે સંઘપતિ થઇને ભારે સમારંભ-પૂર્વક શત્રુંજય અને ગિરનારની જે યાત્રાઓ કરી હતી તેનું મહાત્મ્ય વર્ણવવા માટે રચાયેલી આ કૃતિમાં કાવ્યના પણ ઊંચા ગુણો છે, એના પહેલા અને છેલ્લા સર્ગમાં વસ્તુપાલ અને વિજયસેનસૂરિ સંબંધી તથા બીજો ઐતિહાસિક વૃત્તાન્ત છે અને બાકીના સર્ગો ઋષભદેવ, જંબુસ્વામી, નેમિનાથ વગેરેનાં ચરિત્રોથી રોકાયેલા છે. ખુદ વસ્તુપાલ-

* પાટણ ભંડારમાંની આ ગ્રન્થની તાડપત્રીય હાથપ્રત ખંડિત છે, એટલે તેનું ખરેખરું નામ શબ્દબ્રહ્મોલ્લાસ હોવા વિષે શંકા રહે છે.

ના હાથે સં. ૧૨૯૦ માં લખાયેલી આ કાવ્યની હાથપ્રત ખંભાતના ભંડારમાં છે.

ઉદયપ્રભસૂરિની બીજી રચનાઓમાં સુકૃતકીર્તિકલ્લોલિની નામનું પ્રશસ્તિકાવ્ય છે. એમાં અણહિલવાડના રાજાઓનો કવિત્વમય ઐતિહાસિક વૃત્તાન્ત આપ્યા પછી વસ્તુપાલ-તેજપાલનાં ધાર્મિક કાર્યોનો ગુણાનુવાદ કરવામાં આવેલો છે. વસ્તુપાલે સં. ૧૨૭૭ માં શત્રુંજયની યાત્રા કરી તે સમયે આ કાવ્ય રચાયું હોય એમ જણાય છે. ત્યાં વસ્તુપાલે બંધાવેલા ઇન્દ્રમંડપમાં એ કાવ્ય કોતરવામાં આવ્યું હતું. પાટણમાં વસ્તુપાલના પોતાના જ પ્રાસાદના અવશેષરૂપ ગણાતા એક આરસના સ્તંભ ઉપર આ કાવ્યનો એક શ્લોક કોતરાયેલો મળી આવ્યો છે.

આ સિવાય ઉદયપ્રભસૂરિએ ધર્મદાસગણિકૃત ઉપદેશમાલા ઉપર ઉપદેશમાલાકર્ણિકા નામની ટીકા સં. ૧૨૯૯ માં ધોળકામાં રચી છે, તથા ષડશીતિ તથા કર્મસ્તવ એ બે કર્મગ્રન્થો ઉપર ટિપ્પણ લખ્યાં છે, સંસ્કૃત નેમિનાથચરિત તથા આરંભસિદ્ધિ નામનો જ્યોતિષનો ગ્રન્થ પણ તેમણે રચેલ છે, સં. ૧૨૮૮ માં ગિરનાર ઉપરના વસ્તુપાલના પ્રશસ્તિલેખો પૈકી એક લેખ ઉદયપ્રભસૂરિએ રચેલો છે. એમની કેટલીક પ્રકીર્ણ સૂક્તિઓ પ્રબન્ધોમાં મળે છે.

એ જ ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રે સં. ૧૨૯૦ માં વસ્તુપાલના પુત્ર જયંતસિંહને વાંચવા માટે એક પ્રબન્ધાવલીની રચના કરી હતી. ખંડિત સ્વરૂપમાં મળેલી એ પ્રબન્ધાવલીનો સમાવેશ આચાર્ય જિનવિજયજીસંપાદિત પુરાતનપ્રબન્ધસંગ્રહમાં કરવામાં આવેલો છે.

## નરચન્દ્રસૂરિ

नरचन्द्रमुनीन्द्रस्य विश्वविद्यामयं महः ।
चतुरन्तधरित्रीशसभ्यैरभ्यर्चितं स्तुमः ॥

—ધર્માભ્યુદય

कवीन्द्रश्च मुनीन्द्रश्च नरचन्द्रो जयत्ययम् ।
प्रशस्तिर्यस्य काव्येषु संक्रान्ता हृदयादिव ॥

—કીર્તિકૌમુદી

આ નરચન્દ્રસૂરિ હર્ષપુરીય ગચ્છના દેવપ્રભસૂરિના શિષ્ય હતા. વસ્તુપાલ સાથે તથા વિજયસેનસૂરિ અને તેમના શિષ્યમંડળ સાથે તેઓનો ગાઢ સંબંધ હતો. તેઓ વસ્તુપાલની સંઘયાત્રાઓમાં અનેક વાર ગયા હતા. એક વાર વસ્તુપાલે તેમને હાથ જોડીને વિનંતી કરી કે "આપે મારા મસ્તક ઉપર હાથ મૂક્યો તેના પ્રભાવથી હું અતિ-દુર્લભ એવું સંઘાધિપત્ય પામ્યો; સેંકડો ધર્મસ્થાનો મેં બનાવ્યાં તથા દાન કર્યાં, પણ હવે જૈન શાસનની કથાઓ સાંભળવાની મારા મનમાં ઉત્કંઠા છે." વસ્તુપાલની આ અભ્યર્થનાથી નરચન્દ્રસૂરિએ ૧૫ તરંગો-માં કથારત્નાકર નામનો ગ્રન્થ રચ્યો. આ ગ્રન્થમાં અનેક ધર્મકથાઓ-નો સંગ્રહ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત નરચન્દ્રસૂરિએ મુરારિકૃત અનર્ઘરાઘવ નાટક અને શ્રીધરકૃત ન્યાયકન્દલી ઉપર ટીકાઓ લખી છે. તેમણે રચેલો જ્યોતિઃ-સાર નામનો જ્યોતિષગ્રન્થ નારચંદ્ર જ્યોતિઃસાર તરીકે ઓળખાય છે. આ ઉપરાંત, સટીક જન્મસમુદ્ર, જ્યોતિષપ્રશ્ન—ચતુર્વિંશિકા તથા પ્રશ્ન-શતક એ જ્યોતિષના ગ્રન્થો તેમણે રચ્યા છે, તે ઉપરથી જ્યોતિષના તેઓ સારા વિદ્વાન હતા એમ માલૂમ પડે છે. પ્રાકૃતપ્રબોધ નામે પ્રાકૃત વ્યાકરણ તથા ચતુર્વિંશતિ જિનસ્તોત્ર નામનું સ્તોત્ર તેમણે રચ્યું છે. ઉપર્યુક્ત ઉદયપ્રભસૂરિના ધર્માભ્યુદય કાવ્યનું તથા પોતાના ગુરુ દેવપ્રભ-સૂરિના પાંડવચરિત મહાકાવ્યનું સંશોધન તેમણે કર્યું હતું. ૨૬ શ્લોકની એક વસ્તુપાલપ્રશસ્તિ પણ તેમણે રચેલી મળે છે. ગિરનાર ઉપરના વસ્તુપાલના પ્રશસ્તિલેખો પૈકી બે નરચન્દ્રસૂરિએ રચેલા છે. તેમનાં કેટલાંક સુભાષિતો અને સ્તુતિકાવ્યો પ્રબન્ધોમાં સચવાયેલાં છે.

## નરેન્દ્રપ્રભસૂરિ

तस्य गुरोः प्रियशिष्यः प्रभुर्नरेन्द्रप्रभः प्रभावाढ्यः ।
योऽलंकारमहोदधिमकरोत् काकुत्स्थकेलिं च ॥

—રાજશેખરસૂરિકૃત ન્યાયકંદલીપંજિકા

"એક વાર વસ્તુપાલે ભક્તિપૂર્વક હાથ જોડીને નરચન્દ્રસૂરિને વિનંતિ કરી કે, 'કેટલાક અલંકારગ્રન્થો અતિવિસ્તારને લીધે દુર્ગમ છે, કેટલાક અતિસંક્ષેપને લીધે લક્ષણરહિત છે, વળી બીજા કેટલાક અભિધેય વસ્તુથી રહિત અને ક્લેશથી સમજાય એવા છે. કાવ્યરહસ્યના નિર્ણયથી બહિર્ભૂત એવા પુષ્કળ ગ્રન્થો આ રીતે કાને પડવાને લીધે મારું મન કદર્થિત થયું છે. માટે અતિવિસ્તૃત નહીં એવું, કવિકલાનું સર્વસ્વ જેમાં આવી જાય એવું તથા દુર્મેધને પણ બોધક થાય એવું અનન્યસદૃશ શાસ્ત્ર કહો.' આથી સૂરિએ પોતાના શિષ્ય નરેન્દ્રપ્રભસૂરિને તેવો ગ્રન્થ રચવાની સૂચના કરતાં તેમણે વસ્તુપાલના આનંદને માટે અલંકારમહોદધિ રચ્યો."

આઠ પ્રકરણમાં વહેંચાયેલા આ અલંકારગ્રન્થમાં નરેન્દ્રપ્રભે સ્વ-રચિત અલંકારસૂત્રો તથા તે ઉપર વૃત્તિ આપી છે. પ્રારંભમાં તેઓ કહે છે કે, " પૂર્વાચાર્યોએ જેનો આવિષ્કાર કર્યો ન હોય એવું કંઈ નથી; તેથી આ કૃતિ તેમનાં વચનોનો સારસંગ્રહ છે." વળી ગ્રન્થના અંતમાં તેઓ લખે છે કે, "આ કૃતિ મેં કંઇક બુદ્ધિશાળી પુરુષોની ચમત્કૃતિ અર્થે તેમજ કંઇક મારી વ્યુત્પત્તિ અર્થે લખી છે."

આ પ્રમાણે નમ્રતા દર્શાવવા છતાં અને મુખ્યત્વે સારસંગ્રહરૂપ આ ગ્રન્થ હોવા છતાં તેમાં નરેન્દ્રપ્રભસૂરિએ સંસ્કૃત સાહિત્યના બહુ-સંખ્ય ગ્રન્થોના જે આધારો લીધા છે તથા તેમાંથી જે અવતરણો આપ્યાં છે તેથી સમસ્ત સાહિત્યશાસ્ત્રનું તેમનું ઊંડું અવગાહન વ્યક્ત થાય છે.

કાકુત્સ્થકેલિ નામની એક કૃતિ નરેન્દ્રપ્રભસૂરિએ રચેલી હતી એમ

ન્યાયકંદલીપંજિકાના ઉપર્યુક્ત ઉલ્લેખ ઉપરથી જણાય છે. એ કૃતિ હાલમાં મળતી નથી, પણ એક જૂના ગ્રન્થભંડારની હસ્તલિખિત સૂચિ (પુરાતત્ત્વ, પુ. ૨, પૃ. ૪૨૬) ઉપરથી જણાય છે કે કાકુત્સ્થકેલિ એ ૧૫૦૦ શ્લોકપ્રમાણનું નાટક હતું. એનો વિષય શો હશે એ સૂચિ ઉપરથી માલૂમ પડતું નથી, પણ રઘુવંશને લગતો કોઈ વિષય કવિએ લીધો હશે એવું અનુમાન નાટકના નામ ઉપરથી કરીએ તો વધારે પડતું નથી. આ સિવાય વિવેકપાદપ અને વિવેકકલિકા નામના સૂક્તિ-સંગ્રહો પણ નરેન્દ્રપ્રભસૂરિએ રચ્યા છે.

નરેન્દ્રપ્રભસૂરિએ વસ્તુપાલપ્રશસ્તિ નામનાં બે કાવ્યો રચ્યાં છે, જેમાંનું એક ૧૦૪ શ્લોકનું અને બીજું ૩૭ શ્લોકનું છે. એ બન્ને ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વનાં છે. ગિરનાર ઉપરના વસ્તુપાલના પ્રશસ્તિ-લેખો પૈકી એક લેખ નરેન્દ્રપ્રભસૂરિની રચના છે.

## બાલચન્દ્ર

वाग्वल्लीदलदस्यवः कति न वा सन्त्याखुतुल्योपमाः।
सत्योल्लेखमुषः स्वकोष्ठपिठरीसम्पूर्त्तिधावद्धियः।
सोऽन्यः कोऽपि विदर्भरीतिबलवान् बालेन्दुसूरिः पुरो
यस्य स्वर्गिपुरोहितोऽपि न गवां पौरोगवस्तादृशः॥

—અપરાજિત કવિ

बहुप्रबन्धकर्तुः श्रीबालचन्द्रस्य का स्तुतिः।
मन्त्रीशवस्तुपालेन यः स्तुतः कवितागुणात्॥

—પ્રદ્યુમ્નસૂરિકૃત સમરાદિત્યસંક્ષેપ

આ બાલચન્દ્રસૂરિ ચન્દ્રગચ્છના હરિભદ્રસૂરિના શિષ્ય હતા. તેઓ મોઢેરાના મોઢ બ્રાહ્મણ હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ મુંજાલ હતું; તેમના પિતાનું નામ ધરાદેવ અને માતાનું નામ વિદ્યુત્–વીજળી હતું. ધરાદેવ જૈન શાસ્ત્રોના જાણકાર હતા. મુંજાલે પણ હરિભદ્રસૂરિની વાણી સાંભળીને માબાપની અનુમતિથી દીક્ષા લીધી. ચૌલુક્ય

રાજગુરુ પદ્માદિત્ય તેમના અધ્યાપક હતા. વાદીદેવસૂરિના ગચ્છના આચાર્ય ઉદયસૂરિએ તેમને સારસ્વત મંત્ર આપ્યો હતો. એક વાર યોગનિદ્રામાં રહેલા અને સરસ્વતીનું ધ્યાન કરતા એવા બાલચન્દ્ર પાસે આવીને શારદાએ કહ્યું કે, "વત્સ! બાલ્યકાળથી તેં કરેલા સારસ્વત ધ્યાનથી હું પ્રસન્ન થઇ છું; જેમ પૂર્વે કાલિદાસ આદિ મારી ભક્તિથી કવીન્દ્રો થયા તેમ તું પણ થઇશ."

વસન્તવિલાસ મહાકાવ્યના પ્રારંભમાં આ રીતે પોતાનો પૂર્વવૃત્તાન્ત આપીને બાલચન્દ્ર કવિ કહે છે કે દેવી સરસ્વતીની એ કૃપાથી આ કાવ્ય હું રચું છું. ચૌદ સર્ગના આ કાવ્યમાં વસ્તુપાલનાં પરાક્રમો અને તેનાં સત્કૃત્યોનું વર્ણન છે. સોમેશ્વર, હરિહર અને બીજા સમકાલીન કવિઓ વસ્તુપાલને વસન્તપાલ પણ કહેતા હતા. આથી આ કાવ્યનું નામ બાલચંદ્રે વસન્તવિલાસ રાખ્યું છે. એમાં પ્રારંભમાં કવિએ આત્મકથા કહ્યા પછી અણહિલવાડનું વર્ણન કર્યું છે તથા મૂલરાજથી ભીમદેવ અને વીરધવલ સુધીના રાજાઓનો ઐતિહાસિક વૃત્તાન્ત આપ્યો છે. પછી વસ્તુપાલ-તેજપાલની મંત્રી તરીકે થયેલી નિમણૂંકનું, ભરૂચના શંખ સાથે વસ્તુપાલના યુદ્ધનું અને શંખના પરાજયનું વર્ણન કર્યું છે. ઋતુઓ, કેલિ તથા સૂર્યોદય અને ચન્દ્રોદયનાં રૂઢ વર્ણનો કર્યાં પછી કવિએ વસ્તુપાલની યાત્રાઓ વર્ણવી છે. છેવટે વસ્તુપાલનાં અનેક સત્કૃત્યોનું ગુણસંકીર્તન કરીને કવિએ સદ્દગતિ સાથેનું તેનું પાણિગ્રહણ-અવસાન વર્ણવ્યું છે.

વસ્તુપાલના પુત્ર જૈત્રસિંહ-જયંતસિંહના વિનોદ અર્થે આ કાવ્ય રચાયું હતું. તેમાં વસ્તુપાલના મરણનો ઉલ્લેખ પણ આવે છે, એટલે સં. ૧૨૯૬ માં વસ્તુપાલનું મરણ થયા પછી એ રચાયું હોવું જોઇએ.

ઉપર આપેલી અપરાજિત કવિની પ્રશંસોક્તિમાં કહ્યું છે તેમ, બાલચંદ્ર કવિ વૈદર્ભી રીતિ વડે બળવાન છે. છન્દોરચના, ભાષા અને અલંકારો ઉપર કવિની હથોટી બેઠેલી છે. માધુર્ય અને પ્રસાદ એ

વૈદર્ભી રીતિના અગ્રિમ ગુણો આ કવિમાં પૂર્ણપણે વિકસેલા છે. મધ્યકાલીન કવિઓનો ભાષાડમ્બર તેને ભાગ્યે જ સ્પર્શ કરે છે. નરનારાયણાનંદ અને કીર્તિકૌમુદીની હરોળમાં આ કાવ્ય અવશ્ય બેસી શકે.

બાલચન્દ્રે કરુણાવજ્રાયુધ નામનું પંચાંકી નાટક પણ રચ્યું છે. તે વસ્તુપાલે કાઢેલા સંઘના પરિતોષ અર્થે શત્રુંજય ઉપર ઋષભદેવના યાત્રામહોત્સવ વખતે ભજવાયું હતું. વજ્રાયુધ ચક્રવર્તીની પરીક્ષા લેવા માટે દેવો બાજ અને પારેવાનું રૂપ લઈને આવ્યા હતા, અને તેમાં વજ્રાયુધે પોતાના પ્રાણના ભોગે પણ પારેવાનું રક્ષણ કર્યું હતું એ પ્રસિદ્ધ વસ્તુને અનુલક્ષીને આ નાટકની રચના થયેલી છે. વળી બાલચન્દ્રે આસડ કવિના વિવેકમંજરી અને ઉપદેશકંદલી નામના પ્રકરણગ્રન્થો ઉપર ટીકાઓ લખેલી છે.

વસ્તુપાલને ઉદ્દેશીને કહેવાયેલું બાલચંદ્રનું એક સ્તુતિકાવ્ય પ્રબન્ધોમાં આ પ્રમાણે મળે—

> गौरी रागवती त्वयि त्वयि वृषो बद्धादरस्त्वं युतो
> भूत्या त्वं च लसद्गुणः शुभगणः किं वा बहु ब्रूमहे ।
> श्रीमन्त्रीश्वर नूनमीश्वरकलायुक्तस्य ते युज्यते
> बालेन्दुं चिरमुच्चकै रचयितुं त्वत्तोऽपरः कः प्रभुः ॥

(અર્થાત્–હે મંત્રી ! તારામાં અને શિવમાં સમાનતા છે : શિવમાં જેમ ગૌરી અનુરાગવાળી છે તેમ તારામાં પણ ગૌરી (ગૌરાંગી સ્ત્રી) અનુરાગવાળી છે, જેમ શિવમાં વૃષ–નંદીને આદરભાવ છે તેમ તારામાં પણ વૃષ-ધર્મને આદરભાવ છે, જેમ શિવ ભૂતિ-ભસ્મથી યુક્ત છે તેમ તું પણ ભૂતિ–સમૃદ્ધિથી યુક્ત છે, શિવની જેમ તું પણ ગુણોથી શોભે છે, શિવની જેમ તારી સેવામાં પણ શુભ ગણ–સેવકો છે. વધારે શું કહેવું ? ઈશ્વર શિવની કલાથી યુક્ત એવા તારે માટે બાલચન્દ્રને ઉચ્ચ પદ આપવાનું (શિવપક્ષે–ભાલસ્થલ ઉપર સ્થાન આપવાનું) યોગ્ય છે. તારાથી બીજો કોણ સમર્થ છે ?)

આ સાંભળીને બાલચન્દ્રને આચાર્યપદ આપવાના મહોત્સવમાં વસ્તુપાલે એક હજાર દ્રમ્મનો વ્યય કર્યો.

## જયસિંહસૂરિ

वासाम्भोजसमुद्भवैर्मधुलवैर्वेधा व्यधाद्यद्गिरं
वाणीं पाणिविलासपद्मजनितैस्तां सिञ्चतीवान्वहम् ।
—હમ્મીરમદમર્દન પ્રસ્તાવના

જયસિંહસૂરિ એ વીરસૂરિના શિષ્ય તથા ભરૂચના મુનિસુવ્રતસ્વામી ચૈત્યના અધિષ્ઠાયક આચાર્ય હતા. ગૂજરાત ઉપર દક્ષિણેથી ચઢી આવેલા યાદવ રાજા સિંહણ અને ઉત્તરેથી ચઢી આવેલા મીલચ્છીકાર (સુલતાન અલ્તમશ)નો વીરધવલ અને વસ્તુપાલે એક સાથે પરાજય કર્યો હતો એ વસ્તુને ગૂંથી લેતું હમ્મીરમદમર્દન નામનું નાટક જયસિંહસૂરિએ રચેલું છે. એ નાટક સં. ૧૨૭૯ અને સં. ૧૨૮૫ ની વચ્ચે રચાયું હોય એમ માનવાનાં સબળ કારણો છે. એ નાટક વસ્તુપાલના પુત્ર જયંતસિંહની આજ્ઞાથી ખંભાતમાં ભીમેશ્વરદેવના યાત્રામહોત્સવમાં ભજવાયું હતું. નાટકમાં કર્તા એવો દાવો કરે છે કે, પ્રેક્ષકો જેનાથી કંટાળી ગયા છે એવું ભયાનક રસથી ભરેલું આ પ્રકરણ નથી, પણ નવે રસથી ભરેલું જુદી જ જાતનું નાટક છે.

યાદવ રાજા સિંહણ અને લાટરાજના ભત્રીજા સંગ્રામસિંહના સંગઠનને વસ્તુપાલના ચારપુરુષો–જાસૂસોએ કેવી રીતે તોડી નાખ્યું હતું એની હકીકત નાટકના પહેલા બે અંકોમાં આવે છે.

ત્રીજા અંકમાં કમલક નામનો દૂત મ્લેચ્છોના ઉપદ્રવથી મેવાડ દેશની કેવી ખરાબ હાલત થઇ છે તેનો ખ્યાલ આપે છે. છેવટે, વીરધવલ આવે છે એવી વાત ફેલાવી દેશવાસીઓને તેણે હિંમત આપી હોવાનું જણાવાય છે. ચોથા અંકમાં જાણવા મળે છે કે વસ્તુપાલે ફેલાવેલી અફવાને પરિણામે બગદાદનો ખલીફ ખર્પરખાનને આજ્ઞા કરે છે કે તેણે મીલચ્છીકારને બેડીમાં જકડી પોતાની આગળ રજૂ કરવો. બીજી બાજુ

તુરુષ્કોના પરાજય પછી તેમના પ્રદેશો પાછા સોંપવાનું વચન આપી વસ્તુપાલ કેટલાક રાજાઓને પોતાના પક્ષમાં લઈ લે છે. પછી મીલચ્છ્રીકાર પોતાના વજીર ઘોરી ઇસફ સાથે વાતચીત કરતો ઊભો છે, ત્યાં વીરધવલની ગર્જના તથા તેના લશ્કરનો અવાજ સાંભળી બન્ને જણુ મૂઠીઓ વાળીને નાસે છે; શત્રુ ન પકડાયાથી વીરધવલ નાસીપાસ થાય છે, પણ શત્રુની પૂંઠ ન પકડવાની વસ્તુપાલની સલાહનું પાલન કરે છે. પાંચમા અંકમાં રાજા વિજય પામી ઘેર આવે છે. વળી એક વાત જાહેર થાય છે કે મીલચ્છ્રીકારના પીર રદી અને કદીને બગદાદથી આવતાં વસ્તુપાલે સમુદ્રમાં કેદ કર્યા હતા અને તેમની સહીસલામતી માટે મીલચ્છ્રીકારને વીરધવલ સાથે મૈત્રીની સંધિ કરવાની ફરજ પાડી હતી.

અંતે, રાજા શિવના મન્દિરમાં જાય છે, ત્યાં શિવ સાક્ષાત્ પ્રકટ થઈ તેને વરદાન આપે છે.

સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં શુદ્ધ ઐતિહાસિક પ્રસંગને અનુલક્ષીને લખાયેલાં નાટકો અત્યંત વિરલ છે, અને એ રીતે આ હમ્મીરમદમર્દન નાટક ખૂબ મહત્વનું ગણાવું જોઇએ.

જયસિંહસૂરિની બીજી કૃતિ એ ૭૭ શ્લોકની વસ્તુપાલ–તેજપાલ–પ્રશસ્તિ છે. તેજપાલ એક વાર ભરૂચમાં શકુનિકાવિહારમાં આવેલા મુનિસુવ્રતસ્વામીના મન્દિરની યાત્રાએ ગયો ત્યારે જયસિંહસૂરિએ શીઘ્રકાવ્યોથી તેની સ્તુતિ કરી અને દંડનાયક આંબડે સિદ્ધરાજના સમયમાં જીર્ણોધ્ધૃત કરેલા એ વિહારમાંની પચીસ દેવકુલિકાઓ ઉપરના વાંસના ધ્વજદંડોને સ્થાને સુવર્ણના ધ્વજદંડો બનાવી આપવા તેને વિનંતી કરી. વસ્તુપાલની સંમતિથી તેજપાલે તે કરાવી આપ્યા. તેની સ્મૃતિમાં જયસિંહસૂરિએ એ સુન્દર પ્રશસ્તિની રચના કરી. એમાંથી ગૂજરાતના ઇતિહાસની અને વસ્તુપાલનાં સત્કૃત્યોને લગતી ઘણી માહિતી પ્રાપ્ત થાય છે.

સં. ૧૪૨૨માં કુમારપાલચરિત મહાકાવ્ય લખનાર જયસિંહસૂરિ આ જયસિંહસૂરિથી ભિન્ન છે.

## માણિક્યચન્દ્ર

पारेलंकारगहनं संकेताध्वानमन्तरा ।
सुधियां बुद्धिशकटी कथंकारं प्रयास्यति ॥

—કાવ્યપ્રકાશ સંકેત

આચાર્ય માણિક્યચન્દ્ર રાજગચ્છના સાગરચન્દ્રસૂરિના શિષ્ય હતા. અલંકારશાસ્ત્રના નિપુણ વિદ્વાન તરીકે ભારતીય સાહિત્યમાં તેઓ વિખ્યાત છે. મમ્મટના કાવ્યપ્રકાશ ઉપરની સંકેત નામની તેમની ટીકા કાવ્યપ્રકાશની સૌથી જૂની ટીકાઓ પૈકી એક છે. અલંકારના અને ખાસ કરીને કાવ્યપ્રકાશના અભ્યાસીઓમાં એ ટીકા ખૂબ પ્રમાણભૂત ગણાય છે. ટીકાકારનું પ્રમાણભાન પણ માન પ્રેરે એવું છે. આવશ્યક સ્થળોએ સંક્ષેપ અને અનાવશ્યક સ્થળોએ વ્યર્થ વિસ્તાર—એ ટીકાકારોના સર્વસામાન્ય દોષથી માણિક્યચન્દ્ર સંપૂર્ણપણે મુક્ત છે. પૂર્વકાલીન અલંકારશાસ્ત્રીઓ ભામહ, ઉદ્‌ભટ, રુદ્રટ, દંડી, વામન, અભિનવગુપ્ત, મુકુલ, ભોજ આદિના મતો ટીકામાં અનેક સ્થળે ટાંકીને તેમણે પોતાના મૌલિક અભિપ્રાયો પણ રજૂ કર્યા છે. મૂળ ગ્રન્થને વિશદ કરવા માટે તેમણે કેટલેક સ્થળે પોતાનાં કાવ્યોમાંનાં ઉદાહરણ આપ્યાં છે, તે ઉપરથી તેઓ એક સહૃદય કવિ હતા એ પણ માલૂમ પડે છે. પોતે જૈન સાધુ હોવા છતાં બ્રાહ્મણ સાહિત્યનો તેમને ઊંડો અભ્યાસ હતો. અસામાન્ય બુદ્ધિવૈભવ, વ્યુત્પન્ન પાંડિત્ય અને માર્મિક રસજ્ઞતાથી આ ટીકા અંકિત થયેલી હોઈ તેને માટે નવમા ઉલ્લાસના પ્રારંભમાં—

लोकोत्तरोऽयं संकेतः कोऽपि कोऽपि कोविदसत्तमाः ।

એવો જે દાવો માણિક્યચંદ્રે કર્યો છે તે વૃથા ગર્વોક્તિ છે એમ ભાગ્યેજ કહી શકાશે.

માણિક્યચન્દ્રના બીજા ગ્રન્થોમાં શાન્તિનાથચરિત્ર અને પાર્શ્વનાથચરિત્ર એ મહાકાવ્યો મળે છે.

ઉદયપ્રભસૂરિના શિષ્ય જિનભદ્રે વસ્તુપાલના પુત્ર જયંતસિંહના પઠનાર્થે સંવત ૧૨૯૦ માં રચેલી પ્રબન્ધાવલી (પુરાતન પ્રબન્ધસંગ્રહ, પૃ. ૬૪) માં માણિક્યચન્દ્ર અને વસ્તુપાલના સંપર્ક વિષે નીચે પ્રમાણે હકીકત મળે છે: એક વાર, માણિક્યચન્દ્ર વટકૂપ-વડવા ગામમાં રહેતા હતા ત્યારે તેમને વસ્તુપાલે બોલાવ્યા, પણ તેઓ આવ્યા નહિ (વસ્તુપાલચરિત અનુસાર, વસ્તુપાલે સંઘયાત્રામાં સામેલ થવા માટે તેમને બોલાવ્યા હતા, પણ તેઓ સંકેતના લેખનમાં રોકાયેલા હોવાથી આવી શકયા નહિ તેમજ કોઇ શિષ્યને પણ તેમણે મોકલ્યો નહિ). આથી મંત્રીએ એક કટાક્ષગર્ભિત શ્લોક માણિક્યચન્દ્ર ઉપર મોકલ્યો, એટલે માણિક્યચન્દ્રે પણ એવા જ એક શ્લોકથી જવાબ વાળ્યો. આથી આચાર્ય પોતાની પાસે આવે તે માટે વસ્તુપાલે ખંભાતમાંની તેમની પૌષધશાળામાંની વસ્તુઓ–પ્રતો વગેરે પોતાના માણસો મારફત ચોરાવીને એક સ્થળે મુકાવી દીધી. એટલે આચાર્ય આવીને મંત્રીને મળ્યા અને કહ્યું, "સંઘના ધુરીણ એવા તમે વિદ્યમાન હોવા છતાં અમારી પૌષધશાળામાં આ ઉપદ્રવ શાથી?" મંત્રીએ કહ્યું, "પૂજ્યનું આગમન નહોતું થતું એજ કારણે." પછી મંત્રીએ આચાર્યને બધું પાછું આપ્યું. સંઘપૂજા સમયે આચાર્યે વસ્તુપાલની પ્રશંસાનું એક કાવ્ય કહ્યું. (આ પ્રસંગે માણિક્યચન્દ્રના મુખમાં મુકાયેલાં બીજાં કેટલાંક કાવ્યો પણ અન્યત્ર મળે છે.) પછી વસ્તુપાલે પુસ્તકાદિ આપીને, ખમાવીને આચાર્યને વિદાય આપી (વસ્તુપાલચરિત અનુસાર, વસ્તુપાલે પોતાના ગ્રંથભંડારમાંથી સર્વ શાસ્ત્રોની એકએક પ્રતિ માણિક્યચન્દ્રને આપી).

વસ્તુપાલના જીવનકાળમાં તેનાજ પુત્રને માટે રચાયેલી પ્રબન્ધાવલીમાં આ હકીકત મળે છે. એજ પ્રબન્ધાવલીમાં અન્યત્ર (પુરાતન પ્રબન્ધસંગ્રહ, પૃ. ૫૦) માણિક્યચન્દ્રે કરેલી મંત્રી યશોવીરની પ્રશંસાનો એક શ્લોક મળે છે. આથી માણિક્યચંદ્ર તથા વસ્તુપાલ અને યશોવીરની સમકાલીનતા સિદ્ધ થાય છે.

હવે, કાવ્યપ્રકાશ સંકેતને અંતે તેના રચના–સંવતનો ઉલ્લેખ નીચે પ્રમાણે મળે છે.

रसवक्त्रग्रहाधीशवत्सरे मासि माधवे ।
काव्ये काव्यप्रकाशस्य संकेतोऽयं समर्थितः ॥
(પાટણ ભંડાર સૂચિ, પૃ. ૫૪)

એમાં 'वक्त्र'નો અર્થ ૧ કરવામાં આવે તો સં. ૧૨૧૬ નીકળે અને ૪ (બ્રહ્માનાં મુખ) અથવા ૬ (કાર્તિકેયનાં મુખ) કરવામાં આવે તો સં. ૧૨૪૬ અથવા સં. ૧૨૬૬ નીકળે. પરન્તુ સં. ૧૨૧૬ માં તો વસ્તુપાલનો જન્મ પણ ભાગ્યે જ થયો હોય અથવા તે કેવળ બાલ્યાવસ્થામાં હોય. વસ્તુપાલને મન્ત્રીપદ સં. ૧૨૭૬માં મળ્યું હતું, એ સિદ્ધ હકીકત છે. એટલે માણિક્યચંદ્રે સં. ૧૨૧૬ માં સંકેત જેવા પ્રૌઢ ગ્રન્થની રચના કરી હોય અને સં. ૧૨૭૬ સુધી તેઓ વિદ્યમાન હોય એમ ભાગ્યે જ બને. માણિક્યચંદ્રનું પાર્શ્વનાથ ચરિત્ર સં. ૧૨૭૬ માં રચાયેલું છે (જુઓ જૈન ગ્રન્થાવલિ, પૃ. ૨૩૦ તથા બૃહટ્ટિપનિકા; વળી જુઓ પ્રો. વેલણકરકૃત; જિનરત્નકોશ, પૃ. ૨૪૪–૪૫). આથી સંકેતની રચના સં. ૧૨૧૬ માં નહીં, પણ સં. ૧૨૪૬ અથવા સં. ૧૨૬૬ માં થઇ હોય એમ માનવું યોગ્ય છે. માણિક્યચન્દ્રનો વસ્તુપાલ સાથેનો ઉપર્યુક્ત પ્રસંગ બન્યો તે પૂર્વે સંકેત રચાઇ ચૂકયો હતો. માણિક્યચન્દ્ર સંકેતના લેખનકાર્યમાં રોકાયા હોવાથી ન આવી શકયા એમ પંદરમા સૈકાનું વસ્તુપાલચરિત લખે છે, પણ સં. ૧૨૯૦ માં રચાયેલી સમકાલીન પ્રબન્ધાવલી 'મંત્રીએ બોલાવ્યા, પણ આચાર્ય આવ્યા નહીં' એમ મોઘમ લખે છે એ સૂચક છે. કદાચ બીજા કોઇ ગ્રન્થના લેખનમાં રોકાયા હોવાને કારણે તેઓ આવી શકયા નહીં હોય.

સંકેતની રચના સં. ૧૨૧૬ માં થઇ હતી એમ માનવાનું સામાન્ય વલણ અત્યારે વિદ્વાનોમાં છે, પણ સમકાલીન પ્રબન્ધાવલીનો ઉપર્યુક્ત શંકારહિત પુરાવો તથા પાર્શ્વનાથચરિત્રની રચ્યાસાલ ધ્યાનમાં લેતાં તેનો રચનાકાળ સં. ૧૨૪૬ અથવા ૧૨૬૬ માનવો જોઇએ. વસ્તુપાલ અને

માણિકચચંદ્રની સમકાલીનતા અને સંપર્કને સંકેતના તથા પાર્શ્વનાથ-ચરિત્રના રચનાકાળ સાથે તો જ ઘટાવી શકાય.

## અન્ય કવિઓ.

सूत्रे वृत्तिः कृता पूर्वं दुर्गसिंहेन धीमता ।
विसूत्रे तु कृता तेषां वस्तुपालेन मन्त्रिणा ॥

—સોમેશ્વર

બીજા અનેક કવિઓ અને પંડિતોને પણ વસ્તુપાલે આશ્રય આપ્યો હતો તથા તેમની સરસ્વતીસેવાને પોષણ આપ્યું હતું. વામનસ્થલીવાસી કવિઓ યશોધર અને સોમાદિત્ય, દેવપત્તન-પ્રભાસવાસી કવિ વૈરિસિંહ, કૃષ્ણનગરવાસી કમલાદિત્ય, તથા દામોદર, જયદેવ (જયંતદેવ), વિકલ, કૃષ્ણસિંહ, શંકરસ્વામી આદિ કવિઓને પણ તેણે હજારોનાં દાન આપ્યાં હતાં. એ કવિઓનાં પ્રશંસાવાક્યો અને સુભાષિતો પ્રબન્ધોમાં મળે છે. ચાચરિયાક નામનો એક વિદ્વાન જે દૂર દેશથી આવ્યો હતો અને જેનાં વચનો સાંભળવા માટે ઉદયપ્રભસૂરિ પણ વેશપલટો કરીને જતા હતા તેને વસ્તુપાલે બે હજાર દ્રમ્મ દાનમાં આપ્યા હતા અને નગરમાં તેનો જાહેર સત્કાર કર્યો હતો. આબુ ઉપર વસ્તુપાલે બંધાવેલાં મંદિરોનો વૃત્તાંત આપતો અપભ્રંશ આબુરાસ સં. ૧૨૮૯ માં પાલ્હણ નામે કવિએ (પાઠાંતર અનુસાર, પાલ્હણના પુત્રે) રચ્યો છે; એ કવિ પણ વસ્તુપાલનો સુપરિચિત જણાય છે. સોમનાથની યાત્રા વખતે દેવની પૂજા કરનારા બ્રાહ્મણોએ વસ્તુપાલની કાવ્યમય સ્તુતિ કરતાં તેણે તેઓને હજારોનાં દાન આપીને વર્ષાસન બાંધી આપ્યાં હતાં. આ ઉપરાંત, જેમનાં નામ આજે મળતાં નથી એવા અનેક કવિઓ, પંડિતો અને ચારણોને તેણે ધનવાન બનાવ્યા હતા. એ સર્વની કાવ્યરચનાઓ તથા ચારણોના અપભ્રંશ દૂહાઓ પણ મળે છે. કેટલાકને તેણે ભૂમિદાન આદિ આપીને કાયમી વૃત્તિ બાંધી આપી હતી. એ દાનશૂરતાને બિરદાવતાં સોમેશ્વર લખે છે: " પૂર્વે બુદ્ધિમાન એવા દુર્ગસિંહે સૂત્રોમાં—વ્યાકરણનાં સૂત્રો ઉપર વૃત્તિ કરી છે—ટીકા લખી છે, પણ મન્ત્રી વસ્તુપાલે તો વગર સૂત્રે કવિઓને વૃત્તિ—આજીવિકા કરી આપી છે."

# વિવિધ પૂજા સંગ્રહ

## [ ભાગ ૧ થી ૮ ]

આ પુસ્તકમાં દરેક પ્રકારની પૂજાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સુપર રોયલ સાઈઝ, પાકું કપડાંનું બાઈડીંગ અને પૃષ્ઠ લગભગ છસો છતાં **મૂલ્ય માત્ર રૂા. ચાર.**

### વિધિ સહિત
## પંચપ્રતિક્રમણ સૂત્ર

પ્રતિક્રમણની વિધિથી અજ્ઞાત હોય તેઓ, ફક્ત આ પુસ્તક વાંચી જવાથી પ્રતિક્રમણ કરી શકે છે: પાંચે પ્રતિક્રમણનો ક્રમ યોજવામાં આવ્યો છે. **મૂલ્ય રૂા. બે.**

## પંચપ્રતિક્રમણ સૂત્ર

[ પોકેટ સાઈઝ [

ખીસ્સામાં રાખી શકાય તેવી સાઇઝમાં આ પુસ્તક છાપવામાં આવ્યું છે, પંચ પ્રતિક્રમણો તેમજ અન્ય ઉપયોગી દરેક વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. **મૂલ્ય રૂા. દોઢ**

આજે જ લખો:-

**આનંદ પ્રકાશન મંદિર,**

સ્ટેશન રોડ, **ભાવનગર.**

# સારનાથ

૧૯૪૩ના નાતાલમાં બનારસ હિન્દુ યુનિવર્સિટીના આશ્રયે મળેલી બારમી અખિલ ભારત પ્રાચ્ય વિદ્યા પરિષદમાં ગૂજરાત વર્નાક્યુલર સોસાયટીના પ્રતિનિધિ તરીકે હાજર રહેવાનો સુયોગ મને સાંપડ્યો હતો. લગભગ બે સહસ્રાબ્દીઓ થયાં સમસ્ત ભારતમાં જ્ઞાન અને સંસ્કારના પ્રસારકેન્દ્રસમી વારાણસી નગરીની એ મારી પહેલી યાત્રા હતી. ખુદ કાશી શહેરમાં તો આજે બસો–અઢીસો વર્ષ કરતાં જૂનું ગણાવી શકાય એવું કોઇ મન્દિર કે અન્ય બાંધકામ રહ્યું નથી. પણ ભારતવાસીના માનસ સાથે કાશીરાષ્ટ્રની આ પ્રાચીન રાજધાનીનું ગૂઢ વ્યક્તિત્વ એવી અવ્યક્ત રીતે જોડાઇ ગયેલું છે કે આ નગરનું નામમાત્ર એક અનન્યસાધારણ આકર્ષણ ખડું કરે છે. ઉપનિષદ—સાહિત્યમાં કાશીનું નામ મળે છે અને આજે પણ વિશ્વનાથનું સાંકડું મન્દિર હિન્દભરના યાત્રાળુઓને કાશીમાં ખેંચી લાવે છે. પ્રાચીનતમ બૌદ્ધ સાહિત્યમાં પણ કાશીના અનેક ઉલ્લેખો છે. બોધિસત્ત્વ કાશ્યપનો જન્મ અહીં થયો હતો અને ગૌતમબુદ્ધે પોતાના ધર્મોપદેશનો આરંભ અહીંથી જ કર્યો હતો. જૈન તીર્થંકરો પાર્શ્વનાથ અને સુપાર્શ્વનાથનો જન્મ પણ વારાણસીમાં થયો હતો અને ભગવાન મહાવીરની પણ એ વિહારભૂમિ હતી. આમ અતિ પ્રાચીન કાળથી જ ભારતીય સંસ્કૃતિની ત્રણ શાખાઓ—બ્રાહ્મણ, બૌદ્ધ અને જૈનનો ત્રિવેણીસંગમ અહીં થયેલો છે.

પણ સારનાથની યાત્રા સિવાય કાશીની યાત્રા અધૂરી જ ગણાય. સારનાથ એટલે ભગવાન બુદ્ધના ધર્મચક્રપ્રવર્તનનું સ્થાન. શતાબ્દીઓ સુધી કાળગ્રસ્ત રહ્યા પછી, પુરાતત્ત્વસંશોધકોની વર્ષોની શોધખોળને પરિણામે, આજે પાછું તે બૌદ્ધોનું જીવંત તીર્થધામ થયું છે.

હાલના કાશી શહેરથી ચારેક માઈલ દૂર ઉત્તરે આ સ્થાન આવેલું છે. પાલિ સાહિત્યમાં આ સ્થાન ‘ ઇસિપતન ’ (સં. ઋષિપત્તન) નામે ઓળખાય છે. એમાં ‘ મૃગદાવ ’-મૃગવન નામે ઉદ્યાન આવેલું હતું. ચોથી શતાબ્દીમાં હિન્દમાં આવેલા ચીના મુસાફર ફાહિયાને પણ આ વનનો ઉલ્લેખ કરેલો છે. આ વિશે એવી એક જાતક કથા મળે છે કે બુદ્ધ એક પૂર્વજન્મમાં હરણોના રાજા હતા. વારાણસીનો રાજા આ વનમાંથી ઘણાં હરણનો શિકાર કરી જતો હતો તે અટકાવવાને તેમણે રાજાને દરરોજ એક હરણ આપવાનું કબૂલ કર્યું. પછી એક વાર એક સગર્ભા હરણીનો વારો આવ્યો ત્યારે હરણીની સાથે તેના નિર્દોષ ગર્ભનો પણ નાશ ન થાય તે માટે બોધિસત્ત્વ પોતે રાજા પાસે જવા તૈયાર થયા. આ જોઈને રાજાએ પણ હરણોની હિંસા બંધ કરી. ઋષિપત્તન એ તેનું નામ જ વ્યક્ત કરે છે તે પ્રમાણે, વારાણસી નગરીથી થોડે દૂર આવેલો એ તપસ્વીઓને આશ્રમ હતો, અને મૃગદાવ એ આશ્રમહરિણોનું નિવાસસ્થાન હશે. પ્રાચીન ભારતમાં લગભગ પ્રત્યેક મોટા નગરની બહાર થોડેક દૂર આવાં ઉદ્યાનો હતાં. તેમાં તપસ્વીઓ રહેતા, પરિવ્રાજકો ત્યાં આવી મુકામ કરતા અને લોકો ધર્મશ્રવણ માટે ત્યાં જતા. તપસ્વીજીવનનો શહેરી જીવન સાથે થતો સંકર આથી અટકતો. શ્રાવસ્તીનું જેતવન અને કોષ્ઠક ચૈત્ય, વારાણસીનું કોષ્ઠક ચૈત્ય અને કામ મહાવન, રાજગૃહનું ગુણશીલ ઉદ્યાન, મથુરાનું ભંડીર ઉદ્યાન, ચંપાનું પૂર્ણભદ્ર ચૈત્ય, કૌશાંબીનું ચન્દ્રાવતરણ ચૈત્ય વગેરે આનાં ઉદાહરણો છે.

સારંગ-હરિણનું નિવાસસ્થાન હોવાથી આ સ્થાનનું નામ સારંગનાથ-સારનાથ પડ્યું હશે એવું કેટલાક વિદ્વાનોનું મંતવ્ય છે. આજે પણ ત્યાંથી થોડેક દૂર સારંગનાથ નામનું શિવમન્દિર આવેલું છે.

બુદ્ધગયામાં બોધિપ્રાપ્તિ થયા પછી ગૌતમ બુદ્ધ મૃગદાવમાં આવ્યા હતા; અગાઉ જે પાંચ અનુયાયીઓ તેમનાથી છૂટા પડી ગયા હતા તેઓ અહીં તેમને મળ્યા હતા, અને તેમના શિષ્ય બન્યા હતા. આ

બતાવે છે કે ઇસવી સન પૂર્વે છઠ્ઠી શતાબ્દી જેટલા પ્રાચીન કાળે પણ ઋષિપત્તન અથવા મૃગદાવ એ એક મોટું ધાર્મિક કેન્દ્ર હતું. ભગવાન બુદ્ધે પોતાનું પહેલું પ્રવચન અહીં જ કર્યું હતું અને એ રીતે ધર્મચક્ર-પ્રવર્તનનો આરંભ અહીંથી કર્યો હતો.

પાલિ સાહિત્યના ઉલ્લેખો બતાવે છે કે વારાણસીના નંદિય નામે એક ધનિક વેપારીએ બુદ્ધના જીવનકાળમાં જ ઋષિપત્તનમાં આવેલા મહાવિહારની પાસે બીજો એક વિહાર બંધાવ્યો હતો. આમ બુદ્ધની વિદ્યમાનતામાં જ ઓછામાં ઓછા બે વિહાર તો ઋષિપત્તનમાં હતા.

ચોથી શતાબ્દીમાં ભારતમાં આવેલા ચીના મુસાફર ફાહિયાને સારનાથમાં ચાર મોટા સ્તૂપો અને બે વિહારો જોયા હતા. કોઇ હિન્દુ મંદિરનો ઉલ્લેખ તેણે કર્યો નથી. ત્યાર પછી છઠ્ઠી શતાબ્દીમાં શ્વેત હૂણો અને તેમના નાયક મિહિરકુલને હાથે આ સ્થાનો ઉપર અત્યાચાર થયો હોવાનું માનવામાં આવે છે. પણ સાતમી શતાબ્દીમાં આવેલા ચીના મુસાફર હ્યુએન્ત્સંગે જ્યારે સારનાથની મુલાકાત લીધી ત્યારે તેણે ૩૦ બૌદ્ધ વિહારો જોયા હતા, જેમાં થેરવાદના અનુયાયી ૧૫૦૦ ભિક્ષુઓ રહેતા હતા. આ ઉપરાંત ત્યાં ૧૦૦ હિન્દુ મન્દિરો પણ હતાં. આ બતાવે છે કે સાતમી શતાબ્દીના અરસામાં બ્રાહ્મણ ધર્મ બૌદ્ધધર્મ ઉપર વર્ચસ્વ મેળવતો જતો હતો. થોડાંક વર્ષો ઉપર સારનાથમાં થયેલા ખોદકામો ઉપરથી એ જાણવામાં આવ્યું છે કે ઇસવી અગિયારમા સૈકાના પૂર્વાર્ધમાં મહમદ ગઝનવીએ સારનાથ જીત્યું અને લૂટયું ત્યાર પછી કનોજના રાજા ગોવિન્દચન્દ્રની બૌદ્ધ રાણી કુમારદેવીએ ધર્મચક્ર-જિનવિહાર નામનો વિહાર ત્યાં બાંધ્યો હતો, પણ થોડાક દસકાઓ થયા–ન થયા ત્યાં તો ઇ. સ. ૧૧૯૪ માં શાહબુદ્દીન ઘોરીના સેનાપતિ કુત્બુદ્દીનને હાથે સારનાથના કેટલાયે વિહારો, મન્દિરો અને મૂર્તિઓનો સંપૂર્ણ વિનાશ થઇ ગયો.

છતાં વીજળીવેગે દોડતો વિજેતા જેનો એકાએક નાશ કરી શકે નહીં એવી કેટલીક વસ્તુઓ સારનાથમાં બચવા પામી. એમાં સૌથી નોંધપાત્ર તો બે વિશાળ સ્તૂપો ગણાય. પણ ઈ. સ. ૧૭૯૪ માં કાશીના

રાજા ચૈતસીંગના દીવાન જગતસીંગે પોતાના નામથી જગતગંજ નામનું બજાર બાંધવાને ઈંટો મેળવવા માટે એમાંનો એક સ્તૂપ તોડાવી નાખ્યો હતો. ૧૧૦ ફૂટ વ્યાસનો આ જંગી સ્તૂપ ઋષિપત્તનનાં સૌથી મોટાં બાંધકામો પૈકી એક હશે, અને અશોકે બાંધેલો ધર્મરાજિક સ્તૂપ કદાચ આ જ હશે એવું વિદ્વાનોનું મંતવ્ય છે. આરસની પેટીમાં મૂકેલાં કેટલાંક અસ્થિઓ જે એમાંથી જગતસીંગને મળ્યાં હતાં અને જે તેણે ગંગાજીમાં પધરાવ્યાં હતાં તે નિઃશંકપણે બુદ્ધનાં જ અસ્થિ હશે. આ પછી ૧૮૧૫ માં કર્નલ મૅકેન્ઝીએ અને ૧૮૩૪–૩૫ માં સર અલેક્ઝાન્ડર કનિંગહામે આ સ્થળે કેટલુંક ખોદકામ કરાવ્યા બાદ પણ અહીંનાં કેટલાંયે પ્રાચીન અવશેષોનો ઉપયોગ વરણા નદીનો પૂલ તેમજ કવીન્સ કૉલેજનું મકાન બાંધવામાં અને રેલ્વેની સડક તૈયાર કરવામાં થયો હતો એમ જાણીએ છીએ ત્યારે તો આપણા લોકોના તમસ્ માટે પણ ગ્લાનિ થયા સિવાય રહેતી નથી.

અત્યારે જે સ્તૂપ સારનાથમાં લગભગ અખંડ સ્વરૂપે જોવા મળે છે તે ધામેક સ્તૂપ–ધર્મમુખ સ્તૂપ તરીકે ઓળખાય છે. બુદ્ધના અનુયાયી મૈત્રેયની સ્મૃતિમાં તે બંધાયો હોવાનું અને શિલ્પ ઉપરથી ગુપ્તકાલનો હોવાનું મનાય છે. એ સ્તૂપને હવે કંઈ વિશેષ હાનિ પહોંચે નહિ તે માટે પુરાતત્ત્વ ખાતાએ સારી વ્યવસ્થા કરેલી છે. સારનાથના યાત્રાળુઓ પ્રાચીન કાળના આ એકમાત્ર સ્તૂપનાં જ દર્શન કરે છે.

હિન્દી સરકારના પુરાતત્ત્વ ખાતાએ ૧૯૦૫ થી સારનાથમાં મોટા પાયા ઉપર વ્યવસ્થિત ખોદકામ શરૂ કર્યું અને સારનાથમાંથી પ્રાપ્ત થયેલા અવશેષોના સંરક્ષણ માટે તે સ્થળ ઉપર જ એક સંગ્રહસ્થાન બનાવવામાં આવ્યું. એક જ સ્થાનમાંથી પ્રાપ્ત થયેલાં અને ભારતીય શિલ્પકલાની કેટલીક કાલાનુક્રમિક ઐતિહાસિક ભૂમિકાઓનું પ્રતિનિધિત્વ ધરાવતા શિલ્પ – સ્થાપત્યના નમૂનાઓનો આ સંગ્રહ સારનાથના પ્રત્યેક યાત્રાળુ માટે ઘણો આકર્ષક બની જાય છે. આ સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલો અશોકનો સિંહસ્તંભાગ્ર (Lion capital) એક ખૂબ જ ધ્યાનપાત્ર અવશેષ છે. તેનો સ્વીકાર, આ લખાયા પછી, સ્વાધીન ભારતની રાષ્ટ્રિય મહોર તરીકે થયો છે.) તેમાં સૌથી ઉપર ચારે બાજુ

વનરાજ—સિંહનાં ચાર શિલ્પ છે. તેની નીચે એક સિંહ, ઘોડો, હાથી અને વૃષભ છે. ભગવાન બુદ્ધે સારનાથમાં જેનું પ્રથમ પ્રવર્તન કર્યું તે ધર્મચક્ર પણ તેના ઉપર જોવામાં આવે છે. આ શિલ્પ ઉપર જે પ્રકારનો પોલિશ છે તે કરવાની કળા પ્રથમ ઇરાની કલાધરો ભારતમાં લાવ્યા એમ મનાય છે. આ પોલિશની કળા પાછળથી લુપ્ત થઈ ગયેલી છે. ધર્મચક્ર સંશોધકોને અખંડ સ્વરૂપમાં મળ્યું ન હોતું, પણ અહીં-તહીંથી જડેલા તેના ટુકડાઓ એકત્ર કરીને યથાયોગ્ય સ્થાને ગોઠવેલા છે. આ સ્તંભાગ્ર મૂળે તો અશોકના સ્તંભ ઉપર હતો. એ સ્તંભ અત્યારે ખોદકામવાળા વિસ્તારમાં સંરક્ષિત સ્થિતિમાં છે.

અનગારિક ધર્મપાલે એક જાપાનવાસી બૌદ્ધ સાધકની સાથે ૧૮૯૧માં સારનાથની મુલાકાત લીધી હતી તે સમયે એ સ્થાન ઉપર માત્ર ભૂંડ ઉછેરનારાઓની વસ્તી જ હતી, પરન્તુ આ સ્થળે ઠીક ઠીક ખોદકામ થયા પછી ૧૯૧૪માં ધર્મપાલને આ અતિ પ્રાચીન તીર્થ-સ્થાન ઉપર એક બૌદ્ધ વિહાર બાંધવાનો વિચાર આવ્યો. પ્રાપ્ત થયેલા એક શિલાલેખમાં 'મૂલગન્ધકુટી વિહાર' એ નામ કોતરેલું મળ્યું છે, તે ઉપરથી આ નવા વિહારનું નામ પણ મૂલગન્ધકુટી વિહાર રાખ-વામાં આવ્યું. મીરપુર ખાસના સ્તૂપમાંથી મળેલા બુદ્ધના અવશેષો આ વિહારમાં રાખવા માટે હિન્દી સરકાર તરફથી મહાબોધિ સોસાયટીને મળ્યા છે. કનકવર્ણી એક સુન્દર બુદ્ધમૂર્તિ એમાં પધરાવવામાં આવેલી છે. વિહારની દીવાલો ઉપર જાપાનવાસી ચિત્રકારોએ બુદ્ધના જીવન-પ્રસંગોનું નિરૂપણ કરતાં સુન્દર ચિત્રો અજંતાની શૈલીએ દોરેલાં છે. મન્દિરનો ઘેરગંભીર ઘંટનાદ, પવિત્ર વાતાવરણ અને સ્થાનની અસ્ખુ-સૂલ ભવ્યતા ભાવિક યાત્રાળુના માનસમાં અઢી હજાર વર્ષ પૂર્વેના મૃગદાવમાં બુદ્ધના ધર્મોપદેશની કલ્પના ખડી કરીને તેના હૃદયમાં બુદ્ધ-વચનોના પ્રતિઘોષ પાડે છે તે સાથે **नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमि-क्रमेण** એ કાલિદાસકથિત કાલમહિમાનો પણ ઉદ્‌ઘોષ કરે છે.

સારનાથ એક કાળે જગતભરના બૌદ્ધોનું મહાન તીર્થસ્થાન હતું. સદીઓની વિસ્મૃતિ પછી ફરી પાછું તે જગતભરના બૌદ્ધો અને બુદ્ધ-પ્રેમીઓનું પવિત્ર તીર્થધામ બન્યું છે.

# ભારુંડ : લોકકલ્પનાનું એક પક્ષી

ચન્દ્રિકાનુ પાન કરનાર ચકોર અને કંઠમાંના છિદ્ર દ્વારા આતુરતાપૂર્વક મેઘનાં જળબિન્દુઓ પીનાર ચાતક એ જેમ કવિકલ્પનાનાં પક્ષીઓ છે તેમ ભારુંડ અથવા ભારંડ એ પણ લોકકલ્પનાનું એક પક્ષી છે. પ્રાચીન કાળનાં વાર્તાચક્રોમાં એ કલ્પના સાથે સંબંધ ધરાવતી કથાઓ મળે છે તેમજ પ્રાચીન સાહિત્યગ્રન્થોમાં અપ્રમાદના વિષયમાં ઉપમાન તરીકે અનેક વાર ભારુંડ પક્ષીનો નિર્દેશ થયેલો છે, તેથી લોકકલ્પનામાં તેણે જે સુપરિચિત સ્થાન મેળવ્યું હતું તે સૂચિત થાય છે.

ભારુંડ એ એક મહાકાય અને બળવાન પક્ષી છે. એકાદ માણસને ઉપાડીને તો એ સહેલાઇથી ઊડી શકે છે. એને બે ચાંચ હોય છે, પણ શરીર એક જ હોય છે. બીજા કેટલાક ઉલ્લેખો મુજબ, ભારુંડના એક શરીરમાં આત્મા બે હોય છે, ચાંચ બે હોય છે અને પગ ત્રણ હોય છે તથા એ પક્ષીઓ માનવ ભાષા બોલનારાં હોય છે. અત્યંત અપ્રમાદી જીવનચર્યાવાળા પુરુષને ભારુંડ પક્ષીની ઉપમા આપવામાં આવે છે. બે ચાંચ અને બે આત્માવાળા તેના શરીરને અત્યંત અપ્રમત્તપણે નિર્વાહ કરવાનો હોય છે. જરા પણ પ્રમાદ થતાં અવશ્ય મૃત્યુ થાય છે. * 'કલ્પસૂત્ર'માં ભગવાન મહાવીરને भारुंड पक्खी व अप्पमत्ते–

---

* આ સિવાય પણ બીજાં અનેક સૂત્રો–જેવાં કે પ્રશ્નવ્યાકરણ, પ્રજ્ઞાપના, જ્ઞાતા ધર્મકથા, સ્થાનાંગ વગેરેમાં આ પ્રકારના ઉલ્લેખો છે. સંખ્યાબંધ ટીકાકારોએ 'પંચતંત્ર' માંનો एकोदराः વાળો ભારુંડ પક્ષીની વાર્તામાંનો શ્લોક ટાંકીને કથા સૂચિત કરી છે. એ બતાવે છે કે 'પંચતંત્ર' વાળી એ કથા જનસમાજમાં ખૂબ જાણીતી હોવી જોઇએ.

(૧) एकोदराः पृथग्ग्रीवा अन्योन्यफलभक्षिणः ।
असंहता विनश्यन्ति भारुण्डा इव पक्षिणः ॥

—પંચતંત્ર, બોમ્બે સંસ્કૃત સિરીઝની આવૃત્તિ, તંત્ર ૫, કથા ૧૪

ભારંડ પક્ષીની જેમ અપ્રમત્ત કહ્યા છે. (સુબોધિકા સાથેની દે. લા. ની આવૃત્તિ, સં. ૧૯૬૭, પત્ર ૩૨૩) તથા 'ઉત્તરાધ્યયન સૂત્ર'માં આધ્યાત્મિક જાગ્રતિનો ઉપદેશ આપતાં કહ્યું છે—

सुत्तेसु आवी पडिबुद्धजीवी, नो विस्ससे पंडिय आसुपन्ने ।
घोरा मुहुत्ता, अबलं सरीरं, भारुंडपक्खी व चरऽप्पमत्तो ॥

( અધ્યયન ૪, સૂત્ર ૬ )

અર્થાત્ બીજા ઊંઘતા હોય, છતાં તું જાગતો રહે! આશુપ્રજ્ઞ પંડિતની જેમ કોઈનો વિશ્વાસ ન કર; મુહૂર્તો-કાળ ઘોર છે અને શરીર નિર્બળ છે, માટે ભારુંડ પક્ષીની જેમ અપ્રમત્તપણે વિચર.

મહીસુર રાજ્યના ધ્વજ ઉપર ભારુંડનું ચિહ્ન છે. ત્યાં એની સૂચકતા, ઐહિક અર્થમાં, આવી જ કંઈક હોઈ શકે.

આ સાહિત્યપ્રસિદ્ધ કાલ્પનિક પક્ષીને લગતી કેટલીક સુન્દર કથાઓ પણ મળે છે. ગુણાઢ્ય કવિની પૈશાચી 'બૃહત્કથા'ની પદ્ધતિએ પાંચમી શતાબ્દીના અરસામાં સંઘદાસગણિએ મહારાષ્ટ્રી પ્રાકૃતમાં રચેલ કથા-

---

(२) भारुण्डपक्षिणोः किलैकं शरीरं पृथग्ग्रीवं त्रिपादं च भवति, तौ चात्यन्तमप्रमत्ततयैव निर्वाहं लभेते । एकोदराः पृथग्ग्रीवा० ।

–ઉવવાઈઅ ટીકા, શ્રુ. ૧, અધ્ય. ૫

(३) जीवद्वयरूपा भवन्ति, ते च सर्वदा चकितचित्ता भवन्तीति । एकोदराः पृथग्ग्रीवास्त्रिपदा मर्त्यभाषिणः । भारुण्डपक्षिणस्तेषां मृतिर्भिन्नफलेच्छया ॥

–કલ્પસૂત્ર, જિનચરિત, ક્ષણ ૬, ટીકા

(४) भारण्डश्चासौ पक्षी स भारण्डपक्षी स यद्वदप्रमत्तश्चरति तथा त्वमपि प्रमादरहितश्चर××अन्यथा हि भारण्डपक्षिणः पक्ष्यन्तरेण सहान्तर्वर्त्तिसाधारण-चरणसम्भवात् स्वल्पमपि प्रमद्यतोऽवश्यमेव मृत्युः ।

–ઉત્તરાધ્યયન, પાઇય ટીકા, પત્ર ૨૧૪. દેવેન્દ્રસૂરિની ટીકામાં પણ આ જ શબ્દો છે, અને વિશેષમાં एकोदराः० એ શ્લોક ઉતારેલો છે.

(५) गतस्य तव शैलोर्द्ध्वं भारुण्डाः पञ्चशैलतः ।
द्विजीवास्त्र्यंह्रयो व्यास्याः एष्यन्त्येकोदराः खगाः ॥

આવશ્યકકથા, અ. ૧

ગ્રન્થ 'વસુદેવહિંડી'માંના ગન્ધર્વદત્તા લંભકમાં ચારુદત્ત નામનો એક વણિકપુત્ર વેપારઅર્થે દૂર દેશાવર જાય છે અને અનેક મુશ્કેલ પ્રવાસો કરે છે. તેમાં ભારુંડ પક્ષીની વાત આવે છે. એક સાર્થની સાથે મુસાફરી કરતો ચારુદત્ત અનેક પ્રદેશો ભારે કષ્ટપૂર્વક વટાવતો ટંકણ નામના જંગલી પ્રદેશમાં આવી પહોંચે છે. ત્યાંના વતની ટંકણ લોકોને વિવિધ માલ આપીને બદલામાં સાર્થે બકરાં અને ફળ લીધાં પછી ચારુદત્તની આત્મકથારૂપે જ કથા આગળ ચાલે છે. એમાંથી જરૂરી અવતરણ અહીં આપું છું—

"પછી સાર્થ સીમાડા ઉપરની તે નદીના કિનારે કિનારે આગળ ચાલ્યો અને અમે અજપથ આગળ પહોંચ્યા. ત્યાં વિશ્રામ લઇ આહાર કરીને ભોમિયાની સૂચનાથી આંખે પાટા બાંધીને તથા બકરાઓ ઉપર બેસીને બન્ને બાજુ છિન્ન કટકવાળા ( તદ્દન ઊભા અને સીધાં ચઢાણવાળા ) વજ્રકોટિસંસ્થિત પર્વતને અમે વટાવી ગયા. ત્યાં ઠંડા પવનના ઝપાટા શરીરે લાગતાં બકરા ઊભા રહ્યા. એટલે અમે આંખો ખોલી નાખી. સપાટ ભૂમિ ઉપર અમે વિશ્રામ લીધો અને ભોજન કર્યું, એટલે ભોમિયાએ કહ્યું, "બકરાઓને મારી નાખો, રુધિરવાળા ચામડાની ભાથડીઓ (ખોળ) કરો, બકરાનું માંસ રાંધીને ખાઓ અને કેડે છરી બાંધીને ભાથડીઓમાં પેસી જાઓ. રત્નદ્વીપમાંથી **ભારુંડ નામનાં મહાકાય પક્ષીઓ** અહીં ચરવાને માટે આવે છે. તેઓ અહીં આવીને વાઘ, રીંછ વગેરેએ મારેલાં પ્રાણીઓનું માંસ ખાય છે, અને માંસનો મોટો પિંડ હોય છે તે પોતાના માળામાં લઇ જાય છે. તમને રુધિરવાળી ભાથડીઓમાં બેઠેલા જોઇને 'આ મોટા માંસપિંડ છે' એમ ધારી તમને ઉપાડીને તે પક્ષીઓ રત્નદ્વીપમાં લઇ જશે. તેઓ તમને નીચે મૂકે એટલે તમારે છરીવડે ભાથડીઓ ચીરી નાંખવી. પછી તમારે ત્યાંથી રત્નો લેવાં. રત્નદ્વીપમાં જવાનો આ ઉપાય છે. રત્નો લીધા પછી વૈતાઢ્યની તળેટીમાં આવેલી સુવર્ણભૂમિમાં અવાય છે. ત્યાંથી વહાણમાર્ગે પૂર્વ દેશમાં

આવી શકાય છે." ××× રુદ્રદત્તે પગે પડીને મને ભાથડીમાં બેસાડ્યો અને સાર્થના માણસો પોતપોતાની ભાથડીમાં પ્રવેશ્યા. થોડીક વારે ભારુંડ પક્ષીઓ આવ્યાં તે અમે તેમના શબ્દ ઉપરથી જાણ્યું. માંસનાં લાલચુ તે પક્ષીઓએ ભાથડીઓ ઉપાડી પણ તેમાં મારી ભાથડી બે ભારુંડ પક્ષીઓએ લીધી–પણ તે મેં જાણ્યું શી રીતે? (બે પક્ષીઓ-વડે) આકાશમાં ઊંચે–નીચે દડાની જેમ હલાવાતો મને લઇ જવામાં આવતો હતો. આવી રીતે મને દૂર સુધી લઈ જવામાં આવ્યો. ત્યાં અત્યંત કોપથી લડતાં તે પક્ષીઓની ચાંચમાંથી ભાથડી સરકી જતાં હું મોટા ધરામાં પડ્યો. પડતાં પડતાં મેં છરીથી ભાથડી ચીરી નાખી અને તરતો તરતો પાણીમાંથી બહાર નીકળ્યો. પછી મેં આકાશમાં જોયું તો પક્ષીઓવડે સાર્થના માણસો સહિત લઈ જવાતી ભાથડીઓ નજરે પડી. મારી ભાથડી પણ પક્ષીઓ લઈ ગયાં. પછી મને વિચાર થયો: "અહો! કૃતાન્ત જ મને ત્રાસ આપે છે અથવા પૂર્વનાં દુશ્ચરિતને કારણે મારી આ અવસ્થા થઇ છે." વળી મને થયું, 'મેં પુરુષાર્થ કરવામાં તો કંઈ ખામી રાખી નથી. હવે તો મરવાને માટે આ પર્વત ઉપર ચઢું. ઉપર જ્યાં સમભૂમિ આવશે ત્યાંથી નીચે ભૂસકો મારીશ.' આ પ્રમાણે નિશ્ચય કરીને હું પર્વત ઉપર ચઢવા લાગ્યો અને વાંદરાની જેમ હાથ તેમજ પગથી પત્થરો ઉપર વળગીને જેમ તેમ કરીને શિખર ઉપર પહોંચ્યો."×

---

× વસુદેવ-હિંડી મૂળ, પૃ. ૧૪૯; એ ગ્રન્થના તુરતમાં પ્રસિદ્ધ થનાર મારા ભાષાન્તરનું પૃ. ૧૯૨-૯૪. અરેબિયન નાઈટ્સમાં ફકીરનો વેશ લેનારા ત્રણ રાજપુત્રોની વાતમાં ત્રીજા ફકીરની આત્મકથામાં આવતી દસ કાણાઓની વાર્તામાં રોક નામનું મહાકાય પક્ષી આવી જ રીતે બકરાની ભાથડીમાં પેઠેલા માણસને ઉપાડી જાય છે. એમાંનું આ પ્રસંગનું વર્ણન 'વસુદેવ-હિંડી' સાથે અદ્દલોઅદ્દલ મળતું આવે છે. સિન્દબાદ ખલાસીની બીજી મુસાફરીમાં–સિન્દબાદ એક વેરાન ટાપુમાં ફસાઈ પડેલો છે ત્યાંથી રોક પક્ષીને પગે બંધાઇને બહાર નીકળે છે. અરેબિયન નાઇટ્સમાંના આ પ્રસંગો ઉપર 'વસુદેવ-હિંડી' વાળી કથાની કોઇ રીતે અસર પડેલી છે એમ જર્મન વિદ્વાન ડૉ.

ભારુંડની બીજી એક કથા 'પંચતંત્ર'ના પાંચમા તંત્રમાં મળે છે, જેનો હવાલો, આગળ બતાવ્યું તેમ, જૈન સૂત્રોના ટીકાકારોએ એક અથવા બીજા સ્વરૂપે આપ્યો છે:—

"કોઇ એક સરોવરમાં એક ઉદર અને ભિન્ન ગ્રીવાવાળો ભારંડ નામે પક્ષી રહેતો હતો. સમુદ્રના તીરે પરિભ્રમણ કરતાં તેણે મોજાં-ઓથી ખેંચાઇ આવેલું, અમૃત જેવું કોઇ ફળ જોયું. તે પણ એ ફળ ખાતાં ખાતાં બોલ્યો, "અહો! સમુદ્રના તરંગોમાં ખેંચાઇ આવેલાં ઘણાં અમૃત જેવાં ફળ મેં ખાધાં છે. પણ આનો આસ્વાદ તો અપૂર્વ છે. તો શું આ ફળ પારિજાત અથવા હરિચન્દનના વૃક્ષમાંથી ઉત્પન્ન થયેલું હશે કે આ અમૃતમય ફળ અવ્યક્ત વિધિવશાત્ અહીં આવી પડયું હશે?" એવું બોલતાં તે ભારુંડને તેના બીજા મુખે કહ્યું, 'અરે! જો એમ હોય તો મને પણ થોડુંક આપ, જેથી હું જિહ્વા-સૌખ્ય અનુભવું." એટલે હસીને પહેલું મુખ બોલ્યું, "પણ આપણું ઉદર એક છે એટલે તૃપ્તિ પણ સમાન થશે. પછી જુદું જુદું ખાવાથી શું? આ બાકી રહેલા ફળથી પ્રિયાને સંતોષ આપીએ તો સારું." એમ કહીને તેણે બાકીનું ફળ ભારંડીને આપ્યું. તે પણ ફળનો

---

આલ્સડોર્ફે કહ્યું છે. અરેબિયન નાઇટ્સમાં રોક પક્ષીને એટલું મોટું વર્ણવ્યું છે કે તે હાથીઓને ઉપાડી જઇ શકે. ત્યાં એને સર્પો ખાતું બતાવ્યું છે તથા સર્પો એનાથી ડરીને નાસી જાય છે એમ કહ્યું છે, તે લક્ષણ આપણા ગરુડની સાથે સામ્ય ધરાવે છે. ગુજરાતમાં કેટલેક સ્થળે જૂનાં મકાનોના ભીંતો ઉપર ભારુંડ પક્ષીનાં ચિત્રો જોવા મળે છે. માણસામાં એક સ્થળે તેને સંખ્યાબંધ હાથીઓ ઉપાડીને ઊડતું ચીતર્યું છે. પાટણમાં એક મકાનની ભીંત ઉપર બે ચાંચવાળા ભારુંડનું ચિત્ર હતું પણ, તે હાલમાં ભુંસાઈ ગયું છે. બૌદ્ધ સાહિત્ય-માં હત્થિલિંગ નામે એક પક્ષી આવે છે ('અભિધાનપ્પદીપિકા,' ૬૩૯) તેને હાથીની સૂંઢ જેવી ચાંચ હોય છે. જગતની બીજી અનેક પ્રજાઓમાં ભયંકર કદનાં પક્ષીઓની કલ્પના છે. પ્રાગ્-ઈતિહાસકાળમાં અનેક વિરાટકાય પશુપક્ષીઓ પૃથ્વી ઉપર વિચરતાં હતાં. તેમની ઝાંખી સ્મૃતિને પરિણામે તો આ વિવિધ લોકકલ્પનાઓ ઉત્પન્ન થઈ નહીં હોય?

આસ્વાદ કરીને અતિશય હર્ષ પામીને આલિંગન, ચુંબન આદિ સંભાવના તથા અનેક પ્રકારના હાવભાવ કરવા લાગી. તે દિવસથી જ બીજું મુખ ઉદ્વેગ અને વિષાદવાળું રહેવા લાગ્યું. હવે, એક દિવસ બીજા મુખને વિષફળ પ્રાપ્ત થયું. તે જોઇને તેણે પહેલાને કહ્યું, "અરે નિર્દય! પુરુષાધમ! નિરપેક્ષ! મને વિષફળ મળ્યું છે, તેં કરેલા અપમાનને કારણે તે હું ખાઉં છું." પેલા મુખે કહ્યું, "મૂર્ખ! એમ ન કર. એમ કરવાથી બન્નેનો વિનાશ થશે." એમ કહેતાંમાં તો તેણે અપમાનને કારણે ફળ ખાધું. વધારે શું? બન્ને નાશ પામ્યાં. આથી હું કહું છું કે—

एकोदराः पृथग्ग्रीवा अन्योन्यफलभक्षिणः।
असंहता विनश्यन्ति भारण्डा इव पक्षिणः॥

અર્થાત્ અન્યોન્ય ફળ ખાનારાં, એક ઉદર અને ભિન્ન ગ્રીવાવાળાં ભારંડ પક્ષીઓની જેમ એકતા વગરના મનુષ્યો નાશ પામે છે."

આપણે આગળ જોયું તેમ, 'વસુદેવહિંડી'વાળી વાર્તામાં ભારુંડ પક્ષીને બે ચાંચ હોવાનો સ્પષ્ટ નિર્દેશ નથી, પણ 'ઉત્તરાધ્યયન' અને 'કલ્પસૂત્ર' માં 'ભારુંડ પક્ષીની જેમ અપ્રમાદી' રહેવાનું કહ્યું છે તે ઉપરથી તથા ટીકાકારોએ કરેલા તેના વિવરણ ઉપરથી એ પક્ષીના એક શરીરને બે ચાંચ અને બે આત્મા હોવાની લોકકલ્પના ઘણી પ્રાચીન હોવી જોઇએ. ભારુંડ પક્ષીને ત્રણ પગ છે તથા તે મર્ત્ય ભાષા બોલે છે, એ કલ્પના પાછળથી વિકસી હોય એ અસંભવિત નથી. જો કે એ સંબંધમાં ટીકાકારોએ ઉદ્ધૃત કરેલા શ્લોકો પ્રમાણમાં જૂના જ હોવા જોઇએ. પણ તમામ નિર્દેશો જોતાં 'પંચતંત્ર'માંની ઉપર ટાંકેલી વાર્તા તો એક કાળે ભારતની સૌથી પ્રસિદ્ધ અને બોધક પ્રાણિકથાઓમાંની એક હતી એમાં શક નથી.

ભારતીય ધર્મપ્રવર્તકોએ ભારુંડની જીવનચર્યાને અપ્રમાદના પ્રતીકરૂપ ગણી છે. આવા અપ્રમાદી જીવનમાં થતું એકાદ સ્ખલન પણ કેવો કરુણ અંજામ લાવે છે એ 'પંચતંત્ર' કારે તેની સરળ માર્મિકતાથી બતાવ્યું છે.

# 'પ્રબન્ધકોશ'નો મુઈઝુદ્દીન કોણ ?

## 'પ્રબન્ધકોશ'માં વર્ણવેલી ઘટના

હર્ષપુરીય ગચ્છીય રાજશેખરસૂરિએ સં. ૧૪૦૫ માં રચેલ **चतुर्विंशतिप्रबन्ध** કિંવા **प्रबन्धकोशअन्तर्गत वस्तुपालप्रबन्ध**માં લાટના રાજા શંખ, ગોદ્રહના ઘૂઘુલ વગેરેના પરાજયના વૃત્તાન્ત પછી નીચલી ઘટના વર્ણવેલી છે:

"વીરધવલ[૧] દિવસે દિવસે વધારે પ્રબલ થવા લાગ્યો. એવામાં દિલ્હીથી તેમનો મોકલેલો હેરક આવી પહોંચ્યો. તેણે મંત્રી વસ્તુપાલને કહ્યું કે, દિલ્હીથી મુઇઝુદીન સુલતાન( मोजदीनसुरत्राण )નું લશ્કર પશ્ચિમ ભણી કૂચ કરતું ચાલ્યું આવે છે. ચાર પ્રયાણ થઇ ગયાં છે. આબૂને રસ્તે આવવાનો તેમનો વિચાર છે, તથા તેમની દૃષ્ટિ ગુજરાત ઉપર છે, માટે આપણે ચેતવું જોઇએ. આ સાંભળી વસ્તુપાલ રાણા વીરધવલની આજ્ઞા લઇ સારા સારા એક લાખ સવાર લઇ નીકળ્યો. આબૂનો રાજા પરમાર ધારાવર્ષ ગૂજરાતનો ખંડિયો રાજા હતો, તેને હેરક મોકલી કહેવરાવ્યું કે યવનોને પહેલાં અંદર આવવા દઈ પછી પાછળની ઘાંટી રોકી લેજો. આ પ્રમાણે યવનોને પેસવા દઈ પાછળથી ધારાવર્ષે ઘાંટી રોકી લીધી. એવામાં વસ્તુપાલ લશ્કર લઇ આવી પહોંચ્યો. બન્ને બાજુથી હુમલો થતાં મુસલમાન લશ્કરમાં ત્રાસ વર્તી રહ્યો, સૌ તોબા પોકારવા લાગ્યા. અગણિત જણને કાપી નાંખી, તેમના મસ્તકનાં ગાડાં ભરી વસ્તુપાલ ધોળકે આવ્યો.

---

૧. વીરધવલ: ધોળકાનો વાઘેલો મંડલેશ્વર, લવણપ્રસાદનો પુત્ર.

છતાં બળવાન યવનોની વીરધવલને ધાસ્તી હતી. વસ્તુપાલે તે દૂર કરવાનું વચન આપ્યું; નાગપુર(નાગોર)માં શાહ (સાધુ) દેલ્હાનો પુત્ર શાહ પૂનડ નામે હતો. તેને મુઇઝુદ્દીન સુલતાનની બેગમ બીબી પ્રેમકલાએ પોતાનો ભાઈ કર્યો હતો. તે સં. ૧૨૮૬ માં મુઇઝુદ્દીનની આજ્ઞા લઈ શત્રુંજયનો સંઘ કાઢી નાગપુરથી નીકળ્યો. આ સમાચાર સાંભળી તેજપાલ માંડળ સુધી તેની સામે ગયો. બન્ને ભાઇઓએ સંઘની ખૂબ સેવા કરી તથા પૂનડની આગતાસ્વાગતા કરી શત્રુંજયની યાત્રા કરાવી.

પૂનડના ગયા પછી મુઇઝુદ્દીન બાદશાહની મા મક્કે હજ કરવા જવા માટે વહાણમાં બેસવા ખંભાત આવી અને એક મુસલમાન વહાણવટીને ત્યાં ઊતરી. વસ્તુપાલને આ વાતની ખબર મળતાં તે બુઢ્ઢી વહાણમાં બેઠી એટલે કોળીઓ મોકલી તેણે એનો સર્વ ધનમાલ લૂંટી લેવરાવ્યો. આથી વહાણવટી મન્ત્રી પાસે ફરિયાદ કરવા આવ્યો. વસ્તુપાલે બધી વાત સાંભળી, કોળીઓને ખૂબ ધમકાવ્યા અને બુઢ્ઢીને બધો માલ પાછો અપાવ્યો. બુઢ્ઢી બહુ રાજી થઇ.

સુલતાનની મા મક્કે જઇને પાછી આવી ત્યારે વસ્તુપાલ તેને મૂકવા ઠેઠ દિલ્હી સુધી ગયો. બાદશાહ આગળ બુઢ્ઢી તો યાત્રાને બદલે વસ્તુપાલનું જ વર્ણન કરવા લાગી. એટલે તેણે સવાર મોકલી ગામ બહાર ઊતરેલા વસ્તુપાલને બોલાવ્યો. તેણે બાદશાહ સમક્ષ નજરાણું મૂકી પ્રણામ કર્યાં. બાદશાહે કહ્યું, 'અમારી માતાજીની તમે બહુ ચાકરી કરી છે તો તમારી ઇચ્છામાં આવે તે વસ્તુ માગી લ્યો.' ત્યારે વસ્તુપાલે કહ્યું: 'અમારે કોઇ વાતની ખામી નથી, એટલે માગવાનું માત્ર આટલું જ કે તમારે ગૂજરાતના રાજ્ય સાથે સન્ધિ રાખવી અને ગુર્જરધરા ઉપર ચઢાઇ કરવી નહીં; તથા મમ્માણી ખાણમાંથી[૨] પાંચ પથ્થર મને લેવા દેવા.'

બાદશાહે પ્રસન્ન થઇ વસ્તુપાલની એ માંગણીઓ માન્ય રાખી.

---

૨. મૂર્તિઓ બનાવવા માટેનો પથ્થર જેમાંથી નીકળતો હતો તે 'મમ્માણી ખાણ'નો અન્યત્ર પણ ઉલ્લેખ આવે છે. એ ખાણ ક્યાંની? અજમેરની હશે?

મૂલ્યવાન પોષાક આપી તેને વિદાય કર્યો. પૂનડે પાંચ પત્થર પાછળથી મોકલી આપ્યા, જે શત્રુંજયાદિ તીર્થમાં વપરાયા."૩

પ્રથમ વિચાર એ કરવાનો છે કે રાજશેખરે વર્ણવેલી આ ઘટનાને વિશ્વસનીય માનવી કે કેમ? આ પ્રશ્નનું કારણ એ કે સોમેશ્વર, અરસિંહ આદિ વીરધવલ અને વસ્તુપાલના સમકાલીન લેખકોની પછી આશરે સો–સવાસો વર્ષે प्रबन्धकोश રચાયેલો છે. સોમેશ્વર, અરિસિંહ વગેરેનાં વર્ણન કરતાં રાજશેખરના લખાણમાં જે હકીકત વધારે છે, તે કલ્પિત છે, એમ પણ કેટલાક વિદ્વાનોનું અનુમાન છે.૪

સં. ૧૩૬૧ માં વઢવાણમાં રચાયેલ મેરુતુંગસૂરિના प्रबन्धचिंतामणि-માં આ પ્રસંગ છેક સંક્ષેપમાં વર્ણવેલો છે. ગૂજરાતના છેલ્લા વાઘેલા રાજા કર્ણદેવનું રાજ્ય નાશ પામ્યે હજી માત્ર એક જ વર્ષ થયું હતું,૫ એટલે ચાલતી આવેલી શ્રુતપરંપરાનો લાભ પણ મેરુતુંગને મળ્યો હશે મેરુતુંગે સુલતાનનું નામ નહીં આપતાં म्लेच्छपतिसुरत्राण એમ લખ્યું છે તથા સુલતાનની માતા નહીં, પણ તેનો ગુરુ મક્કે જતો હતો એમ બતાવ્યું છે ૬. તેણે લખેલી નજીકના સમયની ઘટના માનવાનો ઇન્કાર એકદમ થઇ શકે નહીં.

---

૩. चतुर्विंशतिप्रबन्ध, ફાર્બસ ગૂજરાતી સભાની આવૃત્તિ, પૃ. ૨૩૫–૪૧ ઉપરથી સાર.

૪. 'ગુજરાતના મધ્યકાલીન હિન્દુ–રાજપુત યુગના ઇતિહાસનાં પ્રબન્ધાત્મક સાધનો' એ રા. દુર્ગાશંકર શાસ્ત્રીનું વ્યાખ્યાન, પૃ. ૨૪.

૫. મુસલમાન ઇતિહાસકારોના લખવા પ્રમાણે સં. ૧૩૫૬ (ઇ. સ. ૧૩૦૦) માં ગૂજરાતના હિન્દુ રાજ્યનો નાશ થયો ગણાય છે, પણ હવે કેટલાંક નવીન પ્રમાણોના આધારે એ બનાવ સં. ૧૩૬૦ માં બન્યો હશે એમ માનવું વધારે યોગ્ય લાગે છે. જુઓ આઠમી સાહિત્ય પરિષદમાં રા. દત્તાત્રેય ડિસ્કળકરનો લેખ 'ગુજરાતના ચૌલુક્ય અને વલભી રાજાઓનો કાલક્રમ,' તથા 'સાહિત્ય' ઓક્ટોબર ૧૯૩૧ માં મારો લેખ 'અણહિલવાડના વાઘેલાઓ.'

૬. प्रबन्धचिंतामणि (ફાર્બસ ગૂજરાતી સભાની આવૃત્તિ), પૃ. ૧૬૮

વળી પ્રબન્ધકોશઅન્તર્ગત કેટલાક પ્રબન્ધો ભલે ભારોભાર કલ્પનાથી ભર્યા હોય, પણ वस्तुपालप्रबन्धમાંની તો ઘણીખરી ઘટનાઓ ઐતિહાસિક દૃષ્ટિએ સાચી પુરવાર થઈ છે. તેમાં નાગપુરના સંઘવી પૂનડ વિષે કર્તા લખે છે કે તેણે સં. ૧૨૭૩ માં બંબેરપુરની રાજ્યયાત્રા કરી, તથા સં. ૧૨૮૬ માં મુઇઝુદ્દીનની આજ્ઞા લઇ શત્રુંજયનો સંઘ કાઢ્યો. આ પ્રમાણે, પ્રથમ હિન્દુ લેખકોને અપ્રિય એવી સાલો આપી બાકીનું વર્ણન રાજશેખર એટલી ઝીણવટથી કરે છે કે તે લખતાં તેની પાસે કંઇક લિખિત સામગ્રી હોવી તો જોઇએ એમ લાગ્યા સિવાય રહેતું નથી. પ્રસંગની શરૂઆતમાં જ લેખક જણાવે છેઃ एवं सत्येकदा ढिल्लीनगरादेत्य चरपुरुषैः श्रीवस्तुपालो विज्ञप्तः-देव ! ढिल्लीतः श्रीमोजदीनसुरत्राणस्य सैन्यं पश्चिमां दिशामुद्दिश्य चलितम्। દિલ્હીની બરાબર દક્ષિણે આવેલા ગૂજરાત ઉપર પાદશાહ ચઢાઈ કરે છે ત્યારે दक्षिणां दिशां ને બદલે पश्चिमां दिशां લખેલું છે તે પણ લખનારની ખાસ ચોક્કસાઈ બતાવે છે, અને તે વર્ણન દિલ્હીના પાદશાહની સવારીના વર્ણન સાથે કેવી સફળતાથી ઘટાવી શકાય છે તે આગળ જણાશે. ત્યારે પ્રશ્ન એ થશે કે कीर्तिकौमुदी, सुकृतसंकीर्तन તથા અન્ય વસ્તુપાલ વીરધવલના સમકાલીન ગ્રન્થોમાં આ બાબતનો કેમ ઉલ્લેખ નથી? જવાબ એ આપી શકાય કે ભારતીય ગ્રન્થકારોએ રીતસરનો ઇતિહાસ લખવાનો પ્રયત્ન કદી કર્યો નથી અને તેથી આવા દાખલાઓ એક કરતાં વધુ મળી આવે છે. ગૂજરાતના ઇતિહાસમાંથી જ ઉદાહરણ લઇએઃ સિદ્ધરાજે સોરઠ ઉપર ચઢાઈ કરી હતી તેનો સમકાલીન द्वयाश्रय કાવ્ય કે વડનગરની પ્રશસ્તિમાં બિલકુલ ઉલ્લેખ નથી, પણ આશરે સો-સવાસો વર્ષ પછી લખાયેલ कीर्तिकौमुदी ( સર્ગ ૨, શ્લો. ૨૫ ) માં

સૌરાષ્ટ્ર-ભૂપ ખેંગાર અપાર સ્વપરાક્રમ,
કથતો જે રણે તેને કર્યો સિંહે કરી સમ.૭

---

૭. રા. વલ્લભજી હરિદત્ત આચાર્યકૃત સમશ્લોકી ભાષાન્તર, પૃ. ૧૪

એ પ્રમાણે તેનો ઉલ્લેખ મળે છે. સં. ૧૨૮૮ ના અરસા.. રચાયેલા અપભ્રંશ रेवन्तगिरिरास માં [૮] પણ એ બનાવની સ્પષ્ટ નોંધ મળે છે.

કર્ણ સોલંકીએ માળવા જીત્યું હતું, તથા મૂળરાજ છેલ્લા ચાવડા રાજાનો ભાણેજ હતો, એ બિના કર્ણ અને મૂળરાજના સમય પછી અનુક્રમે આશરે દોઢસો અને અઢીસો વર્ષે રચાયેલા सुकृतसंकीर्तनમાં પહેલી વાર મળે છે. મહમૂદ ગઝનવીએ કરેલ સોમનાથના ભંગનો ઉલ્લેખ કવિ ધનપાલકૃત સત્યપુરમંડન મહાવીરોત્સાહ સિવાય બીજી કોઇ સમકાલીન કૃતિમાં નથી. અર્થાત્ એક ઘટનાનો ઉલ્લેખ સમકાલીન ગ્રન્થોમાં ન મળતો હોય એટલાજ માત્ર કારણથી તેને કલ્પિત ગણી શકાય નહીં અથવા અમુક પ્રસંગ કોઇ એક જ ગ્રન્થમાં વર્ણવ્યો હોય તેટલા જ કારણથી તે ઓછો વિશ્વસનીય, એવો નિયમ પણ સ્થાપિત કરી શકાય નહીં. 'ગમે ત્યાં ખૂણે પડેલો ઉલ્લેખ પણ ઐતિહાસિક કસોટીએ પાર ઊતરતો હોય તો તે માનવામાં વાંધો નહીં, અને અનેક ગ્રંથોમાં મળતું સમાન વર્ણન પણ ઐતિહાસિક કસોટીમાં પાર ન ઊતરે તો સંદિગ્ધ કોટીમાં ગણવા યોગ્ય એવો નિયમ જ યોગ્ય છે.'[૯] અને આ રીતે રાજશેખરનું લખાણ અમુક અતિશયોક્તિઓ તેમાં હોય તો પણ એક પ્રસંગ તરીકે સાચું માનવામાં વાંધો નથી, એવો મારો નમ્ર મત છે.

## મુઇઝુદ્દીન કોણ ?

બોમ્બે ગેઝેટિયરના ગૂજરાતના ઇતિહાસનો લેખક લખે છે કે, प्रबन्धकोश વગેરેમાં વર્ણવેલો મુઇઝુદ્દીન તે દિલ્હીનો મહમ્મદ ઘોરી સુલતાન મુઇઝુદ્દીન બહરામશાહ ( ઈ. સ. ૧૧૯૧-૧૨૦૫ ) છે.[૧૦] ઘોરીએ ગૂજરાત ઉપર ચઢાઇ કરી હતી, પણ તેને હાર ખાઇ પાછા જવું પડયું હતું. પરન્તુ દિલગીરી સાથે કહેવું પડે છે કે તે માનનીય ઇતિ-

૮. પ્રકટ રા. ચિમનલાલ દલાલ સંપાદિત प्राचीन गुर्जर काव्यसंग्रह.

૯. 'ગુજરાતના મધ્યકાલીન હિન્દુ-રાજપૂત યુગના ઇતિહાસનાં પ્રબંધાત્મક સાધનો.' પૃ. ૧૭.

૧. Bom. Gaz. Vol I, pt, I,p. 201

હાસગ્રંથનું આ અનુમાન વિશ્વાસપાત્ર નથી.

મહમ્મદ ઘોરી અણહિલવાડ ઉપર ઇ. સ. ૧૧૭૮ (હિ. ૫૭૪, સં. ૧૨૩૪)માં લશ્કર લઈ આવ્યો. ગૂજરાતની ગાદી ઉપર તે વખતે બાલ મૂલરાજ સોલંકી રાજ્ય કરતો હતો. તે જો કે સગીર વયનો હતો, પણ તેની પાસે મોટું લશ્કર અને પુષ્કળ હાથીઓ હતા. લડાઇ ચાલતી હતી ત્યારે અકાળે વરસાદ પડ્યો, અને સુલતાનની હાર થઇ તથા તેને સંધિ કરી પાછા જવું પડ્યું.૧૧ આ જીતને લીધે મૂલરાજને તામ્રપત્રોમાં महाराजाधिराज परमेश्वर आहवपराभूतगर्ज्जनिकाधिराज श्रीमूलराजदेव એ પ્રમાણે વર્ણવેલો છે.૧૨ હવે, ખાસ ધ્યાન દેવા યોગ્ય તો એ છે કે આ યુદ્ધ થયું તે વખતે ભીમદેવ બીજો પણ ગાદીએ બેઠો ન હતો, તેમ સં. ૧૨૩૪માં વીરધવલ અને વસ્તુપાલ વગેરેનો જન્મ હશે કે કેમ એ વિષે પણ શંકા રહે છે; ખુદ વીરધવલનો બાપ લવણપ્રસાદ પણ આશરે સં. ૧૨૫૬ (ઇ. સ. ૧૨૦૦) માં ધોળકાનો મંડલેશ્વર થયો હતો, એટલે સં. ૧૨૩૪ની લડાઈમાં તેમાંના કોઇએ કશું કાર્ય કર્યું હોય, એ બનવાજોગ નથી. વળી विंशतिवारसहावदीनसुरत्राणमोक्ता पृथ्वीराजोऽपि बद्धः એ પ્રમાણે प्रबन्धकोशकारे મોજદીન વિષે લખ્યું છે તે ધ્યાનમાં લેતાં એમ લાગે છે કે રાજશેખરના મત પ્રમાણે પણ પ્રસ્તુત મોજદીન તે શાહબુદ્દીન ઘોરીથી ભિન્ન એવો બીજો જ કોઇ સુલતાન હતો. પણ તે મહમ્મદ ઘોરી જ હતો એમ કહી ન શકાય. મહમ્મદનું બીજું નામ મુઇઝુદ્દીન હતું એ વાત સાચી, પણ प्रबन्धकोशमां વર્ણવેલો मोजदीन તો એથી ભિન્ન જ.

ત્યારપછી ઇ. સ. ૧૧૯૪માં મહમ્મદ ઘોરીના સેનાપતિ કુત્બુદ્દીને અણહિલવાડ ઉપર ચઢાઇ કરી. લડાઇમાં ગૂજરાતના સેનાપતિ જીવન-

---

11. History of India. by Elliot, vol. II, P. 294

12. Ind. Ant, Vol. vi; p. 195, 198, 200, 201.

રાજાનું મરણ થયું. કુત્બુદ્દીન દેશ લૂટવા લાગ્યો, પણ એવામાં ગિજનીથી આવેલી આજ્ઞા પ્રમાણે તેને દિલ્હી પાછા જવું પડયું.૧૩

મિનરાજ–ઉસ–સિરાજના લખવા પ્રમાણે ઈ. સ. ૧૧૯૭(સં. ૧૨૫૩)માં કુત્બુદ્દીને ફરી વાર નહરવાલ ઉપર ચઢાઇ કરી, ભીમદેવને હરાવ્યો અને પોતાનું પ્રથમનું વેર લીધું.૧૪ પરંતુ દેશ તાબે કર્યાનું વર્ણન મળતું નથી, તેથી એમ લાગે છે કે દેશ ઉપર માત્ર હુમલો જ થયો હશે.૧૫

હવે, વસ્તુપાલ તો ઠેઠ સં. ૧૨૭૬ માં લવણપ્રસાદનો મંત્રી થયો.૧૬ એટલે કુત્બુદ્દીનની આ ચઢાઇઓનો સંબંધ રાજશેખરે વર્ણવેલ મુઇઝુદ્દીન સાથે કોઇ રીતે લગાવી શકાય તેમ નથી.

ત્યારે **प्रबन्धकोश**નો **मोजदीनसुरत्राण** કોણ? આપણે જોઈ ગયા કે

---

૧૩. રાસમાલા ( ભાષાન્તર, ૩જી આવૃત્તિ), ભાગ ૧, પૃ. ૩૩૦–૩૧.

14. History of India by Elliot, vol. II, p. 300.

૧૫. કદાચ પ્રશ્ન થશે કે કુત્બુદ્દીને મુઇઝુદ્દીન નામ ધારણ કર્યું હતું એવો ઉલ્લેખ હજી સુધી ક્યાંય મળ્યો નથી, તો પછી એ વિષે ફોકટ વિચાર કરવાની શી જરૂર? પણ જૈન ગ્રન્થકારોએ તો દિલ્હીના તખ્ત ઉપર થઈ ગયેલા ગમે તે પાદશાહને કંઈ ક્રમ વગર मोजदीन નામ આપેલ છે, જેમકે સં. ૧૩૧૫માં ભારે દુકાળ પડયો ત્યારે કચ્છના દાનેશ્વરી જગડૂશાહે દિલ્હીના રાજા મોજદીનને ગરીબોને વહેંચવા માટે ૨૧૦૦૦ મૂડા અનાજના આપ્યા એવું વર્ણન કેટલાક જૈન ગ્રન્થોમાં આવે છે (જુઓ રાસમાળા, ભાષાન્તર, ૩ જી આવૃ., ભાગ ૨, પૃ. ૫૧૫). એ વખતે તો નાસિરૂદ્દીન મહમ્મદ દિલ્હીનો સુલતાન હતો. આવી રીતે ગમે તે બાદશાહને મુઇઝુદ્દીન નામ અપાતું હોય તો નવાઇ નહીં, અને તેથી જ કુત્બુદ્દીન વિષે પણ કાલાનુક્રમની દૃષ્ટિએ આ ચર્ચા કરવાનું યોગ્ય ધાર્યું છે.

૧૬. વસ્તુપાલે અઢાર વર્ષ પર્યન્ત મંત્રી તરીકે કામ કર્યું હતું, એવા ઉલ્લેખો મળે છે (જુઓ કીર્તિકૌમુદી ભાષાન્તર, પ્રસ્તાવના; પૃ. ૨૫). હવે, વસ્તુપાલનું મરણ સં. ૧૨૯૫ માં થયું હતું. (મલધારી નરચન્દ્રસૂરિની ભવિષ્યવાણી પ્રમાણે તેનું મરણ સં. ૧૨૯૮ માં થયું હતું એવો રણછોડભાઈ ઉદયરામ, મી૦ ફોર્બ્સ, વલ્લભજી હ. આચાર્ય વગેરેનો મત છે, પણ આબુ ઉપરના સં. ૧૨૯૬ ના એક લેખમાં 'વસ્તુપાલના નાના ભાઈ તેજપાલને

'મુઈઝુદ્દીન' નામ કોણે ધારણ કર્યું તે તરફ ખાસ ધ્યાન નહીં આપતાં જૈન ગ્રંથકારોએ ગતાનુગતિક ન્યાયે જ એ નામનો ઉપયોગ કર્યો હોય એમ લાગે છે; પછીના કાળમાં લખાયેલી કેટલીક રાજવંશાવલીઓમાં દિલ્હીના તખ્ત ઉપર મોજદીન નામના સંખ્યાબંધ પાદશાહો થઇ ગયા હોવાનું પણ લખ્યું છે. તેથી વસ્તુપાલ મંત્રી થયો તે પછી દિલ્હીના તખ્ત ઉપર જે પાદશાહ હોય તે જ રાજશેખરે વર્ણવેલ મુઇઝુદ્દીન એમ માનવામાં હરકત નથી. આ પ્રમાણે, વસ્તુપાલ મંત્રી થયો (સં. ૧૨૭૬, ઈ. સ. ૧૨૨૦) તે વખતે દિલ્હીમાં કુત્બુદ્દીનની પછી ગાદીએ આવનાર ગુલામ વંશનો અલ્તમશ (ઈ. સ. ૧૨૧૦-૧૨૩૫)૧૭ રાજ્ય કરતો હતો.

નાગપુરના સંઘવી પૂનડને મુઈઝુદ્દીનની બીબી પ્રેમકલાએ પોતાનો ભાઈ કરીને રાખ્યો હતો, પૂનડે મુઇઝુદ્દીનની આજ્ઞા લઇ સં. ૧૨૭૩માં બંબેરપુરની અને સં. ૧૨૮૬માં શત્રુંજયની યાત્રા કરી હતી, એવા રાજશેખરના ઉલ્લેખ તથા તે સાથે આપેલાં વર્ષો ધ્યાનમાં લેતાં મુઇ-ઝુદ્દીન નામ અલ્તમશને લક્ષીને જ વપરાયું છે એમાં બિલકુલ શંકા રહેતી નથી.

## મુઇઝુદ્દીનના હુમલાવાળી ઘટના ક્યારે બની ?

• વસ્તુપાલ અને તેજપાલ એ ભાઇઓ સં. ૧૨૭૬માં ધોળકાના મંડલેશ્વરના મંત્રી થયા તે આપણે આગળ જોઇ ગયા. નાગપુરના સંઘવી પૂનડે સં. ૧૨૮૬ માં શત્રુંજયનો સંઘ કાઢ્યો ત્યારે, તે દિલ્હીના

---

મહાઅમાત્ય કહ્યો છે—અને વસ્તુપાલ મરણ પર્યન્ત મહાઅમાત્યપદે હતો, એ વાત સિદ્ધ છે—એ જોતાં ૧૨૯૫માં વીસલદેવ ગાદીએ આવ્યો એ પછી થોડા જ સમયમાં વસ્તુપાલનું મૃત્યુ થયું હોવું જોઈએ. એટલે તેને આશરે સં. ૧૨૭૬-૭૭ માં પ્રધાનપદ મળ્યું હશે.

૧૭. History of Moslem rule in India, by Ishwari P-asad, p. 71

પાદશાહનો કૃપાપાત્ર હોવાથી, પાદશાહને પ્રસન્ન કરવા વસ્તુપાલે સંઘ તથા સંઘપતિનું સ્વાગત કર્યું હતું. રાજશેખરના વર્ણનાનુક્રમ મુજબ, મુસ્લિમ લશ્કરને વસ્તુપાલે પાછું હઠાવ્યું એ ઘટના ત્યાર પહેલાં બની ગઈ હતી. અર્થાત્ મુઈઝુદ્દીને—કહો કે અલ્તમશે—સં. ૧૨૮૬ અગાઉ ગૂજરાત ઉપર ચઢાઈ કરી હોવી જોઈએ.

બીજી બાજુથી, એ પ્રશ્ન થાય કે લવણપ્રસાદ અને વીરધવલ તો ધોળકાના મંડલેશ્વર હતા, તો પછી ગૂજરાત ઉપર પરદેશી ચઢાઈ લાવે તે વિષે સર્વ ચિંતા અણહિલવાડના સાર્વભૌમ રાજા ભીમદેવને બદલે તેમને શા માટે થવી જોઈએ? આનો ઉત્તર બહુ સહેલાઈથી મળે તેમ છે: ભીમદેવની તબિયત ઉત્તરાવસ્થામાં નબળી પડી ગઈ હતી, કેટલાક માંડલિકો તથા સામંતો તેનું રાજ્ય પચાવી પાડવાનો પ્રયત્ન કરતા હતા. અરિસિંહકૃત सुकृतसंकीर्तन માં ભીમદેવ વિષે લખ્યું છે:

सततविततदानक्षीणनिःशेषलक्ष्मी-
रितसितरुचिकीर्तिर्भीमभूमिभुजङ्गः ।
बलकवलितभूमिमण्डलो मण्डलेशै-
श्चिरमुपचितचिन्ताक्रान्तचित्तान्तरोऽभूत् ॥

સોમેશ્વરકૃત कीर्तिकौमुदीમાં અણહિલવાડની રાજ્યલક્ષ્મી લવણ-પ્રસાદને કહે છે:

જે મંડલિકો વળી મન્ત્રિયો છે,
ન ત્યાં ક્રમે માત્ર પરાક્રમો છે;
છે કામના સ્વામીની સ્ત્રી હું માંહે,
જેને જ તેનો શું ઉપાય થાયે? (સર્ગ ૨, શ્લોક ૯૫)

માત્ર એટલું નહીં, પણ કેટલોક સમય જયન્તસિંહ નામે કોઈ સામંત અણહિલવાડની ગાદી પચાવી બેઠો હતો, એમ સં. ૧૨૮૦ના એક તામ્રલેખના श्रीमदणहिलपुरराजधानीअधिष्ठितअभिनवसिद्धराजश्रीमज्जयन्तसिंहदेव એ પ્રમાણે ઉલ્લેખ ઉપરથી લાગે છે.[૧૮]

---

૧૮. Ind. Ant. Vol. VI., P. 197

सुकृतसंकीर्तन અનુસાર, ભીમદેવે લવણપ્રસાદને પોતાના સર્વાધિકારીની પદવી આપી હતી. ઉપર જેનો નિર્દેશ છે તે જયન્તસિંહ બહુ થોડો વખત અણહિલ્લવાડની ગાદીએ રહ્યો હોય એમ જણાય છે, એટલે તેની વિરુદ્ધમાં ભીમદેવને મદદ કરીને લવણપ્રસાદ વગેરે વાઘેલાઓ આગળ આવ્યા હોય અને તેથી પ્રસન્ન થઇ ભીમદેવે તેમને ઊંચી પદવીએ ચઢાવ્યા હોય, એ બનવાજોગ છે.૧૯ સંધિવિગ્રહ કરવાની અને ગામદાન આપવા સુધીની પણ લવણપ્રસાદની સત્તા હતી.૨૦ આ પ્રમાણે આશરે સં. ૧૨૮૦ના અરસામાં લવણપ્રસાદ અણહિલવાડનો સર્વસત્તાધીશ થયો, એમ નક્કી થાય છે.

વસ્તુપાલ પણ સં. ૧૨૭૬થી સં. ૧૨૭૯ સુધી ખંભાતનો હાકેમ નિમાયો હતો. સં. ૧૨૭૯માં ખંભાતની સૂબાગીરી તેના પુત્ર જૈતસિંહ અથવા જયંતસિંહને સોંપવામાં આવી અને વસ્તુપાલ મુખ્ય મંત્રી તરીકે તેજપાલની સાથે ધોળકે રહેવા લાગ્યો.૨૧

---

૧૯. સોમેશ્વરે सुरथोत्सव કાવ્ય રચ્યું છે તેમાં એવી કથા આવે છે કે સુરથ નામે એક રાજાના મંત્રીઓ તેના શત્રુઓ સાથે મળી જવાથી તેનું રાજ્ય જતું રહ્યું. એટલે તે અરણ્યમાં જઇ વસ્યો. ત્યાં તેને મેધ નામે એક મુનિનો સમાગમ થતાં તેમણે રાજાને ભવાનીની આરાધના કરવાનું કહ્યું. તપથી પ્રસન્ન થઇને ભવાનીએ રાજાને તેનું રાજ્ય પાછું મળશે એવો આશીર્વાદ આપ્યો. તેવામાં જે સ્વામીભક્ત માણસો હતા, તેઓ તેના કૃતઘ્ન અધિકારીઓનો નાશ કરી સુરથને ખોળવા નીકળે છે, અને તેનો પત્તો લાગતાં તેને રાજધાનીમાં લાવી ધામધૂમથી ગાદીએ બેસાડે છે. આ કાવ્ય સોમેશ્વરે ભીમદેવના વખતમાં થઈ ગયેલ રાજ્યની અવ્યવસ્થાની લાગણીથી પ્રેરાઈ રચ્યું હોય એમ લાગે છે.

૨૦. જુઓ 'રાસમાળા' ભાષાન્તરમાં 'વાઘેલા વિષે ભાષાન્તરકર્તાનો વધારો' એ પ્રકરણ.

૨૧. संयमश्च युवयोर्वयोधिक : (સર્ગ ૩, શ્લોક ૫૯), यौवनेऽपि मदनाग्नि विक्रिया (સર્ગ ૩, શ્લોક ૬૨) એ कीर्तिकौमुदीના ઉલ્લેખો ઉપરથી કેટલાક એમ માને છે કે, વસ્તુપાલ-તેજપાલ સં. ૧૨૭૬ માં મંત્રી બન્યા

સર્વસત્તાધીશ થયા પછી, આખાયે રાજ્યની ચિંતા લવણપ્રસાદને તથા તેના પુત્ર વીરધવલને હોય, એ સ્વાભાવિક છે. ભીમ તો એ કાળે કદાચ રાજ્યવ્યવહારના માત્ર ઉપચાર પૂરતો જ રાજા હતો. સ્પષ્ટ રીતે આ જ કારણથી પ્રબન્ધકોશવાળા પ્રસંગમાં ભીમનું નહીં, પણ વીરધવલ અને તેના મંત્રી વસ્તુપાલનું જ નામ મળે છે. વળી આ સર્વ તરફ જોતાં મુઇઝુદ્દીનની ચઢાઇવાળો બનાવ સં. ૧૨૮૦ પછી (લવણપ્રસાદના સર્વાધિકારી-પદનું વર્ષ) અને સં. ૧૨૮૬ (સાહ પૂનડે કરેલી શત્રુંજયની યાત્રાનું વર્ષ) પહેલાં બન્યો હોવો જોઇએ.

હવે, દિલ્હીના સુલતાન અલ્તમશે ઇ. સ. ૧૨૨૭ (સં. ૧૨૮૩) માં કુયુબેચા, જેને મહમ્મદ ઘોરીએ ઊચનો સુબો નીમ્યો, અને જે પાછળથી આખા સિન્ધ પ્રાન્તનો ધણી થઇ બેઠો હતો, તેના ઉપર ચઢાઈ કરી અને ત્રણ મહિના સુધી ઘેરો ઘાલી ઊચનો કિલ્લો કબજે કર્યો. કયુબેચા હોડીમાં બેસી નાસવા જતો હતો, પણ સિંધુના પૂરમાં ડૂબી ગયો.૨૨ સંભવ છે કે અલ્તમશે ત્યાં થઇને પોતાના કોઇ સરદારને ગૂજરાત તરફ મોકલ્યો હોય, જેને વસ્તુપાલે ધારાવર્ષ પરમારની મદદથી હરાવી પાછો કાઢ્યો હોય.૨૩ ढिल्लीतः श्रीमोजदीनसुरत्राणस्य सन्यं पश्चिमां दिशामुद्दिश्य चलितम् એ પ્રબન્ધકોશના ઉલ્લેખ સાથે

---

ત્યારે નવયુવાન વયના હશે. પણ એ અનુમાન બરાબર નથી, કારણ જયંતસિંહ ૧૨૭૯ તો ખંભાતનો હાકેમ ચયો હતો, તેથી વસ્તુપાલ-તેજપાલ સં. ૧૨૭૬માં કદાચ વૃદ્ધ નહીં હોય તો પણ પુખ્ત વયના તો હશે જ.

22, History of Moslem Rule in India, p. 80

૨૩. અત્રે એક સહજ અનુમાન થાય છે. અલ્તમશનો પુત્ર મુઈઝુદ્દીન બહરામશાહ હતો (એજન, ૮૪). દિલ્હીમાં મુઈઝી અમીરો પણ હતા (એજન ૭૭); વર્ણન ઉપરથી એમ લાગે છે કે અલ્તમશ પોતે તો લશ્કર સાથે નહોતો જ આવ્યો, તેણે પોતાના પુત્રને અથવા એકાદ મુઇઝી અમીરને લશ્કર આપી મોકલ્યો હોય, અને તેને અંગે જૈન ગ્રન્થકારોએ આક્રમણકારને મોજદીન નામ કદાચ આપ્યું હોય. આ એક કલ્પના જ માત્ર છે.

પણ આ વાત બરાબર બંધબેસતી આવે છે. વળી, ગૂજરાત જીતવાનો સંકલ્પ તો અલ્તમશને તે ગાદીએ બેઠો ત્યારથી જ હશે. સં. ૧૨૬૮ (ઈ. સં. ૧૨૧૨)માં તે વખતના ગુર્જર સામ્રાજ્યની સીમા ઉપર આવેલ ઝાલોર સુધી તેણે ચઢાઇ કરી હતી, પણ ત્યાંના ચોહાણ રાજાએ મજબૂત સામનો કરવાથી તેણે થાકીને પાછા જવું પડયું હતું.*

આ સાથે મુસ્લિમ ઇતિહાસકારો આ ઘટના વિષે કંઇ લખે છે કે કેમ તે જોવું જોઇએ. મિનરાજ-ઉસ-સિરાજના લખવા પ્રમાણે ઈ. સ. ૧૧૯૭માં કુત્બુદ્દીને નહરવાલ ઉપર ચઢાઈ કરી ત્યારે પણ ધારાવર્ષ તેની સામે થયો હતો, પણ તેને હારવું પડયું હતું અને મુસલમાનોએ લૂટફાટ કરી અગાઉનું વેર લીધું હતું. આ પછીના સમયમાં આબુના ધારાવર્ષ પરમારે ગૂજરાતના રાજાને, તેના મુસ્લીમ શત્રુઓ વિરુદ્ધમાં મદદ કરી હતી, એ પ્રકારનો ઉલ્લેખ તવારીખે ફરિસ્તાનો છે. ધારાવર્ષના પુત્ર સોમસિંહદેવનો પ્રથમ શિલાલેખ સં. ૧૨૮૭ નો મળી આવે છે,૨૪ એટલે ધારાવર્ષે પોતાની કારકિર્દીનાં છેલ્લાં વર્ષોમાં અલ્તમશની વિરુદ્ધમાં લવણપ્રસાદ તથા વીરધવલને૨૫ મદદ કરી હશે. રાજશેખરે વર્ણન કર્યું છે કે,

---

* જુઓ કાન્હડદેપ્રબન્ધ, (૧ લી આવૃત્તિ) ઉપોદ્ઘાત, પૃ. ૨૭.

૨૪. રાસમાળા (ભાષાન્તર, ૩જી આવૃતિ), ભા. ૧, પૃ. ૩૭૫.

૨૫. प्रबन्धकोश માં સર્વ સ્થળે વીરધવલને જ રાજા તરીકે વર્ણવેલો છે. હવે આ ઘટના આશરે સં. ૧૨૮૦ અને સં. ૧૨૮૬ ની વચ્ચે બની, જ્યારે વીરધવલનો રાજ્યાભિષેક તો ઠેઠ સં. ૧૨૮૯ માં ધોળકામાં થયો. (Bom. Gaz. Vol .I, pt. I, p. 200) આનું સમાધાન એ રીતે થઇ શકે કે રાજા અને યુવરાજ બંનેના નામે રાજ્ય કરવાનો જૂનો સમ્પ્રદાય છે. प्रबन्धचिन्तामणिમાં સુલતાનના પ્રસંગમાં × × श्रीलवणप्रसादवीरधवलाभ्यां श्रीतेजपालमन्त्री मंन्त्र पृष्टः × એ પ્રમાણે લખેલું છે. વાઘેલા વંશમાં તો એ જૂના રિવાજ પ્રમાણે જ રાજ્યઅમલ ચાલ્યો હતો. વીરધવલનો પુત્ર વીસલદેવ પોતાના ભત્રીજા અર્જુનદેવ સાથે, અર્જુનદેવ પોતાના પુત્ર રામદેવ સાથે તથા એનો ભાઈ સારંગદેવ પોતાના ભત્રીજા કર્ણદેવની સાથે રાજ્ય કરતા હતા, એમ ઈડર

વસ્તુપાલના લશ્કરે હજારો મુસ્લિમોનાં માથાં કાપી નાખ્યાં, જેનાં ગાડાં ભરી ધોળકે લાવ્યા, તે અતિશયોક્તિભર્યું લાગે છે. મુસલમાનો હાર્યા હશે, પણ તે સંજોગોને લઈ ને—જેમકે એક બાજુથી ગૂજરાતનું લશ્કર અને બીજી બાજુ પરમાર ધારાવર્ષનું એમ બંને બાજુથી હુમલો થવાથી તેમનો પરાજય થયો હોવો જોઈએ, કેમકે જો એવું ન હોત તો પાછળથી તેમનાથી ડરીને વસ્તુપાલ અને વીરધવલે દિલ્હીના પાદશાહને પ્રસન્ન કરવાનું તથા ગૂજરાત ઉપર ચઢાઈ નહીં કરવાનું વચન તેની પાસેથી માગવાનું કંઈ કારણ નહોતું.

છતાંય, ગૂજરાતના અન્ય પ્રબન્ધાત્મક સાહિત્યમાં કે મુસ્લિમ તવારીખોમાં આ બનાવનું વિશિષ્ટ મહત્ત્વ ગણવામાં આવેલું નથી; તેથી એમ લાગે છે કે આ ઘટના ગૂજરાત ઉપર રીતસરની સવારીરૂપે બની નહીં હોય, પણ અલ્તમશના એકાદ સરદારે કરેલો હુમલો (raid) માત્ર હશે.

*પ્રબન્ધકોશ*માં વર્ણવેલ 'મુઇઝુદ્દીન'ને મહમ્મદ ઘોરી કે શાહબુદ્દીન ઘોરી ગણવાથી ગૂજરાતના ઇતિહાસમાં એક પ્રકારનો કાલવિપર્યાસ ઉત્પન્ન થાય છે. પ્રબન્ધકોશે નોંધેલી ઐતિહાસિક શ્રુતપરંપરાનું સુસંગત અનુદર્શન કરવા માટે મોજદીન પાદશાહ તે દિલ્હીનો સુલતાન અલ્તમશ, એમજ ગણવું પડશે.

## પુરવણી

'*પ્રબન્ધકોશ*નો મુઇઝુદ્દીન કોણ ?' એ લેખ છાપવા મોકલી દીધા પછી કેટલીક ધ્યાન દેવા યોગ્ય માહિતી મળી છે તે પુરવણીરૂપે આપું છું:

જયસિંહસૂરિએ સં. ૧૨૭૬ (વસ્તુપાલના મન્ત્રીપદની સાલ) અને ૧૨૮૬ (હાથપ્રતની લખ્યાસાલ)ના વચગાળામાં રચેલ *હમ્મી-*

---

રાજ્યમાં મુરલીધરના મંદિરના શિલાલેખ ઉપરથી જણાય છે. ("બુદ્ધિપ્રકાશ," પુસ્તક ૫૭, માર્ચ-એપ્રિલ). કાન્હડદેપ્રબન્ધનો નાયક કાન્હડદે પણ પોતાના પિતા સામંતસિંહ સાથે ઝાલોરમાં રાજ્ય કરતો હતો. (કાન્હડદેપ્રબન્ધ, ૧ લી આવૃત્તિ, ઉપોદ્ઘાત, પૃ. ૨૫.)

રમદમર્દન નાટકમાં ગૂજરાત ઉપર થયેલ એક મુસ્લિમ હુમલાના, વસ્તુપાલ–વીરધવલ વગેરેએ કુનેહથી કરેલ સામનાનું વર્ણન છે. તેમાં 'મ્લેચ્છપતિ'નું નામ મીલચ્છીકાર તથા તેના એક પ્રધાનનું નામ ઘોરી ઇસપ આપ્યું છે.[૧] તેની રાજધાની ક્યાં હતી વગેરે કંઇ વિશેષ હકીકત તેમાં આપી નથી. શ્રી. ગૌરીશંકર ઓઝાએ મીલચ્છીકાર એ દિલ્હીનો સુલ્તાન અલ્તમશ હોવાનું અનુમાન કર્યું છે.[૨] અન્ય સ્થળે પણ તેઓ લખે છે કે, જ્યારે ઉત્તરથી સુલતાન શમ્શુદ્દીન અલ્તમશ તથા દક્ષિણેથી યાદવ રાજા સિંહણ ચઢી આવ્યા ત્યારે ગૂજરાતથી સ્વતન્ત્ર થઈ ગયેલ ઉદયસિંહ, ધારાવર્ષ આદિ મારવાડના રાજાઓને વીરધવલે પોતાના પક્ષમાં લીધા.[૩]

---

૧. ततः प्रविशति चिन्ताक्रोधविषादव्रीडाविभज्यमानमानसो यथोचितवेशो गोरीईसपनाम्ना प्रधानपुरुषेण सह मीलच्छीकारः । જુઓ हम्मीरमदमर्दनम् । પૃ. ૩૬

૨. राजपूताने का इतिहास, प्रथम खण्ड, पृ. ४६७–६८.

૩. એ જ પૃ. ૨૨૨. અત્રે સિંહણ અને અલ્તમશની ચઢાઈઓના તથા મારવાડી રાજાઓ તાબે થયા તેના સમસમયત્વ માટે ઓઝાજીએ કંઇ ખાસ આધાર આપ્યો નથી. પણ મને લાગે છે કે તે પ્રસ્તુત નાટક ઉપરથી જ હશે. જેમકે, वीरधवलः—× × अधुना तु सचिवपातिरचितपराभवप्रज्वालितपूर्वविरोधेन सैन्धुराजिना जनितोत्साहोऽस्मान्प्रति प्रयाणकाय प्रगुणीबभूव बलाम्बुधिमग्नानेकभूभृदाभोगः श्रीसिंहनभूपतिः । इतस्तु विस्तीर्णतरतुरगचमूचलनचलदचलाचक्रस्तुरुष्कवीरोऽपि प्रयाणमकार्षीत् । इतस्तु दुस्तरतरतेजोदवानलज्वलत्सकलरिपुकुलः कुलिशकेतुकुतूहलोज्ज्वलभुजबलो मालवमहीन्दुरप्यकृत प्रयाणोपक्रमम्. इत्यस्माकमाकस्मिकः सर्वतोऽपि सङ्कटसंघट्टः । पृ. ६ तथा लावण्यसिंहः—× × तथा हि स्वदेशसदेशमाभिसरत्सु स्वेच्छया म्लेच्छराजसैन्येषु तातकारितया प्रयाणकस्य भृशमदीर्घकारितया निरतिशयामाशङ्कां च प्रपञ्चयन्तः स्वयमभिक्रमी मरुदेशनरेशाः श्रीवीरधवलस्य । तदिदानीम्,

श्रीसोमसिंहोदयसिंहधारावर्षैरमीभिर्मरुदेशनाथैः ।
दिशोऽष्ट जेतुं स्फुटमष्टबाहुस्त्रिभिः समेतैरभवत्प्रभुर्नः ॥ पृ. ११

**हम्मीरमदमर्दन** જેવા સમકાલીન ગ્રન્થનો ઉલ્લેખ છે, એટલે મુસ્લિમો-એ ગૂજરાત ઉપર હુમલો કર્યો હતો, એ વાત તો ચોક્કસ. વસ્તુપાલ-ના પુત્ર જયન્તસિંહની આજ્ઞાથી ભીમેશ્વરદેવના યાત્રામહોત્સવ વખતે ખંભાતમાં આ નાટક ભજવાયું હતું.[૪] જયન્તસિંહ સં. ૧૨૭૯ માં ખંભાતનો હાકેમ થયો. જેસલમીર ભંડારમાંની ઉક્ત ગ્રન્થની હસ્તલિખિત પ્રતની લખ્યાસાલ સં. ૧૨૮૬ છે. એટલે લવણપ્રસાદ સર્વાધિકારી થયો ( સં. ૧૨૮૦ ) અને પૂનડે શત્રુંજયનો સંઘ કાઢ્યો (સં. ૧૨૮૬), એ સમયના વચગાળામાં મુસ્લિમોનો હુમલો ગૂજરાત ઉપર થયો હોવો જોઈએ, એવું જે અનુમાન મેં અગાઉ કર્યું છે, તેને આથી વિશેષ ટેકો મળે છે.

મારા ધારવા પ્રમાણે તો हम्मीरमदमर्दनનો મીલચ્છીકાર અને प्रबन्धकोश-નો મોજદીન એ બેય અલ્તમશ જ, અને બેયનાં વર્ણન જુદાં જુદાં હોવા છતાં એક જ બનાવને લગતાં.* (તા. ૨૭-૯-૧૯૩૪)

---

૪. **सूत्रधारः**-× × स्तम्भतीर्थनगरीगरीयोरत्नाङ्कुरस्य × × श्रीभीमेश्वरस्य यात्रायां ... समस्तसचिववास्तोष्पतिश्रीवस्तुपालकुलकाननकेलिसिंहेन श्रीमता जयन्तसिंहेन समादिष्टोऽस्मि यदिह... मधुरितनवरसबन्धप्रसरबन्धुरं कमपि प्रबन्धमभिनयन्नभ्युपनय प्रमोदपदवीं सभासद इति । पृ. १

* શ્રી ગૌરીશંકર ઓઝાએ राजपूताने का इतिहास માં મીલચ્છીકાર વિષે કરેલ અનુમાન તરફ રા. રા. દુર્ગાશંકર શાસ્ત્રીએ મારું ધ્યાન ખેંચ્યું, તે ઉપરથી હું આ પુરવણી લખવા પ્રેરાયો, એ વસ્તુની અત્રે સાભાર નોંધ લઉં છું.

# એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ

ચંદ્રગચ્છના દેવભદ્રસૂરિએ વિક્રમના તેરમા શતકના આરંભમાં મહારાષ્ટ્રી પ્રાકૃતભાષામાં 'શ્રેયાંસનાથચરિત્ર'ની રચના કરી છે. તેના અંતભાગમાંથી આ પ્રશસ્તિ ઉતારવામાં આવી છે. એમાંથી ચંદ્રગચ્છની સૂરિપરંપરા સાથે બીજી કેટલીક જાણવા જેવી હકીકતો પણ મળી આવે છે. પ્રશસ્તિમાં કોઈ સમય આપેલો નથી, પરન્તુ વારંવાર અમુક ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓ અથવા બનાવોના ઉલ્લેખો આવે છે તે ઉપરથી તેમજ અન્ય સાધનોદ્વારા ઉપલબ્ધ થતી ઐતિહાસિક માહિતી ઉપરથી જે તે આચાર્યનો સમય સહેલાઈથી અનુમાની શકાય છે.

પ્રશસ્તિમાંથી ઐતિહાસિક હકીકતો મળે છે. એમાંની કેટલીક અન્ય સ્થળોએથી પણ પ્રાપ્ત થાય છે, જે વિષે ટિપ્પણમાં સવિસ્તર ઉલ્લેખો કર્યા છે. પ્રસ્તુત પ્રશસ્તિમાંથી મળતી મુખ્ય હકીકતો નીચે મુજબ છે:–

૧. અભયદેવસૂરિએ 'વાદમહાર્ણવ' ગ્રન્થ રચ્યો.

૨. ધનેશ્વરસૂરિએ ભોજ રાજાની સભામાં વાદોમાં જયલક્ષ્મી પ્રાપ્ત કરી.

૩. ભદ્રેશ્વરસૂરિના ઉપદેશથી સજ્જન મંત્રીએ ગિરનાર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો.

૪. ભદ્રેશ્વરસૂરિના આદેશથી સાન્તૂ તથા સજ્જન મંત્રીએ વડઉદયમાં મોટી રથયાત્રા રચી.

૫. દેવભદ્રસૂરિએ 'તત્ત્વબિન્દુ' પ્રમુખ વિવિધ પ્રકરણો તથા 'જૈન-પ્રમાણપ્રકાશતર્ક' રચ્યાં.

આ પ્રશસ્તિ એકવીસ પ્રાકૃત આર્યાઓની બનેલી છે. પાટણના ભંડારમાંની સં. ૧૪૭૦ ની હસ્તલિખિત પ્રત ઉપરથી ઉતારવામાં આવેલી તેની નકલ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીએ મને કૃપા કરીને આપી હતી તે બદલ તેમનો અત્યંત આભારી છું.

## प्रशस्तिः ।

एत्थेऽत्थि चंदगच्छो चंदो व्व भवं अहो करेमाणो ।
उत्तमसत्तरिसीहिं सहिओ असवत्तपुण्णभरो १ ॥

तत्थ अ सूरीण परंपराए **सिरिअभयदेवसूरि** त्ति ।
विद्दलियवाइदप्पो उप्पण्णो गणहरो वाई ॥ २ ॥

जेणं चउरासीवायविजयसंपत्तजय[1]पडाएण ।
वायमहण्णवगंथो निम्मविओ कित्तिथंभो व्व ॥ ३ ॥

तयणु **धणेसरसूरि** जाओ जेणं निरीहपहुणा वि ।
भोजनरिंदसभाए गहिआ वायम्मि जयलच्छी ॥ ४ ॥

---

### संस्कृत छाया

अत्राऽस्ति चन्द्रगच्छश्चन्द्र इव भवं अधः कुर्वाणः ।
उत्तमसत्त्वर्षिभिः [ उत्तमसप्तर्षिभिः ] सहितोऽसपत्नपुण्यभरः ॥ १ ॥

तत्र च सूरीणां परंपरायां श्रीअभयदेवसूरिरिति ।
विदलितवादीदर्पं उत्पन्नो गणधरो वादी ॥ २ ॥

येन चतुरशीतिवादविजयसंप्राप्तजयपताकेन ।
वादमहार्णवग्रन्थो निर्मितः कीर्तिस्तम्भ इव ॥ ३ ॥

तदनु धनेश्वरसूरिर्जातो येन निरीहप्रभुणाऽपि ।
भोजनरेन्द्रसभायां गृहीता वादेषु जयलक्ष्मी ॥ ४ ॥

[1] મૂળ પાઠ °विजिअ°

अह अजियसिंहसूरि अहेसि जेणं धरित्तु वयमुद्दं ।
घोरा [2] विसयपिवासापिसाइआ सुट्ठु निग्गहिआ ॥ ५ ॥

तो वद्धमाणसूरि सुदुद्धरखमावहणदक्खो ।
दिकुंजरो व्व गरुओ आसी दिसापावियपइट्ठो ॥ ६ ॥

ठविअं च तेण सिरिदेवचंदचंदप्पहत्ति सूरिजुगं ।
सप्पहपयासणे जे णं सूरचंदाइअं भुवणे ॥ ७ ॥

ताणं च मन्नणिज्जो मुणिवसहो सिस्सलद्धिसंपण्णो ।
आसी कुलभूसणगणि गच्छधुराधरणधोरेओ ॥ ८ ॥

जस्सित्थ पउमहत्थो कप्पद्दुमपल्लवो व्व जाण सिरे ।
जाओ सव्व वि आवलिअगीवाए लच्छीए ॥ ९ ॥

अह सिरिभद्देसरसूरि गणहरो आसी जस्स चरिएण ।
लोउत्तरेण अज्जवि रोमंचिज्जंति अंगाइं ॥ १० ॥

जावज्जीवं एगन्तरोववासिस्स जस्स आणाए ।
सिरिउज्जयंततित्थं सज्जणसाचिवेण उद्धरिअं ॥ ११ ॥

---

अथाजितसिंहसूरिरभवत् येन गृहीत्वा व्रतमुद्राम् ।
घोरा विषयपिपासापिशाचिका सुष्ठु निगृहिता ॥ ५ ॥
तदा वर्धमानसूरिः सुदुर्धरक्षमावहनदक्षः ।
दिकुंजर इव गुरुक आसीत् दिशाप्राप्तप्रतिष्ठः ॥ ६ ॥
स्थापितं च तेन श्रीदेवचन्द्रचन्द्रप्रभेति सूरियुगम् ।
सत्पथप्रकाशने च सूर्यचन्द्रायितं भुवने ॥ ७ ॥
तेषां च माननीयो मुनिवृषभः शिष्यलब्धिसंपन्नः ।
आसीत् कुलभूषणगणिर्गच्छधुराधरणधौरेयः ॥ ८ ॥
यस्यात्र पद्महस्तः कल्पद्रुमपल्लवमिव यस्य शिरसि ।
जातः सर्वमप्यावलितग्रीवया लक्ष्म्या ॥ ९ ॥
अथ श्रीभद्रेश्वरसूरिर्गणधर आसीद्यस्य चरितेन ।
लोकोत्तरेणाद्यापि रोमाञ्चीयन्तेऽङ्गानि ॥ १० ॥
यावज्जीवं एकान्तरोपवासिनो यस्याज्ञया ।
श्रीउज्जयन्ततीर्थं सज्जनसाचिवेनोद्धृतम् ॥ ११ ॥

२ મૂળ પાઠ: घोरे

जस्स अ आएसेणं संतुयसचिवेण सज्जणेणं च ।
वडउदयम्मि विहिआ सवित्थरा गरुअ रहजत्ता ॥ १२ ॥

तत्तो पालियतिक्खखग्गधारासरिच्छवयचारिओ ।
**सिरिअजिअसिंहसूरि** जाओ सव्वाइसाइगुणो ॥ १३ ॥

अविसंगयागमत्थं जेणं[3] आगामिणं सुणंतेणं[4] ।
भुवणे ण कस्स चित्तं चमक्किअं दुक्कहस्सावि ॥ १४ ॥

तेर्सि सिरिभद्देसरसूरिहिं पाविओ नियपयम्मि ।
सिरिअजियसिंहसूरिहिं पुण्णसमत्थाणं[5] अत्थाणं[6] ॥ १५ ॥

वागरणतक्कसाहित्तछंदसिद्धंतजोइसाईणं ।
पारं वच्छलवसेण लंभिओ कालमाणेण ॥ १६ ॥

**सिरिदेव[भद्दसूरि]** संजाओ तत्तबिंदुपमुहाइं ।
विहिआइं पगरणाइं जेण जणाणुग्गहट्ठाए ॥ १७ ॥

---

यस्य चादेशेन शान्तुकसचिवेन सज्जनेन च ।
वटोदये विहिता सविस्तरा गुरुका रथयात्रा ॥ १२ ॥

ततः पालिततीक्ष्णखड्गधारासदृक्षव्रतचारित्र्यः ।
श्रीअजितसिंहसूरिर्जातः सर्वातिशायीगुणः ॥ १३ ॥

अविसंगतागमार्थं यस्यागमिकस्य श्रूयमाणस्य ।
भुवने न कस्य चित्तं चमत्कृतमसहिष्णोरपि ॥ १४ ॥

तैः श्रीभद्रेश्वरसूरिभिः प्रापितो निजपदेषु ।
श्रीअजितसिंहसूरिभिः पूर्णसमस्तानामर्थानाम् ॥ १५ ॥

व्याकरणतर्कसाहित्यछन्दसिद्धान्तज्योतिषादीनाम् ।
पारं वात्सल्यवशेन लम्भितः कालमानेन ॥ १६ ॥

श्रीदेवभद्रसूरिः संजातस्तत्त्वाबिन्दुप्रमुखानि ।
विहितानि प्रकरणान्येन जनानुग्रहार्थम् ॥ १७ ॥

૩ મૂળ પાઠ: जेणं अविसंगायगमत्थं
૪ મૂળ પાઠ: सुणंतेण
૫ મૂળ પાઠ: पुणसमत्थाण
૬ મૂળ પાઠ: अत्थाण

णिम्मविओ वित्तेहिं जणप्पमाणपभासतक्को अ ।
तेण च्छणचंदुज्जलमहप्पगुणमणिनिहाणस्स ॥ १८ ॥

अब्भत्थणाए सिरिसिद्धसेणसूरिस्स सिस्सरअणस्स ।
भत्तस्स सिरिजिणेसरसूरिस्स अ सव्वविज्जस्स ॥ १९ ॥

अणहिल्लवाडयपुरे रइअं सेज्जंससामिणो चरिअं ।
साहज्जेणं पंडियजिणचंदगणिस्स सीसस्स ॥ २० ॥

लिहिअं च पढममेअं गणिणा सिस्सेण विमलचंदेण ।
ईहंतेण असमाणमप्पणो पुण्णपब्भारं ॥ २१ ॥

सं. १४७० माघ वदि ९ बुधदिने पुस्तकं मं. भादाकेन लिखेख ॥ छ ॥

---

निर्मितो वृत्तैर्जनप्रमाणप्रकाशतर्कश्च ।
तेन क्षणचन्द्रोज्ज्वलमाहात्म्यगुणमणिनिधानस्य ॥ १८ ॥

अभ्यर्थनया श्रीसिद्धसेनसूरेः शिष्यरत्नस्य ।
भक्तस्य श्रीजिनेश्वरसूरेश्च सर्वविदः ॥ १९ ॥

अणहिल्लपाटकपुरे रचितं श्रेयांसस्वामिनश्चरितम् ।
साहाय्येन पण्डितजिनचन्द्रगणेः शिष्यस्स ॥ २० ॥

लिखितं च प्रथममेतद् गणिना शिष्येण विमलचन्द्रेण ।
ईहमाणेनासामान्यमात्मनः पुण्यप्राग्भारम् ॥ २१ ॥

## ભાષાન્તર

ચંદ્રની જેમ ભવ(પક્ષે મહાદેવ)ને નીચો કરનાર, ઉત્તમ સત્વવાળા ઋષિઓ(પક્ષે ઉત્તમ સપ્તર્ષિઓ)થી સહિત, અસપત્ન પુણ્યથી ભરેલો ચંદ્રગચ્છ અહીં છે. ૧

તેમાં સૂરિઓની પરંપરામાં વાદીના દર્પને દળી નાખનાર, વાદી ગણધર શ્રી**અભયદેવસૂરિ** ઉત્પન્ન થયા. ચોરાશી વાદમાં વિજય વડે જયપતાકા પ્રાપ્ત કરી હતી એવા તેમણે કીર્તિસ્તંભ સમાન "વાદમહાર્ણવ' ગ્રન્થ નિર્માણ કર્યો. ૨–૩

તેમની પછી **ધનેશ્વરસૂરિ** થયા, જેમણે (પોતે) નિઃસ્પૃહી એવા સાધુઓના પ્રભુ હોવા છતાં ભોજરાજની સભામાં વાદોમાં જયલક્ષ્મીને ગ્રહણ કરી. ૪

હવે, જેમણે વ્રતમુદ્રા ધારણ કરીને વિષયપિપાસારૂપી ઘોર પિશાચિકાને સારી રીતે નિગ્રહમાં રાખી હતી એવા **અજિતસિંહસૂરિ** થયા. ૫

પછી, દુર્ધર એવી ક્ષમાને ધારણ કરવામાં દક્ષ, દિક્કુંજર જેવા ગુરુક અને દિશાઓમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનારા **વર્ધમાનસૂરિ** થયા. તેમણે ભુવનમાં સત્પથનો પ્રકાશ કરવામાં સૂર્યચન્દ્ર જેવા **દેવચન્દ્ર** અને **ચન્દ્રપ્રભ** એ બે સૂરિઓને (પોતાને સ્થાને) બેસાડ્યા. ૬–૭

તેમના માનનીય મુનિવૃષભ, શિષ્યલબ્ધિસંપન્ન, ગચ્છધુરા ધારણ કરવામાં વૃષભ જેવા **કુલભૂષણગણિ** થયા, જેમનો કલ્પદ્રુમના પલ્લવ જેવો પદ્મહસ્ત જેના માથા પર મૂકાતો તેને લક્ષ્મી વરતી. * ૮–૯

હવે **ભદ્રેશ્વરસૂરિ** થયા, જેમના લોકોત્તર ચરિત્રથી આજે પણ અંગો રોમાંચિત થાય છે, આખી જિંદગી સુધી એકાન્તર ઉપવાસ કરનાર જેમની આજ્ઞાથી સજ્જન સચિવે ઉજ્જયંતતીર્થનો ઉદ્ધાર કર્યો હતો તથા જેમના આદેશથી શાન્તુક સચિવે તેમજ સજ્જને વડઉદયમાં વિસ્તારવાળી અને ગુરુક રથયાત્રા કરાવી હતી. ૧૦–૧૨

પછી, તીક્ષ્ણ ખડ્ગધારા સરખું વ્રતચારિત્ર્ય પાળનાર, સર્વથી શ્રેષ્ઠ ગુણોવાળા **અજિતસિંહસૂરિ** થયા; જે આગમિકનો (સંભળાવેલો) આગમનો અવિસંગત અર્થ સાંભળતાં ભુવનમાં કયા અસહિષ્ણુનું ચિત્ત પણ આશ્ચર્ય પામ્યું નથી? ૧૩–૧૪

---

* નવમી આર્યાના બીજા ચરણનો અર્થ સ્પષ્ટ સમજાતો નથી; અને તેથી જ છાયા પણ અસ્પષ્ટ રહેવા પામી છે.

ભદ્રેશ્વરસૂરિ વડે પોતાના પદ ઉપર (સૂરિપદ ઉપર) મુકાયેલા અને અજિતસિંહસૂરિ વડે પૂર્ણસમસ્ત અર્થોનો તથા વ્યાકરણ, તર્ક, સાહિત્ય, છંદ, સિદ્ધાન્ત, જ્યોતિષાદિનો વાત્સલ્યવશતાથી કાલાનુસાર પાર પમાડાયેલા **દેવભદ્રસૂરિ** થયા, જેમણે મનુષ્યો ઉપર અનુગ્રહ કરવા માટે 'તત્ત્વબિન્દુ' પ્રમુખ પ્રકરણો રચ્યાં તથા 'જનપ્રમાણ-પ્રકાશતર્ક' છંદોમાં રચ્યો. તેમણે (દેવભદ્રસૂરિએ) પોતાના શિષ્યરત્ન, પૂર્ણિમાના ચંદ્ર જેવા ઉજ્જવળ માહાત્મ્યગુણમણિનિધાન સિદ્ધસેન-સૂરિની તથા (પોતાના) ભક્ત સર્વવિદ્ જિનેશ્વરસૂરિની અભ્યર્થનાથી અણહિલપાટકપુરમાં શ્રેયાંસસ્વામીનું ચરિત્ર (પોતાના) શિષ્ય પંડિત જિનચંદ્રગણિની સહાયથી રચ્યું. ૧૫–૨૦

આ ચરિત્ર, અસામાન્ય પુણ્યપ્રાગ્ભાર ઇચ્છતા શિષ્ય વિમલચંદ્ર-ગણિએ પ્રથમવાર લખ્યું. ૨૧

## ટિપ્પણ

૨–૩. આ અભયદેવસૂરિના ગુરુનું નામ પ્રદ્યુમ્નસૂરિ હતું. 'ન્યાય-વનસિંહ' તથા 'તર્કપંચાનન' એવાં તેમનાં બિરુદ હતાં. પ્રસિદ્ધ 'સન્મતિ-તર્ક' ઉપર તેમણે લખેલી પચીસ હજાર શ્લોકપ્રમાણ ટીકા 'તત્ત્વબોધ-વિધાયિની' અથવા 'વાદમહાર્ણવ' નામથી ઓળખાય છે. જૈન દાર્શનિક ગ્રન્થોમાં તે અદ્વિતીય છે. દશમી સદી સુધીના સર્વ ભારતીય દાર્શનિક વાદોની તેમાં અનેકાન્ત દૃષ્ટિએ સમર્થ પર્યાલોચના છે. આ પછી થયેલ, આ વિષય પર કલમ ચલાવનાર લગભગ સર્વ જૈન ગ્રન્થકારો ઉપર્યુક્ત ટીકાગ્રન્થના ઋણી છે.[૧] 'શ્રેયાંસનાથ ચરિત્ર'ના કર્તા 'વાદ-મહાર્ણવ'ને અભયદેવસૂરિના કિત્તિથંભ (કીર્તિસ્તંભ) તરીકે વર્ણવે છે, એમાં સહેજ પણ અતિશયોક્તિ નથી.

૪. ધનેશ્વરસૂરિએ ભોજરાજાની સભામાં થયેલા વાદોમાં જયલક્ષ્મી

---

૧. વધુ માટે જુઓ 'સન્મતિતર્ક'ના પહેલા ભાગમાં તેના સંપાદકો પં. બેચરદાસ અને પં. સુખલાલજીનું નિવેદન.

ગ્રહણ કરી, એમ પ્રસ્તુત પ્રશસ્તિ નોંધે છે; પરન્તુ પ્રશસ્તિકાર દેવભદ્રસૂરિના જ શિષ્ય સિદ્ધસેનસૂરિએ રચેલ 'પ્રવચનસારોદ્ધારવૃત્તિ'માં

तदनु धनेश्वरसूरिर्जज्ञे यः प्राप पुण्डराकाख्यः।
निर्मथ्य वादजलधिं जयश्रियं मुञ्जनृपपुरतः ॥

એ પ્રમાણે મુંજની સભામાં ધનેશ્વરસૂરિએ વિજય મેળવ્યો હોવાનું લખ્યું છે. ચંદ્રગચ્છમાં જ થયેલા માણિક્યચન્દ્રે સં. ૧૨૭૬માં રચેલ 'પાર્શ્વનાથચરિત્ર'માં પણ ધનેશ્વરસૂરિએ મુંજની સભામાં વાદીઓનો પરાજય કર્યો હોવાનો ઉલ્લેખ છે.૨ આમ આ બે પછીના ગ્રન્થોના ઉલ્લેખ કુદરતી રીતે વધુ વિશ્વસનીય માનવા પડે તેમ છે. સંભવ છે કે मुंजनरिंदसमाए ને બદલે भोजनरिंदसमाए એવો પાઠ પાછળથી ભૂલથી 'શ્રેયાંસનાથચરિત્ર'માં પ્રવેશ પામ્યો હોય. આ ધનેશ્વરસૂરિની પછી અજિતસિંહસૂરિ થયા અને તેમની પછી વર્ધમાનસૂરિ થયા. વર્ધમાનસૂરિએ સં. ૧૦૫૫માં હરિભદ્રકૃત 'ઉપદેશપદ' ઉપર ટીકા લખેલી છે.[3] તેમનો એક ધાતુપ્રતિમાલેખ શક સં. ૯૧૦( વિ. સં. ૧૦૪૫ )નો પણ મળે છે. હવે, મુંજરાજા સં. ૧૦૫૦ અને ૧૦૫૪ની વચ્ચે અવસાન પામ્યો હતો એમ માનવાનાં સબળ ઐતિહાસિક કારણો છે. તેની પછી ગાદીએ આવેલા ભોજના દરબારમાં વિદ્વત્સભાઓ ભરાવા લાગી ત્યાં સુધી ધનેશ્વરસૂરિ જીવંત હોય એ અસંભવિત લાગે છે. એટલે કે ભોજના નહીં, પરંતુ મુંજના દરબારમાં તેમણે વાદીઓનો પરાજય કર્યો હોવાની હકીકત વધારે વાસ્તવિક ઠરે છે. ધનેશ્વરસૂરિ પૂર્વાવસ્થામાં ત્રિભુવનગિરિના રાજા હતા. તેમણે પ્રદ્યુમ્નસૂરિના ઉપદેશથી જૈનધર્મ ગ્રહણ કર્યો હતો, એમ માણિક્યચન્દ્રે 'પાર્શ્વનાથચરિત્ર' માં નોંધ્યું છે. તેઓ આચાર્યપદે આવ્યા બાદ ચંદ્રગચ્છ 'રાજગચ્છ' એવા નામથી ઓળખાયો હોવાનું પ્રભાચન્દ્રસૂરિ 'પ્રભાવકચરિત્ર'માં જણાવે છે.

૬–૭. વર્ધમાનસૂરિએ સં. ૧૦૫૫માં હરિભદ્રસૂરિકૃત 'ઉપદેશપદ' ઉપર ટીકા લખી છે. વળી તેમણે 'ઉપમિતિભવપ્રપંચાનામસમુચ્ચય'

---

૨. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૧૯૭–૯૮

૩. એજન, પૃ. ૨૦૭

તથા 'ઉપદેશમાલાબૃહદ્વૃત્તિ' નામની કૃતિઓ રચી હોવાનું જણાય છે. તેમનું અવસાન સં. ૧૦૮૮માં થયું હતું.૪ ચંદ્રગચ્છના દેવેન્દ્રસૂરિના શિષ્ય શ્રીચંદ્રસૂરિએ સં. ૧૨૧૪માં પાટણમાં પ્રાકૃત 'સનત્કુમારચરિત્ર' આઠ હજાર શ્લોકપ્રમાણ લખ્યું છે, તેના આરંભે તેમણે દેવચન્દ્રની તથા દેવભદ્રની કૃતિઓનું સ્મરણ કર્યું છે.૫ પ્રશસ્તિની સાતમી આર્યામાં જેમનો ઉલ્લેખ કરવામાં આવેલો છે તે દેવચન્દ્રસૂરિ અને શ્રીચન્દ્રસૂરિએ જેનું સ્મરણ કર્યું છે તે દેવચન્દ્રસૂરિ એક જ હશે કે કેમ એ પ્રશ્ન છે. જો એક હોય તો દેવચન્દ્રસૂરિએ અન્ય કોઈ ગ્રન્થો રચ્યા હશે, એવું અનુમાન થઇ શકે છે.

૧૧. સિદ્ધરાજના એક મંત્રી સજ્જનનું નામ ઇતિહાસમાં પ્રસિદ્ધ છે. વનરાજ ચાવડાના શ્રીમાળી મંત્રી જાંબ અથવા ચાંપાનો તે વંશજ હતો. સિદ્ધરાજે તેને સૌરાષ્ટ્રનો દંડનાયક નીમ્યો હતો. તેણે સૌરાષ્ટ્રની ઉપજ ખર્ચીને સં. ૧૧૮૫માં ગિરિનાર ઉપરનાં જૈન મન્દિરોનો જીર્ણોદ્ધાર કર્યો હતો. સં. ૧૨૮૭ની આસપાસ પ્રાચીન ગૂજરાતીમાં લખાયેલ 'રેવંતગિરિ રાસ'માં તથા પ્રાકૃત 'રૈવતકલ્પ'માં આ જીર્ણોદ્ધારનું વર્ણન મળે છે.૬ ભદ્રેશ્વરસૂરિની આજ્ઞાથી સજ્જને ગિરનાર તીર્થનો ઉદ્ધાર કરાવ્યો હતો. એવો પ્રશસ્તિનો ઉલ્લેખ નોંધપાત્ર છે.

૧૨. શાન્તુક, સંપત્કર અથવા શાન્તુ એ સિદ્ધરાજનો અમાત્ય હતો. સિદ્ધરાજના પિતા કર્ણના વખતમાં પણ તે મહામાત્ય હતો, એમ 'વિક્રમાંકદેવચરિત' તથા 'ચૌરપંચાશિકા'ના કર્તા તેમજ કર્ણના સમકાલીન પ્રસિદ્ધ કાશ્મીરી કવિ બિલ્હણે રચેલ 'કર્ણસુન્દરી' નાટિકામાં જણાવેલું છે. 'કર્ણસુન્દરી' નાટિકા મહામાત્ય સંપત્કરે પાટણમાં શ્રીશાન્ત્યુત્સવગ્રહમાં પ્રવર્તાવેલા આદિનાથના યાત્રામહોત્સવ વખતે

---

૪. એજન, પૃ. ૨૦૭

૫. 'જૈન' સાપ્તાહિક, તા. ૨૦-૫-૨૮. પં. લાલચંદ્ર ગાંધીનો લેખ 'સિદ્ધરાજ અને જૈનો.'

૬. શ્રી દલાલસંપાદિત 'પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ' (ગા. ઓ. સી.)માં આ બન્ને કૃતિઓ છપાયેલી છે.

ભજવાઇ હોવાનો ઉલ્લેખ તેની પ્રસ્તાવનામાં કરવામાં આવેલો છે.[૭] બિલ્હણે 'કર્ણસુન્દરી'માં શાન્તુને વત્સરાજના મહામાત્ય યૌગંધરાયણ સાથે સરખાવ્યો છે. તેની ચતુરાઇ, ધર્મપ્રેમ અને શૌર્યની અનેક વાતો 'પ્રબન્ધચિન્તામણિ'એ નોંધી છે. બિલ્હણ બ્રાહ્મણ હોવા છતાં આ નાટિકાના મંગલાચરણમાં તેણે જિનેશ્વરની સ્તુતિ કરી છે તે શાન્તુ તરફના આશ્રયનું પરિણામ હોઈ શકે. અન્ય સંખ્યાબંધ ઐતિહાસિક તેમજ અર્ધ-ઐતિહાસિક પ્રબન્ધાત્મક ગ્રન્થોમાં શાન્તુ મંત્રી વિષેના ઉલ્લેખો અને હકીકતો મળી આવે છે અને તે ઉપરથી તેની મહત્તા અને પ્રાભાવિકતાની કલ્પના થઈ શકે છે. હર્ષપુરીયગચ્છીય અભયદેવસૂરિના આદેશથી શાન્તુએ ભરૂચમાં સમલિકાવિહારમાં સોનાના કળશો ચઢાવ્યા હતા, એવો ઉલ્લેખ શ્રીચંદ્રસૂરિકૃત પ્રાકૃત 'મુનિસુવ્રતચરિત્ર'માં મળી આવે છે.[૮] શાન્તુ તેમજ સજ્જને વડઉદ્દયમાં વિસ્તૃત રથયાત્રા કરાવી, એવો ઉલ્લેખ પ્રશસ્તિમાં છે. આ વડઉદ્દય તે હાલનું વડોદરા હોય એ સંભવિત છે.

૧૭. સં. ૧૨૧૪ માં ચંદ્રગચ્છના શ્રીચંદ્રસૂરિએ પ્રાકૃતમાં 'સનત્કુમારચરિત્ર' રચ્યું છે. તેના આરંભે તેમણે દેવભદ્રસૂરિની કૃતિઓનું સ્મરણ કર્યું છે. આ દેવભદ્રસૂરિ તે પ્રસ્તુત પ્રશસ્તિમાં ઉલ્લિખિત 'શ્રેયાંસનાથચરિત્ર', 'પ્રમાણપ્રકાશતર્ક', 'તત્ત્વબિન્દુ' વગેરેના કર્તા દેવભદ્રસૂરિ હોય એમ જણાય છે.

૧૯. દેવભદ્રસૂરિના શિષ્ય સિદ્ધસેનસૂરિએ સં. ૧૨૪૮માં (અથવા કદાચિત્ ૧૨૭૮) માં નેમિચન્દ્રકૃત 'પ્રવચનસારોદ્ધાર' ઉપર 'તત્ત્વજ્ઞાનવિકાસિની' નામે વૃત્તિ રચી છે અને તેમાં તેમણે પોતાના અન્ય ગ્રન્થો 'પદ્મપ્રભચરિત્ર', 'સામાચારી' વગેરેનો ઉલ્લેખ કર્યો છે.[૯]

---

૭. 'કર્ણસુન્દરી' નાટિકા. નિર્ણયસાગર પ્રેસની આવૃત્તિ.

૮. પીટર્સનનો હાથપ્રતોને લગતો અહેવાલ, સને ૧૮૯૨-૯૫, પૃ. ૧૦

૯. પ્ર. સા વૃત્તિ, પૃ. ૧૮૭, ૪૪૦, ૪૪૨

# સંડેર : ઉત્તર ગૂજરાતનું એક ઐતિહાસિક ગામડું

ઉત્તર ગૂજરાતનો પ્રદેશ ગૂજરાતની પ્રાચીન સંસ્કૃતિનું એક કેન્દ્રસ્થાન હોઇ અનેક ઐતિહાસિક અને ઇતિહાસપ્રસિદ્ધ સ્થાનોથી ભરપૂર છે. આબુ, આરાસણ, ચંદ્રાવતી, વડનગર, મોઢેરા અને અણહિલવાડ જેવાં સર્વવિશ્રુત સ્થાનોની વાત જવા દઇએ તો પણ ઝીંઝુવાડા, લોટેશ્વર, કોટચર્ક, વાયડ, ઇડર, કર્ણાવતી, દેલમાલ, વાઘેલ, સૂણક, દધિસ્થલી, શ્રીસ્થળ, વીસનગર, બેચરાજી, પાલનપુર, તારંગા, પંચાસર, માંડળ ઇત્યાદિ અનેક એવાં સ્થળો ત્યાં આવેલાં છે, જ્યાંથી ગૂજરાતનાં શિલ્પ-સ્થાપત્ય, ઇતિહાસ વગેરે વિષે ઉપયોગી એવી માહિતી ઓછાવત્તા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. આવાં સ્થાનો પૈકી સંડેર પણ એક છે. ગૂજરાતના પ્રાચીન કે મધ્યકાલીન ઇતિહાસમાં તેનું સ્થાન બહુ આગળ તરી આવતું નથી, છતાં ઉત્તર ગૂજરાતનું પુરાતત્ત્વવિષયક અવલોકન કરતાં એ સ્થાનની અવગણના થઇ શકે તેમ તો નથી જ; અને એ વિષેની પ્રકીર્ણ માહિતી પણ ઇતિહાસના તાણાવાણા ગોઠવવામાં થોડેઘણે અંશે ઉપયોગી થઇ પડે છે. પ્રાપ્ત સાધનો પરથી સંડેર વિષેની જે હકીકતો મળી શકે છે તે અહીં આપવાનો પ્રયાસ કર્યો છે.

## સંડેરની પ્રાચીનતા

ગાયકવાડ સરકારના મહેસાણા પ્રાન્તમાં પાટણથી અગ્નિખૂણે

આશરે ૧૦–૧૧ માઇલ દૂર અને પાટણ પાસેના મણુંદરોડ સ્ટેશનેથી આશરે અઢી માઇલ દૂર સંડેર આવેલું છે. હાલમાં ત્યાં ૩૧૦૦ માણસની વસ્તી છે. આ સ્થળ પ્રાચીન હોવાનાં ચિહ્નો સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરનારને ઠેકાણે ઠેકાણે નજરે પડે છે. પ્રાચીન મૂર્તિઓ, શિલ્પાકૃતિઓ અને કોતરણીવાળા પત્થરો જે તે સ્થળે રખડતાં અથવા કોઇક ભીંતોમાં ચણાયેલાં નજરે પડે છે. ગામના ચોરા ઉપરનાં મૂર્તિ વગરનાં બે પ્રાચીન મન્દિરો અભ્યાસદૃષ્ટિએ કોઇ પણ પુરાતત્ત્વવિદનું ધ્યાન ખેંચ્યા સિવાય રહેતાં નથી 'આર્કિયોલોજીકલ સર્વે ઓફ નોર્ધર્ન ગૂજરાત' એ પુસ્તકના લેખકો નોંધે છે તે પ્રમાણે, આ બે મન્દિરો પૈકીનું નાનું મન્દિર, તો જેનો સમય છઠ્ઠી સદી જેટલો પ્રાચીન હોવાનું અનુમાન કરવામાં આવે છે એવાં ઓરિસાનાં મન્દિરોને મળતું આવે છે. આ અનુમાન જો વાસ્તવિક જ હોય તો, સંડેરની ઐતિહાસિકતા અને પ્રાચીનતા ઉત્તરગૂજરાતનાં ઐતિહાસિક સ્થાનોમાં નોંધપાત્ર ગણાવી જોઈએ. વડનગર અને આબુને બાજુએ રાખીએ તો, મોઢેરાક્ષેત્ર આ પ્રદેશમાં કદાચ પ્રાચીનતમ છે અને તેની પ્રાચીનતા આશરે ઇસ્વીસનના પહેલા અગર બીજા સૈકા સુધીની અનુમાનવામાં આવે છે;[1] અને એમ પણ માનવામાં આવે છે કે, અત્યારે મોઢેરા તથા તેની આસપાસના પ્રદેશોમાં પુષ્કળ ખાર હોવાને કારણે એ સમયમાં ત્યાં દરિયો હોવો જોઇએ અને મોઢેરા એક બંદર હોવું જોઈએ. વહાણનાં લંગર નાખવાનો મોટો પત્થર હજી પણ ઝીંઝુવાડામાં છે તે ઉપરથી એક સમયે તે બંદર હોવું જોઇએ અને હાલના ગૂજરાત તથા કાઠિયાવાડની વચ્ચે સમુદ્ર હોવો જોઇએ, અને કવેટા ધરતીકંપ કરતાંયે મોટો એવો કોઈ ધરતીકંપ થતાં દુનિયાના ઘણાયે પ્રદેશોમાં બન્યું છે તેમ, જળના સ્થાને સ્થળ થઈ ગયું હોવું જોઇએ એવું અનુમાન થઈ શકે છે. જો કે મોઢેરા એ કાળ જેટલું જ પ્રાચીન છે એમ કહેવાનાં કોઇ વિશ્વસનીય પ્રમાણો આપણી પાસે નથી. મોઢેરા

૧ શ્રી. મણિલાલ મિસ્ત્રીકૃત 'મોઢેરા' (સયાજી બાલજ્ઞાનમાળા, પુષ્પ ૧૨૮ મું), પૃ. ૧૪

વિષેનો વિશ્વસનીય ઉલ્લેખ તો પ્રભાચન્દ્રસૂરિના 'પ્રભાવકચરિત્ર'માં મળે છે. તે ઉલ્લેખ ઈસવીસનની નવમી સદીના આરંભમાં મોઢેરાનું અસ્તિત્વ હોવાનું અને ત્યાં મોઢેરક ગચ્છનાં ચૈત્યો હોવાનું સૂચન કરે છે.[૨] પરન્તુ સંડેરના મન્દિર બાબતમાં 'આર્કિયોલોજીકલ સર્વે'ના કર્તાઓએ કરેલું અનુમાન વજનદાર ગણીએ તો સંડેરનો સમય સહેજે મોઢેરા કરતાં યે પ્રાચીન ધારવો પડે.

સંડેર વિષેનો બીજો એક ઉલ્લેખ બારમી સદીમાં સાંપડે છે અને અત્યારે એક નાના ગામડાની સ્થિતિમાં આવેલું સ્થાન એક વખતે વિસ્તૃત હતું એમ તે ઉપરથી કલ્પી શકાય છે. સિદ્ધરાજના પિતા કર્ણદેવ સોલંકીનું સં. ૧૧૪૮ ની સાલનું એક તામ્રપત્ર સૂણકમાંથી મળેલું છે, અને સૂણકનું તળાવ ચાલું રાખવા માટે, પાસેના ડાભી ગામની કેટલીક જમીન દાન અપાયાનું તેમાં જણાવવામાં આવ્યું છે. દાનમાં અપાયેલી જમીનના ખૂંટ લખતાં એ તામ્રપત્રમાં નીચે પ્રમાણે લખેલું છે—

> अस्याश्च भूमेः पूर्वस्यां दिशि भट्टारिका क्षेत्रं। तथा ब्राह्मण रुद्र। नेहा कालाक्षेत्रं च। दक्षिणस्यां महेश्वरामक्षेत्रं। पश्चिमायां संडेरग्रामसीमा। इति चतुराघाटोपलक्षितां भूमि.......ઇત્યાદિ

હવે, સૂણક ગામ સંડેરથી ત્રણ ગાઉ ઈશાન ખૂણે આવેલું છે. આજે સંડેર અને સૂણકની સીમ, ઉપર્યુક્ત તામ્રપત્રમાં જણાવ્યું છે તે પ્રમાણે એકબીજાને સ્પર્શ કરતી નથી; અત્યારે તો તેમની વચ્ચે બીજાં ગામો આવેલાં છે. વળી સંડેરના અત્યારના ગામઠાણની આજુબાજુ ઘણે દૂર સુધી જૂના પાયા નજરે પડે છે; અને આ ઉપરથી એ પુરવાર થાય છે કે એક કાળે સંડેરનો વિસ્તાર અત્યાર કરતાં ઘણો મોટો હોવો જોઈએ.

## બે પ્રાચીન દેવાલયો

'આર્કિયોલોજીકલ સર્વે ઓફ નોર્થર્ન ગૂજરાત'માં, ઉપર જે

---

૨. એજન, પૃ. ૧૬

બે પ્રાચીન દેવાલયોનો ઉલ્લેખ કર્યો છે,[3] તે વિષે નીચે પ્રમાણે નોંધ છે—

"રૂહાવી ગામથી અઢી માઇલ પશ્ચિમે અને સૂણકથી ચારથી પાંચ માઇલ નૈઋત્ય ખૂણા તરફ આવેલા સંડેરમાં બે નાનાં, વપરાતાં બંધ થયેલાં પણ રસપ્રદ પ્રાચીન દેવાલયો છે. આ દેવાલયોની બાજુએ સંડેરી માતા—સંખ્યાબંધ શક્તિદેવતાઓ પૈકીની એક—નું અર્વાચીન મન્દિર છે.

જૂનાં દેવાલયો પૈકીનું મોટું તેની યોજના અને બીજી વિગતોમાં સુણકના નીલકંઠ મહાદેવના દેવાલય સાથે મળતું આવે છે. ફેર માત્ર એટલો કે તેની પૂર્વ–પશ્ચિમ લંબાઇ ૨૮ ૧/૨ ફીટ હોઇ તે કંઇક નાનું છે. આ દેવાલયનું પ્રવેશદ્વાર પૂર્વ બાજુએ છે અને તેનો નીચેનો ભાગ લગભગ બે ફીટ જેટલે ઊંડે જમીનમાં દટાયેલો છે. દેલમાલના તળાવ નજીક આવેલા દેવાલય ઉપરની કોતરણીની જેમ અહીંની કોતરણીમાં પણ સપાટી ઉપરનાં અલંકરણોની પણ સુરેખતા અને ઊંડાણ ધ્યાન દોરે તેવાં છે; અને સદીઓનાં તોફાનોમાંથી પસાર થયા છતાં, છાયા અને પ્રકાશના પ્રદર્શનદ્વારા તે દૃષ્ટિને ખેંચે છે.

દેવાલયના પ્રવેશદ્વારની ઉપરના આગળ પડતા ભાગ ઉપર ગણેશની પ્રતિકૃતિ કોતરેલી છે અને તેની ઉપર બ્રહ્મા, વિષ્ણુ તથા શિવ છે. મંડપના ઘૂમટમાં આઠ નૃત્ય કરતી સ્ત્રીઓ છે, જ્યારે સૂણકના મન્દિરમાં આવી બાર સ્ત્રીઓ નજરે પડે છે.

બહાર દેવાલયની પાછળની બાજુએ એટલે કે પશ્ચિમ તરફના મુખ્ય ગોખલામાં શિવની એક મૂર્તિ છે, તેમજ ઉત્તર બાજુએ વિષ્ણુની અને દક્ષિણે બ્રહ્માની મૂર્તિઓ છે.

બીજું અને નાનું દેવાલય[4] વધુ વિશિષ્ટ પ્રકારનું છે અને દેખાવમાં વધુ સુન્દર છે. ટૂંકું અને જાડું શિખર આપણને ઓરિસાનાં બે

---

૩. આ દેવાલયોના ફોટોગ્રાફો પણ પ્રસ્તુત પુસ્તકમાં અપાયા છે. જુઓ પ્લેટ નં. XCIV, XCV

૪ પ્લેટ નં. LXIII.

દેવાલયોની યાદ આપે છે કે જેમનો સમય છઠ્ઠી સદી જેટલો પ્રાચીન અનુમાનવામાં આવ્યો છે. દેવાલયના પ્રવેશદ્વારની ઉપર ગણેશની મૂર્તિ છે. તેની ઉપરના ભાગમાં આપણે નવગ્રહો કોતરેલા જોઈએ છે કે જે વડનગરના નાના દેવાલયના પ્રવેશદ્વાર પર, કચ્છમાં અંજારના પ્રાચીન દરવાજા ઉપર તથા બીજે સ્થળે આપણી નજરે પડે છે.''

## એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ

સંડેરના વતની એક શ્રાવક ચંદ્રસિંહના વંશમાં થયેલા પરબત અને કાન્હા નામે બે વણિકોએ સં. ૧૫૭૧ માં સેંકડો ગ્રન્થો લખાવી એક મોટો જ્ઞાનભંડાર સ્થાપ્યો હતો. તેમના એ કાર્યની કીર્ત્તિ કથનારી ૩૩ શ્લોકની એક પ્રશસ્તિ તેમણે લખાવેલા દરેક પુસ્તકને અંતે લખવામાં આવેલી છે. અત્યારે પણ પૂના, ભાવનગર, પાલીતાણા, પાટણ વગેરે સ્થળોના હસ્તલિખિત જૈન પુસ્તકભંડારોમાં એ ભાઈઓએ લખાવેલાં પુસ્તકો મળી આવે છે.૫ પૂ. મુનિશ્રી પુણ્યવિજયજીએ 'પુરાતત્ત્વ' ત્રૈમાસિક (પુ. ૧, અંક ૧) માં એ છપાવેલી છે. માત્ર સંડેરના સ્થાનિક ઇતિહાસની દૃષ્ટિએ જ નહીં, પરન્તુ વધારે વ્યાપક દૃષ્ટિએ જોતાં પણ એ પ્રશસ્તિ ઘણી ઉપયોગી હોવાથી તેનો સારાંશ અહીં ઉતારું છું—

શ્રીવર્ધમાનસ્વામીના મન્દિરથી અલંકૃત એવા સંડેરમાં પોરવાડજ્ઞાતીય સુમતિશાહનો આભૂ નામે યશસ્વી અને રાજમાન્ય પુત્ર હતો. તેનો પુત્ર આસડ અને તેનો પુત્ર મોક્ષ નામે હતો. મોક્ષનો ભાઈ વર્ધમાન હતો. તેને ચંડસિંહ નામે સદાચારી પુત્ર હતો. ચંડસિંહને સાત પુત્રો હતા, જેમાં સૌથી મોટો પેથડ નામે હતો. પેથડને છ નાના ભાઈ હતા અને તેમનાં નામ નરસિંહ, રત્નસિંહ, ચતુર્થમલ્લ, મુંજાલ, વિક્રમસિંહ અને ધર્મણ એ પ્રમાણે હતાં. પેથડે અણહિલપુરની પાસે

૫. જુઓ શ્રી જિનવિજયજીનું ભાષણ 'પ્રાચીન ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની સાધનસામગ્રી', પૃ. ૫૧

આવેલા સંડેરમાં પોતાના ધનવડે પોતાની કુલદેવતા અને વીરસેશ (?) નામે ક્ષેત્રપાળથી સેવાયેલ અથવા રક્ષિત મોટું ચૈત્ય–મન્દિર૬ કરાવ્યું હતું. પોતાના નિવાસસ્થાનના સ્વામી સાથે તેને કોઈ કારણથી કલહ થયો અને તેથી તે સ્થાન છોડી બીજા નામના ક્ષત્રિય વીર નરની સહાયથી તેણે બીજાપુર નામે નવું ગામ વસાવ્યું.૭ તેણે બીજાપુરમાં સુવર્ણ પ્રતિમાલંકૃત એક મન્દિર કરાવ્યું, અને આબુગિરિમાં અમાત્ય વસ્તુપાલે બંધાવેલા નેમિનાથના મન્દિરનો ઉદ્ધાર કરાવ્યો. પોતાના ગોત્રમાં થઇ ગયેલ ભીમાશાહની કરાવતાં અપૂર્ણ રહેલ આદીશ્વરની પ્રતિમાને સુવર્ણથી ૬૯ સંધિવાળી કરી (?). તેણે મહાવીરની મૂર્તિ તૈયાર કરાવીને પોતાના ઘરમન્દિરમાં સ્થાપી હતી તથા સં. ૧૩૬૦ માં જ્યારે પાટણમાં કરણઘેલો રાજ્ય કરતો હતો તે વખતે એ મૂર્તિની સ્થાપના કર્યા બાદ તેણે સિદ્ધાચળ અને ગિરનારનો સંઘ કાઢ્યો તથા બીજી વખત પણ સંઘપતિપણું સ્વીકારી સંઘની સાથે ૭ યાત્રાઓ કરી. સં. ૧૩૭૭ ના ભયંકર દુષ્કાળ વખતે તેણે અનેક લોકોને અન્ન વહેંચ્યું હતું. શ્રી સત્યસૂરિના વચનથી તેણે ચાર જ્ઞાનભંડાર લખાવ્યા તથા નવ ક્ષેત્રમાં અન્ય ધનનો વ્યય કર્યો.

પેથડનો પુત્ર પથી, તેનો લાડણ, તેનો આલ્હણસિંહ અને તેનો મંડલિક નામે પુત્ર હતો. મંડલિકે ગિરનાર–આબુ વગેરે તીર્થોમાં ચૈત્યોનો ઉદ્ધાર કરાવ્યો તથા અનેક ગામોમાં ધર્મશાળાઓ બંધાવી. તે અનેક રાજાઓનો માનીતો હતો. સં. ૧૪૬૮ ના દુષ્કાળ વખતે લોકોને તેણે અન્ન વહેંચ્યું હતું૮ તેમજ ૧૪૭૭ માં શત્રુંજયની યાત્રા કરી હતી. જયા-

૬. આજે પણ સંડેરના જૈન મન્દિરમાં ખેતરપાળ છે અને ત્યાં પાટણ ઉપરાંત મહારાષ્ટ્ર તરફના કેટલાક જૈનો પણ લગ્ન પછી ઘાટડી છોડવા માટે આવે છે.

૭ આ બીજાપુર તે હાલનું વીજાપુર હોઇ શકે.

૮. સં. ૧૪૬૮ ના તથા તે પછી બે વર્ષે પડેલા બીજા દુષ્કાળની નોંધ અન્યત્ર પણ મળે છે–જુઓ अष्टषष्टादि वर्षत्रितयमनु महाभीषणे संप्रवृत्ते दुर्भिक्षे लोकलक्षक्षयकृति नितरां कल्पकालोपमाने વગેરે, 'જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ હેરલ્ડ', પુ. ૯, અંક ૮-૯. શ્રી. જિનવિજયજીનો લેખ.

નંદસૂરિના ઉપદેશથી પુસ્તકલેખન, સંઘપૂજા વગેરે ધર્મકૃત્યો તેણે કર્યાં હતાં. મંડલિકનો વિજિત નામે પુત્ર હતો તથા તેના પર્વત, ડુંગર અને નર્મદ નામે ત્રણ પુત્રો હતા. પર્વતને સહસ્રવીર અને ડુંગરને કાન્હા નામે પુત્ર હતો. પર્વત તથા ડુંગરે પોતે કરાવેલ મૂર્તિની પ્રતિષ્ઠા કરાવીને સં. ૧૫૫૯ માં સ્થાપનમહોત્સવ કર્યો હતો. સં. ૧૫૬૦ માં તેમણે જીરાપલ્લી, આબુ વગેરે તીર્થોની યાત્રા કરી હતી. ભરૂચ પાસે આવેલ ગાંધારમાં દરેક ઉપાશ્રયમાં તેમણે કલ્પસૂત્રની પ્રતિઓ અર્પણ કરી હતી૯ અને આગમગચ્છીય વિવેકરત્નના ઉપદેશથી ચતુર્થ વ્રત (બ્રહ્મચર્ય)નો આદર કર્યો હતો.

આગમગચ્છના શ્રી જયાનંદસૂરિના ક્રમથી થયેલ વિવેકરત્નસૂરિના ઉપદેશથી સં. ૧૫૭૧ માં સમસ્ત આગમ લખાવતાં, સુકૃતૈષી વ્યવહારી પર્વત–કાન્હાએ અમુક પુસ્તક લખાવ્યું છે, એવો ઉલ્લેખ પ્રશસ્તિના અંતે મળે છે.

ગૂજરાતના ઇતિહાસ માટે ઉપયોગી એવી સંખ્યાબંધ સાલો આ પ્રશસ્તિમાંથી મળે છે, એ નોંધવા જેવું છે.

## પેથડરાસ

આગળની પ્રશસ્તિમાં જે પેથડશેઠનો ઉલ્લેખ છે તેણે કાઢેલા સંઘનું વર્ણન કરતું 'પેથડરાસ' નામે એક ટૂંકું અપભ્રંશ કાવ્ય તેના સમકાલીન કોઈ મંડલિક નામે કવિએ લખ્યું છે.૧૦ આ કાવ્ય તત્કાલીન ઇતિહાસ તેમજ ગૂજરાતની પ્રાચીન ભૂગોળ તથા ભાષાની દૃષ્ટિએ પણ ઉપયોગી છે—

---

૯. ગાન્ધાર એ પ્રાચીન ગૂજરાતનું મોટું બંદર હતું. આ ભાઈઓ વ્યાપારાર્થે ત્યાં રહેતા હોય અને તેથી તેમણે ત્યાં ધર્મકૃત્યો કર્યાં હોય એ બનવાજોગ છે,

૧૦. પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહ( ગા. ઓ. સી. ) ના પરિશિષ્ટમાં આ રાસ છપાયો છે.

પોરવાડ જ્ઞાતિના જૈન વર્ધમાનના કુલમાં સિંહ જેવા પેથડ આદિ ભાઈઓ અવતર્યા. પેથડ સર્વમાં વિશેષ પ્રતાપી હતો. લક્ષ્મીનો લહાવો લેવાની ઇચ્છાથી શત્રુંજય-ગિરનાર વગેરે તીર્થોની યાત્રા કરી આવવાનો વિચાર તેણે પોતાના ભાઈઓને જણાવ્યો. ભાઈઓ આ સાથે સંમત થયા અને સંઘ કાઢવા માટેની તૈયારીઓ કરવા માંડી. પાટણમાં તે વખતે રાજા કર્ણદેવ રાજ્ય કરતો હતો. તેની પાસે જઈને યાત્રા કરવા માટે દેશપટ્ટ મેળવ્યો. રસ્તામાં ચોર-ધાડપાડુનો ત્રાસ ન થાય માટે કર્ણ રાજાએ બિલ્હણના વંશમાં જન્મેલો દેદ નામે સુભટ સંઘની સાથે મોકલ્યો. શિયાળો ઉતર્યા બાદ ફાગણ સુદ પાંચમના દિવસે સંઘે પ્રયાણ કર્યું અને પહેલો મુકામ પીલુઆણા ગામે કર્યો. રસ્તામાં ડાભલપુર, મયગલપુર, નાગલપુર, પેથાવાડા, જંબુ, ભડકુ, રાણપુર, લોલીઆણા, પીંપલાઇ વગેરે ગામોમાં પડાવ નાંખતો સંઘ પાલીતાણે પહોંચ્યો. પેથાવાડાના અધિપતિ મંડણદેવે, જંબુના ઝાલાએ અને ગોહીલખંડના રાણા વગેરેએ સંઘનો આદરસત્કાર કર્યો. પાલીતાણે યાત્રા કરી અમરેલી થઈ સંઘ ગિરનાર ગયો. ત્યાંથી સોમનાથ અને પ્રભાસમાં ચંદ્રપ્રભુની યાત્રા કરી હેમખેમ પાછો સ્વસ્થાનકે આવ્યો.

આગળ આપવામાં આવેલી જૈન પ્રશસ્તિમાં જણાવેલું કે પેથડે સાત વાર શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો. 'પેથડરાસ'માં જે સંઘનું વર્ણન કરવામાં આવ્યું છે તે તેનો પહેલો સંઘ હોઈ શકે. પ્રશસ્તિ ઉપરથી એમ જણાય છે કે એ પહેલો સંઘ કાઢ્યો તે વખતે સં. ૧૩૬૦ની સાલમાં પાટણમાં લઘુકર્ણદેવ રાજ્ય કરતો હતો. 'પેથડરાસ'માં પણ કર્ણદેવ પાસેથી દેશપટ્ટ લીધો હોવાનો ઉલ્લેખ મળે છે. હવે, સં. ૧૩૬૦ એ કર્ણદેવના રાજ્યકાળનું છેલ્લું જ વર્ષ છે. એટલે 'પેથડરાસ'માં જેનું વર્ણન કરવામાં આવ્યું છે તે પેથડનો પહેલો જ સંઘ, એમ સમજી શકાય છે.

વળી પ્રસ્તુત પ્રશસ્તિમાં એવો પણ ઉલ્લેખ મળે છે કે-પેથડે આબુગિરિમાં મંત્રી વસ્તુપાલે બંધાવેલા નેમિનાથના મન્દિરનો ઉદ્ધાર

કરાવ્યો હતો. આ ઉલ્લેખનું સમર્થન કરતી હકીકતો અન્ય ગ્રન્થોમાંથી મળી આવે છે. જિનપ્રભસૂરિકૃત 'વિવિધ તીર્થકલ્પ' નામે ગ્રન્થ જે સં. ૧૩૪૯ ની આસપાસ રચાવો શરૂ થયો હતો અને સં. ૧૩૮૪ ની આસપાસ સમાપ્ત થયો હતો તેમાંના 'અર્બુદકલ્પ'માં આબુ ઉપરનાં 'વિમલવસહી' અને 'લૂણિગવસહી' નામથી ઓળખાતાં એ તીર્થો વિષે જણાવેલું છે કે, મુસ્લિમોએ એ મન્દિરોને તોડી નાખવાથી[11] શક સં. ૧૨૪૩ (સં. ૧૩૭૮)માં વિમલવસહીનો ઉદ્ધાર લલ્લ અને વીજડ નામે પિત્રાઇ ભાઈઓએ તથા લૂણિગવસહીનો ઉદ્ધાર ચંડસિંહના પુત્ર પેથડે કરાવ્યો હતો:

तीर्थद्वयेऽपि भग्नेऽस्मिन् दैवान्म्लेच्छैः प्रचक्रतुः ।
अस्योद्धारं द्वौ शकाब्दे वह्निवेदार्कसंमिते (१२४३) ॥
तत्राद्यतीर्थस्योद्धर्ता लल्लो महणसिंहभूः ।
पीथडस्त्वपरस्याभूद् व्यवहृच्चंडसिंहजः ॥

'લૂણિગવસહી'ના રંગમંડપમાં એક સ્તંભ ઉપર નીચે પ્રમાણે લેખ કોતરેલો છે:

ओम्

आचन्द्रार्कं नन्दतादेष संघाधीशः श्रीमान् पेथडः संघयुक्तः ।
जीर्णोद्धारं वस्तुपालस्य चैत्ये तेने येनेहाऽर्बुदाद्रौ स्वसारैः ॥

અર્થાત્—સંઘપતિ પેથડ સંઘસહિત યાવચ્ચંદ્રદિવાકર જીવિત રહો, જેણે પોતાના દ્રવ્યવડે આબુ પર્વત ઉપરના આ વસ્તુપાલના ચૈત્યનો જીર્ણોદ્ધાર કર્યો.[12]

---

૧૧ કયા મુસ્લિમે અને ક્યારે આ મન્દિરો તોડયાં એ વિષે ચોક્કસપણે કહેવાનાં કાંઈ સાધનો નથી, પણ પં. ગૌરીશંકર ઓઝા અનુમાન કરે છે કે અલાઉદ્દીન ખિલજીના લશ્કરે ઝાલોરના રાજા કાન્હડદેવ ઉપર સં. ૧૩૬૬ ની આસપાસ હુમલો કર્યો ત્યારે આ મન્દિરો તોડયાં હશે. (સિરોહી રાજ્ય કા ઇતિહાસ, પૃ. ૭૦)

૧૨. શ્રી જિનવિજયજીસંપાદિત 'પ્રાચીન જૈન લેખસંગ્રહ,' ભાગ ૨, અવલોકન પૃ. ૧૪૩

## પ્રકીર્ણ વિગતો

સંડેરના જૈન દહેરાસરમાંની મહાવીરસ્વામીની મૂર્તિ નીચે સં. ૧૩૩૨ ની માઘ શુદ ૧૫ નો એક શિલાલેખ કોતરેલો છે. હારીજ ગચ્છના એક શ્રાવકે જિનચંદ્રસૂરિના શિષ્ય ગુણભદ્રસૂરિના ઉપદેશથી મહાવીરસ્વામીની મૂર્તિ કરાવી હોવાની હકીકત તેમાં છે. ખરતરગચ્છીય જિનેશ્વરસૂરિના શિષ્ય ચંદ્રતિલકે સં. ૧૩૧૨ માં ‘અભયકુમારચરિત’ રચ્યું છે તેમાં તેમણે ગુણભદ્રસૂરિનો ઉલ્લેખ પોતાને ‘પંચિકા’ ભણાવનાર તરીકે કર્યો છે, તથા પ્રબોધચંદ્રગણિએ સં. ૧૩૨૦–૧ માં રચેલ ‘સંદેહદોલાવલી’માં પણ ગુણભદ્રસૂરિનો એ રીતે ઉલ્લેખ છે.[૧૩] આ ઉપરાંત, બીજી બે મૂર્તિઓના પબાસણ ઉપર લેખો છે એ જોઈ શકાય છે, પરન્તુ પ્લાસ્ટરમાં ઢંકાઈ ગયેલા હોવાથી વાંચી શકાતા નથી. આજ દહેરાસરમાં સં. ૧૫૬૪, સં. ૧૪૮૪, સં. ૧૫૨૭, સં. ૧૫૨૧, સં. ૧૫૩૩ અને સં. ૧૫૦૭ એ પ્રમાણે સાલવાળા ૭ ધાતુપ્રતિમા લેખો છે, જેમાંના પહેલા પાંચ મેં છપાવેલા છે.[૧૪] સં. ૧૮૨૬ નું એક ચક્ર છે તથા સં. ૧૮૫૫ માં પ્રતિષ્ઠિત થયેલી પં. ભાવવિજયની પાદુકાઓ છે. આમાં કોઇ સ્થળે સંડેરના નામનો ઉલ્લેખ માલૂમ પડતો નથી તેમ ઉપર જણાવેલી પ્રશસ્તિમાંનાં કોઇ નામો પણ નજરે પડતાં નથી. સં. ૧૫૨૧ ના ધાતુપ્રતિમાલેખમાં ઉનાવા ગામનો ઉલ્લેખ મળે છે. એકંદરે, ઐતિહાસિક દૃષ્ટિએ નોંધવા જેવી કોઇ ખાસ હકીકત આ લેખોમાંથી મળી આવતી નથી.

ગામના ઈશાન ખૂણે સિદ્ધનાથ મહાદેવના ‘ખેતર’ નજીકના કૂવા આગળ એક પાળિયો છે. ખારો પત્થર હોવાથી અક્ષરો ખરી ગયા છે, પરન્તુ સાલ વાંચી શકાય છે અને તે વિક્રમની ઓગણીસમી સદીની છેલ્લી પચીસીની હોવાનું જણાય છે. ગામની ઉત્તર તરફની ભાગોળે કોઇ સતીનો હાથ છે.

---

૧૩. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૪૧૧–૧૨

૧૪. આત્માનંદ પ્રકાશ, પુ. ૨૯, અંક ૮. ‘કેટલાક ધાતુપ્રતિમા લેખો’ એ શીર્ષક લેખ.

ગામના ઈશાન ખૂણે એક જૂની વાવની જગા હોવાનું બતાવવામાં આવે છે અને તે વાવને 'સમરવાવ' કહેવામાં આવે છે. જો કે અત્યારે તો તેનાં કોઈ અવશેષો ત્યાં જણાતાં નથી. એ જ પ્રમાણે ગામની પશ્ચિમ તરફની ભાગોળે 'સમરવાડો' એ નામની જગા બતાવવામાં આવે છે. ચોમાસામાં ગામના પાદરે થઈ વહેતો વહેળો પણ 'સમરવતી નદી' તરીકે ઓળખાય છે. આ નામો કોઈ વિશિષ્ટ વ્યક્તિને અનુલક્ષીને આપવામાં આવેલાં હોઈ ધ્યાન ખેંચે છે.

ગામમાં નાગદેવતાના સ્થાનકની ભીંતમાં ચણી લીધેલી સંખ્યાબંધ ખંડિત પ્રાચીન મૂર્તિઓ કોઈ પણ અભ્યાસીનું પહેલી જ નજરે ધ્યાન ખેંચે તેમ છે. ઉત્તર દિશાએ નિશાળની સામે આવેલા દેવસ્થાન આગળ શિલાલેખવાળો એક પત્થર અગાઉ હતો, પરન્તુ હવે તે ગુમ થઈ ગયો જણાય છે.

ગામની પશ્ચિમે સિદ્ધનાથ મહાદેવનું મન્દિર છે. તે મન્દિર ઘણું પ્રાચીન હોવાનું કહેવાય છે અને પાટણના રાજા સિદ્ધરાજની સાથે તેનો સંબંધ જોડીને કેટલીક લોકોક્તિઓ કહેવામાં આવે છે, પરન્તુ બાંધકામની દૃષ્ટિએ સિદ્ધનાથ મહાદેવનું અત્યારનું મન્દિર ૨૦૦-૩૦૦ વર્ષથી વધારે જૂનું હોય તેમ લાગતું નથી; અને લોકોક્તિઓ સંબંધમાં કોઈ વજનદાર પ્રમાણો આપણી પાસે નથી.

સંડેરમાં લેઉઆ પાટીદારોની વસ્તી મોટી છે અને તેમનાં આશરે ૫૦૦ ઘર છે. તેઓ પાંચસો વર્ષ ઉપર ચરોતર બાજુથી ત્યાં આવેલા એમ વહીવંચાઓ જણાવે છે.[૧૫] પાટણમાં લેઉઆ પાટીદાર કોમનો એક વિભાગ 'સાંડેસરા' નામથી ઓળખાય છે. એ નામ સંડેર ઉપરથી પડ્યું હશે એમ કેટલાક માને છે તે બરાબર નથી. પાટણની નૈઋત્યે 'સાંડેસર' ગામનાં ખંડેરો છે. તે ગામ છોડીને પાટણમાં આવેલા લોકો 'સાંડેસરા' નામથી ઓળખાયા હોવા જોઈએ.

---

૧૫. અત્યારે પણ પાટણવાડામાં સામાન્ય રીતે પહેરાતી એવી અમદાવાદી પાઘડી નહીં, પણ ચરોતરી પાઘડી તેઓ પહેરે છે, એ વસ્તુ આ ઐતિહાસિક ઘટનાની સૂચક છે.

# "કક્ષાબન્ધં વિદધતિ ન યે"

'બિલ્હણપંચાશિકા' અથવા 'ચૌરપંચાશિકા' નામના સુપ્રસિદ્ધ સંસ્કૃત પ્રણયકાવ્ય સાથે જેનું નામ જોડાયેલું છે તે કાશ્મીરી કવિ બિલ્હણ વિક્રમના બારમા સૈકાના પૂર્વાર્ધમાં, સિદ્ધરાજના પિતા કર્ણ સોલંકીના રાજ્યકાળ દરમિયાન ગૂજરાતમાં આવ્યો હતો, અને પાટણમાં શાન્તુ મહેતાના આશ્રયે રહ્યો હતો. કર્ણ અને મયણલ્લાના પ્રણયપ્રસંગનું ગર્ભિત રીતે નિરૂપણ કરતું 'કર્ણસુન્દરી' નામનું નાટક તેણે પાટણમાં રહીને લખ્યું હતું અને શાન્તુ મહેતાની આજ્ઞાથી એક જૈન મન્દિરમાં ઉત્સવ પ્રસંગે તે ભજવાયું હતું. ત્યારપછી બિલ્હણ કોઇ કારણથી ખિન્ન થઇ પાટણ છોડી ગયો હતો. અને સોમનાથની યાત્રા કરી ત્યાંથી સમુદ્રમાર્ગે દક્ષિણ તરફ ગયો હતો. પ્રાચીન કાળના પંડિતોની રીતિ મુજબ, અનેક દેશોમાં પ્રવાસ કરતો અને અનેક રાજદરબારોની મુલાકાતો લેતો છેવટે તે કલ્યાણના રાજા ત્રિભુવનમલ્લ અથવા વિક્રમાદિત્યના આશ્રયે જઇને રહ્યો હતો. ત્યાં બિલ્હણે એ રાજાનું કલ્પનારસ્યું જીવન વર્ણવતું 'વિક્રમાંકદેવચરિત' નામનું કાવ્ય લખ્યું. એ કાવ્યના છેલ્લા એટલે કે ૧૮ મા સર્ગમાં બિલ્હણે પોતાનો આત્મવૃત્તાન્ત આલેખ્યો છે. એ સર્ગનો, તેમાંની ગૂર્જરનિન્દાને કારણે ઠીક ઠીક જાણીતો થયેલો એવો, ૯૭ મો શ્લોક નીચે પ્રમાણે છેઃ—

> कक्षाबन्धं विदधति न ये सर्वदैवाविशुद्धा-
> स्तद् भाषन्ते किमपि भजते यज्जुगुप्सास्पदत्वम् ।
> तेषां मार्गे परिचयवशादर्जितं गूर्जराणां

यः सन्तापं शिथिलमकरोत्सोमनाथं विलोक्य* ॥

અર્થાત્ જેઓ કાછડી બાંધતા નથી, સર્વદા અવિશુદ્ધ રહે છે તથા જુગુપ્સાજનક ભાષા બોલે છે એવા ગૂર્જરોના પરિચયને કારણે માર્ગમાં થયેલો ખેદ મેં સોમનાથના દર્શનથી ટાળ્યો.

આ શ્લોકમાં कक्षाबन्धं विदधति न ये એ શબ્દો ખાસ ધ્યાન ખેંચે છે. શું એ કાળના ગૂર્જરો કાછડી નહીં બાંધતા હોય? અથવા શું પ્રજાનો એક મોટો ભાગ એ પ્રકારનો પહેરવેશ પહેરતો હશે, જેથી બિલ્હણુ ગૂર્જરોની નિન્દા કરવા માટે આવું એક સામાન્ય વિધાન કરી શકયો? ગૂજરાતી કલાના પ્રાચીન નમૂનાઓમાં પુરુષોને કાછડી દેખાતી નથી, પરન્તુ લુંગીની માફક કમરની આસપાસ વસ્ત્ર વીંટાળેલું હોય છે તથા ગાંઠમાંથી આગળ પાટલીની માફક છેડો લટકતો રહે છે. જો કે આ વસ્ત્રની અંદર ચડ્ડી અથવા કટિબંધ જેવું પહેરેલું કેટલીક વાર જણાય છે ખરું. 'જૈન ચિત્રકલ્પદ્રુમ' જેવા ગૂજરાતી ચિત્રકળાના પ્રતિનિધિરૂપ સંગ્રહમાંનાં સૌથી જૂનાં ચિત્રો તથા બારમા–તેરમા સૈકાનાં માનવશિલ્પ ( Portrait–sculpture ) જોવાથી આનો કંઇક ખ્યાલ આવશે.

બિલ્હણુના સ્પષ્ટાર્થદર્શી વિધાન તથા પ્રાચીન કલાના નમૂનાઓ ઉપરથી કરવામાં આવેલો આ તર્ક છે. બિલ્હણુનું કથન એમ પણ સૂચવે છે કે ઉત્તર હિન્દ અને કાશ્મીરમાં એ વખતે કાછડી બાંધવાનો રિવાજ સામાન્ય રીતે હતો. દક્ષિણનો પ્રદેશ કે જ્યાં રહીને બિલ્હણે

* 'વિક્રમાંકદેવચરિત'ના સંપાદક ડૉ. બુલ્હરે ગૂજરાતીઓના કહેવાતા અશુદ્ધ સંસ્કૃત ઉચ્ચારો પ્રત્યે આ શ્લોક ઉપરથી ધ્યાન ખેંચ્યું છે ( પ્રસ્તાવના, પૃ. ૧૯ ), તથા ઈસવી સનના અગીઆરમા સૈકાના ઉત્તરાર્ધમાં ગૂજરાતમાં બોલાતી ભાષા વિષે એક પરપ્રાન્તીય કવિ શું ધારતો હતો એ બતાવવા માટે શ્રી. નરસિંહરાવ દિવેટિયાએ Gujarati language and literature, Vol· II ના પહેલા જ પૃષ્ઠ ઉપર આ શ્લોક ઉતાર્યો છે.

પોતાનું કાવ્ય રચ્યું હતું ત્યાં એ વખતે પુરુષોનો પહેરવેશ ગૂજરાતથી કયા પ્રકારે ભિન્ન હશે, એ માટે એકદમ સામાન્ય વિધાન બાંધવાનું મુશ્કેલ છે.

ગૂજરાતી પહેરવેશમાં કાછડી બાંધવાનું કયારથી શરૂ થયું હશે? તથા રાજસ્થાનનો દક્ષિણ તથા પશ્ચિમનો પ્રદેશ જે વાસ્તવિક રીતે જોતાં પ્રાચીન ગૂજરાતનો જ એક ભાગ છે ત્યાં કછોટો પણ પાછળથી દાખલ થયો હશે? અત્યારે તો ધોતિયાનો કછોટો એ મારવાડી પહેરવેશની જ વિશિષ્ટતા છે.

પ્રાચીન ચિત્ર અને શિલ્પમાં દેખાતી ગૂજરાતી વેશભૂષાનો અભ્યાસ કરવા જેવો છે, એવા સૂચન સાથે અત્યારે તો માત્ર એક જ દૃષ્ટિબિન્દુથી લખાયેલી આ નોંધ પૂરી કરું છું.

# કેટલાક ઐતિહાસિક શિલાલેખો

## ( ૧ )

### પાટણમાં વસ્તુપાલના દાદા સોમનો શિલાલેખ

પાટણમાં ડૉ. પંડ્યા અભ્યાસગૃહના પ્રાચીન કલા સંગ્રહસ્થાનમાં આરસપહાણની એક વિશાળ ખુંભી પડેલી છે. એ ખુંભીની ચારે બાજુએ બે પંક્તિઓમાં આ લેખ કોતરેલો છે. આરંભમાં સં. ૧૨૮૪ની સાલ આપેલી છે, અને પછી ત્રણ શ્લોકો આવે છે, જેમાં પહેલા બે શાર્દૂલવિક્રીડિત અને ત્રીજો અનુષ્ટુપ છે. પંક્તિવાર એ લેખ નીચે પ્રમાણે છે—

[ १ ] ॥द०॥ सं. १२८४ वर्षे ॥ विश्वानंदकरः सदा गुरुरुचिर्जीमूतलीलां दधौ । सोमश्चारुपवित्रचित्रविकसद्देवेशधर्मोन्नतिः । चक्रे मार्गणपाणिशुक्तिकुहर(रे) यः स्वातिवृष्टिव्रजैर्मुक्तिमौक्तिकनिर्मलं शुचियशो दिक्कामिनीमण्डनम् ॥१॥ युक्तं...सोमसचिवः कुन्देन्दुशुभ्रैर्गुणैः । रिद्धः सि—

[ २ ] द्धनृप(पं) विमुच्य सुकृती चक्रे न कंचिद्विभुं । रंगद्(भृं)गमदप्रदच्छदभरः श्रीसद्मपद्मं किमु । सोल्लासाय विहाय भास्करमहस्तेजोऽन्तरं वाञ्छति ॥२॥ पर्यणैषीदसौ सीतामाविश्वामित्रसंगतः । अभूत् त्रि(?क्र)तमहाधर्मकाघवो राघवोऽपरः ॥३॥

[ભાવાર્થ:—સં. ૧૨૮૪ વર્ષે. વિશ્વને આનંદ આપનાર, હંમેશાં ગુરુ પ્રત્યે પ્રેમ રાખનાર તથા મેઘના જેવી લીલાને ધારણ કરનાર સોમ કે જેની ધર્મોન્નતિ વિકાસ પામતી જાય છે તથા માગણોના હાથરૂપી છીપમાં દાનરૂપી સ્વાતિવૃષ્ટિ કરી હોવાને કારણે જેનો યશ દિશાઓરૂપી સ્ત્રીઓનું મંડન કરનાર મોતીના જેવો નિર્મળ અને પવિત્ર છે;

...તે સોમ સચિવ ચંદ્ર જેવા શુભ્ર ગુણોથી યુક્ત હતો; તેણે સિદ્ધરાજને મૂકીને બીજા કોઈને પોતાનો સ્વામી બનાવ્યો નહોતો–લક્ષ્મીના નિવાસસ્થાન રૂપ કમળ પોતાને ઉલ્લસિત કરવા માટે ભાસ્કર સિવાય બીજા કોઇ તેજની વાંછના શું કરે છે ખરું ?

તેણે (સોમે) મહાધર્મ પાળ્યો હતો, તેથી તે બીજા રાઘવ જેવો લાગતો હતો તથા વિશ્વામિત્રની સંગતિ સિવાય તે સીતા સાથે પરણ્યો હતો.]

આ લેખ ઉપરથી તેમ જ અન્ય અનેક પ્રશસ્તિઓ અને ગ્રન્થો ઉપરથી આપણે જાણી શકીએ કે સોમ એ સિદ્ધરાજનો મંત્રી હતો તથા તેની સ્ત્રીનું નામ સીતા હતું. ગૂજરાતના મહામંત્રી વસ્તુપાલના પૂર્વજોની વંશાવલિ આપતાં પ્રશસ્તિઓ આદિ જણાવે છે કે પ્રાગ્વાટ વણિક ચંડપનો પુત્ર ચંડપ્રસાદ, તેનો પુત્ર સોમ, તેનો આશારાજ અને તેના પુત્રો વસ્તુપાલ–તેજપાલ હતા. આમ સોમ એ વસ્તુપાલ–તેજપાલનો પિતામહ હતો.

અર્થાત્ સોમ સિદ્ધરાજનો સમકાલીન છે. સિદ્ધરાજનું મરણ સં. ૧૧૯૯ માં થયું, પરન્તુ આ લેખના આરંભમાં તો સં. ૧૨૮૪ ની સાલ આપી છે કે જ્યારે ગૂજરાત ઉપર ભીમદેવ બીજો રાજ્ય કરતો હતો. સારાંશ કે આ લેખ સોમે પોતે કોતરાવ્યો હોય, એ અસંભવિત છે. સોમના વંશજોએ જ પોતાના મહાલયમાં પાછળથી એ લેખ કોતરાવ્યો હશે.

મારા આ અનુમાનને ટેકો આપનાર એક મજબૂત પ્રમાણ આકસ્મિક રીતે મળી આવ્યું છે. પાટણમાં જ કાળકા માતાના મન્દિરમાં બે આરસના થાંભલાઓ ઉપર નીચે પ્રમાણે બે લેખો કોતરેલા છે—

(१) ॥द०॥ सं. १२८४ वर्षे श्रीमत्पत्तनवास्तव्य प्राग्वाट ठ० श्रीचंडप्रसाद-सुत ठ० श्रीसोमः ॥

(२) द०॥ सं. १२८४. वर्षे श्रीमत्पत्तनवास्तव्य ठ० श्रीपूनसीहसुत ठ० आल्हणदेविकुक्षिभूः ठ० पेथडः ॥

બન્ને લેખોમાં સં. ૧૨૮૪ની સાલ છે, છતાં પહેલામાં વસ્તુપાલના દાદા સોમનું નામ છે, જ્યારે બીજામાં વસ્તુપાલના ભાઈ મલ્લદેવના પુત્ર

પૂર્ણસિંહના પુત્ર પેથડનું નામ છે.[1] આ બન્ને લેખો તથા ડૅા. પંડ્યા અભ્યાસગૃહમાંના લેખોના અક્ષરો અદ્‌ભુત રીતે મળતા આવે છે અને એક જ સલાટના હાથે એક જ વખતે કોતરાયા હોય એમ જણાઇ આવે છે. આટલા ઉપરથી આપણે સહજ અનુમાન ખેંચી શકીશું કે ડૅા. પંડ્યા અભ્યાસગૃહમાંની ખુંભી તથા કાળકા માતાના મંદિરમાંના ઉપર્યુક્ત બે સ્તંભો એક કાળે વસ્તુ-પાલ–તેજપાલના પાટણમાંના વિશાળ મહાલયના હોવા જોઇએ. એ મહાલયના જુદા જુદા સ્તંભો ઉપર એ મંત્રીઓએ પોતાના પૂર્વજોની ટૂંક પ્રશસ્તિઓ તથા હયાત વ્યક્તિઓનાં નામો કોતરાવ્યાં હશે. અત્રે આપેલા ત્રણે લેખોના આરંભે સં. ૧૨૮૪ ની સાલ છે, તે ઉપરથી મહાલય પણ એજ સાલમાં બંધાયો હશે. ગૂજરાતનાં ઐતિહાસિક ખંડેરો-માં અનેક સ્થળે પત્થરો ઉપર આપણે વ્યક્તિઓના નામ કોતરેલાં જોઇએ છીએ. મકાનોમાં કુટુંબીજનોનાં નામ કોતરવાની પ્રથા તે કાળે પ્રચલિત હોવી જોઇએ–અને તેમાંયે વસ્તુપાલને તો પોતાનાં સ્વજનોને શિલાલેખો અને મૂર્તિઓ દ્વારા ચિરંજીવ બનાવવાનો રીતસર શોખ હતો, એમ આબુ ઉપર તેણે કોતરાવેલી પ્રશસ્તિઓ અને પ્રતિષ્ઠિત કરાવેલી મૂર્તિઓ ઉપરથી જણાઇ આવે છે.

સોમના શિલાલેખમાંના ત્રણ શ્લોકો પૈકી પહેલો શ્લોક થોડાક પાઠફેર સાથે ઉદયપ્રભસૂરિકૃત 'સુકૃતકીર્ત્તિકલ્લોલિની'માં મળે છે.[2] બાકીના બે શ્લોકો પણ કોઇ કાવ્ય અગર પ્રશસ્તિમાંથી લેવામાં આવ્યા હશે, એમ લાગે છે, પરન્તુ કયી પ્રશસ્તિ અગર કાવ્યમાંથી તે લેવાયા હશે, એ હજી જાણી શકાયું નથી.

---

૧. જુઓ—

मल्लदेवसचिवस्य नन्दनः पूर्णसिंह इति लीलुकासुतः ।
तस्य नंदति सुतोऽयमह्लणादेविभूः सुकृतवेश्म पेथडः ॥

—આબુ ઉપર લૂણવસહીની પ્રશસ્તિ, શ્લોક ૫૮ (પ્રા. જૈ. લે. સં., પૃ. ૮૩)

૨. ઉદયપ્રભસૂરિ એ વસ્તુપાલના ગુરુ વિજયસેનસૂરિના શિષ્ય હતા. તેમનું 'સુકૃતકીર્તિકલ્લોલિની' કાવ્ય વસ્તુપાલ-તેજપાલનાં સત્કૃત્યોની પ્રશસ્તિ

## ( ૨ )

## કુમારપાલના રાજ્યકાળનો પ્રભાસપાટણનો શિલાલેખ

આ શિલાલેખ જૂનાગઢના મ્યુઝિયમમાંથી મળેલો છે. લેખ ખંડિત છે. જે કાળા આરસની શિલા ઉપર તે કોતરેલો છે તે કઢંગી રીતે તૂટી ગયેલી છે. શિલાના દેખાવ ઉપરથી હું અનુમાન કરું છું તેમ, આખોયે લેખ આશરે ત્રીસ પંક્તિનો હોવો જોઇએ, જેમાંથી ખંડિત અને અખંડિત સર્વ મળીને માત્ર સત્તર પંક્તિઓ આપણી પાસે છે. એ સત્તર પંક્તિઓમાં પણ માત્ર સાત જ અણીશુદ્ધ છે.

લેખ કુમારપાલના રાજ્યકાળનો છે. શરૂઆતમાં ચૌલુક્ય રાજાઓની વંશાવળી આપવામાં આવી છે. આદિભાગના મૂળરાજ વિષેના શ્લોકનો નાશ થઈ ગયો છે. ત્યાર પછી ચામુંડરાજ—વલ્લભરાજ—દુર્લભરાજ—ભીમદેવ—કર્ણદેવ—જયસિંહદેવ—કુમારપાલ, એ નામો આવે છે. કુમારપાલે પ્રભાસપાટણમાં કક્કકના પુત્ર ગૂમદેવને હાકેમ નીમ્યો હતો. ગૂમદેવે પ્રભાસમાં એક મન્દિર બંધાવ્યું હતું. મન્દિર કયા દેવનું હતું, એ લેખ અત્યંત ખંડિત હોવાથી સ્પષ્ટપણે જાણી શકાતું નથી. પણ ચૌદમી પંક્તિમાં આવતા...धर्मादित्यकृते विचित्ररचनं...એ પ્રમાણેના ઉલ્લેખ ઉપરથી એમ અનુમાન થઇ શકે છે કે એ મન્દિર ધર્માદિત્ય નામના સૂર્યનું હોય.[1] આ અનુમાન વાજબી હોવાનું એક વિશ્વાસપાત્ર

---

રૂપે, સં. ૧૨૭૭માં વસ્તુપાલે શત્રુંજયની યાત્રા કરી તે પ્રસંગે રચાયું હોવાનું અનુમાન થાય છે. શિલાલેખમાંનો પહેલો શ્લોક તેમાં નીચે પ્રમાણે છે—

विश्वानन्दकरः सदा गुरुरुचिर्जीमूतपूतोन्नतिः
सोमः कोऽपि पवित्रचित्रविकसद्देवेशधर्मोन्नतिः ।
चक्रे मार्गणपाणिशुक्तिकुहरे यः स्वातिवृष्टिव्रजै—
र्मुक्तैर्मौक्तिकनिर्मलं शुचियशोदिक्कामिनीभूषणम् ॥

—શ્લોક ૧૦૫ ( ગા. ઓ. સી.માં છપાયેલ 'હમ્મીરમદમર્દન'નું પરિશિષ્ટ)

૧. સૂર્ય દેવતાઓનાં નામ આગળ 'આદિત્ય' શબ્દ લગાડવામાં આવતો, એ સુપ્રસિદ્ધ છે. દા. ત. રાષ્ટ્રકૂટ રાજા ગોવિન્દ પ્રભૂતવર્ષના શક સં. ૭૪૯ના દાનપત્રમાં જયાદિત્ય નામના સૂર્યના મન્દિરને દાન અપાયાનો (ગૂજરાતના ઐતિ-

પ્રમાણ મળી આવે છે. અહીં રજૂ કરવામાં આવેલો લેખ અપ્રસિદ્ધ છે, પણ તેની ટૂંક નોંધ આ "ત્રૈમાસિક"ના ગતાંકમાં પૃ. ૮૬ ઉપર શ્રી. હરિશંકર શાસ્ત્રીએ 'પરમ માહેશ્વર રાજા કુમારપાલ' એ નામના પોતાના લેખમાં લીધી છે. તેમાં તેઓ જણાવે છે કે જૂનાગઢની આર્કિયોલોજીકલ સોસાઇટીના દફતરમાં નોંધાયા પ્રમાણે, આ લેખ પ્રભાસથી ઇશાન ખૂણે ૧૦-૧૧ માઇલ દૂર આવેલા ભીમના દેવળ-માંથી લાવવામાં આવેલો છે. ભીમનું દેવળ અગાઉ સૂર્યમન્દિર હોવાની પ્રચલિત માન્યતા છે, અને તે માન્યતા धर्मादित्यकृते० એ ઉલ્લેખની સાથે બરાબર બંધ બેસી જાય છે. આ નૂતન પ્રમાણના ટેકા સિવાય એ મૂળ ઉલ્લેખ અસ્પષ્ટ જ રહ્યો હોત. અર્થાત્ ગૂમદેવે બંધાવેલું મન્દિર કયા દેવનું હતું, એ પરત્વે શિલાલેખમાંથી મળતી માહિતી પૂરતી સ્પષ્ટ નથી, તો પણ આ હકીકતોના આધારે આપણે નિર્ણય કરી શકીએ કે એ મન્દિર સૂર્યનું હોવું જોઇએ.

મન્દિર કયી સાલમાં બંધાયું હશે એનો પણ નિર્ણય થઈ શકે એમ નથી, કારણ કે લેખની છેવટની પંક્તિઓ સાવ ખંડિત છે. છતાં એટલું તો ચોક્કસ કે સં. ૧૧૯૯ અને સં. ૧૨૨૯ એ કુમારપાલના રાજ્યકાળનાં વર્ષો દરમ્યાન તે બનેલું હોવું જોઇએ. એ વર્ષો દરમ્યાન એક કાળે કક્કકનો પુત્ર ગૂમદેવ પ્રભાસનો હાકેમ હતો અને તે ગૂમદેવે આભીરોને હરાવ્યા હતા ( ...यत्खड्गाहतभीतिकंपतरलैराभीरवीरैः स्थितं । ) એમ આ લેખ આપણને જણાવે છે.

આ આભીરો કોણ તે સ્પષ્ટ રીતે જાણી શકાતું નથી. કુમારપાલના રાજ્યકાળ દરમ્યાન સૌરાષ્ટ્ર દેશના રાજા સુંવર કે સઉસર ( सुराष्ट्रदेशीयं

હાસિક લેખો, નં. ૧૨૬ ) તથા ઉનામાંથી મળેલાં અનુક્રમે વિ. સં. ૯૫૬ અને ૯૫૦નાં તામ્રપત્રોમાં ચૌલુક્ય વંશના અવનિવર્માએ તથા તેના પુત્ર બલવર્માએ તરુણાદિત્ય નામના સૂર્યના મન્દિરને દાન આપ્યાનો ( Epigraphia Indica, Vol. IX, pages 6-10 ) ઉલ્લેખ છે. આ જોતાં પ્રભાસમાં પણ ધર્માદિત્યનું સૂર્યમંદિર બંધાયું હોય, એમ ઉપરના ઉલ્લેખ ઉપરથી માનવું યોગ્ય છે.

सुंवरनामानं ) સાથે કુમારપાલના લશ્કરને યુદ્ધ થયું હતું. તેમાં ' પ્રબન્ધચિન્તામણિ'કારના જણાવ્યા પ્રમાણે, સેનાનાયક ઉદયન મરણતોલ ઘાયલ થયો હતો અને 'કુમારપાલચરિત'કારના કથન મુજબ, ઉદયને સુંવરને મારીને તેના પુત્રને ગાદીએ બેસાડ્યો હતો. કુમારપાલના સૌરાષ્ટ્રમાંના વિગ્રહનો આ એકમાત્ર ઉલ્લેખ આપણને પ્રબન્ધોમાંથી મળે છે, પરન્તુ તે આ શિલાલેખમાં વિવક્ષિત નથી; કેમકે સોમનાથ અને તેની આજુબાજુનો પ્રદેશ તો તે પૂર્વે ઘણો સમય થયાં અણહિલવાડના પૂર્ણ આધિપત્ય નીચે હતો. સુંવર સૌરાષ્ટ્રના કયા પ્રદેશનો રાજા હતો તે વિષે પ્રબન્ધોમાં કંઈ સ્પષ્ટતા નથી, પરન્તુ દક્ષિણ કાઠિયાવાડ એટલે કે સોમનાથની આજુબાજુના પ્રદેશનો તે રાજા હોય, એ બનવા જોગ નથી. કેટલાક અનુમાન કરે છે તેમ તે ગોહિલવાડનો કોઈ મેર સરદાર હોય. તો પછી આ શિલાલેખમાં જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે આભીરો કોણ? 'પ્રબન્ધચિન્તામણિ'માં એક સ્થળે જૂનાગઢના રા' નવઘણને 'આભીરોનો રાણો' છે. * આપણો શિલાલેખ પણ જૂનાગઢ નજદીકનો–સોરઠનો છે. એટલે તેમાં બતાવેલ આભીરો એ સોરઠની અર્ધસંસ્કૃત લડાયક કોમ આહીરો હશે. એ લોકોનો એકાદ નાનકડો બળવો પ્રભાસના હાકેમ ગૂમદેવે શમાવી દીધો હશે, જેનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પ્રબન્ધોમાં કોઈ સ્થળે આનું સૂચન નથી તથા સ્થાનિક હાકેમે જ તે દાબી દીધો હતો એ જોતાં આ ઝઘડો ઐતિહાસિક અગત્ય આપવા જેવો નહીં હોય. છતાં તેની નોંધ પ્રભાસના સ્થાનિક ઇતિહાસની એકાદ કડી સાંધવામાં મદદગાર થાય ખરી.

શિલાલેખની જે પંક્તિઓ ખંડિત અથવા અખંડિત સ્વરૂપમાં જળવાઈ રહી છે તે સર્વ શાર્દૂલવિક્રીડિતમાં છે. પંક્તિવાર લેખ નીચે મુજબ છે–

[ १ ] जयः स....

[ २ ] त्रजितारिपार्थिवबल...

---

* 'પ્ર. ચિં' (ભાષાન્તર), પૃ. ૧૩૪

[ ३ ] नश्चामुंडराजो नृपः । तस्मात्वल्लभ(राज)...

[ ४ ] नर्ज्जातो दुर्लभराज इत्यवनिपः श्री(भी)मदेवस्तत....

[ ५ ] ष्टदुष्टदलनः प्रागल्भ्यसंभावितो रूपश्रीजितमन्मथः पृथुभु(जः श्री)

[ ६ ] कर्णदेवो नृपः । तत्सूनुर्जयसिंहदेव इति च प्रत्यर्थिपृथ्वीभुजामु-

[ ७ ] द्धर्त्ता गुरुसाहसैकरसिको(ऽ)भूत्सिद्धचूडामणिः ॥४॥ एतस्मि-
न्पू(पु)रु-

[ ८ ] हूतपत्तनवधूनेत्रातिथौ सत्यभूल्लक्ष्मीमानत्र कुमारपालनृपतिर्दु-

[ ९ ] र्व्वारवीरव्र(त)ः । यत्सेनावरवाजिपुङ्गवखुरप्रोत्खातपृथ्वीरजःसं-

[१०] घातावृतविग्रहे दिनपतौ नक्ताथते वासरः ॥५॥ तेन क्ष्मापतिना न्य-

[११] युज्यत मुदा निर्व्याजवीर्योर्ज्जितस्फारप्रौढविलासमन्दिरमसौ

[१२] श्रीकक्ककस्यात्मजः । श्रीसोमेश्वरपत्तनावनविधौ श्रीगूमदेवो ब-

[१३] ली यत्खड्गाहतभीतिकंपतरलैराभीरवीरैः स्थितं ॥६ तेनातथ्य...

[१४] ...निष्ठमनसाऽप्रांदोलकं धीमता धर्मादित्यकृते विचित्ररच(नं)...

[१५] ....सो तत्पूजानिरतैः सदैव मनुजैः संप्राप्यते (वांछितं)...

[१६] ...द वसतः सत्यं मुहुर्ब्रूमहे ॥७ मूर्त्तिरे...

[१७] ...मेन कृष्णोपमा...

( 3 )

## મહમ્મદશાહ ત્રીજાનો પાટણનો સં. ૧૫૯૪ નો શિલાલેખ

પાટણમાં ડૉ. પંડયા અભ્યાસગૃહના પ્રાચીન કલાસંગ્રહસ્થાનમાંની આરસની એક નાની તકતી ઉપર આ લેખ કોતરવામાં આવેલો છે. લેખની ભાષા સંસ્કૃત છે, લિપિ દેવનાગરી છે તથા લેખમાં બાર પંક્તિઓ છે. સં. ૧૫૯૪ માં અમદાવાદના સુલતાન મહમ્મદશાહના રાજ્યમાં પાટણનો સુબો શિગીરામીખાન હતો તે વખતે દરિયાખાનના આદેશથી મલીક રકુનલ (રૂકનુદ્દીન ?) નામે અમલદારે પાટણમાં ધર્મશાળા કરાવી હતી, એવો ઉલ્લેખ તેમાં છે.

પ્રસ્તુત મહમ્મદશાહ તે મહમ્મદશાહ ત્રીજો હોઈ શકે, એમ ઈતિહાસ ઉપરથી જણાય છે. ઈ. સ. ૧૫૩૬ (સં. ૧૫૯૨) માં તે ગાદીએ આવ્યો ત્યારે અગિયાર વર્ષનો હતો. આથી દરિયાખાન અને ઈમાદુલ્મુલ્ક

નામે બે માથાભારે અમીરો સર્વ રાજ્યકારભાર ચલાવતા હતા અને સગીર સુલતાનને સખ્ત જાપ્તામાં રાખતા હતા. સત્તાલોભી દરિયાખાને કાવતરાં કરી ઇમાદુલ્મુલ્કને નસાડ્યો. આ વિજયથી તે એશઆરામી થઈ ગયો હતો. આ તકનો લાભ લઇને સુલતાન મહમ્મદશાહ દરિયાખાનના જાપ્તામાંથી મુક્ત થઈ ધંધુકામાં આવેલી આલમખાન લોદીની જાગીરમાં ગયો. દરિયાખાને લશ્કરની મદદથી ધંધુકા લીધું અને સુલતાનને નસાડી મૂક્યો. પણ તેનું જ લશ્કર તેની સામે થયું અને છેવટે તે બુરાનપુર તરફ નાસી ગયો.

આમ ગૂજરાતની સુલતાનશાહીના પતનકાલનો આ શિલાલેખ છે. સં. ૧૫૯૪ માં પાદશાહ માત્ર તેર વર્ષનો હોઇ દરિયાખાન સર્વસત્તાધારી હતો એમ તેના હુકમથી ધર્મશાળા બંધાવી હોવાના ઉલ્લેખ પરથી સમજી શકાય છે.

પાટણમાં કયા સ્થળે આ ધર્મશાળા બાંધવામાં આવી હશે તે કહેવાનાં કોઇ સાધનો આપણી પાસે નથી. લેખની તકતી તે ધર્મશાળાની ભીંતમાં બેસાડવામાં આવી હશે, એમ કલ્પી શકાય છે.

મુસ્લિમ રાજ્યકાળમાં મુસ્લિમ સત્તાધારીઓએ બંધાવેલી ધર્મશાળાનો આ લેખ સંસ્કૃત ભાષામાં છે તે નોંધપાત્ર છે. મુસ્લિમ રાજ્યકાળમાં પણ સંસ્કૃત ભાષામાં લખાયેલાં ખતપત્રો, દસ્તાવેજો વગેરે માન્ય રાખવામાં આવતાં એ તો જાણીતી વાત છે, પરન્તુ મુસ્લિમ હાકેમો પોતે થઇને સંસ્કૃતમાં લેખો કોતરાવતા એ ધ્યાન ખેંચે છે. સંભવ છે કે બંધાવવામાં આવેલી ધર્મશાળા ખાસ કરીને હિન્દુ પ્રજાજનો માટે હશે. આ ઉપરાંત મુસ્લિમ સુલતાનના નામ આગળ 'અલક્ષજગદીશવરલબ્ધરાજ્યલક્ષ્મીસ્વયંવરમાલાલંકૃતકંઠકંદલ', 'રિપુવનદહનદાવાનલ,' 'અન્યાયાંધકારમાર્તંડ,' 'યાચકજનચિન્તામણિ' ઇત્યાદિ વિશેષણો લગાડવામાં આવેલાં છે તે પણ નોંધ માગી લે છે. જો કે તે ઉપરથી જે તે સુલતાનની વ્યક્તિગત કારકિર્દી વિષે અનુમાન કરવા બેસવું એ તો સાહસ જ ગણાય, કેમકે હિન્દુ તેમ જ મુસ્લિમ રાજ્ય-

કાળના સંસ્કૃત દસ્તાવેજો તેમજ શિલાલેખોમાં રાજ્યકર્તાઓનાં નામ આગળ એવાં જ વિશેષણો એક નિયમ તરીકે લગાડેલાં હોય છે. અર્થાત્ એવાં વિશેષણો લગાડવાની પ્રચલિત રૂઢિ હતી.

આ શિલાલેખમાંથી સ્થાનિક હાકેમો વગેરેનાં નામ મળે છે. અનુવાદાત્મક પ્રમાણો તરીકે આવા લેખો ઘણીવાર મહત્ત્વના થઈ પડે છે.

લેખની ભાષા સંસ્કૃત દસ્તાવેજોની ભાષા જેવી શિથિલ છે. વ્યાકરણ તથા જોડણીની પણ કેટલીક ભૂલો છે. બારમી પંક્તિમાં शुभं भवतु ને બદલે शुभं भवस्तु નજરે પડે છે, તે કોતરનાર સલાટની ભૂલ હોવી જોઈએ. મૂળ લેખ પંક્તિવાર નીચે પ્રમાણે છે–

[ १ ] दं०।। उँ स्वस्तिश्री संवत १५९४ वर्षे शाके १४५९ प्रवर्त-
माने मा–

[ २ ] घमासे शुक्लपक्षे तृतीया गुरौ श्रीमदणहल्लपुर–

[ ३ ] पत्तने अलक्षजगदीशवरलब्धराज्यलक्ष्मीस्वयंवरमाला–

[ ४ ] लंकृतकंठकंदल रिपुवनदहनदावानल अन्यायांधक–

[ ५ ] ारमांतड न्यायैकनिजमन्दिर सेवकजनसदाफल(द) द–

[ ६ ] ारिद्र(द्य)मुगटा(?)विघटन याचकजनचिन्तामणी(णि) पातसाह

[ ७ ] श्रीश्रीश्रीश्रीश्री मिहिमूदसकलकल्याणविजयराज्ये

[ ८ ] राज्ञी(ज्ञि) श्रीआहिमदावादे राज्यं कुर्वति । तत्प्रभुणा नियुक्ते

[ ९ ] श्रीपत्तने दीवानदीपके मुक्त मजलसिगिरामीषान श्री

[१०] दरीयाषान आदेशतो मलिकश्री रकुनल मलिक सं–

[११] ज्ञे अनेन प्रभुणा धर्मशाला निःपादिता । सा चिरं तिष्ठतु ।।।

[१२] श्रीरस्तु ।। कल्याणमस्तु ।। शुभं भवस्तु(तु)।।श्री।। छ ।। छ ।।
छ ।। श्री

( ૪ )

## શ્રી શ્રેયાંસનાથના બિંબ નીચેનો સં. ૧૩૦૦નો શિલાલેખ

આ શિલાલેખ પણ ડો. પંડ્યા અભ્યાસગૃહના પ્રાચીન કલા સંગ્રહસ્થાનનો છે. તેમાં જણાવેલું છે તે પ્રમાણે, જૈન તીર્થંકર

શ્રેયાંસનાથની મૂર્તિના પબાસણ ઉપર તે કોતરેલો હોવો જોઈએ, પરન્તુ મૂર્તિનો પત્તો હાલ મળતો નથી; સંગ્રહસ્થાનમાં તો માત્ર શિલાલેખવાળું પબાસણ અને તે ઉપરની કેટલીક કોતરણી જ જળવાઈ રહેલી છે. મૂર્તિની કોઈ અન્ય સ્થાને પ્રતિષ્ઠા થયેલી હશે અથવા સંજોગવશાત્ તે નષ્ટ થઈ હશે.

લેખ ત્રણ પંક્તિનો છે. સં. ૧૩૦૦ માં ગૂર્જર ભીનમાલ (શ્રીમાલી) જ્ઞાતિના શાહ અભયકુમારના પુત્ર શાહ હેમાએ પોતાના ભાઇ...... (અક્ષરો ઝાંખા અને ઘસાઇ ગયેલા હોવાથી નામ વંચાતું નથી) ના (શ્રેય) અર્થે શ્રીશ્રેયાંસનાથનું બિંબ કરાવ્યું, જેની પ્રતિષ્ઠા રુદ્રપલ્લીય ગચ્છના શ્રીઅભયદેવસૂરિના પટ્ટધર શ્રીદેવભદ્રસૂરિએ કરી હતી.

આ દેવભદ્રસૂરિના બીજા પણ કેટલાક શિલાલેખો મળી આવે છે. આબુ ઉપર સં. ૧૩૦૨ ની સાલવાળા બે શિલાલેખો છે, જેમાં અનુક્રમે શ્રીનેમિનાથ અને આદિનાથનાં બિંબની પ્રતિષ્ઠા તેમણે કરી હોવાનું જણાવેલું છે.[1] દેવભદ્રસૂરિના શિષ્ય શ્રીતિલક ઉપાધ્યાયે વિક્રમના ચૌદમા શતકના ઉત્તરાર્ધમાં ગૌતમપૃચ્છા ઉપર વૃત્તિ લખી હોવાની હકીકત મળે છે.[2]

ઉપર જણાવેલો લેખ પંક્તિવાર નીચે પ્રમાણે છે—

[ १ ] संवत् । १३०० वर्षे माघ शुदि १४ गुजरभीलमालज्ञातीय सा० वीरसुत सा० कउडि तदां—

[ २ ] ग(ज) सा० अभयकुमार अंगज सा० हेमाकेन भ्रात...उ (श्रे)र्थे श्रेयांसबिंबं कारि—

[ ३ ] तं प्रतिष्ठितं च श्रीरुद्रपल्लीय श्रीमदभयदेवसूरिपट्टे श्री देवभद्र-सूरिभिः ॥

## ( ૫ )

## ગિરનારની પાજના જીર્ણોદ્ધારનો સં. ૧૬૮૩ નો શિલાલેખ

ગિરનાર પર ચઢતાં રાજા ભર્તૃહરિની ગુફાથી થોડેક આગળ

---

૧. શ્રી જિનવિજયજી: પ્રાચીન જૈન લેખસંગ્રહ, ભાગ ૨, લેખાંક ૨૦૯–૧૦

૨. શ્રી મોહનલાલ દ. દેસાઇ: જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૪૩૩

પહાડમાં જમણી બાજુએ આ લેખ કોતરેલો છે. લેખની ભાષા ગૂજરાતી છે, પણ લિપિ દેવનાગરી છે. તેમાં જણાવેલું છે કે સં. ૧૬૮૩માં ગિરનારની પૂર્વ તરફની પાજ(પગથિયાં)નો જીર્ણોદ્ધાર દીવના સંઘે કરાવ્યો હતો. લેખની છેવટની ત્રણ પંક્તિઓનો અર્થ શિથિલ વાક્યરચનાને કારણે કંઈક સંદિગ્ધ રહે છે, પરન્તુ આ જીર્ણોદ્ધારમાં મુખ્ય ફાળો માસિંઘજી મેઘજીએ આપ્યો હતો એવો અર્થ ત્યાં આપણે લઈ શકીએ.

પંક્તિવાર લેખ નીચે પ્રમાણે છે—

[૧] स्वस्तिश्री संवत १६८३ वर्षे कार्तिक
[२] वदि ६ सोमे । श्रीगिरनारतीर्थ-
[३] नी पूर्वनी पाजनो उद्धार श्री
[४] दीवना संघे पुण्य (धर्म)[3] निमित्ते श्री-
[५] मालज्ञातीय मासिंघजी
[६] मेघजीए उद्धार कराव्यो

( ૬ )

## વિજયદાનસૂરિની પાદુકા ઉપરનો શિલાલેખ

પાટણની પશ્ચિમે આવેલા અનાવાડા ગામની પાસે બીજડિયા વીરનું સ્થાનક છે. ત્યાં એક દહેરી પાસે આ પાદુકા છે. તેના ઉપર ગૂજરાતી ભાષામાં આ પ્રમાણે લેખ છેઃ

संवत् १६२१ वर्षे वैशाख सदि १२ गरु वडकीमधे भटारक श्री वजइदानसूरिनूं नरवाण हवूं तथा पदिकमक पूजा करि तथा नरवाण आवि तेहनि श्री वजभदानसूर वादानी आखडी मुकाभ (।) श्रीवंजइदानसूरि गरूगरूभ्यो नम्त ॥

તપાગચ્છમાં મહાવીરની પછી સત્તાવનમા ગણધર વિજયદાનસૂરિ થયા. તેમનો જન્મ સં. ૧૫૫૩માં હિમ્મતનગરની પાસે આવેલા જામલા

3. પહેલાં पुण्य શબ્દ કોતરી પછીથી તે ઉપર धर्म શબ્દ કોતર્યો હોય તેવું વંચાય છે.

ગામમાં થયો હતો. તેમનું મૂળ નામ લક્ષ્મણ હતું. સં. ૧૫૬૨માં તેમને દાનહર્ષે દીક્ષા આપી; અને તેમને યોગ્ય જાણીને આચાર્ય આનંદવિમલસૂરિએ સં. ૧૫૮૭ માં સિરોહીમાં આચાર્યપદે સ્થાપ્યા, અને વિજયદાનસૂરિ નામ રાખ્યું. તેમનો સ્વર્ગવાસ સં. ૧૬૨૧ માં પાટણ પાસે આવેલા વડલી ગામમાં થયો હતો.[1] તેમની પાટે હીરવિજયસૂરિ સં. ૧૬૧૦ માં બેઠા. ઉપર્યુક્ત પાદુકા જ્યાં છે તે સ્થાનથી થોડે દૂર પશ્ચિમે વડલી ગામ આવેલું છે.

વિજયદાનસૂરિના વખતમાં જૈનધર્મ માનનારા જુદા જુદા ફિરકાઓ ખરતરગચ્છ, તપાગચ્છ, સ્થાનકવાસી વગેરે વચ્ચે ખૂબ વિખવાદ મચી રહ્યો હતો. તે શમાવવા માટે તેમણે પ્રયત્નો કર્યા હતા. આ જ ઉદ્દેશથી તેમણે ઉપાધ્યાય ધર્મસાગરરચિત कुमतिकुद्दाल ગ્રંથ પાણીમાં બોળાવી દીધો હતો, અને શાન્તિ સ્થાપવા "સાત બોલ" એ નામથી ઓળખાતી સાત આજ્ઞાઓ બહાર પાડી હતી.

પ્રસ્તુત લેખમાં આમ કહેવામાં આવ્યું છેઃ સંવત્ ૧૬૨૧ વર્ષે વૈશાખ સુદિ ૧૨ ને ગુરુવારે વડલીમાં ભટ્ટારક વિજયદાનસૂરિનું નિર્વાણ થયું. તેમની પાદુકાની પૂજા થાય છે, અને દર્શન કરવાની બાધા રખાય છે.

આ લેખ અને પાદુકા પ્રથમ વડલી ગામમાં હશે,[2] પરંતુ પાછળથી કોઈએ લાવીને ઉપર્યુક્ત સ્થળે રાખેલ હશે.

---

૧. ડૉ. ક્લાટે (Ind. Ant. Vol. XI September) તથા મોહનલાલ દેસાઈએ (જૈન ગૂર્જર કવિઓ, ભાગ ૨) સં. ૧૬૨૨ ની સાલ આપી છે તે બરાબર નથી.

૨. ચારેક વર્ષ ઉપર વડલી ગામમાં થયેલ ખોદકામોને પરિણામે પંદરમા, સોળમા અને સત્તરમા સૈકાની સંખ્યાબંધ જૈન મૂર્તિઓ મળી આવી છે, તે ઉપરથી વિજયદાનસૂરિના જીવનકાળ દરમ્યાન એ ગામ જૈનોની સારી વસ્તી ધરાવતું હશે એમ લાગે છે. અત્યારે તો ત્યાં જૈનનું એક પણ ઘર નથી. ખોદકામમાંથી નીકળેલી મૂર્તિઓ મોટા સમારંભપૂર્વક પાટણમાં લાવીને રાખવામાં આવી છે. કોઈ રાજકીય આતંકના સમયે એ મૂર્તિઓ ભોંયમાં ભંડારવામાં આવી હશે, એમ અનુમાન થાય છે.

## (૭)

## પાટણમાં વાડીપાર્શ્વનાથના મન્દિરનો શિલાલેખ

પાટણમાં ઝવેરીવાડામાં વાડીપાર્શ્વનાથનું ભવ્ય મંદિર આવેલું છે. તે સં. ૧૬૫૨ માં ખરતરગચ્છના ભીમમંત્રીના વંશજ કુંવરજીએ બંધાવ્યું હતું. એ દહેરાસરનું વિગતવાર અને સરસ વર્ણન Archaeological survey of Northern Gujarat માં આપેલું છે. એ દહેરાસરમાં મૂલનાયકની સામેની ભીંત ઉપર ૧૬ ૧|૨ ઈંચ પહોળી અને ૨૮ ઈંચ લાંબી આરસની એક તકતી છે. તેના ઉપર બાવન લીટીનો એક લાંબો લેખ ઝીણા અક્ષરે કોતરેલો છે. તેમાં પ્રથમ ખરતરગચ્છની પટ્ટાવલી અને છેવટે બંધાવનાર કુંવરજીની વંશાવળી આપેલી છે. લેખ સંસ્કૃત ભાષામાં છે, પરંતુ તેમાં કેટલેક ઠેકાણે જોડણીની અને વ્યાકરણની અશુદ્ધિઓ જોવામાં આવે છે.

વાડીપાર્શ્વનાથના દહેરાસર વિષે એમ કહેવાય છે કે પાટણ પાસેના વાડીપુર ગામમાં એ મૂર્તિ હતી; પરંતુ શ્રાવકોની વસ્તી ત્યાં ઘસાઈ જતાં એ મૂર્તિની પાટણમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. વાડીપુર ગામમાંથી લાવેલ હોવાથી તે "વાડીપુર પાર્શ્વનાથ" અથવા "વાડીપાર્શ્વનાથ" કહેવાય છે. પાટણની એક જૂની ચૈત્યપરિપાટીમાં વાડીપુર ગામ તથા તેમાંના મન્દિરનો ઉલ્લેખ છે, તેથી આ શ્રુતપરંપરાનું સમર્થન થાય છે. જો કે આ લેખમાં પણ મન્દિરના મૂળનાયકને 'વાડીપુર પાર્શ્વનાથ' તેમજ 'વાડીપાર્શ્વનાથ' કહ્યા છે.

મૂળ લેખનો યથાવત્ પાઠ અહીં આપ્યો છે—

(१) ॥ द० ॥ स्वस्ति श्रीवाडीपुरपार्श्वजिन-संघचैत्यकाराय ॥ लक्ष्मीउदयं श्रेयः । (२) पत्तनसंस्थः करोतु सदा ॥ श्रीवाडीपुरपार्श्वनाथ चैत्य श्रीबृहत् खरतरगुरुपट्टावली (३) लिखनपूर्वं प्रशस्तिर्लिख्यते ॥ अर्हं नत्वा ॥ पातिसाहि श्रीअकब्बरराज्ये श्रीविक्रमनृपसम (४) यातीतसंवते १६५१ मार्गशीर्ष सित नवमीदिन सोमवारे पूर्वभद्रपदनक्षत्रे शुभवेला(५)यां आदि प्रारम्भः ॥ शासनाधीशश्री महावीरस्वामीपट्टाविच्छिन्नपरंपरया उद्यतविहारोद्यो(६ ति श्री उद्योतनसूरि ॥ तत्पट्टप्रभाकर प्रवरविमलदण्डनायककारितार्बुदाचलवसतिप्रतिष्ठापक

(७) श्रीसीमन्धरस्वामिशोधितसूरिमन्त्राराधक श्रीवर्धमानसूरि ॥ तत्पट्टप्रभाकर अणहिल्लपत्तनाधी (८)शदुर्लभराजसंसच्चैत्यवासिपक्षाविक्षेपाऽशीत्यधिकदशशतसंवत्सर-प्राप्तखरतरबि (९) रुद श्रीजिनेश्वरसूरि ॥ तत्पट्ट० । श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । शासनदेव्युपदेशप्रकटित (१०) दुष्टकुष्टप्रमाथहेतुस्तम्भनपार्श्वनाथ नवाङ्गि वृत्याद्यनेकशास्त्रकरणप्राप्तप्रतिष्ठ श्री (११) अभयदेवसूरि ॥ तत्पट्ट० लेखरूपदश-कुलकप्रेषणप्रातिबोधितवागडदेशीयदशसहस्रश्रावक सुविहितकठिनक्रियाकरण पिण्डवि-शुद्धयादिप्रकरणप्ररूपण जिनशासन(१२)प्रभावक श्रीजिनवल्लभसूरि ॥ तत्पट्ट० । स्वशक्तिवशीकृतचतुःषष्टियोगिनीचक्रद्विपञ्चा(१३)शद्वीरसिन्धुदेशीयपीर अम्बडश्रा-वकरालिखितस्वर्णाक्षरवाचनाविभूतयुगप्रधा (१४) नपदवीसमलंकृत पञ्चनदी-साधकश्रीजिनदत्तसूरि ॥ तत्पट्ट० । श्रीमालउशवालादिप्रधान (१६) श्रीमहत्तीयाणप्रातबोधक नरमणिमण्डितभालस्थल श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । भण्डारीने( १७ )मिचन्द्रपरीक्षितप्रबोधोदयादिगन्थरूपषट्त्रिंशद्वादशोधितविधिपक्ष-श्रीजिनपतिसूरि ॥ (१८) तत्पट्ट० । काडउलविजापुरप्रातिष्ठित श्रीशान्तिवीरविधि-चैत्यश्रीजिनेश्वरसूरि ॥ तत्पट्ट० । (१९) श्रीजिनप्रबोधसूरि ॥ तत्पट्ट० । राजचतु-ष्टयप्रतिबोधोद्बुद्धराजगच्छसंज्ञाशोभित (२०) श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । श्री शत्रुञ्जयमण्डनखरतरवसतिप्रतिष्ठापक विख्याता (२१) तिशयलक्ष्म श्रीजिनकुशल-सूरि ॥ तत्पट्ट० । श्रीजिनपद्मसूरि ॥ तत्पट्ट० । श्रीजिनलब्धिसू (२२) रि ॥ तत्पट्ट० श्रीजिनचन्द्रसूरि ॥ तत्पट्ट० । देवाङ्गनावसरवासप्रक्षेपोदितसंघपति-पद्मा (२३) भ्युदय श्रीजिनोदयसूरि ॥ तत्पट्ट० । श्रीजिनराजसूरि । तत्पट्ट० । स्थानस्थानस्थापित (२४) सारज्ञानभाण्डागारश्रीजिनभद्रसूरि ॥ तत्पट्ट० । श्री जिनचन्द्रसूरि ॥ तत्पट्ट पञ्च (२५) यक्षसाधक विशिष्टक्रिय श्रीजिनसमुद्रसूरि ॥ तत्पट्ट० ॥ तपोध्यानविधानचमत्कृ (२६) तश्रीसिकंदरपातिसाहिपंचशतबंदिमोचन-सम्मानित श्रीजिनहंससूरि ॥ तत्पट्ट०(२७) पञ्चनदीसाधकाधिकध्यानबलशकलीकृतय-वनोपद्रवातिशयविराजमान श्री (२८) जिनमाणिक्यसूरि ॥ तत्पट्टालंकार सारदु-र्वारवादिविजयलक्ष्मीशरण पूर्वोक्त (२९) यासमुद्धरण स्थानस्थानप्राप्तजय प्रतिदिन-वर्धमानोदय सदयसदय त्रिभुवन(३०) जनवशीकरणप्रवणप्रणवध्यानोपात्तामित-पवित्रसूरिमन्त्र विजितभय दू (३१) रीकृतसकलवादिस्मय निजपादविहारपावि-तावनितल अनुक्रमेण संवत् (३२) १६४८ श्री स्तम्भतीर्थचतुर्मासकस्थानसमुद्भू-तामितमहिमश्रवणदर्शनोत्कं (३३) ठितजलालदीनप्रभुपातिसाहिश्रीमदकब्बरसमा-कारणमिलन स्वगुणगण (३४) तन्मनोनुरञ्जन समाश्वासितसकलभूतलाखिलजन्तु-सुखकारि आषाढाष्टाहि (३५) कामारिफुरमाण श्रीस्तम्भतीर्थसमुद्रमीनरक्षणफुरमाण

तत्प्रदत्तसत्तम श्रीयु(३६)गप्रधानपदधारक तद्वचनेन च नयनशररसरसा-
मितसंवति (१६५२) माघसितद्वा(३७)दशीशुभतिथौ अपूर्वपूर्वगुर्व्वाम्नायसा-
धितपञ्चनदीप्रकटीकृतपञ्चपीरप्राप्तप (३८) रमवर तदादिविशेष श्रीसंघोन्नतिकारक
विजयमान गुरुयुगप्रधान श्री १०८ (३९) श्रीजिनचन्द्रसूरीश्वराणां श्रीपातिसा-
हिसमक्ष स्वहस्तस्थापित आचार्य्य (४०) श्रीजिनसिंहसूरिसपरिकराणामुपदेशेन
ओसवालज्ञातीय मन्त्रिभीम सन्ताने (४१) मं० चांपाभार्या सुहवदे, तत्पुत्रमं०
महिपति तद्भार्या अमरी तत्पुत्रमं० वस्तपाल (४२) तद्भार्या सिरियादे; तत्पुत्रमं०
तेजपाल तद्भार्या श्री० भानू तत्कुक्षिसरोमराल अ (४३) र्थिजनमनोभिमतपूरणदे-
वसाल देवगुरुपरमभक्त विशेषतो जिनधर्मानुरक्तस्वां (४४) त ककेशवंशमण्डण साह
अमरदत्त भार्या रतनादे: तत्पुत्ररत्न कुंभरजी तद्भार्या सोभागदे, बहिनि बाई
वाछी; पुत्री बाई जीवणी प्रमुख पुत्रपौत्रादिसारपरिवारयुतेन (४५) तेन श्री-
अणहिल्लपुरपत्तनश्रृंगारसारसुरनरमनोनुरञ्जन सुरगिरिसमानचतुर्मुख (४७) विराजमान
विधिचैत्य कारितम् ॥ श्रीपौषधशाला पाटकमध्ये ॥ तदनुकर (४८) करणकायकु-
प्रानित (?) संवत् अक्बर ४१ वष वैशाख वदि द्वादशी वासरे गुरु (४९) वारे रेव-
तीनक्षत्रे शुभवेलायां महामहःपूर्वं प्रतिमा श्रीवाडीपार्श्वनाथस्य स्था (५०) पिता
॥ एतत्सर्वं देवगुरुगोत्रजदेवीप्रसादेन वंद्यमानं पूज्यमानं । समस्त श्रीसं (५१)-
घेन सहितेन चिरं जीयात् ॥ कल्याणमस्तु । एषा पट्टिका पं० उदयसागरगणिना
लिपी (५२) कृता । पं० लक्ष्मीप्रमोदमुनिआदरेण । कोरिता गजधरगल्लाकेन ।
शुभं भवतु नित्यम् ॥

[ભાષાન્તર—શ્રી વાડીપાર્શ્વનાથ સંઘનું, અને ચૈત્ય બાંધનારનું કલ્યાણ કરો! પાટણમાં રહેલા શ્રીવાડીપુર પાર્શ્વનાથ લક્ષ્મી, ઉદય અને શ્રેય કરો! ચૈત્યમાં શ્રી બૃહત્ ખરતરગચ્છની ગુર્વાવલીના લેખનપૂર્વક પ્રશસ્તિ લખીએ છીએ.

અર્હંતને નમસ્કાર! પાદશાહ શ્રીઅકબરના રાજ્યમાં વિક્રમ સંવત્ ૧૬૫૧ના માગશર સુદ નવમી અને સોમવારના દિવસે પૂર્વભાદ્રપદ નક્ષત્રમાં શુભ મુહૂર્તમાં (ચૈત્ય બાંધવાનો) આરંભ કરવામાં આવ્યો.

(ગુર્વાવલી—) શાસનાધીશ શ્રીમહાવીરસ્વામીની અવિચ્છિન્ન પરંપરાથી ચાલી આવતી પાટે ઉદ્યોતનસૂરિ થયા. ૧.

તેમની પાટે વિમલ દંડનાયકે અર્બુદાચલ ઉપર બંધાવેલી વસતિના પ્રતિષ્ઠાપક, અને સીમંધરસ્વામીએ શોધેલા સૂરિમંત્રના આરાધક વર્ધમાનસૂરિ થયા. ૨.

તેમની પાટે અણહિલ્લપત્તનાધીશ દુર્લભરાજના દરબારમાં ચૈત્યવાસીઓના પક્ષનો પરાજય કરીને સં. ૧૦૮૦ માં "ખરતર" બિરુદ પ્રાપ્ત કરનાર જિનેશ્વરસૂરિ થયા. ૩.

તેમની પાટે જિનચંદ્રસૂરિ થયા. ૪.

તેમની પાટે, શાસનદેવીના ઉપદેશથી કોઢના પ્રમાથ હેતુ સ્તંભન પાર્શ્વનાથને પ્રકટ કરનાર, તથા નવાંગીવૃત્તિ આદિ અનેક શાસ્ત્ર રચીને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર અભયદેવસૂરિ થયા. ૫.

તેમની પાટે દશ કુલકવાળા લેખથી વાગડદેશના દશ હજાર શ્રાવકોને પ્રતિબોધ પમાડનાર, કઠિન ક્રિયાઓ કરનાર, અને "પિણ્ડ-વિશુદ્ધિ" આદિ પ્રકરણના રચનાર પ્રભાવક જિનવલ્લભસૂરિ થયા. ૬.

તેમની પાટે ચોસઠ જોગણી, બાવન વીર, અને સિંધ દેશના પીરને વશ કરનાર, અંબડ શ્રાવકે લખેલા સ્વર્ણાક્ષરની વાચનાથી "યુગપ્રધાન" પદ મેળવનાર, અને પંચનદી સાધક જિનદત્તસૂરિ થયા. ૭.

તેમની પાટે, શ્રીમાલ, ઓસવાલ આદિ મહાજન જાતિઓના પ્રતિબોધક નરમણિમંડિત કપાલવાળા શ્રીજિનચંદ્રસૂરિ થયા. ૮.

તેમની પાટે, ભંડારી નેમિચંદ્રે પરીક્ષેલા પ્રબોધોદયાદિ ગ્રંથરૂપ છત્રીસ વાદથી વિધિપક્ષને શોધનાર-શુદ્ધ કરનાર જિનપતિસૂરિ થયા. ૯.

તેમની પાટે, લાડોલ–વીજાપુરમાં શાન્તિ–વીર વિધિચૈત્યની પ્રતિષ્ઠા કરનાર જિનેશ્વરસૂરિ થયા. ૧૦.

તેમની પાટે, ચાર રાજાઓને પ્રતિબોધ પમાડીને " રાજગચ્છ " એવી સંજ્ઞાથી ખરતરગચ્છને અલંકૃત કરનાર જિનચંદ્રસૂરિ થયા. ૧૧.

તેમની પાટે, શત્રુંજયમંડન ખરતરવસતિ–પ્રતિષ્ઠાપક અને અતિશય વિખ્યાત જિનકુશલસૂરિ થયા. ૧૨

તેમની પાટે, જિનપદ્મસૂરિ; તેમની પાટે જિનલબ્ધિસૂરિ; તેમની

પાટે જિનચંદ્રસૂરિ; અને તેમની પાટે સંઘપતિપદ આદિ ઉદયને પ્રાપ્ત કરનાર જિનોદયસૂરિ થયા. ૧૬.

તેમની પાટે, જિનરાજસૂરિ થયા. ૧૭.

તેમની પાટે સ્થળે સ્થળે જ્ઞાનભાણ્ડારો સ્થાપિત કરનાર જિનભદ્રસૂરિ થયા. ૧૮.

તેમની પાટે, જિનચંદ્રસૂરિ થયા. ૧૯.

તેમની પાટે, પાંચ યક્ષ સાધનાર, વિશિષ્ટ ક્રિયાઓ કરનાર, જિનસમુદ્રસૂરિ થયા. ૨૦.

તેમની પાટે, તપના વિધાનથી સિકંદર પાદશાહને આશ્ચર્ય પમાડનાર અને જેમનું સિકંદર પાદશાહે પાંચસો કેદીઓ છોડી મૂકીને સન્માન કર્યું હતું એવા જિનહંસસૂરિ થયા. ૨૧.

તેમની પાટે, પંચનદીસાધક, અધિક ધ્યાનબલવડે યવનોના ઉપદ્રવ નાશ કરનાર અને અતિશય વિરાજમાન જિનમાણિક્યસૂરિ થયા. ૨૨.

તેમની પાટે, વાદીના વિજયરૂપી લક્ષ્મીના શરણરૂપ, પૂર્વક્રિયાઉદ્ધારક, સ્થાને સ્થાને જય પ્રાપ્ત કરનાર, જેમનો ઉદય અને સત્ત્વ દિવસે દિવસે ઉદય પામતો જાય છે એવા, ત્રણે ભુવનના લોકોનું મન વશ કરી લેનાર, ભયને જીતનાર, બધા વાદીઓના અભિમાનને નિર્મૂળ કરનાર, પોતાના પગના વિહારવડે અવનીતલને પવિત્ર કરનાર, સંવત્ ૧૬૪૮ માં સ્તંભતીર્થ( ખંભાત )માં ચાતુર્માસ કર્યો તે વખતે અમિત મહિમાના શ્રવણથી દર્શન કરવાને ઉત્કંઠિત થયેલા અકબર પાદશાહે જેમને મળવા બોલાવ્યા હતા એવા, તથા પોતાના ગુણસમુદાયવડે તેના મનનું રંજન કરનાર, આખા ભૂતલને જેણે આશ્વાસન આપેલું છે એવા, સર્વ જંતુઓને સુખકારી, અસાડ મહિનાની અષ્ટાહ્નિકાએ અમારિફરમાન તથા ખંભાતના સમુદ્રમાંથી માછલાંનું રક્ષણ કરવાનું ફરમાન કઢાવનાર, તેણે ( પાદશાહે ) આપેલું ઉચ્ચ એવું 'યુગપ્રધાન' પદ ધારણ કરનાર, તથા તેના વચનથી સં. ૧૬૫૨ માં માઘ સુદ બારસની શુભ તિથિએ પૂર્વના ગુરુસમૂહે નહીં કરેલું અદ્ભુત કર્મ

કરનાર–પંચનદી સાધનાર, તથા તે દ્વારા પંચ પીર પાસેથી પરમ વરદાન પ્રાપ્ત કરનાર, તથા સંઘોન્નતિકારક, વિજયમાન, યુગપ્રધાન ગુરુ ૧૦૮ શ્રી જિનચંદ્રસૂરિના, પોતે–સ્વહસ્તે પાદશાહ સમક્ષ આચાર્ય સ્થાને સ્થાપેલ આચાર્યશ્રી જિનસિંહસૂરિને સાથે રાખી આપેલા ઉપદેશથી–ઓસવાલ જ્ઞાતિના મંત્રી ભીમના વંશમાં મંત્રી ચાંપા, સ્ત્રી સુહવદે; તેનો પુત્ર મંત્રી મહીપતિ, સ્ત્રી અમરી; તેનો પુત્ર મંત્રી વસ્તુપાલ, સ્ત્રી સિરિયાદે; તેનો પુત્ર મંત્રી તેજપાલ, સ્ત્રી ભાનૂ, તેના કુક્ષિસરોવરમાં હંસ જેવો, અર્થિજનના મનોરથ પૂરવામાં કલ્પવૃક્ષ જેવો, દેવગુરુનો પરમભક્ત અને વિશેષે કરીને જિનધર્માનુરક્ત હૃદયવાળો, ઊકેશ વંશમાં મુખ્ય શાહ અમરદત્ત થયો; તેની સ્ત્રીનું નામ રતનાદે હતું. તેના પુત્રરત્ન કુંવરજીએ પોતાની સ્ત્રી સોભાગદે, બહેન બાઈ વાછી તથા પુત્રી બાઈ જીવણી વગેરે પરિવારને સાથે રાખીને અણહિલપુરપાટણના શૃંગારરૂપ, દેવોના મનનું પણ રંજન કરનાર, સુરગિરિને પેઠે ચતુર્મુખ વિરાજમાન વિધિચૈત્ય બંધાવ્યું; તથા મહોલ્લાની મધ્યમાં પૌષધશાલા બંધાવી. ઇલાહી સંવત્ ૪૧ (વિક્રમ સંવત્ ૧૬૫૨)[૧] વર્ષે વૈશાખ વદ ૧૨ ને ગુરુવારે, રેવતી નક્ષત્રમાં શુભ મુહૂર્તે વાડી પાર્શ્વનાથની પ્રતિમા સ્થાપવામાં આવી. આ બધું ગોત્રજદેવી અને દેવગુરુના પ્રસાદથી વર્દ્ધમાન અને પૂજ્યમાન છે. સમસ્ત શ્રી સંઘ સહિત ઘણું જીવો. કલ્યાણમસ્તુ.

આ પટ્ટિકા પં. ઉદયસાગર ગણિએ લખી. પં. લક્ષ્મીપ્રમોદ મુનિના કહેવાથી ગજધર મલ્લાકે કોતરી. शुभं भवतु नित्यम् ॥

૧. Ind. Ant. XX. P. 141 અકબર હિન્દુ પ્રજામાં બહુ લોકપ્રિય હતો, તેનો આ એક વધુ પુરાવો છે. એક જૈન દેવસ્થાનમાં વિક્રમ સંવતને સ્થાને અકબરે ચલાવેલો ઈલાહી સન લખેલો હોય એ જ તેની લોકપ્રિયતા બતાવી આપે છે.

# પાટણના જૈન ઇતિહાસની કેટલીક સામગ્રી

## (૧)

## ગુંગડી તળાવની પ્રાચીનતા

પાટણના પૂર્વ છેડે આવેલું ગુંગડી તળાવ ક્યારે અને કોણે ખોદાવ્યું, એ વિષે ઐતિહાસિક દૃષ્ટિએ વિશ્વસનીય એવી કોઇ માહિતી ઉપલબ્ધ નથી, એવી મારી સમજ છે. હજીયે એ આખો વિષય અંધારામાં જ છે, પણ ગુંગડી તળાવની પ્રાચીનતા વિષે તાજેતરમાં એક મહત્ત્વનો ઉલ્લેખ પ્રાપ્ત થયો હોઈ તે અહીં રજૂ કરવાની તક લઉં છું.

મુંબઈના ભારતીય વિદ્યાભવનના હિંદી—ગૂજરાતી મુખપત્ર 'ભારતીય વિદ્યા' ના પ્રથમ વર્ષના બીજા અંકમાં જૈન સાહિત્યના સુપ્રસિદ્ધ અભ્યાસી શ્રી. મોહનલાલ દલીચંદ દેસાઇનો "પદ્યાનુકારી ગૂજરાતી ગદ્યમય ગુર્વાવલી" નામનો એક લેખ છપાયો છે. જિનવર્ધનગણિ નામે જૈન સાધુએ સં. ૧૪૮૨માં તત્કાલીન ગૂજરાતી ભાષામાં લખેલી–જૈનોના અનેક ગચ્છો, સમૂહો પૈકીના એક મુખ્ય સમૂહ–તપાગચ્છની પટ્ટાવલી તેમણે એમાં સંપાદિત કરી આપી છે. પ્રસ્તુત પટ્ટાવલી–ગુર્વાવલીમાં છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીથી માંડી તેમની પટ્ટપરંપરારૂપે, કર્ત્તાના સમકાલીન સં. ૧૪૮૨ માં વિદ્યમાન ૫૦ મા પટ્ટધર સોમસુંદરસૂરિ સુધીના આચાર્યોની ટૂંક નોંધ છે.

એમાં ૪૯મા પટ્ટધર દેવસુંદરસૂરિ વિષેની નોંધ કંઇક વિસ્તૃત અને અલંકારયુક્ત છે. દેશવિદેશમાં પ્રસરેલી આચાર્યની કીર્તિનું વર્ણન

કર્યા બાદ લેખક તેમના માહાત્મ્યનો એક પ્રસંગ હરિગીત છંદની એક કડીમાં નીચે પ્રમાણે વર્ણવે છે:–

जोगी उदायी पाइ पाटणि गूंगडोय सरोवरे,
बहु लोय पेखति जस्स पणमिय पायपउम मणोहरे ।
तउ लोअ पूच्छति जोगि जंपति एस पुरिस जुगुत्तमो,
गिरिनारि कणयरी सिद्धि कहिउ तेण कारणि हुं नमो ॥

અર્થાત્ જેમના (દેવસુંદરસૂરિના) મનોહર પાદપદ્મમાં **પાટણમાં ગુંગડી તળાવ** પાસે ઉદાયી નામનો યોગી પડ્યો. અનેક લોકોએ એ વિષયમાં પ્રશ્ન કરતાં યોગીએ જણાવ્યું કે, આ તો યુગોત્તમ પુરુષ છે; (તેમણે) ગિરનારમાં કણયરીસિદ્ધિ(?) કહી છે તે કારણે મેં **નમસ્કાર** કર્યો.

અહીં વર્ણવેલ પ્રસંગ કરતાં તેમાં આવતો ગુંગડી તળાવ વિષેનો ઉલ્લેખ ઐતિહાસિક દૃષ્ટિએ વિશેષ મૂલ્યવાન છે. એ જ પટ્ટાવલીમાં દેવસુંદરસૂરિનું જન્મવર્ષ સં. ૧૩૯૭, દીક્ષા સં. ૧૪૦૪, આચાર્યપદ સં. ૧૪૨૦ અને સ્વર્ગવાસ સં. ૧૪૬૮ એ પ્રમાણે વર્ષો આપ્યાં છે. ઉપર વર્ણવેલો પ્રસંગ દેવસુંદરસૂરિ આચાર્યપદે હતા તે દરમ્યાન એટલે કે સં. ૧૪૨૦ અને ૧૪૬૮ વચ્ચે બનેલો, એમ પટ્ટાવલીના લેખકને ઉદ્દિષ્ટ છે, એ સ્પષ્ટ છે.

અર્થાત્ ગુંગડી તળાવ પહેલ પ્રથમ ક્યારે બન્યું એનો સમય આપણે ચોક્કસપણે આંકી શકતા નથી, પરંતુ તેની ઉત્તરમર્યાદા તો આ ઉપરથી નક્કી થઇ શકે છે. સારાંશ કે એ તળાવ ખોદાયાનો સમય સં. ૧૪૬૮થી આ તરફનો તો નથી જ. એની પૂર્વે એની પ્રાચીનતા ગમે તેટલી હોય; પૂર્વમર્યાદા નક્કી કરવામાં કોઇ સાધનો આપણી પાસે નથી.

ગૂજરાતના ઈસમગ્ર તિહાસમાં આવી વિગતોનું સ્થાન બહુ મહત્ત્વનું નથી; પરંતુ જ્યારે પાટણનો વિસ્તૃત સ્થાનિક ઇતિહાસ આલેખવાનો પ્રસંગ આવશે ત્યારે આવા ઉલ્લેખો પણ શક્ય તેટલા પ્રમાણમાં એકત્ર કરવા પડશે એ દેખીતું છે.

( ૨ )

## પાટણવાડા સંબંધી કેટલાક ઐતિહાસિક ઉલ્લેખો

'શ્રી આત્માનંદ શતાબ્દી સ્મારક ગ્રંથ'માં મુનિશ્રી જયંતવિજયજીએ 'શ્રીમાળી જ્ઞાતિના એક પ્રાચીન કુળની વંશાવલી' છપાવી છે. આ વંશાવલી કોઇ વહીવંચાની વહી ઉપરથી લખવામાં આવી હોય એમ જણાય છે. ભિન્નમાલનિવાસી શ્રીમાળી શેઠ તોડાના વંશની લગભગ ૫૦ પેઢીઓની એમાં હકીકત છે. સં. ૭૯૫ થી શરૂ થઇ આશરે સં. ૧૬૦૦ સુધીની હકીકત એમાંથી મળે છે. કુળના જુદા જુદા પુરુષોએ કયાં ગામોમાં વાસ કર્યો અને શાં મહત્વનાં કામો કર્યાં, એની વિગત એમાં આપેલી છે. એમાં પાટણવાડાનાં ગામો પૈકી મોઢેરા, ગાંભૂ, પાટણ, ચાણસ્મા, નોરતા વગેરેનો ઉલ્લેખ છે. એમાંથી મોઢેરા, ગાંભૂ તથા પાટણની ઐતિહાસિકતા આ પહેલાં બીજા સાધનોથી સિદ્ધ થઇ ચૂકેલી હોવાથી એ બાબત અહીં વિસ્તાર કર્યો નથી. પરંતુ પાટણના ફોફળિયાવાડાનો ઉલ્લેખ પ્રસ્તુત વંશાવળીમાં છે, તે અગત્યનો ગણાય. આ ઉપરાંત ચાણસ્મા અને નોરતા વિષે પણ તેમાં કેટલીક હકીકત છે, જેની અહીં નોંધ કરી છે.

ફોફળિયાવાડો—पत्तनि वास्तव्य सासरिं संवत् १२२५ वर्षे फोफलिवावाडि सारंग भा. नारिंगदे.

અર્થાત્ સારંગે પોતાની પત્ની સાથે સં. ૧૨૨૫ માં પાટણમાં પોતાના સાસરે ફોફળિયાવાડામાં આવીને વાસ કર્યો.

સં. ૧૨૨૫ એટલે કુમારપાળનો રાજ્યકાળ. આથી ઉપર જણાવેલ 'ફોફળિયાવાડો' જૂના પાટણનો હોવો જોઇએ. આ ઉપરથી એક અનુમાન અવશ્ય ખેંચી શકાય છે કે જૂનું પાટણ ભાંગ્યા પછી નવું પાટણ બંધાતાં તેમાં પણ અનેક મહોલ્લાઓનાં નામ જૂના પાટણમાં હતાં તે પ્રમાણે જ રાખવામાં આવ્યાં હશે, કેમકે હાલના પાટણમાં પણ ફોફળિયાવાડો છે. પાટણના મહોલ્લાઓ સંબંધી કેટલીક સારી ઐતિહાસિક વિગતો હમણાં બહાર આવી છે, (જુઓ અભ્યાસગૃહપત્રિકા,

ફાગણ-વૈશાખ સં. ૧૯૯૫ માં મારો લેખ 'ઐતિહાસિક દૃષ્ટિએ પાટણની પોળો') તે સાથે આ વસ્તુ પણ ધ્યાનમાં રાખવા જેવી ગણાય.

**ચાણસ્મા:**-पूर्वि वर्द्धिमांन माई जयता उचली चाहणसामि वास्तव्यः सासरामाहिं तत्र श्रीभट्टेवा श्रीपार्श्वनाथचैत्यं कारापितं सं १३३५ वर्षे श्रीअंचलगच्छे अजितसिंहसूरीणामुपदेशेन प्रतिष्ठितं ।

અર્થાત્ વર્ધમાનના ભાઇ જયતાએ ઉચાળો ભરી પોતાના સસરાના ગામ ચાણસ્મામાં નિવાસ કર્યો. ત્યાં તેણે સં. ૧૩૩૫ માં શ્રીભટેવા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું અને અજિતસિંહસૂરિના ઉપદેશથી સં. ૧૩૩૫ માં તેની પ્રતિષ્ઠા કરાવી.

મારા જાણવા પ્રમાણે, ચાણસ્મા સંબંધી આ જૂનામાં જુનો ઉલ્લેખ છે. 'રાસમાળા'માં એક સ્થળે વસ્તુપાલના વૃત્તાન્તના સંદર્ભમાં આવતા 'ચન્દ્રોન્માનપુર'ને ચાણસ્મા તરીકે ઓળખાવ્યું છે, તે બરાબર નથી. ચન્દ્રોન્માનપુર એ હારીજ પાસેનું હાલનું ચંદ્રુમાણા છે. પ્રસ્તુત વંશાવલીમાં ચાણસ્મામાં ભટેવા પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યાનું લખ્યું છે. જૂની ગૂજરાતીમાં લખાયેલું એક ગીત મને મળેલું છે (જુઓ મુનિ ભાવરત્નકૃત 'ભટેવા પાર્શ્વનાથની ઉત્પત્તિનું સ્તવન,' જૈન સત્ય પ્રકાશ, નવેમ્બર ૧૯૪૨) તેમાં પણ ઇડરથી ભટેવા પાર્શ્વનાથને ચાણસ્મા લાવી ત્યાં તેમની પ્રતિષ્ઠા કરાવ્યાની હકીકત છે. આ રીતે વંશાવલીમાંની વિગતોને સ્વતંત્ર પ્રમાણનો ટેકો મળે છે.

**નોરતા:**–पुर्वि महुया चतुर्थ पुत्र चुथा भा. चांहणिदे पु. शोभा संग्रहणं कृतं नोरते वास्तव्यः सांप्रति पत्तनि वास्तव्यः संवत् १४४१ वर्षे लघुशाखी बभूव ।

અર્થાત્ મહુયાનો ચોથો પુત્ર ચુથો, પત્ની ચાંહણિદે તથા પુત્ર શોભા સાથે નોરતામાં રહેતો હતો. તે પાછળથી પાટણ રહેવા આવ્યો. તે સં. ૧૪૪૧ માં લઘુશાખી–દશાશ્રીમાળી થયો.

આ ઉલ્લેખ પ્રમાણે, પાટણ પાસેનું નોરતા ગામ સં. ૧૪૪૧ પહેલાં અસ્તિત્વમાં હતું, એમ પુરવાર થાય છે.

આવા ઉલ્લેખો સ્થાનિક ઇતિહાસ ઉકેલવામાં ઘણા મદદગાર થાય છે. પાટણ તથા આસપાસના પ્રદેશનો સ્થાનિક ઇતિહાસ લખવાનો પ્રસંગ આવશે ત્યારે આવી માહિતીની ચોક્કસ અગત્ય માલૂમ પડશે.

(૩)

## યુવરાજવાડો

નવા પાટણના મહોલ્લાઓ સંબંધી ઐતિહાસિક માહિતી અનુક્રમે વિક્રમના સત્તરમા તથા અરાઢમા સૈકામાં લખાયેલી બે ચૈત્યપરિપાટી-ઓમાંથી મળી આવે છે. તેનું વિગતવાર સંકલન અભ્યાસગૃહપત્રિકા-માં અગાઉ મારા તથા શ્રી. કનૈયાલાલ દવેના લેખોમાં આપવામાં આવેલું છે. પણ જૂના પાટણ—સોલંકી અને વાઘેલાઓના પાટણના મહોલ્લા વિષે આવી કોઇ વિગતવાર માહિતી મળતી નથી. છૂટક છૂટક ઉલ્લેખોમાંથી કંઇક માહિતી મળે ખરી, પણ એવા ઉલ્લખો અત્યાર સુધીમાં માત્ર જૂજ મળી આવ્યા છે. મારા જાણવામાં જે બે ઉલ્લેખો આવ્યા છે તે અહીં રજૂ કર્યા છે. તે ઉપરથી જણાય છે કે જૂના પાટણમાં 'યુવરાજવાટક'—યુવરાજવાડો નામનો મહોલ્લો હતો.

(૧) પાટણમાં સંઘવીના પાડાના તાડપત્રીય પુસ્તકભંડારમાંની મલધારી હેમસૂરિકૃત 'ઉપદેશમાલા'ની સં. ૧૩૨૯ માં લખાયેલી હસ્તલિખિત પ્રતની પુષ્પિકા નીચે પ્રમાણે છે:

सं १३२९ वर्षे अश्विन सुदि १२ बुधे अद्येह युवराजवाटके लिखिता

અર્થાત્ આ પ્રત સં. ૧૩૨૯ માં પાટણમાં યુવરાજવાડામાં લખાઇ છે.

(૨) એજ પ્રમાણે, ફોફળિયાવાડામાં આવેલા સંઘના ભંડારમાંની કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રકૃત 'ત્રિષષ્ટિશલાકપુરુષચરિત્ર'ના આઠમા પર્વની સં. ૧૪૨૪ માં લખાયેલી હાથપ્રતની પુષ્પિકા નીચે પ્રમાણે છે:—

संवत १४२४ वर्षे मार्ग. सुदि ७ सप्तम्यां तिथौ अद्येह युवराजवाटके

**पुस्तकं श्रीनेमिनाथस्य अलखि ।** અર્થાત્ આ પ્રત પણ સં. ૧૪૨૪ માં યુવરાજવાડામાં લખાઈ છે.

આમાંનો સં. ૧૩૨૯ નો ઉલ્લેખ વાઘેલાઓના સમયનો છે, જ્યારે સં. ૧૪૨૪ નો ઉલ્લેખ મુસ્લિમ રાજ્યકાળ પછીનો છે. એ બતાવે છે કે ગૂજરાતના મુસ્લિમ વિજય સમયે જૂના પાટણનો નાશ થઈ ગયેલો, એવી માન્યતા કેટલાક વિદ્વાનો ધરાવે છે, એ બરાબર નથી.

વળી 'યુવરાજવાડો' એ નામ સાથે પાટણના હિંદુ રાજકુળના કોઈ યુવરાજને સંબંધ હોય એ સંભવિત છે. અત્યારે પણ ઘણા લત્તાઓનાં નામ રાજ્યકુટુંબનાં અથવા અમલદારોનાં નામ ઉપરથી રાખવામાં આવે છે.

'યુવરાજવાડો' કયાં આવેલો હતો, એ નક્કી કરવાનાં કોઈ સાધનો નથી. જૂના પાટણના ઘણા મહોલ્લાઓનાં નામ નવા પાટણમાં કાયમ રાખવામાં આવ્યા હતાં, એમ માનવાને કારણ છે ( જેમ પાટણના લત્તાઓનાં નામ અમદાવાદમાં કાયમ રખાયાં હતાં ), પણ હાલના પાટણમાં આ નામનો કોઈ લત્તો નથી 'રાજકાવાડો' આ 'યુવરાજ-વાડા'નું સંક્ષિપ્ત અપભ્રષ્ટરૂપ કદાચ હોય. જો કે 'રાજકાવાડો' એ 'રાયકાવાડો' ( રબારીઓનો મહોલ્લો ) હોય એ વધુ સંભવિત છે.

## ( ૪ )

## જંઘરાલ વિષેના બે ઐતિહાસિક ઉલ્લેખો

પાટણની ઉત્તરે વાગડોદ ટપ્પામાં આવેલું જંઘરાલ એક પ્રાચીન ગામ છે. જે કાળમાં પાટણ ગૂજરાતનું સાંસ્કૃતિક અને રાજકીય કેન્દ્રસ્થાન હતું તે કાળમાં પાટણની આસપાસ આવેલાં ચંદ્રમાણા, હારીજ, વાઘેલ, ચાણસ્મા, સંડેર, ચારૂપ વગેરે ગામોની જેમ જંઘરાલ પણ આબાદ સ્થિતિમાં હોવું જોઈએ, એના પુરાવાઓ મળે છે. આવા પુરાવાઓ જે તે ગામોના સ્થાનિક ઇતિહાસની દૃષ્ટિએ જેમ અગત્યના છે તેમ પાટણની આસપાસના પ્રદેશના સાંસ્કૃતિક–સામાજિક અભ્યાસ માટે પણ મહત્વના છે. જંઘરાલને લગતા એવા બે ઉલ્લેખો પ્રાપ્ત થયા છેઃ

(૧) સં. ૧૩૬૭ માં જંઘરાલના વતની આવડ વગેરે શ્રાવકોએ કોઈ કુટુંબીજન( જેનું નામ મળતું નથી )ના શ્રેય અર્થે આવશ્યક-ચૂર્ણિની નવી તાડપત્રીય હાથપ્રત ( સંભવતઃ કોઈ સાધુ–સાધ્વીને ભેટ આપવા માટે ) ખરીદી હતી. આ હાથપ્રત હાલમાં પાટણમાં સંઘવીના પાડાના ભંડારમાં છે. મૂળ ઉલ્લેખ આ પ્રમાણે છેઃ

आवस्सगनिज्जुत्तिचुण्णी समत्ता । मंगलमस्तु । संवत १३६७ वर्षे पोष शुदि (तिथि નથી) सोमे जंघरालायां श्रा. आवडप्रमृतिभि.........श्रेयसे अष्टादशसहस्रप्रमाणमावश्यकचूर्णिपुस्तकं नव्यं गृहीतं ॥

(૨) જંઘરાલનો બીજો ઉલ્લેખ સં. ૧૩૯૫ નો છે. એ વર્ષમાં જંઘરાલવાસી ઔદિચ્ય બ્રાહ્મણ કેશવને નૈષધ મહાકાવ્યની તાડપત્રીય હાથપ્રત મળી હતી. મૂળ ઉલ્લેખ આ પ્રમાણે છેઃ

संवत् १३९५ वर्षे कार्त्तिक शुदि १० शुक्रे श्रीभारतीप्रसादेन जंघरालवास्तव्य उदीच्यज्ञातीय रा. दूदासुत रा. केसव महाकाव्य-नैषधपुस्तिका प्राप्ता ।

આ હાથપ્રત પણ સંઘવીના પાડાના ભંડારમાં છે.

ઉપર્યુક્ત ઉલ્લેખ ગૂજરાતના સાંસ્કૃતિક ઇતિહાસની દૃષ્ટિએ પણ કામનો છે. નૈષધ અને નૈષધીયચરિત એ અસાધારણ કાવ્યપ્રતિભા અને વ્યુત્પન્ન પાંડિત્યથી મંડિત એવું એક સુપ્રસિદ્ધ મહાકાવ્ય છે અને સંસ્કૃત પંચકાવ્યોમાં તેની ગણના થાય છે. એનો કર્તા શ્રીહર્ષ વિક્રમના તેરમા સૈકામાં થઇ ગયો. કનોજના રાજાનો એ આશ્રિત હતો. શ્રીહર્ષના વંશમાં થયેલો હરિહર નામનો પંડિત એ કાવ્યની હાથપ્રત તેરમા સૈકાના ઉત્તરાર્ધમાં ધોળકામાં વીરધવલના દરબારમાં લાવ્યો હતો, અને ત્યાં મંત્રી વસ્તુપાલે ગુપ્ત રીતે તેની નકલ કરાવી લીધી હતી. ત્યાર પછી ગૂજરાતમાં એ મહાકાવ્યનો બહોળો પ્રચાર થયો. રાજા વીસલદેવના ભારતી ભાંડાગાર–પુસ્તકાલયમાં પણ તેની નકલ હતી નૈષધ ઉપરની જૂની ટીકાઓ ગૂજરાતમાં જ લખાયેલી છે અને તેની સૌથી જૂની હાથપ્રતો

(જેમાં ઉપર નોંધેલી પ્રતનો સમાવેશ થાય છે) પણ ગૂજરાતમાંજ મળે છે. नैषधं विद्वदौषधम् (નૈષધ એ વિદ્વાનોનો ગર્વ ઉતારવાનું ઔષધ છે) એવી ઉક્તિ સંસ્કૃતમાં એક કહેવતરૂપ બનેલી છે. શ્રીહર્ષ પોતે પણ કહે છે કે–પોતાને પ્રાજ્ઞ માનતા ખલપુરુષોનો પરાજય કરવા માટે મેં આ કાવ્યને ઇરાદાપૂર્વક જટિલ બનાવ્યું છે. પરંતુ ભાષાની અસામાન્ય કઠિનતા હોવા છતાં સાચા કવિત્વનો વિચ્છેદ તેમાં ક્યાંયે થયો નથી. આવા અપૂર્વ કાવ્યની હાથપ્રત જંઘરાલના એક બ્રાહ્મણ પાસે હતી એ ઘણું સૂચક છે.

જંઘરાલ વિષેના જે બે ઉલ્લેખો આપણને મળ્યા છે તે સંવત ૧૩૬૦ માં પાટણમાં મુસ્લિમ રાજ્યસત્તા સ્થપાઈ ત્યાર પછીના છે; પરંતુ તેથી આ લેખના પ્રારંભમાં કરેલા વિધાનને કોઈ પ્રકારનો બાધ આવતો નથી–ઊલટું, ટેકો મળે છે. જંઘરાલમાં ચામુંડા માતાના મન્દિરમાં સં. ૧૨૪૭ નો–મુસ્લિમ રાજકાળ પૂર્વેનો એક શિલાલેખ છે, તે પણ એ વિધાનનું સમર્થન કરે છે.

## (૫)
## વાડીપુર

પાટણમાં ઝવેરીવાડામાં વાડી પાર્શ્વનાથનું મંદિર આવેલું છે. એ મંદિર સં. ૧૬૫૨ માં બંધાયેલું છે. એમાંના મૂલનાયકની પ્રતિમા વાડીપુર ગામમાંથી લાવવામાં આવી હતી એવી જનશ્રુતિ છે. મંદિરમાં બાવન પંક્તિનો એક લાંબો શિલાલેખ છે, તેમાં પણ મૂલનાયકને માટે 'શ્રીવાડીપુર–પાર્શ્વનાથ' એવો ઉલ્લેખ છે. એટલે વાડીપુરમાંથી પ્રતિમા લાવવામાં આવી હતી એવી પરંપરાની વાસ્તવિકતા વિષે કંઇ શંકા રહેતી નથી.

પરંતુ પાટણની આસપાસ હાલમાં વાડીપુર નામે કોઇ ગામ નથી, એટલે વાડીપુર કયે સ્થળે આવેલું હશે એવો સ્વાભાવિક પ્રશ્ન થાય છે.

આચાર્ય લલિતપ્રભસૂરિએ સં. ૧૬૪૮ ના આસો વદ ૪ ને રવિવારને દિવસે રચેલી 'પાટણ ચૈત્ય પરિપાટી'માં તળ પાટણનાં જૈન

મંદિરોનાં વર્ણન બાદ આજુબાજુનાં ગામોનાં મંદિરોનું પણ વર્ણન કરેલું છે. એમાં ૨૦મી ઢાળમાં પાટણનાં મંદિરો પૂર્ણ થયા બાદ તરતજ ૨૧ મી ઢાળમાં વાડીપુરનું તથા ત્યાંનાં જૈન મંદિરોનું વર્ણન આવે છેઃ

" **વાડીપુર–વર–મંડણઉ એ,**
પ્રણમીય ૨ અમીઝરઉ પાસ તુ;
આસ પૂરઇ સયલ તણી એ,
પૂજીઇ ૨ આણી ભાવ તુ;
**વાડીપુર–વર–મંડણઉ એ,**
**વાડી–મંડણ** વામાનંદન, સયલભુવનઇ દીપએ,
નમઇ અમર–નરિંદ આવી, સયલ દુરજન જીપએ. "

અર્થાત્ સં. ૧૬૪૮ માં પાટણ પાસે વાડીપુર ગામમાં એક જૈન મંદિર હતું, અને તેમાંની પ્રતિમા 'અમીઝરા પાર્શ્વનાથ' નામની ઓળખાતી હતી. ચૈત્યપરિપાટીમાં વાડીપુર પછી અનુક્રમે દોલતપુર, કુમરગિરિ, વાવડી અને વડલીનાં મંદિરોનું વર્ણન છે. દોલતપુર અને કુમરગિરિ વિષે ચોક્કસ માહિતી મળતી નથી, ('કુમરગિરિ' એ નામ કુમારપાલે બંધાવેલા કોઈ મંદિર કે પ્રાસાદ સાથે સંબદ્ધ હોય એ સંભવિત છે. કેટલાંક જૂનો સ્તવનો ઉપરથી, આ સ્થળ તે પાટણથી નૈઋત્ય ખૂણે આવેલું હાલનું કુણઘેર હોય એમ અનુમાન થાય છે.) પણ વાવડી અને વડલી ગામો હાલ મોજુદ છે તે ઉપરથી અનુમાન થઈ શકે છે કે વાડીપુર પણ પાટણથી માત્ર થોડે દૂર દક્ષિણે અથવા પશ્ચિમે આવેલું હોવું જોઈએ. વર્ણનનો અનુક્રમ જોતાં તે પાટણથી ઘણા ઓછા અંતરે આવેલું હોવું જોઈએ. પંદરમા અને સોળમા શતકના શિલાલેખોવાળી પ્રતિમાઓ થોડા જ સમય ઉપર વડલીમાંથી દટાયેલી મળી આવી હતી એ જાણીતું છે.

પાટણની આજુબાજુનાં સંખ્યાબંધ જૂનાં પરાંઓની બાબતમાં બન્યું છે તેમ, વાડીપુર ગામ પણ ભાંગી જવાથી ત્યાંની પ્રતિમાને પાટણમાં લાવવામાં આવી હશે. ઉપર્યુક્ત 'ચૈત્યપરિપાટી'માં જેનો ઉલ્લેખ છે તે 'અમીઝરા પાર્શ્વનાથ'ની પ્રતિમા જ ઝવેરીવાડાવાળા

મંદિરમાં હોય, અને વાડીપુરમાંથી લાવવામાં આવી હોવાને કારણે તે તેના મૂળ નામને બદલે ‘ વાડીપુર પાર્શ્વનાથ’ અથવા ‘ વાડીપાર્શ્વનાથ ’ નામે ઓળખાઇ હોય–એવું સહજ અનુમાન થાય છે. સં. '૧૬૪૮ વાળી ‘ ચૈત્યપરિપાટી’માં વાડીપુરનો ઉલ્લેખ જુદા ગામ તરીકેજ છે અને તળ પાટણમાં વાડી પાર્શ્વનાથનું નામ નથી; જ્યારે સં. ૧૭૨૯ માં રચાયેલી પંડિત હર્ષવિજયકૃત ‘ ચૈત્યપરિપાટી ’ માં તળ પાટણમાં કંસારવાડા તથા શાહના પાડા પછી તુરત જ ‘**વાડીપાસ** તણો મહિમા છે અતિ ઘણો રે’ એ પ્રમાણે વાડી પાર્શ્વનાથનો ઉલ્લેખ છે તે પણ ઉપરના અનુમાનને ટેકો આપે છે.

ટૂંકમાં:—

(૧) પાટણની દક્ષિણે અથવા પશ્ચિમે થોડેક દૂર વાડીપુર નામે પરું આવેલું હતું.

(૨) ત્યાં સં. ૧૬૪૮ માં અમીઝરા પાર્શ્વનાથનું મંદિર હતું.

(૩) ત્યાંની પ્રતિમાને પાટણમાં પ્રતિષ્ઠિત કરી સં. ૧૬૫૨ માં મંદિર બાંધવામાં આવ્યું હતું, જે વાડી પાર્શ્વનાથના મંદિર તરીકે ઓળખાય છે.

પાટણના સ્થાનિક ઇતિહાસના આવા બીજા કેટલાક પ્રશ્નો પણ તપાસ માગી લે છે.

## ( ૬ )
## ગઝનીમાં પટણી વેપારી

અર્વાચીન કાળમાં પાટણના શાહ સોદાગરો દેશપરદેશમાં વેપાર ખેડે છે તે પ્રાચીન કાળની વાણિજ્યપરંપરાનું સાતત્ય જ છે. જ્યારે તાર, ટપાલ અને વાહનવ્યવહારનાં અદ્યતન સાધનો અસ્તિત્વમાં નહોતાં ત્યારે પણ પાટણના વેપારીઓ માત્ર હિંદુસ્તાનના જુદા જુદા ભાગોમાં જ નહિ, પણ પરદેશોમાં પણ બહોળો વેપાર ખેડતા. એવો એક કોટયાધીશ પટણી વેપારી વિક્રમના તેરમા સૈકામાં શાહબુદ્દીન ઘોરીના પાટનગર ગઝનીમાં પણ વસતો હતો. એના વિષેનો એક રસિક કિસ્સો

ઇસવીસનના તેરમા સૈકામાં રચાયેલા એક અપ્રસિદ્ધ ફારસી ઇતિહાસગ્રંથ ‘ જામે ઉલ હિકાયત'માંથી આપણને મળે છે. એ કિસ્સાનો સારાંશ આ પ્રમાણે છેઃ

“ સં. ૧૨૨૯ માં કુમારપાલનું મૃત્યુ થયા પછી તેના ભાઇ મહીપાલનો પુત્ર અજયપાલ ગાદીએ આવ્યો, અને સં. ૧૨૩૨ માં અજયપાલનું મૃત્યુ થતાં તેનો પુત્ર મૂલરાજ બીજો (બાલ મૂલરાજ) ગાદીએ આવ્યો. એના રાજ્યકાળમાં ગઝનીના સુલતાન શાહબુદ્દીન ઘોરીએ મોટા સૈન્ય સાથે ગૂજરાત ઉપર હલ્લો કર્યો. મૂલરાજ તો બાલ્યાવસ્થામાં હતો, પણ તેની માતાએ સૈન્ય એકત્ર કરી ઘણા પરાક્રમથી દુશ્મન લશ્કરને નસાડી મૂક્યું. એ યુદ્ધમાં શાહબુદ્દીનને ભારે નુકસાન થયું. હાર ખાઇ ને તે પાછો ગઝની આવ્યો.

“ હવે ગઝનીમાં એક ધનાઢ્ય પટણી વેપારી રહેતો હતો. એની પાસે એટલી મિલકત હતી કે યુદ્ધનું બધું જ નુકસાન એની એકલાની પાસેથી વસૂલ થઇ શકે. આથી શાહબુદ્દીનના કેટલાક દરબારીઓએ તેને કહ્યું કે “ આ વેપારીને લૂંટી લો, તેથી યુદ્ધનું બધું નુકસાન ભરપાઇ થઈ જશે. ” પરંતુ શાહબુદ્દીને એમ કરવાની ના પાડી અને ઉત્તર આપ્યો કે “ આવી રીતે જો હું પરદેશી વેપારીઓને લૂંટી લઇશ તો મારા રાજ્યમાં વેપાર કરવા માટે કોણ આવશે ? યુધ્ધનું નુકશાન તો જ્યાં થયું છે ત્યાંથી જ હું વસૂલ કરીશ. ”

ગઝની જેવા પરદેશી પાટનગરમાં ધનાઢ્ય ગૂજરાતી વેપારીઓ હતા એમ આ કિસ્સા ઉપરથી સિદ્ધ થાય છે તે સાથે કેટલાક ધર્માંધ અને ઝનૂની રાજ્યકર્તાઓ પણ પોતાના પ્રદેશમાં વસતા દુશ્મન રાજ્યના પ્રજાજનોના જાનમાલની સલામતી માટે કેટલી કાળજી રાખતા એ પણ જણાઇ આવે છે.

# "ગૂજરાતનાં શાહી મુગલ ફરમાનો"

## એક દૃષ્ટિપાત

પ્રો. એમ. એસ. કોમીસરીએટ ગૂજરાતના મુસ્લિમ ઇતિહાસના એક પીઢ અભ્યાસી છે. 'સ્ટડીઝ ઇન હિસ્ટરી ઓફ ગૂજરાત' બહાર પાડીને ગૂજરાતના મુસ્લીમ ઇતિહાસની એક વિસ્તૃત સમગ્રદર્શી આલોચના તેમણે કરી છે, પરન્તુ એ સિવાય પણ વખતોવખત તેઓ મૌલિક સંશોધનલેખો દ્વારા આ વિષયમાં પોતાનો ફાળો આપ્યાં કરે છે.

### એકવીસ ફરમાનનો સંગ્રહ

'બોમ્બે યુનિવર્સિટી જર્નલ'ના જુલાઈ ૧૯૪૦ ના અંકમાં 'ગૂજરાતનાં શાહી મુગલ ફરમાનો' (Imperial Mughal Farmans of Gujarat) એ નામનો તેમનો વિસ્તૃત લેખ પ્રસિદ્ધ થયો છે તેમજ જુદી પુસ્તિકારૂપે પણ તે બહાર પડ્યો છે. એ લેખમાં પ્રો. કોમીસરીએટે જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબનાં ગૂજરાત ખાતેનાં એકવીસ ફરમાનોના તરજુમા જરૂરી ટીકા તેમજ માહિતીપૂર્ણ પ્રસ્તાવના સાથે પ્રસિદ્ધ કર્યાં છે, તથા એ સર્વેની અસલ નકલોના બ્લોક છાપીને લેખની ઉપયોગિતામાં વધારો કર્યો છે.

આ એકવીસ ફરમાનો પૈકીનાં ઘણાંખરાં અમદાવાદના પહેલા નગરશેઠ શાંતિદાસ ઝવેરીના વિષયમાં :અમદાવાદના સૂબાઓ ઉપરના શાહી હુકમ તરીકે કાઢવામાં આવેલાં છે. એ પૈકીનાં દસ ખાસ ઐતિહાસિક અગત્યનાં છે, સાત શાન્તિદાસના શાહી ઝવેરી તરીકેના ધંધાને

લગતાં છે અને ચાર પરચુરણ છે. આ સંગ્રહમાં અપાયેલાં ફરમાનો પૈકી કેટલાંક અત્યાર પહેલાં જ મુનિશ્રી વિદ્યાવિજયજીકૃત 'સૂરીશ્વર અને સમ્રાટ્'માં તથા શત્રુંજયના ઝઘડા વખતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીએ હિન્દી વજીર સમક્ષ રજૂ કરેલા નિવેદનમાં છપાઈ ગયેલાં છે, તથા કેટલાંક 'મિરાતે અહેમદી'ના કર્તાએ તે કાળનાં દફતરોમાંથી ઉદ્ધૃત કરેલાં છે; તેમજ આ સંગ્રહમાં નથી તેવાં ગૂજરાતનાં વીસ મુગલ ફરમાનો અન્ય સ્થળોએ છપાયેલાં છે; પરન્તુ શાહી ફરમાનો જેવાં અગત્યનાં અને વિશ્વાસપાત્ર ઐતિહાસિક સાધનોનો આવો એકત્રિત સંગ્રહ તો અહીં પહેલી જ વાર પ્રસિદ્ધ થયો છે.

શિલાલેખો, તામ્રપત્રો, સિક્કાઓ, દસ્તાવેજો, ફરમાનો, દફતરો એ બધી ઇતિહાસની સામગ્રી છે, ઇતિહાસ નથી. એ સામગ્રી ઉપરથી ઇતિહાસકારો ઇતિહાસ લખે છે, તેમજ પ્રત્યેક સંશોધક પોતપોતાના દૃષ્ટિબિન્દુ અનુસાર મધુકરવૃત્તિવડે તેમાંથી જોઇતી વસ્તુ મેળવે છે. એટલે એ સંબંધી કંઈ સર્વગ્રાહી કે સમગ્રદર્શી લખવાનો દાવો ન કરતાં ઉપર્યુક્ત ફરમાનોના તરજુમા તથા તે ઉપરની ટીકા વાંચીને ઉપજેલા કેટલાક વિચારો માત્ર અહીં નોંધ્યા છે.

## ઉપાધ્યાય વિવેકહર્ષ અને પાદશાહ જહાંગીર

**ફરમાન નં. ૧.** આ ફરમાન ઈ. સ. ૧૬૧૬ નું છે. પાદશાહ જહાંગીરે જૈન સાધુઓને સંપૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય આપવાની તે દ્વારા આજ્ઞા કરી હતી. તપાગચ્છના પંડિત હર્ષાણંદના શિષ્ય ઉપાધ્યાય વિવેકહર્ષે પોતાના ઉપદેશથી પાદશાહને પ્રસન્ન કરી તે ફરમાન મેળવ્યું હતું. આ સ્થળે એ યાદ કરવાની જરૂર છે કે જહાંગીરના પિતા અકબરે તો જૈનો ઉપરાંત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો, પારસીઓ અને જેસ્યુઈટ પાદરીઓને પણ સંપૂર્ણ ધાર્મિક સ્વાતંત્ર્ય બક્ષતાં ફરમાનો બહાર પાડ્યાં હતાં, જે પૈકી વૈષ્ણવોને લગતાં ફરમાનો દી. બા. કૃષ્ણલાલ ઝવેરીએ, પારસીઓનાં ડૉ. જીવણજી મોદીએ તથા જેસ્યુઇટોનાં ફાધર ફેલિકસે પ્રસિદ્ધ કરેલ છે.

જૈનાચાર્ય હીરવિજયસૂરિએ અકબરના જીવન ઉપર ઊંડી અસર કરી હતી, અને પરિણામે જૈન ધાર્મિક તહેવારોના દિવસોએ પશુહિંસાનો પ્રતિબંધ ફરમાવતા હુકમો પાદશાહે બહાર પાડ્યા હતા. અત્રેનું ફરમાન બતાવે છે કે ધાર્મિક સમભાવનો પૈતૃક વારસો જહાંગીરને પણ મળ્યો હતો.

નં. ૬ વાળું ફરમાન શાહજહાંના રાજ્યાભિષેકની વર્ષગાંઠના દિવસને માટે ઊંચા પ્રકારનું ઝવેરાત શાન્તિદાસ તથા બીજા ઝવેરીઓ પાસેથી મેળવવા માટે ગૂજરાતના સૂબા મુઈઝ–ઉલ–મુલ્ક ઉપર કાઢવામાં આવેલું છે (ઈ. સ. ૧૬૪૪). એમાં એક નોંધપાત્ર હકીકત એ છે કે પોર્ટુગીઝો પાસેથી પીપરનું અથાણું મેળવીને મોકલવાનું પણ પાદશાહે ફરમાવેલું છે.

## સ્થાનકવાસી અને મૂર્તિપૂજકનો ઝગડો

નં. ૭ વાળું ફરમાન સામાજિક પરિસ્થિતિના અભ્યાસની દૃષ્ટિએ અગત્યનું છે. સં. ૧૫૦૮ માં 'સ્થાનકવાસી'નો–'લુંપક' મત જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયથી અલગ પડ્યો અને ત્યારથી એ બન્ને સંપ્રદાયો વચ્ચે એક પ્રકારનો વિસંવાદ સતત ચાલ્યાં કરતો હતો. જૂના વિચારના જૈનો આ નવા સંપ્રદાય સાથે બેટીવ્યવહાર કરવાથી જ નહીં, પરન્તુ તેમની સાથે જમવાથી પણ વિરુદ્ધ હતા. આથી લુંપક મતવાળાઓએ આ પ્રતિબંધો દૂર કરાવવા માટે શાહજહાંને વિનંતિ કરી હતી. એ વિનંતીના નિર્ણયરૂપે જ આ ફરમાન ગૂજરાતના તત્કાલીન સૂબા શાહજાદા દારા ઉપર મોકલવામાં આવેલું છે. એમાં જણાવેલું છે કે સહભોજન કરવું અથવા સગપણ સંબંધ બાંધવો એ વસ્તુ બન્ને પક્ષોની સંમતિ ઉપર અવલંબે છે, એટલે એ માટે કોઈને ફરજ પાડી શકાય નહીં; છતાં આ વિષયમાં કોઈ પ્રકારની અશાન્તિ જણાય તો સખ્ત હાથે કામ લેવું. આ ફરમાન ઈ. સ. ૧૬૪૪ એટલે કે લુંપક મતની સ્થાપનાથી લગભગ દોઢસો વર્ષ પછીનું છે. દોઢસો વર્ષમાં પણ બન્ને પક્ષો પોતાના પ્રારંભિક વિસંવાદને ભૂલી શકયા નહોતા, એ વસ્તુ તે કાળના ધાર્મિક જીવન ઉપર પ્રકાશ પાડે છે તેમજ શાહજહાંનો નિર્ણય

પણ બિનમુસ્લિમ કોમોના ધાર્મિક–સામાજિક જીવનમાં દખલ નહીં કરવાની નીતિનો સૂચક છે. જો કે ખુદ શાહજહાંના રાજ્યકાળ દરમ્યાન એ નીતિના ભંગના અને હિન્દુ મન્દિરોના વિનાશના એક કરતાં વધુ દાખલાઓ પણ બનેલા છે.

## ચિન્તામણિ પાર્શ્વનાથ મન્દિર

નં. ૯ વાળું ફરમાન શાહી દરબારમાં શાન્તિદાસ ઝવેરીની કેટલી લાગવગ હતી અને તેને પ્રસન્ન રાખવા માટે ખુદ શહેનશાહ પણ કેટલો આતુર હતો, એ બતાવે છે. શાન્તિદાસે બીબીપુર–હાલના સરસપુરમાં લાખો રૂપિયાના ખર્ચે ચિન્તામણિ પાર્શ્વનાથનું ભવ્ય મન્દિર બંધાવ્યું હતું. ધર્માન્ધ શાહજાદા ઔરંગઝેબે ૧૬૪૫ માં પોતાની ટૂંકી સૂબાગીરી દરમ્યાન એ મન્દિરમાં ગૌહત્યા કરાવી તે ભ્રષ્ટ કર્યું હતું અને તેમાં મહેરાબો ચણાવી મસ્જીદના રૂપમાં ફેરવી દીધું હતું. આ સામે શાહજહાંને ૧૬૪૮ માં ફરમાન કાઢીને, મહેરાબ તથા મન્દિરની વચ્ચે ભીંત ચણાવી દેવાનું, મન્દિરમાં અડ્ડો નાંખીને પડેલા ફકીરોને હાંકી કાઢવાનું, કેટલાક વહોરાઓ તેમાંથી અનેક વસ્તુઓ ચોરી ગયેલા તે તેમની પાસેથી પાછી મેળવવાનું અથવા તે ન મળે તો–એની કિંમત વસૂલ કરીને શાન્તિદાસને આપવાનું ફરમાન ગૂજરાતના સૂબા દારાના અમદાવાદ ખાતેના નાયબ ઘૈરાતખાનને જણાવ્યું હતું. અલબત, આમ છતાંયે ત્રણ વર્ષ સુધી ભ્રષ્ટ અને અપૂજ્ય સ્થિતિમાં પડી રહેલા મન્દિર તરફ ઉપાસકો ફરીવાર તો ન જ વળ્યા, પણ શાહજાદાએ થાપેલું પાદશાહ પાસે જ ઉખેડાવવા માટે શાન્તિદાસે શું શું કર્યું હશે તેની તો માત્ર કલ્પના જ કરવાની રહે છે.

## જૈન તીર્થોની સોંપણી

નં. ૧૩, ૧૪ અને ૨૦ વાળાં ફરમાનો વિશિષ્ટ ઐતિહાસિક અગત્યનાં છે. નં. ૧૩ ના ફરમાનદ્વારા શાન્તિદાસ ઝવેરીને ગૂજરાતના જૈન સંઘના પ્રતિનિધિ તરીકે મુંજપુર પાસે જૈનોના તીર્થધામ શંખેશ્વર ગામનો ઇજારો વાર્ષિક રૂા. ૧૦૫૦ માં આપવામાં આવ્યો હતો (હિ. સ.

૧૬૫૬). નં. ૧૪ માં એ જ ઇજારા સંબંધી કેટલીક વિશેષ હકીકતો છે. નં. ૨૦ નું ફરમાન આજ પ્રકારનું, પણ મુકાબલે સુપ્રસિદ્ધ છે. નં. ૧૩-૧૪ વાળા ફરમાનો શાહજહાંનાં છે, જ્યારે આ ફરમાન ઔરંગઝેબનું છે. એ ફરમાન દ્વારા શાન્તિદાસ ઝવેરીની સેવાઓના બદલામાં શત્રુંજય, ગિરનાર અને આબુનાં જૈન તીર્થોની સોંપણી તેમને અલબત, જૈન સંઘના પ્રતિનિધિ તરીકે કરવામાં આવી હતી (ઈ. સ. ૧૬૬૦). આ પ્રદેશમાં કોઈ માંડલિક રાજાઓ શાન્તિદાસના કાર્યમાં હરકતો ઊભી કરશે તો તેઓ રાજદંડને પાત્ર થશે એવી પણ એમાં સ્પષ્ટતા કરવામાં આવી છે. ઔરંગઝેબ જેવા ચુસ્ત અને ધર્માંધ મુસ્લિમ સુલતાનની કારકિર્દીમાં પણ આવું મહત્ત્વનું ફરમાન નીકળ્યું તે રાજ્યકારોબારમાં શાન્તિદાસનો જે પ્રભાવ હતો તેનું સૂચક છે.

## શહેનશાહ અને સોદાગર

આજ દૃષ્ટિએ નં. ૧૫, ૧૬, ૧૭, ૧૮ વાળાં ફરમાનો ખાસ નોંધ માગી લે છે. શાહજાદો મુરાદબક્ષ ગૂજરાતનો સૂબો હતો. શાહજહાની ગંભીર માંદગીના સમાચાર મળતાં જ અમદાવાદ મુકામે તેણે પોતાને પાદશાહ તરીકે જાહેર કર્યો, પરન્તુ ધારેલાં કામો પાર પાડવા માટે તેને નાણાંની સખ્ત જરૂર હતી. આ માટે તેણે શાન્તિદાસના પુત્ર માણેકચંદ પાસેથી સાડાપાંચ લાખ રૂપિયા લીધા (નં. ૧૫; ૨૨ જુન, ઈ. સ. ૧૬૫૮). નં. ૧૬ નું ફરમાન દર્શાવે છે કે આ રકમ ભરપાઇ કરવા માટે પૂરતી જોગવાઇ કરવામાં આવી હતી, પરન્તુ આ લખાણો થયા પછી થોડા જ દિવસમાં મુરાદ તેના કાવાબાજ ભાઇ ઔરંગઝેબના હાથે કેદ પકડાયો, અને તેનાં ઉપર્યુક્ત ફરમાનોની કોડીની પણ કિંમત રહી નહીં. પરન્તુ શાન્તિદાસ હિંમત હાર્યો નહીં, અને ઔરંગઝેબને પણ શાન્તિદાસ જેવા એ કાળના સૌથી મોટા શરાફ અને જન જેવી સમૃદ્ધિશાળી કોમના સર્વમાન્ય આગેવાનની સહાય અને સહાનુભૂતિની અગત્ય, પોતાની કારકિર્દીના આરંભનાં વર્ષોની અનિશ્ચિત અવસ્થામાં સમજાઇ હશે; પરિણામે પોતાના દુશ્મન મુરાદને આવી ગંજાવર આર્થિક

સહાય આપનારને એ રકમ પૈકીના રૂપિયા એક લાખ તત્કાળ પાછા આપવાનું ફરમાન તેણે કાઢ્યું (નં. ૧૭, ૧૦ ઑગસ્ટ ૧૬૫૮), શાન્તિદાસને અમદાવાદ પાછા ફરવાની અનુજ્ઞા આપી અને ન્યાયીપણે પ્રજાપાલન કરવાની પોતાની આકાંક્ષા સર્વ મહાજનો, વેપારીઓ અને સમસ્ત પ્રજાવર્ગમાં જાહેર કરવાની સૂચના કરી (નં. ૧૮). ત્યાર પછી શાન્તિદાસની આર્થિક સહાય ઔરંગઝેબને ખૂબ ઉપયોગી થઈ પડી હશે, અને નં. ૨૦ વાળા ફરમાનમાં તો શાન્તિદાસે આપેલા પુરવઠાથી લશ્કરી કૂચમાં ખૂબ મદદ મળી હતી એવો સ્પષ્ટ એકરાર છે. એના બદલામાં જ જૈન તીર્થસ્થાનોને લગતા પ્રદેશની તેને સોંપણી થઇ લાગે છે. વિક્રમના ચૌદમા સૈકામાં પણ અલાઉદ્દીન ખિલજી જેવા ભયંકર મૂર્તિભંજકના સેનાપતિ અલફખાનની આવી જ કોઇ રીતે અનુજ્ઞા મેળવીને શત્રુંજય ઉપરનાં જૈન મન્દિરોનો પુનરુદ્ધાર સંઘવી સમરસિંહે કરાવ્યો હતો (જુઓ પ્રાચીન ગૂર્જર કાવ્યસંગ્રહમાં 'સમરારાસ').

આ પ્રમાણે આ સંગ્રહમાંનાં લગભગ બધાં જ ફરમાનો અમદાવાદના તેમજ જૈન સમાજના ઇતિહાસની દૃષ્ટિએ અગત્યનાં છે, અને તેથી જ એ ફરમાનોની કંઇક સવિસ્તર આલોચના કરવાનું ઉચિત માન્યું છે. જો કે આ ફરમાનોમાંથી આપણને જે કંઈ વિગતો મળે છે તે અત્યાર પહેલાં અન્ય સાધનો દ્વારા સુપ્રાપ હતી; છતાં શાહી ફરમાનો જેવાં સંપૂર્ણપણે તટસ્થ અને સૌથી વધુ વિશ્વાસપાત્ર સાધનો પ્રસિદ્ધિમાં મૂકીને પ્રો. કોમીસરીએટે ગૂજરાતના ઇતિહાસ-સાહિત્યની જે સેવા બજાવી છે તે બદ્દલ તેમને અભિનંદન ઘટે છે.

## ત્રણ નવાં ફરમાનો

પ્રો. કોમીસરીએટે પ્રસિદ્ધ કરેલા સંગ્રહમાં શાહી મુગલોનાં ગૂજરાત ખાતેનાં ૨૧ ફરમાનો છે. અત્યાર અગાઉ બીજાં ૨૦ ફરમાનો અન્યત્ર છપાયેલાં છે. આ સિવાય બીજાં ત્રણ ફરમાનો મને સરસપુરના શ્રી. નાનશા ત્રીકમલાલ પાસેથી મારા મિત્ર શ્રી. હિંમતલાલ પટેલ મારફત મળ્યાં હતાં. મૌલવી સૈયદ અબુ ઝફર નદવીએ તે વાંચીને તેનો

જરૂરી સાર મને આપવા કૃપા કરી હતી. એ ત્રણ ફરમાનો પૈકી પહેલાં બે શાહજહાંના રાજ્યકાળનાં અનુક્રમે હિ. ૧૦૫૬ (ઈ. સ. ૧૬૪૬) તથા હિ. ૧૦૬૬ (ઇ. સ. ૧૬૫૬) નાં છે. ત્રીજું ફરમાન ઔરંગઝેબના રાજ્યકાળનું હિ. ૧૦૭૩ (ઇ. સ. ૧૬૬૩)નું છે. ત્રણેનો મજકુર એકજ છે, અને અમુક સમય જતાં ફરમાનની નવી નકલ મેળવવાના નિયમને કારણે તેની ત્રણ નકલો ભેગી થઈ હશે એમ માનવા કારણ છે. અમદાવાદ પાસે અસારવામાં જાદવજીને તથા હરજી( જાદવજીનો ભાઇ હશે ? )ની પત્નીને તેઓ સલ્તનતના કલ્યાણ માટે દુઆ કરે તેટલા ખાતર દસ વીઘાં જમીન ઇનામ આપવામાં આવી હતી, તથા એ જમીનનું મહેસૂલ માફ કરવામાં આવ્યું હતું, એવી હકીકત એમાંથી મળે છે. જાદવજી અને હરજી કોણ હશે એ જણાતું નથી, પણ સંભવતઃ કોઇ સંતપુરુષો હશે, કે જેમને પ્રસંગોપાત આવી ભેટો આપવાની પ્રથા હતી.

આ ત્રણ ફરમાનોને ધ્યાનમાં લેતાં, અત્યાર સુધી મળેલાં ગૂજરાતને લગતાં શાહી મુગલ ફરમાનોની કુલ સંખ્યા ૪૪ ની થાય છે.

# સૌભાગ્યપંચમી કથા

## ( જૂની ગૂજરાતી ગદ્ય )

[કાર્તિક શુદિ પાંચમ–જ્ઞાનપંચમી અથવા સૌભાગ્યપંચમીનું માહાત્મ્ય વર્ણવતી વરદત્ત અને ગુણમંજરીની કથા જૈન સાહિત્યમાં સુપ્રસિદ્ધ છે, એ તિથિનો ઘણો મહિમા જૈન શાસ્ત્રોમાં કહેલો છે. તે દિવસે પુસ્તકોની યથાવિધિ પૂજા કરીને જ્ઞાનનું આરાધન કરવામાં આવે છે. સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશમાં તથા ગૂજરાતી વગેરે પ્રાદેશિક ભાષાઓમાં પણ જ્ઞાનપંચમીનું માહાત્મ્ય વર્ણવતી નાનીમોટી કથાઓ તેમજ સ્તવનાદિ રચાયેલાં છે. જ્ઞાનની આશાતના કરવાથી કેવું દુર્ભાગ્ય, અને જ્ઞાનની આરાધના કરવાથી કેવું સૌભાગ્ય પ્રાપ્ત થાય છે તે તેમાં વર્ણવેલું છે. એ જ કારણથી જ્ઞાનપંચમી સૌભાગ્યપંચમી પણ કહેવાય છે. એ વિષે કહેલું છે–

> जायतेऽधिकसौभाग्यं पञ्चम्याराधनात् नृणाम् ।
> इत्यस्या अभिधा जज्ञे लोके सौभाग्यपञ्चमी ॥

વિક્રમના સત્તરમા શતકમાં થઈ ગયેલા તપાગચ્છીય કનકકુશલે સં. ૧૬૫૫ માં સંસ્કૃતમાં સંક્ષિપ્ત 'પંચમીકથા' રચેલી છે. એ કથાનો એ સમયની ભાષામાં બાલાવબોધ અર્થાત્ ગદ્યાનુવાદ તેમણે પોતે જ રચેલો છે. એ ગદ્યાનુવાદની સં. ૧૭૮૦ માં લખાયેલી હાથપ્રત મને

પ્રવર્તક શ્રીકાન્તિવિજયજી મહારાજ પાસેથી મળી હતી. મને મળેલી હાથપ્રતમાં કર્તા તરીકે કનકકુશલનું નામ નથી, પરન્તુ સ્વરચિત પંચમી કથા ઉપરનો તેમનો બાલાવબોધ સુપ્રસિદ્ધ છે તેમજ અન્યત્ર પણ એ વિષેની નોંધ મળે છે (લીંબડી જ્ઞાનભંડારનું સૂચિપત્ર, પૃ. ૬૪, તથા જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૫૯૧ તથા ૬૦૪), એટલે તેને કનકકુશલની કૃતિ માનવામાં કોઈ પ્રત્યવાય નથી. પ્રાચીન ગૂજરાતી ગદ્યના એક શિષ્ટ નમૂના તરીકે પ્રસ્તુત બાલાવબોધ અહીં પ્રસિદ્ધ કરવાની તક હું લઉં છું, અને આશા રાખું છું કે અભ્યાસીઓને તે કંઇક ઉપયોગી થઇ પડશે. સામાન્ય વાચકોની અનુકૂળતા માટે જૂના ગૂજરાતી ગદ્યનો અર્વાચીન ગૂજરાતીમાં, બને ત્યાં સુધી શબ્દશઃ અનુવાદ પણ આપ્યો છે.

કનકકુશલની અન્ય રચનાઓમાં સંસ્કૃતમાં દાનપ્રકાશ (સં. ૧૬૫૬), રોહિણીકથા, દીપાલિકાકલ્પ, ચતુર્વિંશતિ જિનસ્તોત્રવૃત્તિ, ભક્તામર સ્તોત્રવૃત્તિ, તથા જૂની ગૂજરાતીમાં હરિશ્ચન્દ્ર રાજાનો રાસ ઇત્યાદિ પ્રાપ્ત થાય છે.]

## મૂલ કથા

॥ ઈં૦ ॥ શ્રીવીતરાગાય નમઃ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથઇં પ્રણામ કરીનઇં, ભવ્ય જીવના ઉપગારનઇં કાજઇ કાતી શુદી પાંચમિનો મહિમા કહું છું, જિમ પૂર્વાચાર્યઇં શાસ્ત્રમાંહિ કહ્યો તિમ.

સકલ સંસાર માંહિ જ્ઞાન તે પરમ આધાર છઇં, પંચમ ગતિદાયક છઇં, તે માટિં પ્રમાદ મુકીનઇં વિધિસું જ્ઞાન આરાધવું, જિમ વરદત્ત રાજકુમાર અને ગુણમંજરીઇં આરાધ્યું તેહની પરિં. તેહની કથા કહિઇં છઇં.

જંબુદ્વીપના ભરષેત્રનઇ વિષઇ પદ્મપુર નામા નગર છઇં, શોભાઇં કરી દેવતાના નગરને જીતઇ છઇ. તિહાં અજીતસેન રાજા થયો, તેહની યશો-

મતી રાણી, સકલ કલાની ષાણી હુતી. તેહનો પુત્ર વરદત્ત રૂપલાવણ્યઇં શોભિત આઠ વરસનો થયો. પિતાઇં પંડિત પાસે ભણુવા મોકલ્યો-ઉદ્યમ કરઇં-ભણાવઇં પણિ અષ્યર માત્ર મુખેં ન ચઢઇં, તો શાસ્ત્રની વાત વેગલી રહી. અનુક્રમઇં યૌવનાવસ્થા પામ્યો. પાછિલા કમ્મર્ના ઉદયથી કોઢઇ રોગઇં શરીર વિણઠું. કિહાઇ સાતા ન પામઇં.

હવઈં તેહજ નગરનઇં વિષઇં જિનધર્મરાગી ,સપ્તકોડિસુવર્ણસ્વામી, સિંહદાસ નામા સેઠિ વસતો હવો. તેહની સ્ત્રી કપુરતિલકા નામઇં શીલવતી, રૂપવતી, સૌભાગ્યવતી હવી. તેહની પુત્રી ગુણુમંજરી નામઈં, અદ્‌ભુત વિનયવતી, પણિ કર્મેં કરી રોગઇં ઉપદ્રવી; અને વલી મૂંગી-બોલી ન સકઇં. પિતાઇં અનેક ઉપાય દીધા, પણિ રોગ શમઇં નહીં. કોઇ વિવાહ પણિ ન કરઇં. સોલ વરસની થઇ. તેહનઈં દુખઇ કરી સમસ્ત કુટુંબ દુખીઉં થયું.

હવઇ તે નગરનેં વિષેં એક સમઇ ચ્યાર જ્ઞાનધરણુહાર શ્રીવિજયસેનસૂરિ આવ્યા. સર્વ નગરના લોક, પુત્ર સહિત રાજા, કુટુંબ સહિત સિંહદાસ સેઠિ વાંદવાનઇ અર્થે જાતા હવા. ત્રિણ પ્રદક્ષિણા લેઇ વિધિપૂર્વક વાંદી યથાયોગ્ય ઠામઇં સહુ બેઠા. આચાર્યે દેશના દીધી, તિહાં જ્ઞાન-આરાધન વષાણ્યું-" જે જ્ઞાનને મનઇ કરી વિરાધઇ, તે આગલિં ભવિં શૂન્યમન અથવા અસંનિયા થાઇ, વલી જ્ઞાનનેં વચનેં વિરાધઈં તે મુગા-મુખરોગી થાઈ, વલી જે જ્ઞાન કાઈ કરી વિરાધઈં તેહુને દુષ્ટ કુષ્ટાદિક રોગ થાઇ; અને ત્રિવિધ પ્રકારઇ વિરાધઇં તેહને પરભવિ પુત્ર, મિત્ર, કલત્ર, ધન, ધાન્ય, સૌભાગ્યાદિ સર્વનો નાશ થાઇ."

ઇમ દેશના સાંભલી સિંહદાસ સેઠિ બોલ્યાઃ-" હે ભગવન, કુણુ કર્મઈં માહરી પુત્રીનઈં શરીરઇં રોગ થયા ?" ગુરુ કહવા લાગાઃ-"અરે મહાભાગ, સર્વ શુભાશુભ કમ્મર્થી નીપજઇ, તે માટિં એહનો પૂર્વભવ સાંભલો.

ધાતકીખંડના ભરતનઇં વિષઇં ખેટક નામા નગર. તિહાં જિનદેવ સેઠ છઇં તેહની સુંદરી નામા સ્ત્રી છઇં; નામઇ અને રૂપઇં પણિ. તેહના

૫ પુત્ર આસપાલ, તેજપાલ, ગુણપાલ, ધર્મપાલ, ધર્મસાર નામઈં; વલી તેહનઈં ૪ પુત્રી છઈં,–લીલાવતી, શીલાવતી, રંગાવતી, મંગાવતી એહવઈં નામઈં. અનુક્રમઈં જિનદેવઈ ૫ પુત્ર પંડિત પાસેં વિદ્યા શીષવા મૂંકયા. તે પાંચ ભેલા મિલી ચપલાઇ કરઈં, જિમતિમ બોલઈં, ભણવું ન કરઈં; તિવારઈં પંડિત તેહનઈં શિક્ષા આપઈં, કાંબડી પ્રમુખ તે મારઈં. તિવારઇ રોતા થકાં તે ઘરિ આવિ, માતા આગલિ દુખ કહઈં, તિવારઈં માતા કહઈં "હે પુત્રો, ભણવાનું સૂં પ્રયોજન છે? જે માટિં ભણ્યા મરઇ છઇં, અભણ્યા મરઇં છઈં. તે માટિ બિહુનઇં મરણનું દુઃખ સમાન દેષીનઈં કંઠશોષ કુણ કરઇ? તે માટિં મૂર્ષપણું ભલૂ." ઇમ કહી પુત્રનઇં ભણતા વાર્યા; પાટી, પોથી, જ્ઞાનોપગરણ બાલ્યાં, પંડિતનઇ પણિ ઉલંભો દીધો. પુત્રનઇં સીષવા. "જો કિહાઇં અધ્યારૂ સાહમો મિલઈં, ભણવાનું કહઇં તો પત્થર હણવો." ઇમ સીષવ્યા.

તિ વાત સેઠઇં સાંભલી, તિવારઈં સ્ત્રીનઇ કહવા લાગો, "અરે સુભગે, મૂર્ખ પુત્રનઇં કન્યા કુણ આપસ્યઇં? વ્યવસાય કિમ કરસ્યઈં? પુત્રોનેં ન ભણાવ્યા તેહના માતપિતા વયરી જાણવાં. પંડિત–રાજહંસની સભામાંહિ તે મૂર્ખ–બગલાં ન શોભઇં." ઇમ સેઠિનાં વચન સાંભલી સેઠાણી બોલી, "તુમેજ કાંઇ નથી ભણાવતા? માહરો દોષ કોઈ નથી. લોકપણિ ઇમજ કહઈં છઈં. "વડ તેહવા ટેટા, બાપ તેહવા બેટા, જેહવો કુંભ તેહવી ઠીકરી, માતા તેહવી દીકરી" એહવું કહતાં થકાં સેઠિને રીસ ચઢીઃ "પાપિણિ, પોથી બાલી પુત્ર મૂર્ષ રાખ્યા, વલી માહરો વાંક કાઢઈં છઇ?" સેઠાણી કહવા લાગી, "તાહરો બાપ પાપી, જિણિ એહવો સીષવ્યો." ઇમ કલહઈં સેઠિનઈં મહારીસ ચઢી તિવારઈં માથા મધ્યે પાહણઈં આહણી. મર્મસ્થાનકઈં લાગો. તે સ્ત્રી મરીને તાહરી પુત્રી થઇ, જ્ઞાનની આશાતના કીધી માટિં મૂંગી રોગવંત થઇ. તિ માટિ કૃત–કર્મ્મનો ક્ષય વિગર ભોગવ્યાં ન થાઇં."

એહવી વાત સાંભલી ગુરુમુખથકી, જાતીસ્મરણઈં પોતાનો ભવ

દીઠો, ( ગુણમંજરી ) મૂર્છા પામી. સ્વસ્થ થઇ કહેવા લાગી, "હે ભગવન્, તુહ્મારુ વચન સત્ય, મોટું જ્ઞાનમહિમા." તિવારિ સેઠ કહવા લાગાઃ—"હે ગુરૂરાજ, એહના શરીરથી રોગ જાઇ તે ઉપાય કહો." તિવારઇં જ્ઞાન–આરાધન વિધિ દેષાડચો, "અજૂઆલી પાંચમિ દિને ચઉવિહાર, પોસહ ઉપવાસ કરઇં, સાથિઓ આગલિ ભરઇં, પાંચ વાટિનો ઘૃતમય દીવો અષંડ કરઇ, મેવા, પકવાન ફલ પાંચ પાંચ જાતિના સર્વ આગલિ ઢોઇ, પૂર્વ દિશિ તથા ઉત્તર દિશિ સાહમો બેસી ॐ ह्रीँ नमो नाणस्स એ પદ સહસ્ર સહસ્ર ગણઇ, પવિત્ર થઇ પૂજા ત્રિસંધ્યે કરઇં; જો પોસહ કીધો હોય તો તે દિનઇ એતલો વિધિ ન કરી સકઇ તો બિજઇ દિનિ પારણું કરઇ તે વિધિ સાચવીનઇ કરઇં. પાંચ વરસ અને પાંચ માસ એ રિતિ કરઈં, જો માસઇ માસઇં ન કરી સકઇં તો કાર્ત્તિક શુદિ પાંચમ યાવજ્જીવ આરાધઈ જ્ઞાનઇ શરીરની નીરોગતા પાવૈ; દેવલોક, અનુક્રમિં મોક્ષસુખ પામઈ. પછઇ ઉજમણુઇં ૫ પ્રાસાદ, ૫ જિનબિંબ, ૫ પાટી, ૫ પ્રતિ, ૫ ઠવણી, ૫ નોકરવાલી, ૫ રોમાલ ઇત્યાદિક પાંચ પાંચ વસ્તુની વિધે ઉજમણું કરઇં"

એહવું સાંભલી તે તપ ગુણમંજરીઈ આદર્યો. ભલા વૈદ્યનું કહિઉં વચન જીવિતવ્યની આશાવંત પુરુષ માનઇ તિમ માનીને આદરિઉં.

હવઇં એહવા અવસરનઇ વિષઇં રાજાઇં સાધુ–પુરંદર પૂછ્યા, "સ્વામિન, માહરો પુત્ર વરદત્ત, તેહનઇં મૂર્ષપણું, કુષ્ટરોગ, કિસેં કર્મઇં થયો તે કૃપા કરી કહો." તિવારે તેહનો પાછલો ભવ ગુરુ કહવા લાગ્યાઃ

"એહ જંબૂદ્રીપ ભરતનેં વિષઇં શ્રીપુર નામા નગર છઇં, તિહાં વસુ નામા સેઠિ વસઇં છઇં, મહર્દ્ધિક છઈં, તેહના પુત્ર બે; વસુદેવ અનઇ વસુસાર. એકદા સમયેં ક્રીડા કરવા વનમાં ગયા છઇં. તિહાં મુનિસુન્દરસૂરિ જ્ઞાની ગુરુ વાંદ્યા. તિહાં યોગ્ય જાણી દેસના સાંભલી, "જે પ્રભાતિં તિ મધ્યાહ્ને નહી, જે મધ્યાહ્ને તે સંધ્યા નહી. જે

સવારઇં સંસકર્યું ધાન્ય તે સાંઝઇં વિણસ્યઇં, તો તેહના રસથી નીપની કાયા વિણસઇ તે માહિ સૂં કહવું? ધમ્મં વિના મનુષ્યનો ભવ તો કૂતરાના પૂંછ સરિષો; જિમ કૂતરાનું પૂંછ દંસ મસા રાષવા સમર્થ નહી, ગુહ્ય ઠામિ રાષવા સમર્થ નહી તિમ જાણવૂં."

ઇમ દેશના સાંભલી માતાપિતાને પૂછી બે ભાઇ વ્રત લેતા હવા. અનુક્રમેં લહુડાઇં વસુદેવઇં બુદ્ધિરૂપ નાવઇં કરી સિદ્ધાંતસાગર અવગાહ્યો. અનુક્રમઇં આચાર્યપદ દીધૂં, પાંચસય સાધુનઇં વાચના આપઇં. એકદા સમયે સંથારઇં સૂતાં એક સાધુ પદ પૂછવા આવ્યો, તે પૂછી વલ્યો એતલઇ બીજો આવ્યો. ઇમ વારંવાર પૂછતાં નિંદ્રા કરવા ન પામ્યો. અરતિ ઉપની. તે કહવા લાગો જે "ધન્ય માહરો ભાઇ મૂર્ખ સૂઇ છઇં. મૂર્ખ માહિ ઘણા ગુણ છઇં, તે માટિ કહ્યો છઇ:

સૂઇ નિચિંત, ભોજન બહુ કરઇં, નિરલજ, અહોનિસિ નિદ્રા ધરઇં,
કાર્ય-અકાર્ય વિચારઇં નહી, માન-અપમાન ગુણ જાણઇ નહી.

એહવું મૂર્ખપણું મુઝનેં હોય તો વારું. હવઇ પાછિલું ભણ્યું વિસારૂ, નવું ન ભણૂ, પૂછે તેહને ન કહૂં." ઇમ ચિંતવી મૌન કીધું તે બાર દિન લગઇ. આર્તધ્યાને તે પાપ અણલોયઇ મરીને તાહરો પુત્ર થયો. તે જ્ઞાનની આશાતના થકો મૂર્ખપણું પામ્યો, દુષ્ટરોગાક્રાંત થયો. આચાર્યનો વડેરો ભાઈ માનસરોવરનેં વિષઇં હંસબાલક થયો. કર્મની વિચિત્ર ગતિ છઇં."

એહવાં ગુરુનાં વચન સાંભલી જાતિસ્મરણઇં (વરદત્તઈં) પોતાનો ભવ દીઠો, મૂર્છા પામી સ્વસ્થ થયો. કહિવા લાગો જે "સ્વામિન, સત્ય તુહ્મારું વચન, વિશ્વપ્રકાશક જ્ઞાન છે." તિવારે રાજા કહવા લાગા, "હે ભગવન્, એહના શરીરથી રોગ કિમ જાઇ? અનેં અમનેં સમાધિ કિમ થાઇ?" તિ વારઇં કરુણાસમુદ્ર આચાર્યઇં એહજ કાર્ત્તિક શુક્લ પાંચમિનો પ્રભાવ દેષાડ્યો તે સર્વ પાછિલિ કહિઉ તે રિતિ પાલિવાનું. ગુરુ પ્રણમીનઇં સર્વ સ્વસ્થાનકેં ગયા.

તે પ્રધાન તપ કરતા વરદત્તનઇ સકલ રોગ રીસાવીનેં ગયા. અનુક્રમઇં સ્વયંવરમંડપઇ હજાર કન્યાનાં પ્રાણિગ્રહણ કીધાં, અશેષ કલા શીષી. અનુક્રમઇં વરદત્તનઇં રાજ્ય આપી પિતાઈ ગુરુ પાસે ચારિત્ર લેઇ સુગતિ પામ્યા.

હવઇં વરદત્તરાજા ચિરકાલ લગઇ રાજ ભોગવી, પ્રતિ વર્ષેઈ પાંચમી તપ વિધિપૂર્વક આરાધીને પોતાના પુત્રનેં રાજ્ય થાપીને પોતઈ દીક્ષા લેતા હવા.

હવઇં ગુણમંજરી પણ તે તપના મહિમા થકી નીરોગ થઇં. તિવારે જિનચંદ્ર સેઠિ પરણી, પિતાઇ કરમોચન વેલાઇ બહુધન આપ્યું. અનુક્રમઇં ગૃહવાસના સુખ ભોગવી, વિધઈ તપ આરાધી દીક્ષા સ્વીકારી.

તે બેહુ જણાં નિરંતર ચાર ચારિત્ર પાલી, કાલ કરી વિજયવિમાને દેવતા થયા. હવિં તિહાંથી ચવી વરદત્તનો જીવ જંબૂદીપના મહાવિદેહઈ પુષ્કલાવતો વિજય, પુંડરીકિણી (નગરી), અમરસેન રાજા, ગુણવતી સ્ત્રી, તેહની કૂષિનઇં વિષે આવી ઉપનો. ક્રમેં ગુણ, સુલક્ષણ પુત્ર પ્રસવ્યો, સૂરસેન નામ આપ્યું. અનુક્રમઇ રૂપલાવણ્ય-મંદિર બાર વરસનો થયો. પિતાઇ શત કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું. રાજ્ય આપી પિતા પરલોક પોહતા.

એકદા સમયઇં સીમંધર સ્વામી સમોસર્યાં; તિહાં પણિ પાંચમિ આરાધવાનો વિધિ કહતાં વરદત્તનો દષ્ટાંત દેષાડ્યો. તિવારે રાજા બોલ્યા, "વરદત્ત જે તુમે કહ્યો તે કુણ?" તિહાં પ્રભુઇં સર્વ સર્વ વૃત્તાંત કહિઉં. એહવાં અરિહંતનાં વચન સાંભલી ઘણા ભવ્ય જીવઈં પાંચમિ તપ આદર્યો. રાજાઇ પણ વિશેષથી તપઇ સાવધાન થયો. દશ હજાર વરસ રાજ્ય પાલી, પુત્રનઇં રાજ્ય આપી, તીર્થંકર પાસે દીક્ષા લીધી. દશ હજાર વરસનું રાજ્ય ઋષિ ચારિત્ર પાલી, કેવલજ્ઞાન પામી મોષ્યસુખ્ય પામ્યા.

હવઇ ગુણમંજરીનો જીવ વિજયવિમાનથી ચવી, જંબૂદ્વીપ વિદેહઈં રમણીય વિજયઇં શુભા નામ નગરી. તિહાં અમરસેન રાજાન, અમરવતી રાણી, તેહની કુષિનઇં વિષઇ ઉપનો. અનુકમઇં પ્રસવ થયો. સુગ્રીવ

નામ થાપના કીધી. અનુક્રમઇં વીસમઇં વરસઇં જોગ્ય જાણી પિતાઇં રાજ્ય આપી, પિતાઇં દીક્ષા ગ્રહી પરલોક સાધ્યો.

હવઇ સુગ્રીવ રાજાઇ બહુ કન્યાનું પાણિગ્રહણ કીધું, ચોરાસી હજાર પુત્ર થયા. અનુક્રમઇં પુત્રનઇં રાજ્ય આપી પોતઈં દીક્ષા લેતા હતા. અનુક્રમઇં કેવલજ્ઞાન ઉપાર્જી, ઘણા જીવનઇ પ્રતિબોધી, એક પૂર્વ લક્ષ ચારિત્ર પાલી, સર્વ્વ કર્મ્મ ક્ષય કરી મોક્ષ પોહતા.

તે માટિં અધિક સૌભાગ્ય—**સૌભાગ્યપંચમી** નામ થયું. ઇમ બીજઇ પ્રાણીઈં પણિ એહની પરિ પાંચમનુ તપ આરાધવો. पंचमीकथा संपूर्णम् ॥ संवत् १७८० वर्षे कार्तिक शुदि २ रवौ आर्या रही वाचनार्थम् ॥

## અર્વાચીન ગૂજરાતી અનુવાદ

શ્રીશંખેશ્વર પાર્શ્વનાથને પ્રણામ કરીને ભવ્ય જીવના ઉપકારને કાજે કાર્ત્તિક સુદિ પાંચમનો મહિમા, પૂર્વાચાર્યોએ શાસ્ત્રમાં કહ્યો છે તે પ્રમાણે, કહું છું.

સકલ સંસારમાં જ્ઞાન એ પરમ આધાર છે, પંચમ ગતિદાયક છે, માટે પ્રમાદ મૂકીને, વરદત્તકુમાર અને ગુણમંજરીની જેમ, વિધિપૂર્વક જ્ઞાનની આરાધના કરવી તેમની (વરદત્તકુમાર અને ગુણમંજરીની) કથા કહીએ છીએ.

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પદ્મપુર નામે નગર છે, તે શોભાએ કરીને દેવતાના નગરને જીતે છે. ત્યાં અજિતસેન રાજા થયો. તેની યશોમતી રાણી સકલ કલાની ખાણ હતી. તેનો રૂપલાવણ્યથી શોભિત પુત્ર વરદત્ત આઠ વરસનો થયો. પિતાએ પંડિત પાસે ભણવા મોકલ્યો. પંડિત ઉદ્યમ કરવા લાગ્યો, ભણાવવા લાગ્યો, પણ અક્ષર માત્ર તેને મુખે ચઢતો નહોતો, તો શાસ્ત્રની વાત તો દૂર જ રહી. અનુક્રમે વરદત્ત યુવાવસ્થામાં આવ્યો. પૂર્વકર્મના ઉદયથી તેનું શરીર કોઢથી વિકૃત થયું. કોઇ સ્થળે તે શાતા પામતો નહોતો.

હવે, તે જ નગરને વિષે જિનધર્માનુરાગી, સપ્ત કોટિ સુવર્ણનો સ્વામી સિંહ નામે શ્રેષ્ઠી વસતો હતો. તેની કર્પૂરતિલકા નામે સ્ત્રી

શીલવતી, રૂપવતી અને સૌભાગ્યવતી હતી. તેની ગુણવતી નામે પુત્રી અદ્દ્ભુત વિનયવતી હતી, પણ કર્મે કરીને રોગથી પીડાતી હતી. વળી મૂગી હોવાથી બોલી શકતી નહોતી. પિતાએ અનેક ઉપાય કર્યા, પણ રોગ શમતો નહોતો. કોઈ તેની સાથે વિવાહ પણ કરતું નહોતું. એમ કરતાં તે સોળ વરસની થઇ. તેના દુઃખે કરીને સમસ્ત કુટુંબ દુઃખી થયું.

હવે, તે નગરને વિષે એક સમયે ચાર જ્ઞાન ધારણ કરનાર શ્રી વિજયસેનસૂરિ આવ્યા. નગરના સર્વે લોકો, પુત્ર સહિત રાજા તથા કુટુંબ સહિત સિંહદાસ શ્રેષ્ઠી તેઓને વાંદવાને માટે ગયા. ત્રણ પ્રદક્ષિણા કરી વિધિપૂર્વક વાંદી યથાયોગ્ય સ્થાને સૌ બેઠા. આચાર્યે દેશના આપી, અને તેમાં જ્ઞાનની આરાધનાને વખાણી-" જે જ્ઞાનને મનથી વિરાધે છે તે આગલા ભવમાં શૂન્યમન અથવા અસંજ્ઞી થાય છે, જે જ્ઞાનને વચનથી વિરાધે છે તે મૂગા-મુખરોગી થાય છે, જે કાયા વડે જ્ઞાનને વિરાધે છે તેને કોઢ વગેરે દુષ્ટ રોગો થાય છે, અને ત્રિવિધ પ્રકારે વિરાધે તેને પરભવમાં પુત્ર, મિત્ર, સ્ત્રી, ધન્ય, ધાન્ય, સૌભાગ્યાદિ સર્વનો નાશ થાય છે."

આ પ્રમાણે દેશના સાંભળીને સિંહદાસ શ્રેષ્ઠી બોલ્યા, " હે ભગવન્ ! કયા કર્મથી મારી પુત્રીના શરીરમાં રોગ થયા છે ? " ગુરુ કહેવા લાગ્યા, " હે મહાભાગ ! સર્વે શુભાશુભ વસ્તુ કર્મથી ઉત્પન્ન થાય છે, માટે એનો પૂર્વભવ સાંભળો—

ધાતકીખંડના ભરતને વિષે ખેટક નામે નગર છે. ત્યાં જિનદેવ નામે શેઠ હતો, તેને સુન્દરી નામે પત્ની હતી. તે નામમાં તેમજ રૂપમાં ખરેખર સુન્દરી હતી. તેના પાંચ પુત્ર આસપાલ, તેજપાલ, ગુણપાલ ધર્મપાલ અને ધર્મસાર નામે હતા, તથા ચાર પુત્રીઓ લીલાવતી, શીલાવતી, રંગાવતી અને મંગાવતી એવાં નામે હતી. જિનદેવે અનુક્રમે પાંચ પુત્ર પંડિત પાસે વિદ્યા ભણવા મૂક્યા. તે પાંચે ભેગા મળી ચાપલ્ય કરતા, જેમ તેમ બોલતા, પણ ભણતા નહિ. એ સમયે પંડિત તેમને શિક્ષા કરતો, સોટી વગેરે તેમને મારતો. એટલે રોતા

રોતા તેઓ ઘેર આવીને માતા આગળ દુઃખ કહેતા. એ સમયે માતા કહેતી, “ હે પુત્રો ! ભણવાનું શું પ્રયોજન છે ? જેઓ ભણ્યા છે તેઓ મરે છે અને નથી ભણ્યા તેઓ પણ મરે છે, માટે બન્નેને મરણનું દુઃખ સમાન હોઇને ભણીને કંઠ કોણ સુકાવે ? માટે મૂર્ખપણું સારું.” એમ કહીને માતાએ પુત્રને ભણતા વાર્યા, અને પાટી, પોથી વગેરે જ્ઞાનનાં ઉપકરણ બાળી નાખ્યાં. પંડિતને પણ ઠપકો આપ્યો. પુત્રોને શીખવ્યું, “ જો ક્યાંય પંડિત સામે મળે અને ભણવાનું કહે તો પત્થર મારવો.”

આ વાત શેઠે સાંભળી, એટલે તે સ્ત્રીને કહેવા લાગ્યો, “ હે સુભગે ! મૂર્ખ પુત્રને કન્યા કોણ આપશે ? તે વેપાર શી રીતે કરશે ? જેમણે પુત્રોને નથી ભણાવ્યા એ માબાપ પુત્રોનાં વેરી જાણવાં. પંડિતરૂપી રાજહંસોની સભામાં એ મૂર્ખ બગલાં શોભતાં નથી.” આ પ્રમાણે શેઠનાં વચન સાંભળીને શેઠાણી બોલી, “ તમે તેમને શું કામ ભણાવતા નથી ? એમાં મારો કંઇ દોષ નથી. લોકો પણ એમ જ કહે છે. વડ તેવા ટેટા અને બાપ તેવા બેટા. જેવો કુંભ તેવી ઠીકરી અને મા તેવી દીકરી.” તેણે આમ કહ્યું એટલે શેઠને રીસ ચડી, અને તે બોલ્યો, “ પાપિણિ ! પોથી બાળીને પુત્રોને મૂર્ખ રાખ્યા, અને હવે મારો વાંક કાઢે છે ? ” શેઠાણી કહેવા લાગી, “ જેણે તમને આવું શીખવ્યું એ તમારો બાપ પાપી.” આ પ્રમાણે કલહ થતાં શેઠને ઘણી રીસ ચઢી. એ સમયે તેણે સ્ત્રીના માથે પત્થર માર્યો, તે મર્મસ્થાનમાં વાગ્યો, એટલે તે સ્ત્રી મરીને તારી પુત્રી થઇ. પૂર્વજન્મમાં જ્ઞાનની આશાતના કરી હતી, તેથી મૂગી અને રોગિષ્ઠ થઇ. માટે કૃતકર્મનો ક્ષય તે ભોગવ્યા વિના થતો નથી.”

ગુરુના મુખેથી આવી વાત સાંભળીને ગુણમંજરીએ જાતિસ્મરણથી પોતાનો પૂર્વભવ જોયો અને તે મૂર્છા પામી. પછી મૂર્છા વળતાં સ્વસ્થ થઇને કહેવા લાગી, “ હે ભગવન્ ! તમારું વચન સત્ય છે, જ્ઞાનનો મહિમા મોટો છે.” એ સમયે શેઠ કહેવા લાગ્યા, “ ગુરુરાજ ! એના શરીરમાંથી રોગ જાય એવો ઉપાય કહો.” એટલે ગુરુએ જ્ઞાનઆરાધનનો વિધિ બતાવ્યો, “ અજવાળી પાંચમને દિવસે મનુષ્ય ચોવિ-

હાર, પૌષધ ઉપવાસ કરે, આગળ સાથિયો ભરે, પાંચ વાટનો ઘીનો દીવો અખંડ રાખે, પાંચ જાતના મેવા, પકવાન્ન અને ફળ આગળ ધરે, પૂર્વ દિશા તથા ઉત્તર દિશા સામે બેસીને ॐ ह्रीँ नमो नाणस्स એ પદનો હજાર હજાર વાર જાપ કરે, પવિત્ર થઈને ત્રણ સંધ્યાએ પૂજા કરે. જો પૌષધ કર્યો હોય અને તે દિવસે એટલો વિધિ ન કરી શકે તો બીજે દિવસે પારણું કરે તે વિધિ સાચવીને કરે. પાંચ વરસ અને પાંચ માસ સુધી એ વિધિ કરે. જો પ્રત્યેક માસે આ પ્રમાણે ન કરી શકે તો કાર્તિક સુદિ પાંચમના દિવસે આ પ્રમાણે આરાધના જીવન પર્યંત કરે જ્ઞાનની આરાધનાથી મનુષ્ય નીરોગતા પામે છે, દેવલોક તથા અનુક્રમે મોક્ષસુખ પામે છે. પછી ઊજમણામાં ૫ પ્રાસાદ, ૫ જિનબિંબ, ૫ પાટી પ્રતિ, ૫ ઠવણી, ૫ નોકરવાળી, ૫ રૂમાલ ઇત્યાદિ પાંચ પાંચ વસ્તુની વિધિએ ઊજમણું કરે."

એ સાંભળીને ગુણમંજરીએ એ તપ આદર્યું. જીવવાની આશા રાખતો મનુષ્ય ઉત્તમ વૈદ્યનું કહેલું વચન માને તેમ માનીને તેણે એ તપ આદર્યું.

હવે એ અવસરે રાજાએ સાધુપુરંદર શ્રીવિજયસેનસૂરિને પૂછ્યું, "સ્વામી! મારા પુત્ર વરદત્તને મૂર્ખપણું અને કોઢ કયા કર્મથી ઉત્પન્ન થયાં તે કૃપા કરીને કહો." એ સમયે ગુરુ તેનો પાછલો ભવ કહેવા લાગ્યા–

"આ જંબૂદ્વીપના ભરતને વિષે શ્રીપુર નામે નગર છે. ત્યાં મહાઋદ્ધિવાળો વસુ નામે શેઠ વસતો હતો. તેને બે પુત્ર વસુદેવ અને વસુસાર નામે હતા. એક વાર તેઓ બન્ને ઉપવનમાં ક્રીડા કરવા માટે ગયા હતા. ત્યાં રહેલા જ્ઞાની ગુરુ મુનિસુન્દરસૂરિને તેમણે વંદન કર્યું. ત્યાં મુનિએ તેમને યોગ્ય જાણીને દેશના આપી, "જે પ્રભાતે છે તે મધ્યાહ્નને નથી, જે મધ્યાહ્નને છે તે સંધ્યાએ નથી. સવારે રાંધેલું ધાન્ય સાંજે બગડી જાય છે તો એ ધાન્યના રસથી નીપજેલી કાયા નાશ પામે

એમાં શું કહેવું ? ધર્મ વિના મનુષ્યનો ભવ કૂતરાની પૂંછડી જેવો જાણવો. જેમ કૂતરાની પૂંછડી ડાંસ કે મચ્છરને ઊરાડી શકતી નથી તેમજ ગુહ્ય સ્થાનને ઢાંકવા સમર્થ નથી, તેમ આ વિષયમાં પણ સમજવું."

આ પ્રમાણે દેશના સાંભળીને માતાપિતાને પૂછીને બન્ને ભાઇઓએ દીક્ષા લીધી. અનુક્રમે નાના ભાઇ વસુદેવે બુદ્ધિરૂપ નાવવડે કરીને સિદ્ધાંત-સાગરનું અવગાહન કર્યું. અનુક્રમે આચાર્યપદ લીધું. પાંચસો સાધુને વાચના આપવા લાગ્યો. એક વાર તે સંથારા ઉપર સૂવા જતો હતો ત્યાં એક સાધુ પદ પૂછવા આવ્યો. તે પૂછીને ગયો, એટલે બીજો આવ્યો. એમ પ્રમાણે સાધુઓએ વારંવાર પૂછ્યું, એટલે તે નિદ્રા કરી શક્યો નહિ. તેને અણગમો ઉત્પન્ન થયો. તે કહેવા લાગ્યો કે "મારા ભાઇને ધન્ય છે, જે મૂર્ખ હોવાથી સૂઈ શકે છે. મૂર્ખમાં ઘણા ગુણ છે. એથી કહ્યું છે કે–

સૂઇ નચિંત, ભોજન બહુ કરઇ, નિરલજ અહોનિસિ નિંદ્રા ધરઇ;
કાર્ય–અકાર્ય વિચારઈ નહી, માન–અપમાન ગુણ જાણઇ નહી.

(નિશ્ચિંત સૂએ છે, ઘણું ભોજન કરે છે, નિર્લજ્જ હોય છે, રાત દહાડો નિદ્રા કરે છે, કાર્યાકાર્ય વિચારતો નથી તથા માન–અપમાનના ગુણ જાણતો નથી.)

એવું મૂર્ખપણું મને હોય તો સારું. હવે પૂર્વે ભણેલું ભૂલી જાઉં. નવું ન ભણું, અને પૂછે તેને ન કહું" એમ ચિંતવીને મૌન કર્યું. બાર દિવસે તે પાપની આલોચના કર્યા સિવાય મરીને તારો પુત્ર થયો. જ્ઞાનની આશાતનાને લીધે તે મૂર્ખપણું પામ્યો અને દુષ્ટ રોગથી પીડાવા લાગ્યો. આચાર્યનો મોટો ભાઇ માનસરોવરમાં હંસબાલક થયો. કર્મની ગતિ વિચિત્ર છે."

આ પ્રમાણે ગુરુનાં વચન સાંભળી વરદત્તે જાતિસ્મરણથી પોતાનો ભવ દીઠો. મૂર્ચ્છા પામ્યા પછી તે સ્વસ્થ થયો અને કહેવા લાગ્યો, "સ્વામી ! તમારું વચન સત્ય છે. જ્ઞાન એ વિશ્વપ્રકાશક છે." પછી

રાજા કહેવા લાગ્યો, "ભગવન્! એના શરીરમાંથી રોગ શી રીતે જાય અને અમને શાંતિ શી રીતે થાય?" એ સમયે કરુણાસમુદ્ર આચાર્યે એ જ કાર્તિક શુદિ પાંચમનો પ્રભાવ બતાવ્યો. એ સર્વ અગાઉ બતાવ્યું તે રીતે પાળવાનું. ગુરુને પ્રણામ કરીને સર્વ પોતાને સ્થાનકે ગયા.

એ મુજબ તપ કરતાં વરદત્તના સર્વ રોગ જાણે કે રીસાઇને ચાલ્યા ગયા. પછી સ્વયંવરમંડપમાં તેણે હજાર કન્યાઓનાં પાણિગ્રહણ કર્યાં. સર્વ કલાઓ શીખ્યો. અનુક્રમે વરદત્તને રાજ્ય આપીને પિતા ગુરુ પાંસે ચારિત્ર લઇને સુગતિ પામ્યા.

હવે, વરદત્ત રાજાએ ઘણા સમય સુધી રાજ્ય ભોગવીને, પ્રતિવર્ષે પંચમીના તપનું વિધિપૂર્વક આરાધન કરીને, પોતાના પુત્રને રાજગાદી ઉપર સ્થાપન કરીને દીક્ષા લીધી.

હવે, ગુણમંજરી પણ તે તપના પ્રભાવથી નીરોગી થઈ, એટલે જિનચંદ્ર શ્રેષ્ઠી સાથે તેનું લગ્ન કરવામાં આવ્યું. કરમોચન વખતે પિતાએ ઘણું ધન આપ્યું. અનુક્રમે ગૃહવાસનાં સુખ ભોગવી, વિધિપૂર્વક તપ કરીને તેણે દીક્ષા લીધી.

તે બન્ને જણાં નિરંતર ચારિત્ર પાળી, કાળ કરીને વિજય વિમાનમાં દેવતા થયા. હવે, ત્યાંથી ચ્યવીને વરદત્તનો જીવ જંબૂદ્વીપના મહાવિદેહમાં પુષ્કલાવતી વિજય, પુંડરીકિણી નગરી, અમરસેન રાજા, ગુણવતી રાણી–તેની કુક્ષિમાં આવ્યો. અનુક્રમે ઉત્તમ ગુણ અને લક્ષણવાળો પુત્ર પ્રસવ્યો. સુરસેન તેનું નામ પાડયું. રૂપ અને લાવણ્યના ધામરૂપ તે અનુક્રમે બાર વરસનો થયો. પિતાએ તેને સો કન્યાનું પાણિગ્રહણ કરાવ્યું. રાજ્ય આપીને પિતા પરલોકમાં ગયા.

એક વાર સીમંધર સ્વામી તે નગરમાં સમોસર્યાં. ત્યાં પણ પંચમી આરાધવાનો વિધિ કહેતાં વરદત્તનું દૃષ્ટાંત કહ્યું. એ સમયે રાજા બોલ્યો, "તમે જે વરદત્ત કહ્યો તે કોણ?" ત્યાં પ્રભુએ સર્વ વૃત્તાન્ત કહ્યો. અરિહંતનાં એવાં વચન સાંભળીને ઘણા ભવ્ય જીવોએ પંચમીનું તપ આદર્યું.

રાજા પણ વિશેષ પ્રકારે તપને વિષે સાવધાન થયો. દશ હજાર વર્ષ સુધી રાજ્ય કરીને, પુત્રને રાજ્ય આપીને તેણે તીર્થંકર પાસે દીક્ષા લીધી. દશ હજાર વર્ષ સુધી રાજર્ષિ તરીકેનું ચારિત્ર પાળી, કેવલજ્ઞાન પામીને તેઓ મોક્ષસુખ પામ્યા.

હવે ગુણમંજરીનો જીવ વિજય વિમાનથી ચવીને જંબૂદ્વીપના વિદેહમાં રમણીય વિજયમાં શુભા નામે નગરી, ત્યાં અમરસેન રાજા, અમરવતી રાણી–તેની કુક્ષિમાં ઉત્પન્ન થયો. અનુક્રમે પ્રસવ થયો. સુગ્રીવ એવું તેનું નામ પાડવામાં આવ્યું. વીસમે વર્ષે પિતાએ તેને યોગ્ય જાણીને રાજ્ય આપ્યું, અને પોતે દીક્ષા ગ્રહણ કરીને પરલોક સાધ્યો.

હવે, સુગ્રીવ રાજાએ ઘણી કન્યાઓનું પાણિગ્રહણ કર્યું. તેને ચોરાશી હજાર પુત્ર થયા. પુત્રને રાજ્ય આપીને સુગ્રીવ રાજાએ દીક્ષા લીધી. અનુક્રમે કેવલજ્ઞાન પ્રાપ્ત કરી, ઘણા જીવને પ્રતિબોધ પમાડી, એક પૂર્વલક્ષ ચારિત્ર પાળી, સર્વ કર્મનો ક્ષય કરી તેઓ મોક્ષે ગયા.

એ કારણે અધિક સૌભાગ્યકારી હોવાથી આ તિથિનું સૌભાગ્ય-પંચમી એવું નામ થયું. એમ બીજા જીવોએ પણ એમની જેમ પંચમીના તપનું આરાધન કરવું.

# ગૂજરાતમાં 'નૈષધીયચરિત'નો પ્રચાર તથા તે ઉપર લખાયેલી ટીકાઓ

નળ-દમયંતીના સુપ્રસિદ્ધ પુરાણોક્ત પ્રણયપ્રસંગનું લયમધુર, અર્થગર્ભ અને વિલક્ષણ પાંડિત્યપૂર્ણ વાણીમાં નિરૂપણ કરતું શ્રીહર્ષકૃત મહાકાવ્ય 'નૈષધીયચરિત' સંસ્કૃત પંચકાવ્યોમાં મહત્ત્વનું સ્થાન ભોગવે છે. नैषधं विद्वदौषधम् એ ઉક્તિ સંસ્કૃત સાહિત્યના રસિકોમાં કહેવતરૂપ છે. અને–

> साहित्ये सुकुमारवस्तुनि दृढन्यायग्रहग्रन्थिले
> तर्के वा मयि संविधातरि समं लीलायते भारती ।
> शय्या वास्तु मृदूत्तरच्छदवती दर्भाङ्कुरैरास्तृता
> भूमिर्वा हृदयंगमो यदि पतिस्तुल्या रतिर्योषिताम् ॥

એ રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'ના 'શ્રીહર્ષપ્રબંધ'માં શ્રીહર્ષના મુખમાં મુકાયેલો શ્લોક કદાચ તેનો ન હોય તો પણ પાંડિત્ય અને કવિતાનો સંયોગ સાધવાનો સંસ્કૃત સાહિત્યમાંયે અભૂતપૂર્વ એવો જે પ્રયોગ શ્રીહર્ષે કર્યો છે તેનો નિદર્શક છે. 'નૈષધ'ને પોતે ઇરાદાપૂર્વક ખાસ ઉદ્દેશથી કઠિન બનાવ્યું હોવાનો દાવો કવિ ૨૨ મા સર્ગના અંતમાં કરે છે–

> ग्रन्थग्रन्थिरिह क्वचित्क्वचिदपि न्यासि प्रयत्नान्मया
> प्राज्ञंमन्यमना हठेन पठिती मास्मिन् खलः खेलतु ।
> श्रद्धाराद्धगुरुश्लथीकृतदृढग्रन्थिः समासादय–

त्वेतत्काव्यरसोर्मिमज्जनसुखव्यासज्जनं सज्जनः ॥[1]

આ અદ્ભુત પાંડિત્યપૂર્ણ કાવ્યગ્રન્થના કર્તા શ્રીહર્ષના જીવનકાળ વિષે વિદ્વાનોમાં ઘણા સમય સુધી મતભેદ પ્રવર્તેલો હતો.[2] પરન્તુ રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'ના આધારે[3] એ વસ્તુ તો હવે નિશ્ચિત થઈ ચૂકી છે કે શ્રીહર્ષ એ વિક્રમના તેરમા સૈકામાં થઇ ગયેલા કનોજ અને બનારસના રાજા વિજયચંદ્રના પુત્ર જયંતચંદ્ર[4] (જે સામાન્ય રીતે ઇતિહાસમાં જયચંદ્ર નામથી ઓળખાય છે તે)નો આશ્રિત હતો. જયંતચંદ્રનો રાજત્વકાળ સં. ૧૨૨૪ થી સં. ૧૨૫૦નો નક્કી થયેલો છે. તેના લેખો પણ સં. ૧૨૨૫ અને સં. ૧૨૪૩ના મળેલા છે. ઈ. સ. ૧૧૯૪ (એટલે કે સં. ૧૨૫૦) માં મુસલમાનોને હાથે જયંતચંદ્રનો પરાજય થયો હતો એ ઇતિહાસપ્રસિદ્ધ છે. એટલે શ્રીહર્ષનું આ મહાકાવ્ય ત્યાર પહેલાં–વિક્રમની તેરમી શતાબ્દીના પૂર્વાર્ધમાં રચાયું હતું એમ નિશ્ચિત થાય છે. 'પ્રબંધકોશ'માં વર્ણવાયેલી વિગતોને આધારે પં. શિવદત્ત એ કાવ્ય ઈ. સ. ૧૧૭૪( અર્થાત્ સં. ૧૨૩૦ )ની કંઇક પૂર્વે રચાયું હોવાનું માને છે.

---

૧. આ શ્લોકને પણ, કેટલાક વિદ્વાનો પ્રક્ષિપ્ત માને છે, જુઓ એમ. કૃષ્ણમાચારીઅરકૃત Classical Sanskrit Literature, p. 180.

૨. આ મતભેદના ઉલ્લેખો માટે જુઓ Classical Sanskrit Literature, p. 178–79, પાદટિપ્પણ તથા 'નૈષધ'ની નિર્ણયસાગરની આવૃત્તિમાં પં. શિવદત્તની પ્રસ્તાવના, પૃ. ૯–૧૩.

૩. જુઓ 'પ્રબન્ધકોશ'નો શ્રીહર્ષપ્રબન્ધ. શ્રીહર્ષના જીવનની કેટલીક જાણવા જેવી હકીકતો એમાંથી મળે છે.

૪. રાજશેખરે જયંતચંદ્રને વારાણસીના રાજા ગોવિન્દચંદ્રનો પુત્ર બતાવેલો છે, પણ તામ્રપત્રોને આધારે નક્કી થયું છે કે તે ગોવિંદચન્દ્રનો નહીં પણ ગોવિન્દચંદ્રના પુત્ર વિજયચંદ્રનો પુત્ર હતો. 'નૈષધ'ના પાંચમા સર્ગના અંતિમ શ્લોકમાં શ્રીહર્ષ तस्य श्रीविजयप्रशस्तिरचनातातस्य नव्ये महाकाव्ये चारुणि नैषधीयचरिते सर्गोऽगमत्पञ्चमः ॥ એ પ્રમાણે પોતાને 'વિજયપ્રશસ્તિ'ના કર્તા તરીકે ઓળખાવે છે આ કૃતિ અત્યારે મળતી નથી, પણ તેમાં જયંતચન્દ્રના પિતા વિજયચન્દ્રની પ્રશસ્તિ હશે એ લગભગ નિઃશંક છે.

## 'નૈષધીયચરિત'નો ગૂજરાતમાં પ્રચાર

આમ 'નૈષધીયચરિત' એ પંચ મહાકાવ્યોમાં સૌથી છેલ્લું લખાયેલું છે. છતાં તેની અંતર્ગત વિશિષ્ટતાઓને કારણે થોડા જ કાળમાં સંસ્કૃતના અભ્યાસીઓમાં એ કાવ્યે માનભર્યું સ્થાન પ્રાપ્ત કરી લીધું. એ કાવ્યનો ગૂજરાતમાં પ્રચાર ઘણો વહેલો—એની રચના પછી અર્ધી સદીની અંદર જ થઇ ચૂક્યો હતો. 'નૈષધ'ની સૌથી પ્રાચીન ટીકાઓ ગૂજરાતમાં જ રચાયેલી છે, તથા તેની સૌથી જૂની હાથપ્રતો પણ ગૂજરાતમાં જ મળે છે, એ બન્ને વસ્તુઓ એ રીતે સૂચક છે.

શ્રીહર્ષના વંશમાં જ થયેલો હરિહર નામનો પંડિત 'નૈષધીયચરિત'ની હાથપ્રત પહેલપ્રથમ ગૂજરાતમાં લાવ્યો હતો, એનો ઉલ્લેખ રાજશેખરકૃત 'પ્રબન્ધકોશ'ના 'હરિહરપ્રબંધ'માં મળે છે. એ સમૃદ્ધિશાળી પંડિત ગૌડ દેશમાંથી ૨૦૦ ઘોડાઓ, ૫૦ ઊંટ અને ૫૦૦ માણસોનો રસાલો પોતાની સાથે લઈ મોકળે હાથે અન્નદાન દેતો દેતો ગૂજરાતમાં ધોળકામાં રાણા વીરધવલના દરબારમાં કેવી રીતે પ્રવેશ્યો, ત્યાં વીરધવલના મન્ત્રી વસ્તુપાલે તેનો સત્કાર કર્યો છતાં 'કીર્તિકૌમુદી', સુરથોત્સવ' વગેરેના સુપ્રસિદ્ધ કર્તા પુરોહિત સોમેશ્વરે ઇર્ષ્યાને કારણે તેના તરફ કેમ ઉદાસીનતા બતાવી, હરિહરની યુક્તિથી સોમેશ્વરનો કેવી રીતે માનભંગ થયો તથા છેવટે વસ્તુપાલ અને વીરધવલના પ્રયત્નથી સોમેશ્વર અને હરિહરની કેવી રીતે મૈત્રી થઇ વગેરે પ્રસંગ તેમાં વર્ણવેલો છે. 'નૈષધ'ની હાથપ્રત સંબંધી હકીકત એ પછી આવે છે. હરિહર પંડિત શ્રીહર્ષનો વંશજ હોઈ 'નૈષધ' કાવ્ય તેને સંપૂર્ણ રીતે અવગત હતું. પ્રબન્ધકાર લખે છે–

"સોમેશ્વર અને હરિહર વચ્ચે રોજ ઇષ્ટગોષ્ટિ થવા લાગી. હરિહર પંડિત 'નૈષધ'માંનાં કાવ્યો સમયાનુસાર બોલતો. આથી વસ્તુપાલ ખુશ થતો કે–'અહો ! આ કાવ્યો અશ્રુતપૂર્વ છે.' એકદા તેણે હરિહર પંડિતને પૂછ્યું–'આ કયો ગ્રન્થ છે?' પંડિતે કહ્યું–'નૈષધ'. વસ્તુપાલે કહ્યુ–'કવિ કોણ છે?' 'શ્રીહર્ષ'. વસ્તુપાલે કહ્યું,. 'તેનો

આદર્શ (મૂળ પ્રતિ) મને બતાવો' પંડિતે કહ્યું–'અન્યત્ર આ ગ્રન્થ નથી, માટે ચાર પ્રહરને માટે જ હું તમને પુસ્તિકા આપીશ.' એમ કહી તેણે પુસ્તિકા આપી. વસ્તુપાલે રાત્રે લેખકોને રોકીને નવી પુસ્તિકા લખાવી લીધી. જીર્ણ દોરીવડે બાંધી અને વાસના ન્યાસ વડે ધૂસર કરીને મૂકી રાખી. સવારમાં પંડિતને પુસ્તિકા પાછી આપી–'લ્યો આ તમારું નૈષધ.' પંડિતે પુસ્તિકા લીધી. મન્ત્રીએ કહ્યું–'અમારા ભંડારમાં પણ આ શાસ્ત્ર છે એવું અમને સ્મરણ થાય છે, માટે ભંડાર જુઓ.' વિલંબપૂર્વક પેલી નવીન પ્રતિ ખોળી કાઢવામાં આવી અને જુએ છે તો निपीय यस्य क्षितिरक्षिणः कथाः ઇત્યાદિથી શરૂ થતું 'નૈષધ' નીકળ્યું. આ જોઈને પંડિત હરિહરે કહ્યું–'મન્ત્રી, તમારી આ માયા છે, કેમકે આવાં કાર્યોમાં અન્યની મતિ ચાલી શકે નહીં. તમે પ્રતિપક્ષીઓને યોગ્ય રીતે દંડ્યા છે. જૈન, વૈષ્ણવ અને શૈવ શાસનો સ્થાપ્યાં છે; સ્વામીના વંશનો ઉદ્ધાર કર્યો છે; જેની પ્રજ્ઞા આવી પ્રકાશે છે' (તેને માટે શું બાકી રહે?)"

આ ઉપરથી જણાય છે કે–વસ્તુપાલના સમયમાં હરિહર પંડિત 'નૈષધ'ની પહેલી હાથપ્રત ગૂજરાતમાં લાવ્યો હતો અને તે ઉપરથી વસ્તુપાલે નકલો કરાવી લીધી હતી. એ કાવ્યનો ત્યાર પછી જ બહોળો પ્રચાર થયો હશે. વસ્તુપાલ–તેજપાલે રાણા વીરધવલના મન્ત્રીપદનો સં. ૧૨૭૬ આસપાસમાં સ્વીકાર કર્યો હતો અને સં. ૧૨૯૫ અથવા ૧૨૯૬માં વસ્તુપાલનું અવસાન થયું હતું, એટલે સં. ૧૨૭૬ અને ૧૨૯૫ વચ્ચેનાં વર્ષોમાં ક્યારેક હરિહર પંડિત ગૂજરાતમાં આવ્યો હશે. એ પહેલાં 'નૈષધ' હિન્દના બીજા ભાગોમાં પણ ઝાઝી પ્રસિદ્ધિ નહીં પામ્યું હોય એ ચોક્કસ છે. વીરધવલના દરબારમાં અને વસ્તુપાલના આશ્રિત તરીકે હિન્દના જુદા જુદા પ્રદેશોના પંડિતો આવતા હતા, વસ્તુપાલ પોતે તથા પુરોહિત સોમેશ્વર સંસ્કૃત ભાષાના સારા કવિઓ હતા, એ કાળનું ગૂજરાત સંસ્કૃત કાવ્યસાહિત્યના અધ્યયન–અધ્યાપન વડે શબ્દાયમાન હતું અને નવાં કાવ્યો પણ મોટા પ્રમાણમાં રચાતાં

હતાં, સિદ્ધરાજના કાળથી રાજકીય ગ્રન્થભંડારો સ્થાપવામાં આવતા હતા અને વસ્તુપાલે પણ લાખોના ખર્ચે નવા ગ્રન્થભંડારો સ્થાપ્યા હતા. આવી સ્થિતિમાં જો 'નૈષધ' જેવું કાવ્ય ઠીક ઠીક પ્રસિદ્ધિ પામ્યું હોત તો તેની પ્રતો ગૂજરાત સુધી અને તેમાંયે વસ્તુપાલ જેવાના ગ્રન્થભંડારમાં આવ્યા સિવાય રહે એ લગભગ અસંભવિત હતું. એટલે હરિહર પંડિતની પ્રત અહીં આવ્યા પછી 'નૈષધ'નો બહોળો પ્રચાર કરવાનું તથા તે દુર્ગમ કાવ્ય ઉપર ટીકાઓ લખી તેના અધ્યાપનને વેગ આપવાનું માન ગૂજરાતના સાહિત્યરસિકો અને પંડિતોને ઘટે છે.

## ગૂજરાતમાં 'નૈષધીયચરિત'ની તાડપત્રી પ્રતો

વિક્રમના તેરમા શતકના અંતમાં 'નૈષધીયચરિત'ની પોથી હરિહર પંડિત ગૂજરાતમાં લાવ્યો અને તે ઉપરથી વસ્તુપાલે નકલ કરાવી લીધી ત્યાર બાદ એ કાવ્યની નકલો ગૂજરાતમાં મોટા પ્રમાણમાં થઇ હોવી જોઇએ એમ અત્યારે મળતી તાડપત્રીય હાથપ્રતો ઉપરથી જણાય છે. 'નૈષધ'ની જૂનામાં જૂની હાથપ્રતો ગૂજરાતમાં જ મળે છે એ પણ ખાસ નોંધપાત્ર છે. વસ્તુપાલે 'નૈષધ'ની નકલ કરાવી તે પછી રાજકીય પુસ્તકાલયમાં પણ એની નકલ મુકાઈ હોય એમ એ કાવ્યની 'સાહિત્યવિદ્યાધરી' ટીકાની એક હાથપ્રતમાં મળતા નીચેના ઉલ્લેખ ઉપરથી જણાય છે—

इत्यपरार्जुन–चौलुक्यचूडामणि–राजनारायणावतार—भुजबलमल्लमहाराजाधिराज–श्रीमद्वीसलदेवस्य भारतीभाण्डागारे नैषधस्य एकादशमोऽध्यायः।५

અર્થાત્ વીરધવલના પુત્ર વીસલદેવના ભારતીભાંડાગારમાં 'નૈષધ'નું પુસ્તક હતું અને 'સાહિત્યવિદ્યાધરી' ટીકા એ પુસ્તકના પાઠને અનુસરતી હોવી જોઇએ. એ પુસ્તકનો અત્યારે કોઇ સ્થળે પત્તો નથી, પણ

૫. ભાંડારકર ઇન્સ્ટીટ્યુટના સંગ્રહમાં સં. ૧૪૪૨ માં લખાયેલી 'સાહિત્યવિદ્યાધરી'ની હાથપ્રત છે. તેમાં આ ઉલ્લેખ મળે છે, એટલે એ હાથપ્રત અથવા તેનું મૂળ પ્રતીક વીસલદેવના ભારતીભાંડાગારમાંના આદર્શ ઉપરથી ઉતારેલ હશે.

'નૈષધ'ની બીજી કેટલીક તાડપત્રીય પ્રતો ગૂજરાતમાં લખાયેલી મળે છે.

પાટણમાં સંઘવીના પાડાના ભંડારમાં સં. ૧૩૦૪માં એટલે વીસલદેવ વાઘેલાના રાજ્યકાળમાં લખાયેલી 'નૈષધ'ની એક પ્રત છે, જેમાં ૧૧ થી ૨૨ સુધીના સર્ગ મળે છે. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે–

शशांकसंकीर्तनं नाम । संवत् १३०४ श्रा० शु० ३ शुक्रे ठ० मूंधेन नैषधमलेखि ।।[६]

જેસલમેરના બડા ભંડારમાં 'નૈષધ'ની એક તાડપત્રની હાથપ્રત છે,[૭] જેમાં સં. ૧૩૭૮ માં જિનકુશલસૂરિના ઉપદેશથી તેમના અનુયાયી એક શ્રાવકે મૂલ્ય આપીને તે ખરીદી હોવાનો ઉલ્લેખ છે. અર્થાત્ સં. ૧૩૭૮ પહેલાં તે લખાયેલી હોવી જોઇએ. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે–

संवत् १३७८ वर्षे श्रीश्रीमालकुलोत्तंसश्रीजिनशासनप्रभावनाकरणप्रवीणेन सा० देवापुत्ररत्नेन सा० आनासुश्रावकेण सत्पुत्र उदारचरित सा० राजदेव सा० कुज्जल सा० जयंतसिंह सा० अश्वराजप्रमुखपरिवार–परिवृतेन युगप्रवरागम श्रीजिनकुशलसूरिसुगुरूपदेशेन नैषधसूत्रपुस्तिका मूल्येन गृहीता।[८]

પાટણના સંઘવીના પાડાના ભંડારમાં 'નૈષધ'ની બીજી એક તાડપત્રીય પ્રત છે, જે સં. ૧૩૯૫ માં પાટણની ઉત્તરે આવેલા જંઘરાલ ગામના બ્રાહ્મણ કેશવે કોઇ સ્થળેથી પ્રાપ્ત કરેલી છે, એટલે મૂળ પ્રત તો એ પહેલાં લખાયેલી હોવી જોઇએ. 'નૈષધ'ના ૧ થી ૧૪ સર્ગ એમાં લખેલા છે. એની પુષ્પિકા નીચે પ્રમાણે છે–

संवत् १३९५ वर्षे कार्तिकशुदि १० शुक्रे श्रीभारतीप्रसादेन जंघराल-

---

૬. Descriptive Catalogue of Manuscripts of the Jain Bhandars at Pattan (G. O. S.), p. 64.

૭. જેસલમેરના ભંડારની જૂની હાથપ્રતો મૂળ પાટણમાંથી ત્યાં ગયેલી છે. એટલે એ બધી જ ગૂજરાતમાં લખાયેલી છે. જેસલમેરની હાથપ્રતોની અંતિમ પુષ્પિકાઓમાં મોટે ભાગે ગૂજરાતનાં જ ગામોનો નિર્દેશ છે.

૮. Catalogue of Mss. in Jesalmere Bhandar (G. O. S.). p. 14

वास्तव्य उदीच्यज्ञातीय रा० दूदासुत रा० केसव महाकाव्यनैषधपुस्तिका प्राप्ता । मंगल भवतु ॥[૯]

આ સિવાય સંઘવીના પાડાના ભંડારમાં 'નૈષધ'ની ત્રીજી તાડપત્રીય પ્રત પણ છે,[૧૦] પરન્તુ એમાં લખ્યા સંવત નથી. જેસલમેરમાં પણ ઉપર નોંધેલી સં. ૧૨૯૫ વાળી હાથપ્રત ઉપરાંત 'નૈષધ'ની બીજી ત્રણ તાડપત્રીય પ્રતો છે, એમાંની બે પ્રતિમાં તો 'સાહિત્યવિદ્યાધરી' ટીકા પણ લખેલી છે.[૧૧] આ ત્રણ પૈકી એકે પ્રતમાં લખ્યા સાલ નથી. પરંતુ એ સર્વે પ્રતો તાડપત્રો ઉપર લખાયેલી છે, અને સામાન્ય રીતે વિક્રમની પંદરમી સદીના અંત પછી તાડપત્રો ઉપર લખાયેલા ગ્રન્થો મળતા નથી.[૧૨] એ જોતાં એમાંની કોઈ પણ પ્રત પંદરમી સદીથી અર્વાચીન હોઈ શકે નહીં. લિપિના મરોડની દૃષ્ટિએ પરીક્ષા કરવામાં આવે તો એથી ઘણી જૂની પણ માલૂમ પડે.

'નૈષધ'ની જૂનામાં જૂની હાથપ્રતો આમ ગૂજરાતે સાચવી છે, એ વસ્તુ પણ ગૂજરાતના વિદ્વાનોમાં 'નૈષધ'નો જે પ્રચાર થયો હતો તેની સૂચક છે. સંસ્કૃત સાહિત્યના આ અમૂલ્ય રત્નનાં આટલાં પ્રાચીન અને વિશ્વસ્ત પ્રતીકો બીજે કયાંય મળતાં હોય એમ મારા જાણવામાં નથી,

## ગૂજરાતમાં લખાયેલી 'નૈષધ'ની ટીકાઓ

'નૈષધ'નું વ્યવસ્થિત અધ્યયન-અધ્યાપન પ્રમાણમાં ગૂજરાતમાં જ પહેલું થયું હોય એમ તેની સૌથી પ્રાચીન-તથા સૌથી વિદ્વત્તાપૂર્ણ

---

૯. Descriptive Catalogue of Mss. of the Jain Bhandar at Pattan, p. 113.

૧૦. Ibid, p. 170.

૧૧. Catalogue of Mss. in Jesalmere Bhandar, p. 13-16-37.

૧૨. જુઓ-" અમારો અનુભવ છે ત્યાં સુધી પંદરમી સદીના અંત સુધી તાડપત્ર ઉપર લખવાનું ચાલુ રહ્યું છે. પંદરમી સદીના અસ્ત સાથે તાડપત્ર ઉપરનું લેખન પણ આથમી ગયું છે."-પુરાવિદ્ મુનિશ્રી પુણ્યવિજયજીકૃત 'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકળા,' પૃ. ૨૯

–ટીકાઓ ગૂજરાતના વિદ્વાનોએ લખી છે તે ઉપરથી લાગે છે.[13] ગૂજરાતમાં લખાયેલી 'નૈષધ'ની નીચે પ્રમાણે છ ટીકાઓ અત્યાર સુધીમાં જાણવામાં આવેલી છે.[14]

વિદ્યાધર[15]–વિદ્યાધરકૃત 'સાહિત્યવિદ્યાધરી' ટીકા એ શ્રીહર્ષના

---

૧૩. 'નૈષધ'ના બે પહેલા ટીકાકારો વિદ્યાધર અને ચંડુ પંડિત બ્રાહ્મણો હતા. બાકીની ટીકાઓ જૈનોને હાથે લખાયેલી છે. ગૂજરાતના જૈનોમાં 'નૈષધ'નું પરિશીલન સારા પ્રમાણમાં થતું હતું. પંદરમા સૈકામાં થઇ ગયેલ 'શાન્તિનાથચરિત'ના કર્તા મુનિભદ્રસૂરિ પોતાના એ મહાકાવ્યમાં "શ્રીહર્ષના અમૃતસૂક્તિવાળા નૈષધ મહાકાવ્ય'નો ઉલ્લેખ કરે છે. સત્તરમા સૈકામાં થઇ ગયેલા, જૈન વિશ્વવિદ્યા [Cosmology]નો સુપ્રસિદ્ધ ગ્રન્થ 'લોકપ્રકાશ' તથા 'કલ્પસૂત્ર' ઉપર 'સુબોધિકા' નામની ટીકા લખનાર પ્રતિભાશાળી વિદ્વાન ઉપાધ્યાય વિનયવિજયજીએ નૈષધાદિ મહાકાવ્યોનો અભ્યાસ કર્યો હતો અને તેમના પોતાના હાથે સં. ૧૬૮૪ ના ચૈત્ર વદિ ૧૦ શુક્રને દિને લખાયેલી 'નૈષધ'ની બારમા સર્ગ સુધીની રામચન્દ્ર શેષની ટીકા સાથેની પ્રત મળે છે. અઢારમા શતકમાં થયેલા મેઘવિજય ઉપાધ્યાયે નૈષધીય-સમસ્યા' નામથી શાન્તિનાથનું ચરિત્ર લખ્યું છે, તે પાદપૂર્તિનો એક જબરો પ્રયત્ન છે. 'નૈષધ'ના પ્રતિશ્લોકનો એક પાદ લઇ પોતાના નવા ત્રણ પાદ ઉમેરી છ સર્ગમાં એ કાવ્ય તેમણે લખ્યું છે. મુનિભદ્રસૂરિએ પોતાના ઉપર્યુક્ત 'શાન્તિનાથચરિત્ર'માં જણાવ્યું છે તેમ "જૈનેતરોએ રચેલાં પંચ-મહાકાવ્યો જૈનાચાર્યો પ્રથમાભ્યાસીઓને વ્યુત્પત્તિની પ્રાપ્તિ અર્થે સતત ભણાવતા હતા.

૧૪. 'નૈષધ'ની ૩૪ ટીકાઓ Classical Sanskrit Literature (પૃ. ૧૮૨–૮૩)માં કૃષ્ણમાચારીઅરે નોંધી છે, જેમાંની ૨૩નાં નામ Catalogus Catalogorum માં છે. એ ૩૪ માં નહીં નોંધાયેલી રત્નચન્દ્ર અને મુનિચંદ્રની બે ટીકાઓ ઉમેરતાં 'નૈષધ'ની ટીકાઓની કુલ સંખ્યા ૩૬ થાય, જેમાંની ૬ ગૂજરાતમાં લખાયેલી છે.

૧૫. વિદ્યાધર અને ચંડુ પંડિતની ટીકાઓ વિષેની માહિતી 'નૈષધ'ના અંગ્રેજી અનુવાદની પ્રસ્તાવનામાં પ્રો. કૃષ્ણકાંત હિંદીકીએ આપેલી વિગતોને આધારે સંકલિત કરવામાં આવી છે, એ વસ્તુની સાભાર નોંધ લઉં છું.

કઠિન કાવ્યની સર્વપ્રથમ ટીકા હોવાનું માન ખાટી જાય છે. સાહિત્યવિદ્યાધરી' ની હાથપ્રતો ઉપરથી જણાય છે કે વિદ્યાધર એ રામચન્દ્ર નામે વૈદ્યનો પુત્ર હતો અને તેની માતાનું નામ સીતા હતું. સં. ૧૩૫૩ માં 'નૈષધ' ઉપર ટીકા લખનાર ચંડુ પંડિત વિદ્યાધરની ટીકાનો ઉલ્લેખ કરે છે એટલું જ નહીં પણ વિદ્યાધરની ટીકા અનુસારનાં પાઠાન્તરો પણ કેટલેક સ્થળ નોંધે છે, એટલે વિદ્યાધર સં. ૧૩૫૩ પૂર્વે થઇ ગયો છે એ તો નિશ્ચિત છે. આપણે આગળ જોયું તેમ, વિદ્યાધર પોતાની ટીકામાં વીસલદેવ વાઘેલાના ભારતી–ભાંડાગારમાંના 'નૈષધીયચરિત' ના પ્રતીકના પાઠને અનુસર્યો છે, એટલે તે વીસલદેવનો સમકાલીન હોય એ સંભવિત છે. ટીકાની હાથપ્રતમાં વીસલદેવને 'મહારાજાધિરાજ' કહ્યો છે. હવે, વીસલદેવ ધોળકાનો રાણો મટીને સં. ૧૩૦૦ માં પાટણનો મહારાજાધિરાજ થયો. તેનો રાજ્યકાળ સં ૧૩૦૦થી ૧૩૧૮ સુધીનો છે, એટલે ઉપરનું અનુમાન જો સાચું હોય તો 'સાહિત્યવિદ્યાધરી' વિક્રમના ચૌદમા સૈકાના પૂર્વાર્ધમાં રચાયેલી છે, એમ નિશ્ચિત થાય.

'સાહિત્યવિદ્યાધરી' જો કે ચંડુ પંડિતની ટીકા જેવી પાંડિત્યપ્રવણ નથી, પણ 'નૈષધ'ની તે પહેલી જ ટીકા હોઇ પાછળના ટીકાકારોએ તેનો સારો ઉપયોગ કર્યો છે. તે કાળના ગૂજરાતમાં સંસ્કૃતના અભ્યાસીઓમાં કાતન્ત્ર વ્યાકરણનું પરિશીલન વ્યાપક હતું, અને વિદ્યાધરે પણ કાતન્ત્રનો હવાલો આપ્યો છે. ૨–૪૦ ની ટીકામાં તેણે કુન્તકના 'વક્રોક્તિજીવિત' નો તથા ૨૧–૧૨૬ તથા ૧૨૮ ની ટીકામાં 'સંગીતચૂડામણિ' તથા 'સંગીતસાગર' એ બે સંગીતને લગતા ગ્રન્થનો ઉલ્લેખ કર્યો છે. ૨–૨૪ ની ટીકામાં 'પ્રતાપમાર્તંડ' માંથી અવતરણ આપ્યું છે.

**ચંડુ પંડિત**–ચંડુ પંડિતે પોતાની ટીકા સં. ૧૩૫૩ લખી છે એમ ટીકાના અંતમાં તેણે કરેલી નોંધ ઉપરથી જણાય છે. ચંડુ પંડિત પોતાને વિષે ઠીક ઠીક માહિતી તેમાં આપે છે. તે ધોળકાનો

વતની નાગર બ્રાહ્મણ હતો, એના પિતાનું નામ આલિગ પંડિત અને માતાનું નામ ગૌરીદેવી હતું. એના ગુરુનું નામ વૈદ્યનાથ હતું, પણ તેણે 'નૈષધ'નો અભ્યાસ મુનિદેવ પાસે અને 'મહાભારત'નો અભ્યાસ નરસિંહ પંડિત પાસે કર્યો હતો. ન્યાસ સાથે કાશિકાનો અભ્યાસ પણ તેણે કર્યો હતો. સારંગ (સારંગદેવ વાઘેલો) જ્યારે ગૂજરાતનો રાજા હતો અને માધવ નામે તેનો મહામાત્ય હતો ત્યારે આ ટીકા પૂર્ણ થઇ હોવાનું તેમાં જણાવેલું છે. સં. ૧૩૫૩ એ સારંગદેવ વાઘેલાના રાજ્યકાળનું છેલ્લું જ વર્ષ છે. આમ છતાં એની પછી ગાદીએ આવનાર કર્ણદેવ વાઘેલાની સમયની કેટલીક હકીકત પણ એમાં મળે છે. એમાં જણાવેલું છે કે સારંગદેવના અવસાન પછી મહામાત્ય માધવદેવે કોઇ ઉદયરાજને રાજ્યગાદીએ લાવવાનો પ્રયત્ન કરતાં દ્વૈરાજ્યને કારણે ગૂજરાતમાં ભારે અંધાધૂંધી ચાલી હતી.[૧૬] કર્ણ વાઘેલાના સમયમાં ગૂજરાત ઉપર મુસલમાનોએ ચઢાઈ કરી તેનો ઉલ્લેખ પણ ટીકામાં છે. પહેલા સર્ગને અંતે ટીકામાં જણાવેલું છે કે 'મ્લેચ્છોએ કરેલા ઉપદ્રવને કારણે ટીકાનું પ્રતીક બળી ગયું હતું, તેથી તેની ઉચિત પૂર્તિ ચંડુ પંડિતના વિદ્વાન બંધુ ટાલણે કરી હતી.' ( म्लेच्छोपलिङ्गाज्ज्वलितप्रतीकां टीकामिमां पूरयति स्म सम्यक्। )સં. ૧૩૫૩ માં ચંડુ પંડિતે ટીકા પૂરી કરી અને એ જ વર્ષમાં સારંગદેવનું અવસાન થયું હતું. તે સમય પછીના જે ઉલ્લેખો ટીકામાં દાખલ થયા છે તે ચંડુ પંડિતના ભાઇના હાથે દાખલ થયા હશે એમ માનવું સમુચિત છે.

ચંડુ પંડિતે ઋગ્વેદ ઉપર એક ટીકા લખી હોવાનું જણાય છે. ૯ મા સર્ગની ટીકામાં આ ઋગ્વેદ-ટીકામાંથી એક વિસ્તૃત અવતરણ તેણે આપ્યું છે. સાયણાચાર્ય કરતાં ચંડુ પંડિત અર્ધી સદી જેટલો જૂનો છે, એટલે આ ટીકા ઘણી મહત્ત્વની ગણાય, પરન્તુ અત્યારે તે

---

૧૬ यथा इदानीं महामात्यश्रीमाधवदेवेन श्रीउदयराजे राजनि कर्तुमारब्धे सति महाराजश्रीकर्णदेवस्य भूमौ गुर्जरधरित्र्यां सर्वत्र सर्वजनानां वित्तेऽपह्रियमाणे द्वैराज्यात् लोके विरक्तिरजनि। (૯-૫૯ ઉપરની ટીકામાંથી)

ઉપલબ્ધ નથી. ચંડુ પંડિત વૈદિક કર્મકાંડનો નિષ્ણાત હતો અને સંસ્કૃત કાવ્યોનો તે એકમાત્ર ટીકાકાર એવો છે, જે વારંવાર શ્રૌતસૂત્રોના હવાલા આપે છે. તેણે સોમસત્રો તથા દ્વાદશાહ અને અગ્નિચયન યજ્ઞો કર્યાં હતા. વાજપેય યજ્ઞ તથા બૃહસ્પતિસવ કરીને તેણે અનુક્રમે 'સમ્રાટ્' અને 'સ્થપતિ'ની પદવી ધારણ કરી હતી.[૧૭] આ ઉલ્લેખો બતાવે છે કે ચંડુ પંડિત ભારે સમૃદ્ધિશાળી હોવો જોઇએ. બીજું એ પણ જાણવા મળે છે કે વિક્રમના ચૌદમા સૈકામાં ગૂજરાતમાં વૈદિક યજ્ઞો થતા હતા. ચંડુ પંડિતે પોતાના પુરોગામી વિદ્યાધરની ટીકાનો નીચે પ્રમાણે ઉલ્લેખ કર્યો છે–

टीकां यद्यपि सोपपत्तिरचनां विद्याधरो निर्ममे
श्रीहर्षस्य तथापि न त्यजति सा गम्भीरतां भारती ।
दिक्कूलंकषतां गतैर्जलधरैरुद्गृह्यमाणं मुहुः
पारावारमपारमम्बु किमिह स्याज्जानुदघ्नं क्वचित् ॥

'નૈષધ' ઉપર તો શું પણ બીજા કોઈ પણ સંસ્કૃત કાવ્ય ઉપર ચંડુ પંડિતના જેટલી વિદ્વત્તાપૂર્ણ ટીકા બીજી એક પણ લખાઇ નથી. નૈષધ જેવા પાંડિત્યપૂર્ણ કાવ્યના વિવેચકે પોતાની ટીકામાં આપણી પરંપરાગત વિદ્યાના પ્રત્યેક ક્ષેત્રના ગ્રન્થોમાંથી સવિસ્તર અવતરણો આપ્યાં છે અથવા પ્રસ્તુત ઉલ્લેખો કર્યાં છે; એટલું જ નહીં પણ તે તે સ્થળે તેણે જે મૂલગામી વિવેચન કર્યું છે તે બતાવે છે કે ચંડુ પંડિત ન્યાય, વ્યાકરણ અને સાહિત્યનો પ્રકાંડ પંડિત હતો.

ચંડુ પંડિતની ટીકામાં દાર્શનિક ગ્રન્થોમાં પ્રશસ્તપાદભાષ્ય, શ્રીધરની 'ન્યાયકન્દલી', કુમારિલનું 'શ્લોકવાર્તિક', ભાસર્વજ્ઞનો 'ન્યાયસાર,' આનંદબોધકૃત 'ન્યાયમકરંદ', તથા 'સાંખ્યકારિકા' અને મીમાંસાસૂત્રોના ઉલ્લેખો છે. વૈદિક સાહિત્યમાં 'બૃહદ્દેવતા', યાસ્કનું 'નિરુક્ત' તથા તે

૧૭. બાવીસમા સર્ગની ટીકાને અંતે–

यो वाजपेययजनेन बभूव सम्राट् कृत्वा बृहस्पतिसवं स्थपतित्वमाप ।
यो द्वादशाहय(ज)नेऽग्निचिदप्यभूत् सः श्रीचण्डुपण्डित इमां विततान टीकाम् ॥

ઉપર દુર્ગાચાર્યની ટીકા, 'કાત્યાયનશ્રૌતસૂત્ર,' 'શાંખાયનશ્રૌતસૂત્ર,' 'શાંખાયનગૃહ્યસૂત્ર,' 'અનુક્રમણિ,' તથા 'છાંદોગ્ય ઉપનિષદ્'ના ઉલ્લેખો છે. સ્માર્ત સાહિત્યમાં યાજ્ઞવલ્કય ઉપરની વિજ્ઞાનેશ્વરની ટીકા તથા વિશ્વરૂપ,૧૮ ગોવિન્દરાજ૧૯ અને હરસ્વામી૨૦ નામે આચાર્યોનો ઉલ્લેખ છે. પુરાણોમાં 'વિષ્ણુપુરાણ'તથા 'ભાગવત'ના ઉલ્લેખો છે. કોશગ્રન્થોમાં 'પ્રતાપમાર્તણ્ડ,' 'ધન્વન્તરીય નિઘંટુ,' હેમચન્દ્ર, હલાયુધ અને ક્ષીરસ્વામીના ઉલ્લેખો છે. કાવ્યનાટક સાહિત્યમાં કાલિદાસ, માઘ, ભારવિ, મયૂરકૃત 'સૂર્યશતક,' મુરારિકૃત 'અનર્ઘરાઘવ' તથા આનન્દવર્ધનકૃત 'અર્જુનચરિત' (અત્યારે અનુપલબ્ધ)ના ઉલ્લેખો છે. અલંકારગ્રન્થોમાં મમ્મટ, રુદ્રટ, રુય્યક, ભટ્ટેન્દુરાજ, 'દશરૂપક,' 'શૃંગારતિલક' તથા વામનકૃત 'કાવ્યાલંકાર'ના ઉલ્લેખો છે. પિંગલગ્રન્થોમાં 'વૃત્તરત્નાકર' તથા પિંગલસૂત્રો ઉપરની હલાયુધની ટીકાના ઉલ્લેખો છે. કામશાસ્ત્રમાં વાત્સ્યાયન 'કામસૂત્ર' તથા તે ઉપરની જયમંગલા ટીકા અને 'રતિરહસ્ય'ના ઉલ્લેખો છે. વ્યાકરણમાં ચંડુ પંડિત પાણિનિ તેમજ કાતન્ત્ર બન્નેમાંથી અવતરણો આપે છે. કાત્યાયનવાર્તિક, 'કાશિકા' તથા 'પદમંજરી'નો તથા 'ગણકાર' નામે કોઈ ગ્રંથનો પણ તે ઉલ્લેખ કરે છે.

ચંડુ પંડિતની 'નૈષધ'ની ટીકા એ ગૂજરાતના સંસ્કૃત સાહિત્યનું અમૂલ્ય રત્ન છે. દુર્ભાગ્યે એ ટીકા હજી અખંડિત સ્વરૂપમાં પ્રાપ્ત થઇ નથી. પ્રો. કૃષ્ણકાન્ત હિન્દીકીએ 'નૈષધ'ના અંગ્રેજી અનુવાદનાં ટિપ્પણોમાં એમાંથી કેટલાંક અવતરણો આપ્યાં છે, પરન્તુ 'નૈષધ'ના મૂલગામી અભ્યાસની દૃષ્ટિએ એ ટીકાનો મળ્યો છે તેટલો ભાગ પણ પ્રસિદ્ધ થવાની જરૂર છે.

---

૧૮. વિજ્ઞાનેશ્વરે મિતાક્ષરાટીકામાં પોતાના પુરોગામી તરીકે વિશ્વરૂપનો ઉલ્લેખ કર્યો છે.

૧૯. 'મનુસ્મૃતિ'ના ટીકાકાર.

૨૦. આ હરસ્વામી તથા 'શતપથબ્રાહ્મણ'ના ટીકાકાર હરિસ્વામી અભિન્ન હોય એમ સંભવે છે.

**ચારિત્રવર્ધન**-આ જૈન ટીકાકાર ખરતરગચ્છાચાર્ય જિનપ્રભસૂરિસંતાને કલ્યાણરાજના શિષ્ય હતા. તેમણે સં. ૧૫૧૧માં 'નૈષધ'ની ટીકા લખેલી છે, તેની હાથપ્રત બીકાનેર સ્ટેટ લાયબ્રેરીમાં છે.[૨૧] ચારિત્રવર્ધન એક જાણીતા જૈન ટીકાકાર છે, તેમણે 'રઘુવંશ,' 'કુમારસંભવ', 'મેઘદૂત', 'શિશુપાલવધ' તથા 'રાઘવપાંડવીય' ઉપર પણ ટીકાઓ લખી છે. ચારિત્રવર્ધનની 'નૈષધ'ટીકા છપાઈ ગઈ છે એમ શ્રી અગરચંદ નાહટા જણાવે છે, પરન્તુ તે મારા જોવામાં આવેલ નથી તેથી એ સંબંધી વિશેષ અહીં લખી શકયો નથી.

**જિનરાજસૂરિ**-જિનરાજસૂરિ ખરતરગચ્છના આચાર્ય હતા. તેમનો જન્મ સં.૧૬૪૭ માં થયો હતો તથા તેમણે દીક્ષા સં. ૧૬૫૬માં લીધી હતી. સં. ૧૬૬૮ માં આસાવલમાં જિનચંદ્રસૂરિએ તેમને વાચકપદ તથા સં. ૧૬૭૪ માં મેડતામાં આચાર્યપદ આપ્યું હતું. ખરતરગચ્છના આ એક પ્રભાવશાળી આચાર્ય ગણાય છે. તેમણે સં. ૧૬૭૫ માં અમદાવાદના વતની પોરવાડ જ્ઞાતિના સંઘવી સોમજીપુત્ર રૂપજીએ કરાવેલી ઋષભાદિ જિનોની ૫૦૧ પ્રતિમાઓની શત્રુંજય ઉપર પ્રતિષ્ઠા કરાવી હતી તથા ભાણવડ ગામમાં શાહ ચાંપશીએ કરાવેલા દેવગૃહમાં અમૃતઝરા પાર્શ્વનાથ પ્રમુખ ૮૦ બિમ્બોની પણ પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રમાણે અમદાવાદ વગેરે નગરોમાં પણ પ્રતિષ્ઠાઓ કરાવી હતી.[૨૨] તેમણે 'નૈષધ' ઉપર વૃત્તિ તથા બીજા કેટલાક નવીન ગ્રન્થો રચ્યા હતા એવો ઉલ્લેખ પણ પટ્ટાવલીઓમાં મળે છે.[૨૩]

---

૨૧. જુઓ 'ભારતીય વિદ્યા' ભાગ ૨, અંક ૩ માં શ્રી. અગરચંદ નાહટાનો લેખ 'જૈનેતર ગ્રંથો પર જૈન વિદ્વાનોં કી ટીકાયેં.'

૨૨. શ્રીજિનવિજયજી સંપાદિત 'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ,' પૃ. ૩૫–૩૬

૨૩. एवंविधाः जिनमतोन्नतिकारकाः ××× समस्ततर्कव्याकरणछंदोऽलंकारकोशकाव्यादिविविधशास्त्रपारिणो नैषधीयकाव्यसंबंधी जिनराजीवृत्त्याद्यनेकनवीनग्रन्थविधायकाः श्रीबृहत्खरतरगच्छनायकाः श्रीजिनराजसूरयः सं. १६९९ आषाढ शु० ९ पत्तने स्वर्गभाजः ।–એજ

જિનરાજની 'નૈષધ' ટીકા 'સુખાવબોધા' નામથી ઓળખાય છે. તેની સં. ૧૭૪૮ માં લખાયેલી હાથપ્રત ભાંડારકર ઇન્સ્ટીટ્યુટમાં છે. જિનરાજસૂરિની ટીકા પણ એક વિદ્વત્તાપૂર્ણ ગ્રન્થ છે અને 'નૈષધ'ની ટીકાઓમાં તેનું એક વિશિષ્ટ સ્થાન છે. જિનરાજે ભટ્ટોજી દીક્ષિતકૃત 'મનોરમા'નાં અવતરણો આપ્યાં છે તથા હેમચન્દ્રના વ્યાકરણ તથા 'અભિધાનચિન્તામણિ'નો હવાલો પણ તે વારંવાર આપે છે. શ્રીધર નામે કોશકારને પણ એક સ્થળે તેમણે ટાંકયો છે. શ્રીહર્ષના વેદાન્તગ્રન્થ 'ખંડનખંડખાદ્ય' ઉપર 'ખંડનપ્રકાશ' નામે ટીકા લખનાર વર્ધમાન-મિશ્રના મતનું પણ તેમણે એક સ્થળે ખંડન કર્યું છે.

અર્થની બાબતમાં જિનરાજ મોટે ભાગે વિદ્યાર્થીઓમાં સુપ્રસિદ્ધ નારાયણ ભટ્ટની ટીકાને અનુસરે છે એટલું જ નહીં પણ તેમાં ઉચિત સુધારાવધારા કરે છે. પરંતુ વાચના તો તેણે પ્રાયશઃ ગુજરાતના જૂના ટીકાકારો વિદ્યાધર અને ચંડુ પંડિતની સ્વીકારી છે એ યોગ્ય છે, કેમકે 'નૈષધ'ની સૌથી જૂની—અને તેથી વિશ્વાસપાત્ર—વાચના એ ટીકાઓમાં જળવાયેલ છે.

**મુનિચંદ્ર**-મુનિચંદ્રકૃત 'નૈષધટીકા' અત્યારે ઉપલબ્ધ નથી, પણ કોઈ જૂના ગ્રન્થભંડારની સૂચિમાં તેનો ઉલ્લેખ છે. એ સૂચિમાં મૂળ 'નૈષધ' તથા તે ઉપરની પાંચ ટીકાઓની નીચે પ્રમાણે નોંધ છે, જેમાં મુનિચંદ્રકૃત ટીકાનો પણ ઉલ્લેખ આવે છે—

८२—श्रीहर्षकृत नैषधका० ग्रं० ४५००

८३—तट्टीका चांडवी २४०००

८४—तथा कमलाकरगुप्तेन श्रीहर्षपौत्रेण कृतं भाष्यं ६००००

८५—तथा वैद्याधरी टीका २४०००

८६—श्रीमुनिचन्द्रसूरिकृतटीका १२०००

८७—माथुर प० गदाधरकृता १२०००

—अन्या अपि बहवष्टीकाः स्वदेश-परदेशप्रसिद्धपण्डितप्रकाण्डकृताः सन्ति ।[२४]

મુનિચન્દ્ર નામના અનેક જૈન વિદ્વાનો અને ગ્રન્થકારો થઈ ગયા છે,[૨૫] તેમાંથી કયા મુનિચન્દ્રે 'નૈષધ'ની ટીકા લખી તે કહેવું મુશ્કેલ છે. બૃહદ્ (વડ) ગચ્છમાં મુનિચંદ્રસૂરિ નામે એક સુપ્રસિદ્ધ ગ્રન્થકાર થયા છે, પરંતુ તેમનો સ્વર્ગવાસ સં. ૧૧૭૮ માં થયો હતો,[૨૬] જ્યારે 'નૈષધ'ની રચના વિક્રમના તેરમા સૈકાના પૂર્વાર્ધમાં થઈ છે, એટલે આ ટીકા તેમની તો ન જ હોઈ શકે. ઉપર્યુક્ત સૂચિની પ્રસ્તાવનામાં શ્રીજિનવિજયજીએ ધ્યાન દોર્યું છે કે વિક્રમના પંદરમા સૈકા પૂર્વે લખાયેલા ગ્રન્થોનાં નામ જ એ સૂચિમાં છે. અર્થાત્ સૂચિ મોડામાં મોડી પંદરમા સૈકામાં લખાયેલી હશે. આ જોતાં મુનિચન્દ્રસૂરિની 'નૈષધ'ટીકાનો સમય પણ ત્યાર પહેલાંનો માનવો જોઈએ.

રત્નચન્દ્ર–વિક્રમના સત્તરમા સૈકામાં થયેલા સુપ્રસિદ્ધ જૈન વિદ્વાન 'કૃપારસકોશ'કાર શાન્તિચંદ્રના શિષ્ય રત્નચંદ્રે 'નૈષધ' ઉપર ટીકા લખી છે. આ ટીકાની હાથપ્રત જાણવામાં આવી નથી, પણ તેનો ઉલ્લેખ રત્નચંદ્રે પોતાની 'રઘુવંશ'ટીકામાં કર્યો છે[૨૭] એટલી જ માહિતી તેના વિષે મળે છે. રત્નચંદ્ર એક વિદ્વાન ગ્રન્થકાર અને ટીકાકાર હતા. તેમણે સં. ૧૬૭૧ માં 'પ્રદ્યુમ્નચરિત' મહાકાવ્ય, સં. ૧૬૭૪ માં મુનિસુન્દર-

---

૨૪. 'પુરાતત્ત્વ,' પુ. ૨, અંક ૪માં શ્રીજિનવિજયજીનો લેખ, 'સંસ્કૃતાદિ ભાષાના વ્યાકરણ, કોશ, છંદ, કાવ્ય અને અલંકારાદિવિષયક કેટલાક પ્રધાન ગ્રંથોની એક ટૂંકી યાદી'. ઉપર આપેલા અવતરણમાં ચંડુ પંડિત તથા વિદ્યાધરની ટીકાઓની નોંધ છે. શ્રીહર્ષના પૌત્ર કમલાકરગુપ્તનું ભાષ્ય ઉપલબ્ધ નથી, પણ જો તેનું શ્લોકપ્રમાણ સાચું હોય તો એ ટીકાગ્રંથ કેટલો વિસ્તૃત હશે એની કલ્પના કરવી પણ કઠિન છે.

૨૫. જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પૃ. ૮૬૩

૨૬. એજ, પૃ. ૨૪૧–૪૩

૨૭. એજ, પૃ. ૫૯૭

સૂરિકૃત 'અધ્યાત્મકલ્પદ્રુમ' ઉપર 'કલ્પલતા' નામની ટીકા, સં. ૧૬૭૬માં 'સમ્યક્ત્વસપ્તતિકા' ઉપર ગૂજરાતી બાલાવબોધ તથા સં. ૧૬૭૯ માં ધર્મસાગર ઉપાધ્યાયના મતના ખંડનરૂપે 'કુમતાહિવિષ-જાંગુલિ' નામે ગ્રંથ રચ્યો છે. આ સિવાય તેમણે પોતાના ગુરુના 'કૃપારસકોશ' ઉપર તથા કેટલાક સ્તોત્રો ઉપર પણ ટીકાઓ લખેલી છે.[૨૮]

૨૮. એજ, પૃ. ૫૯૭-૯૮

# સમયનિર્દેશ

૧. વસ્તુપાલનું વિદ્યામંડળ....ગૂજરાત સાહિત્યસભા–યોજિત ઇતિહાસ સંમેલનમાં રજૂ થયેલો નિબંધ, અમદાવાદ, ડિસેમ્બર ૧૯૪૪ (મુદ્રિતઃ 'પ્રજાબંધુ' સાપ્તાહિકના તા. ૩૦–૯–૪૫ થી તા. ૨૮–૧૦–૪૫ સુધીના અંકોમાં)

૨. સારનાથ....................'બુદ્ધિપ્રકાશ,' ઑક્ટોબર–ડિસેમ્બર ૧૯૪૫

૩. ભારુંડ: લોકકલ્પનાનું એક પક્ષી...૧૬મા ગૂજરાતી સાહિત્ય સંમેલનમાં રજૂ થયેલો નિબંધ, રાજકોટ, ઑક્ટોબર ૧૯૪૬ (મુદ્રિતઃ 'પ્રજાબંધુ–ગૂજરાત સમાચાર,' દીપોત્સવી અંક, સં. ૨૦૦૨)

૪. 'પ્રબન્ધકોશ'નો મુઇઝુદ્દીન કોણ?...'ગૂજરાતી,' દીપોત્સવી અંક, સં. ૧૯૯૦

૫. એક ઐતિહાસિક જૈન પ્રશસ્તિ...'ફાર્બસ ગૂજરાતી સભા ત્રૈમાસિક' ઑક્ટોબર-ડિસેમ્બર ૧૯૩૭

૬. સંડેરઃ ઉત્તર ગૂજરાતનું એક ઐતિહાસિક ગામડું...'શારદા,' ફેબ્રુઆરી ૧૯૩૭

૭. कक्षाबन्धं विदधति न ये....'પ્રજાબંધુ–ગૂજરાત સમાચાર,' દીપોત્સવી અંક, સં. ૧૯૯૬

૮. કેટલાક ઐતિહાસિક શિલાલેખો...નં. ૧ થી ૫ 'ફાર્બસ ગૂજરાતી સભા ત્રૈમાસિક' જુલાઈ-સપ્ટેમ્બર ૧૯૩૯ માં, તથા નં. ૬ અને ૭ 'ગૂજરાતી' દીપોત્સવી અંક સં. ૧૯૮૭ માં મુદ્રિત.

૯. પાટણના જૈન ઈતિહાસની કેટલીક સામગ્રી....અહીં આપેલી ૭ નોંધો પાટણ વિદ્યાર્થીમંડળની ત્રૈમાસિક 'અભ્યાસગૃહ પત્રિકા'ના અનુક્રમે વૈશાખ સં. ૧૯૯૬, શ્રાવણ સં. ૧૯૯૭, વૈશાખ સં. ૧૯૯૯, કારતક સં. ૨૦૦૨, વૈશાખ સં. ૨૦૦૦ અને વર્ષ ૨૦, અંક ૩ એ અંકોમાં છપાયેલ છે.

૧૦. ગૂજરાતનાં શાહી મુગલ ફરમાનો...'પ્રજાબંધુ' સાપ્તાહિક, તા. ૧૦ નવેમ્બર ૧૯૪૦

૧૧. સૌભાગ્યપંચમી કથા...'આત્માનંદ પ્રકાશ,' માગશર સં. ૧૯૮૮

૧૨. ગૂજરાતમાં 'નૈષધીયચરિત'નો પ્રચાર તથા તે ઉપર લખાયેલી ટીકાઓ...પંદરમા ગૂજરાતી સાહિત્ય સંમેલનમાં રજૂ થયેલો નિબંધ, વડોદરા, ડિસેમ્બર ૧૯૪૩ (મુદ્રિતઃ 'ભારતીય વિદ્યા' ભાગ ૩, સિંઘી સ્મૃતિ અંક)

# સૂચિ


અકબર ૯૭, ૯૯, ૧૦૦, ૧૧૩
અગરચંદ નાહટા ૧૪૫
અગ્નિચયન યજ્ઞ ૧૪૩
અજયપાલ ૧૧૧
અજિતસિંહસૂરિ ૬૪, ૬૫, ૬૬, ૧૦૪
અજંતા ૩૭
અણહિલપુર ૫, ૭, ૨૪, ૪૯, ૫૨, ૬૫, ૬૭, ૭૨, ૮૮, ૧૦૦
અણહિલ્લપત્તન ૯૭
'અધ્યાત્મકલ્પદ્રુમ' ૧૪૭
અનગારિક ધર્મપાલ ૩૭
'અનર્ઘરાઘવ' નાટક ૨૧, ૧૪૪
અનાવાડા ગામ ૯૩
'અનુક્રમણિ' ૧૪૪
અપરાજિત કવિ ૨૩, ૨૪
અબુ ઝફર નદવી ૧૧૭
'અભયકુમારચરિત' ૭૮
અભયદેવસૂરિ ૫૯, ૬૦, ૬૫, ૬૮, ૯૨
'અભિધાનચિન્તામણિ' ૧૪૬
'અભિધાનપ્પદીપિકા' ૪૨
અભિનવગુપ્ત ૨૮
અભિનવ સિદ્ધરાજ ૭
'અભ્યાસગૃહપત્રિકા' ૧૦૫
અમદાવાદ ૮૯, ૧૧૫, ૧૧૭, ૧૨૮, ૧૪૫
અમરચંદ્રસૂરિ ૩, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૮
અમરદત્ત ૧૦૦
અમરેલી ૭૬
અરસી ઠક્કુર ૧૫
અરિસિંહ ૩, ૧૫, ૧૬, ૧૭, ૪૬, ૫૨
'અરેબિયન નાઇટ્સ' ૪૧, ૪૨,
'અર્જુનચરિત' ૧૪૪
અર્જુનદેવ ૫૫
અર્ણોરાજ ૫, ૧૫
'અર્બુદકલ્પ' ૭૭
અર્બુદાચલ ૯૮
અલફખાન ૧૧૭
અલાઉદ્દીન ખિલજી ૭૭, ૧૧૭
'અલંકારપ્રબોધ' ૧૬, ૨૨
'અલંકારમહોદધિ' ૧
અલ્તમશ ૨૬, ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૫૮
અવનિવર્મા ૮૭
અશોક ૩૬;—નો ધર્મરાજિક સ્તૂપ ૩૬;—નો સિંહસ્તંભાગ્ર ૩૬

અસારવા ૧૧૮
અંજાર ૭૨
'અંબિકાસ્તોત્ર' ૨

આગમ ગચ્છ ૭૫
આણંદજી કલ્યાણજીની પેઢી ૧૧૩
'આત્માનંદપ્રકાશ' ૭૮
'આત્માનંદ શતાબ્દી સ્મારકગ્રંથ' ૧૦૧
આનંદબોધ ૧૪૩
આનંદવર્ધન ૧૪૪
આનંદવિમલસૂરિ ૯૪
આબુ ૫, ૧૪, ૩૧, ૪૪, ૫૦, ૫૫, ૬૯, ૭૦, ૭૩, ૭૫, ૭૭, ૮૫, ૯૨, ૧૧૬
'આબુપ્રશસ્તિ' ૨
'આબુરાસ' ૩૧
આભૂ ૭૨
'આરંભસિદ્ધિ' ૨૦
આરાસણ ૬૯
'આર્કીઓલોજીકલ સર્વે ઑફ નોર્ધન ગૂજરાત' ૭૦, ૭૧, ૯૫
આલમખાન લોદી ૯૦
આલિગ પંડિત ૧૪૨
આલ્સડૉર્ફ ડૉ. ૪૨
'આવશ્યક કથા' ૩૯
'આવશ્યક ચૂર્ણિ' ૧૦૭
આશારાજ ૮૪
આસડ ૭૨
આસડ કવિ ૨૫
આસાવલ ૧૪૫
આંબડ ૨૭
'ઇન્ડીઅન એન્ટીક્વેરી' ૪૯, ૫૨, ૯૮, ૧૦૦
ઇન્દ્રમંડપ ૨૦
ઇમાદુલ્મુલ્ક ૮૯, ૯૦
ઇલાહી સંવત ૧૦૦
ઇલીઅટ ૪૯, ૫૦
ઇસિપતન ૩૪

ઈડર ૫૫, ૬૯, ૧૦૪
ઈશ્વરીપ્રસાદ ૫૧

ઉજ્જયિની ૮
ઉજ્જયંત તીર્થ ૬૪
'ઉત્તરાધ્યયનસૂત્ર' ૩૯, ૪૩,–ની પાઇઅ ટીકા, ૩૯
ઉદયપ્રભસૂરિ ૩, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૯, ૩૧, ૮૫
ઉદયરાજ ૧૪૨
ઉદયસાગરગણિ ૧૦૦
ઉદયસિંહ ૧૪, ૫૭
ઉદયસૂરિ ૨૪
ઉદાયી યોગી ૧૦૧
ઉદ્દભટ ૨૮
ઉદ્યોતનસૂરિ ૯૭
ઉના ૮૭
'ઉપદેશકંદલી' ૨૫
'ઉપદેશતરંગિણી' ૧૪, ૧૭
'ઉપદેશપદ' ૬૬
'ઉપદેશમાલા' ૨૦, ૧૦૫

'ઉપદેશમાલા કર્ણિકા' ૨૦
'ઉપદેશમાલા બૃહદ્ વૃત્તિ' ૬૭
ઉપનિષદ્‌–સાહિત્ય ૩૩
'ઉપમિતિભવપ્રપંચાનામ સમુચ્ચય' ૬૬
ઉલ્લાઘરાઘવ ૧, ૨, ૫
'ઉવવાઇઅ' ૩૯

ઊંચ ૫૪

'ઋગ્વેદ' ૧૪૨
'ઋગ્વેદ ટીકા' ૧૪૨
ઋષિપત્તન ૩૪, ૩૫, ૩૬

'એપીગ્રારીઆ ઈન્ડિકા' ૮૭
એમ. એસ. કોમીસરીએટ ૧૧૨, ૧૧૭

ઔરંગઝેબ ૧૧૧, ૧૧૫, ૧૧૬,
૧૧૭, ૧૧૮

કુક્કુક ૮૭
'કથારત્નાકર' ૨૧
કનકકુશલ ૧૧૯, ૧૨૦
કનોજ ૩૫, ૧૦૭, ૧૩૪
કમલાકર ગુપ્ત ૧૪૭
કમલાદિત્ય ૩૧
કરણઘેલો ૭૪
'કરુણાવજાયુધ' ૨૫
કર્ણદેવ ૪૬, ૫૫, ૭૬, ૮૭
કર્ણદેવ વાઘેલો ૧૪૮
'કર્ણસુન્દરી' નાટિકા ૬૭, ૬૮, ૮૦
કર્ણ સોલંકી ૪૮, ૭૧, ૮૦
કર્ણાવતી ૬૯
કર્નલ મેકેન્ઝી ૩૬
'કર્મસ્તવ' ૨૦
'કલાકલાપ' ૧૬
'કલ્પસૂત્ર' ૩૮, ૩૯, ૪૩, ૭૫, ૧૪૦;
–ની સુબોધિકા ટીકા ૩૯, ૧૪૦
કલ્યાણ ૮૦
કલ્યાણરાજ ૧૪૫
'કવિશિક્ષાવૃત્તિ' ૧૬
'કાકુત્સ્થકેલિ' ૨૨, ૨૩
'કાતંત્ર' વ્યાકરણ ૧૩, ૧૪૧, ૧૪૪
'કાત્યાયન વાર્તિક' ૧૪૪
'કાત્યાયન શ્રૌતસૂત્ર ૧૪૪
કાન્તિવિજયજી પ્રવર્તક ૧૨૦
કાન્હડદે ૫૬, ૫૭
'કાન્હડદે પ્રબન્ધ' ૫૫, ૫૬
કાન્હા ૭૩, ૭૫
કાપિષ્ઠલ ગોત્ર ૧૩
કામમહાવન ૩૫
'કામસૂત્ર' ૧૪૪;–ની જયમંગલા ટીકા
૧૪૪
કાલિદાસ ૬, ૭, ૧૭, ૨૪, ૩૭, ૧૪૪
'કાવ્યકલ્પલતા' ૧૬, ૧૭
'કાવ્યકલ્પલતાપરિમલ' ૧૬
'કાવ્યપ્રકાશ' ૫, ૨૮
'કાવ્યપ્રકાશ સંકેત' ૨૮, ૩૦
'કાવ્યદર્શ' ૫
'કાવ્યાલંકાર' ૧૪૪
'કાશિકા' ૧૪૨, ૧૪૪

કાશી ૩૩, ૩૪, ૩૫
કાશીરાષ્ટ્ર ૩૩
'કીર્તિકૌમુદી' ૫, ૬, ૮, ૯, ૧૨, ૧૪, ૧૮, ૨૧, ૨૫, ૪૭, ૫૦, ૫૨, ૫૩, ૧૩૫
કુણઘેર ગામ ૧૦૯
કુત્બુદ્દીન ૩૫, ૩૯, ૫૦, ૫૧, ગ૫
કુન્તક ૧૪૧
'કુમતાહિવિષજાંગુલિ' ૧૪૭
'કુમતિકુદ્દાલ' ૯૪
કુમરગિરિ ૧૦૯
કુમારદેવી ૩૫
કુમારપાલ ૪, ૮૬, ૮૭, ૮૮, ૧૦૨, ૧૦૯, ૧૧૨
'કુમારપાલચરિત' મહાકાવ્ય ૨૭, ૮૮
કુમારશર્મા ૪
'કુમારસંભવ' ૧૪૫
કુમારિલ ૧૪૩
કુલભૂષણગણિ ૬૪
કુંવરજી ૯૫, ૧૦૦
'કૃપારસકોશ' ૧૪૭, ૧૪૮
કૃષ્ણકાન્ત હિન્દીકી ૧૪૦, ૧૪૪
કૃષ્ણનગર ૩૧
કૃષ્ણમાચારીઅર ૧૩૪, ૧૪૫
કૃષ્ણલાલ ઝવેરી ૧૧૩
કૃષ્ણસિંહ ૩૧
'કેટલૉગસ કેટલૉગોરમ' ૧૪૦
કોઠક ચૈત્ય ૩૪
કોટ્યર્ક ૬૯
કૌશાંબી ૩૪
ક્યુબેચા ૫૪
'ક્લાસિકલ સંસ્કૃત લીટરેચર' ૧૩૪, ૧૪૦
ક્વીન્સ કૉલેજ ૩૯
ક્ષીરસ્વામી ૧૪૪

ખરતર ગચ્છ ૭૮, ૯૪, ૯૫, ૯૮, ૧૪૫
'ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ' ૧૪૫
'ખરતર' બિરુદ ૯૮
ખર્પરખાન ૨૬
ખલીફ ૨૬
'ખંડનખંડખાદ્ય' ૧૪૬
'ખંડનપ્રકાશ' ૧૪૬
ખંભાત ૩, ૧૭, ૨૦, ૨૬, ૨૯, ૫૩, ૫૪, ૫૮, ૫૯

ગજધર ગલ્લાક ૧૦૦
ગઝની ૫૦, ૧૧૦, ૧૧૧
'ગણકાર' ૧૪૪
ગદાધર ૧૪૬
ગાયકવાડ્ઝ ઓરીએન્ટલ સિરીઝ ૬૭, ૭૫, ૮૬
ગાંધાર ૭૫
ગાંભૂ ૧૦૨
ગિરનાર ૫, ૬, ૧૮, ૧૯, ૨૦, ૫૯, ૬૭, ૭૪, ૭૫, ૯૨, ૯૩, ૧૦૨, ૧૧૬
'ગિરનારમંડન નેમિનાથ સ્તોત્ર' ૨
ગુણભદ્રસૂરિ ૭૮
ગુણશીલ ઉદ્યાન ૩૪
ગુણાઢ્ય કવિ ૩૯

ગુલેચા ગોત્ર ૪
ગુંગડી તળાવ ૧૦૧, ૧૦૨
'ગૂજરાતના ઐતિહાસિક લેખો' ૮૬
ગૂજરાત વર્નાક્યુલર સોસાયટી ૩૩
'ગુજરાતી લેંગ્વેજ એન્ડ લીટરેચર' ૮૧
ગુમદેવ ૮૬, ૮૭
ગોદ્રહ ૪૪
ગોવિન્દ ૧૩
ગોવિન્દચન્દ્ર ૩૫, ૧૩૪
ગોવિન્દ પ્રભૂતવર્ષ ૮૬
ગોવિન્દરાજ ૧૪૪
ગોહીલખંડ ૭૬
ગોડ દેશ ૮, ૧૧
'ગૌતમપૃચ્છા' ૯૨
ગૌતમ બુદ્ધ ૩૩
ગૌરીશંકર ઓઝા ૫૭, ૫૮, ૭૭

ઘૂઘુલ ૪૪
ઘૈરાતખાન ૧૧૫
ઘોરી ઈસફ ૨૭, ૫૭

'ચતુર્વિંશતિ જિનસ્તોત્ર' ૨૧, ૧૨૦
'ચતુર્વિંશતિપ્રબન્ધ' ૨, ૫, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૪૪, ૪૬
ચન્દ્રપ્રભસૂરિ ૬૪
ચન્દ્રાવતરણ ચૈત્ય ૩૪
ચન્દ્રોન્માનપુર ૧૦૪
ચંડપ ૮૪
ચંડપ્રસાદ ૮૪
ચંડસિંહ ૭૩, ૭૭
ચંદ્ર પંડિત ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૬, ૧૪૭
ચંદ્રગચ્છ ૨૩, ૫૯, ૬૦, ૬૬, ૬૭, ૬૮
ચંદ્રતિલક ૭૮
ચંદ્રાવતી ૬૯
ચંદ્રુમાણા ૧૦૪, ૧૦૬
ચંપા ૩૪
ચાચરિયાક ૩૧
ચાણસ્મા ૧૦૨, ૧૦૩, ૧૦૬
ચામુંડ ૪
ચામુંડરાજ ૮૬
ચારિત્રવર્ધન ૧૪૫
ચારૂપ ૧૦૬
ચાંપશી ૧૪૫
ચાંપો ૬૭
ચિન્તામણિ પાર્શ્વનાથનું મન્દિર ૧૧૫
ચિમનલાલ દલાલ ૪૮, ૬૭
ચૈતસીંગ ૩૬
ચૈત્યવાસી ૯૮
ચૈત્રવંશ ૬
'ચૌરપંચાશિકા' ૬૭, ૮૦

'છન્દોરત્નાવલી' ૧૪૪
'છાન્દોગ્ય ઉપનિષદ' ૧૪૪
છાયા નાટક ૧૨

જગડૂશાહ ૫૦
જગતસીંગ ૩૬
'જનપ્રમાણપ્રકાશશાસ્ત્ર' ૬૦, ૬૫

'જન્મસમુદ્ર' ૨૧
જયદેવ ૩૧
'જયમંગલા' ટીકા ૧૪૪
જયસિંહદેવ ૮૬
જયસિંહસૂરિ ૩, ૧૭, ૨૬, ૨૭, ૫૬
જયંતચંદ્ર ૧૩૪
જયંતદેવ ૩૧
જયંતસિંહ ૬, ૭, ૨૦, ૨૪, ૨૬, ૨૯, ૫૨, ૫૩, ૫૮
જયાદિત્યનું સૂર્યમન્દિર ૮૬
જયાનંદસૂરિ ૭૪, ૭૫
જલ્હણ ૨, ૧૫
જહાંગીર ૧૧૨, ૧૧૩
જંઘરાલ ગામ ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૩૮
જંબુ ૭૬
જાતક કથા ૩૪
જાદવજી ૧૧૮
'જામે ઉલ હિકાયત' ૧૧૧
જાંબ ૬૭
જિનકુશલસૂરિ ૯૮, ૧૩૮
જિનચન્દ્રગણિ ૬૫
જિનચન્દ્રસૂરિ ૭૮, ૯૮, ૧૦૦, ૧૪૫
જિનદત્તસૂરિ ૧૬, ૯૮
જિનપતિસૂરિ ૯૮
જિનપદ્મસૂરિ ૯૮
જિનપ્રભસૂરિ ૭૭, ૧૪૫
જિનભદ્ર ૨૦, ૨૯
જિનભદ્રસૂરિ ૯૯
જિનમાણિક્યસૂરિ ૯૯
'જિનરત્નકોશ' ૩૦
જિનરાજસૂરિ ૯૯, ૧૪૫, ૧૪૬
જિનલબ્ધિસૂરિ ૯૮
જિનવર્ધન ગણિ ૧૦૧
જિનવલ્લભસૂરિ ૯૮
જિનવિજયજી મુનિ ૨૦, ૭૩, ૭૪, ૭૬, ૭૭, ૯૨, ૧૪૫, ૧૪૭
જિનસમુદ્રસૂરિ ૯૯
જિનસિંહસૂરિ ૧૦૦
જિનહર્ષ ૨
જિનહંસસૂરિ ૯૯
'જિનેન્દ્રચરિત' ૧૬
જિનેશ્વરસૂરિ ૬૫, ૭૮, ૯૯
જિનોદયસૂરિ ૯૯
જીવણજી મોદી ૧૧૩
જીવદેવસૂરિ ૧૫
જીવનરાજ ૪૯
જૂનાગઢ ૮૬, ૮૭, ૮૮;–ની આર્કીઓલોજીકલ સોસાયટી ૮૭
જેતવન ૩૪
જેસલમેર ૧૩૮, ૧૩૯;–ભંડાર ૫૮
'જેસલમેર ભંડાર સૂચિ' ૧૩૮, ૧૩૯
'જૈન' ૬૭
'જૈન ગુર્જર કવિઓ' ૯૪
જૈન ગ્રન્થાવલિ' ૩૦
જૈત્રસિંહ ૨૪, ૨૭
'જૈન ચિત્રકલ્પદ્રુમ' ૮૧
'જૈન શ્વેતાંબર કોન્ફરન્સ હેરલ્ડ' ૭૪
'જૈન સત્યપ્રકાશ' ૧૦૪
'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' ૬૬, ૭૮, ૯૨, ૧૪૭, ૧૪૮
'જ્ઞાતાધર્મકથા' ૩૮
'જ્યોતિષ પ્રશ્નચતુર્વિંશિકા' ૧૨
'જ્યોતિઃસાર' ૨૧

ઝાલોર ૧૪, ૫૫, ૫૬, ૫૭
ઝીંઝુવાડા ૬૯, ૭૦

ટંકણ લોકો ૪૦
ટાલણ ૧૪૨

ડાભલપુર ૭૬
ડાભી ગામ ૭૧
ડુંગર ૭૫
ડૉ. કલાટ ૯૪
ડૉ. પંડયા અભ્યાસગૃહ ૮૩, ૮૪, ૮૯, ૯૧
ડૉ. બુલ્હર ૮૧

'તત્ત્વજ્ઞાનવિકાસિની' ૬૮
'તત્ત્વબિન્દુ' ૬૦, ૬૫, ૬૮
'તત્ત્વબોધવિધાયિની' ૬૫
તપાગચ્છ ૯૩, ૯૪, ૧૧૩, ૧૧૮
તરુણાદિત્યનું સૂર્યમન્દિર ૮૭
'તવારીખે ફરિશ્તા' ૫૫
તારંગા ૬૯
લ ૨૭, ૪૫, ૫૦, ૫૧
તેજપાલ મંત્રી (બીજો) ૧૦૦
તોડા શેઠ ૧૦૩
ત્રિભુવનગિરિ ૬૬
ત્રભુવનપાલ ૧૨
ત્રભુવનમલ્લ ૮૦
ષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર' ૧૦૫

થેરવાદ ૩૫

દત્તાત્રેય ડિસ્કલકર ૪૬
દધિસ્થલી ૬૯
દરિયાખાન ૮૯, ૯૦
દશરૂપક ૧૪૪
દંડી ૨૮
'દાનપ્રકાશ' ૧૨૦
દાનહર્ષ ૯૪
દામોદર ૩૧
દારા ૧૧૫
દિલ્હી ૪૪, ૪૫, ૪૭, ૫૦, ૫૧, ૫૪, ૫૬
'દીપાલિકાકલ્પ' ૧૨૦
દીવ ૯૩
દુર્ગસિંહ ૩૧
દુર્ગાચાર્ય ૧૪૪
દુર્ગાશંકર શાસ્ત્રી ૪૬, ૫૮
દુર્લભરાજ ૪, ૮૬, ૯૮
'દૂતાંગદ' છાયાનાટક ૧૨
દેદ ૭૬
દેવક ૫
દેવચન્દ્રસૂરિ ૬૪, ૬૭
દેવપત્તન ૩૧
દેવપ્રભસૂરિ ૨૧
દેવભદ્રસૂરિ ૫૯, ૬૦, ૬૫, ૬૬, ૬૭, ૬૮, ૯૨
દેવસુન્દરસૂરિ ૧૦૧, ૧૦૨
દેવેન્દ્રસૂરિ ૩૯, ૬૭
દેલમાલ ૬૯, ૭૨
દેલ્હા ૪૫
'દેવીમાહાત્મ્ય' ૬

દોલતપુર ૧૦૯
દ્વાદશાહ પક્ષ ૧૪૩
દ્વારકા ૭
'દ્વયાશ્રય' કાવ્ય ૪૭

ધનપાલ ૪૮
ધનેશ્વરસૂરિ ૫૯, ૬૪, ૬૫, ૬૬
'ધન્વન્તરીય નિઘંટુ' ૧૪૪
ધરાદેવ ૨૩
ધર્મચક્ર ૩૭
ધર્મચક્રજિનવિહાર ૩૫
ધર્મચક્રપ્રવર્તન ૩૫
ધર્મદાસગણિ ૨૦
ધર્મમુખ સ્તૂપ ૩૬
ધર્મસાગર ઉપાધ્યાય ૯૪, ૧૪૮
ધર્માદિત્યનું સૂર્યમન્દિર ૮૬, ૮૭
'ધર્માભ્યુદય' કાવ્ય ૩, ૧૮, ૧૯, ૨૧
ધંધુકા ૯૦
ધામેક સ્તૂપ ૩૬
ધારાવર્ષ ૪૪, ૫૪, ૫૫ ૫૬, ૫૭
ધોળકા ૩, ૫, ૮, ૨૦, ૪૪, ૪૯, ૫૧, ૫૩, ૫૫, ૫૬, ૧૦૭, ૧૩૫, ૧૪૧

નમચન્દ્રસૂરિ ૧૬
નરચન્દ્રસૂરિ ૩, ૧૨, ૨૦, ૨૧, ૨૨, ૫૦
'નરનારાયણાનંદ' કાવ્ય ૨, ૬, ૨૫
નરસિંહ પંડિત ૧૪૨
નરસિંહરાવ દિવેટિયા ૮૧
નરેન્દ્રપ્રભસૂરિ ૧, ૨, ૩, ૨૨, ૨૩
નવઘણ ૮૮
નહરવાલા ૫૦, ૫૫
નંદિય ૩૫
નાગપુર ૪૫, ૪૬, ૫૧
નાગલપુર ૭૬
નાગેન્દ્રગચ્છ ૧૮
નાગોર ૪૫
નાનાક પંડિત ૩, ૧૩, ૧૪
'નારચન્દ્ર જ્યોતિઃસાર' ૨૧
નારાયણ ભટ્ટ ૧૪૬
નાસિરુદ્દીન મહમ્મદ ૫૦
'નિરુક્ત' ૧૪૩
નેમિચન્દ્ર ભંડારી ૯૮
'નેમિનાથ સ્તોત્ર' ૨
'નૈષધીયચરિત' ૮, ૯, ૧૦, ૧૦૭, ૧૦૮, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪, ૧૪૫, ૧૪૬, ૧૪૭
નોરતા ગામ ૧૦૨
'ન્યાયકંદલી' ૨૧, ૧૪૩
'ન્યાયકંદલી પંજિકા' ૨૨, ૨૩
'ન્યાયમકરંદ' ૧૪૩
'ન્યાયસાર' ૧૪૩

'પદમંજરી' ૧૪૪
પદ્મ ૧૬
'પદ્મપ્રભચરિત્ર' ૬૮
પદ્માદિત્ય ૨૪
'પદ્માનંદ કાવ્ય' ૧૬
પરબત ૭૩, ૭૫

'પંચતંત્ર' ૩૮, ૪૨, ૪૩
'પંચમી કથા' ૧૧૯, ૧૨૦
પંચાસર ૬૯
'પંચિકા' ૭૯
પાટણ ૩, ૧૨, ૧૬, ૨૦, ૪૧, ૬૦, ૬૭, ૬૯, ૭૦, ૭૩, ૭૪, ૭૬, ૭૯, ૮૦, ૮૩, ૮૪, ૮૫, ૮૯, ૯૦, ૯૩, ૯૪, ૯૫, ૯૮, ૧૦૧, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૩૮, ૧૪૧;—નું કાળકા માતાનું મન્દિર ૮૪, ૮૫;—નો ભંડાર ૧૯;—નો સંઘનો ભંડાર ૧૦૫, ૧૩૯;—નો સંઘ-વીના પાડાનો ભંડાર ૧૦૫, ૧૦૭, ૧૩૮
'પાટણ ચૈત્યપરિપાટી' ૧૦૮, ૧૦૯, ૧૧૦
'પાટણ ભંડાર સૂચિ' ૩૦, ૧૩૮, ૧૩૯
પાણિનિ ૧૪૪
પાર્શ્વનાથ ૩૩
'પાર્શ્વનાથચરિત્ર' ૨૮, ૩૦, ૩૧, ૬૬
પાલનપુર ૬૯
પાલિ સાહિત્ય ૩૪, ૩૫
પાલીતાણા ૭૩, ૭૬
પાલ્હણ ૩૧
'પાંડવચરિત્ર' મહાકાવ્ય ૨૧
પિટર્સન ડૉ. ૬૮
'પિંગલસૂત્રો' ૧૪૪
'પિંડવિશુદ્ધિ' પ્રકરણ ૯૮
પીર કદી ૨૭
પીર રદી ૨૭
પીલુઆણા ૭૬
પીપલાઈ ૭૬
પુણ્યવિજયજી મુનિ ૬૦, ૭૩, ૧૩૯
'પુરાતત્ત્વ' ત્રૈમાસિક ૨૩, ૭૩, ૧૪૭
'પુરાતન પ્રબન્ધસંગ્રહ' ૨, ૧૪, ૧૫, ૧૭, ૨૯
પૂનડ ૪૫, ૪૬, ૪૭, ૫૧, ૫૪, ૫૮
પૂના ૭૩
પૂર્ણભદ્ર ચૈત્ય ૭૩
પૂર્ણસિંહ ૮૫
પેથડ ૭૩, ૭૪, ૭૫, ૭૬, ૭૭, ૮૫
'પેથડરાસ' ૭૫, ૭૬
પેથાવાડા ૭૬
પોર્ટુગીઝો ૧૧૪
'પ્રજ્ઞાપના' ૩૮
'પ્રતાપમાર્તંડ' ૧૪૧, ૧૪૪
'પ્રદ્યુમ્નચરિત' ૧૪૭
પ્રદ્યુમ્નસૂરિ ૨૩, ૬૫, ૬૬
'પ્રબન્ધકોશ' ૪૪, ૪૬, ૪૭, ૪૮, ૫૪, ૫૫, ૫૬, ૫૮, ૧૩૩, ૧૩૪, ૧૩૫
'પ્રબન્ધચિન્તામણિ' ૨, ૪૬, ૫૫, ૬૮, ૮૮
પ્રબોધચન્દ્રગણિ ૭૮
પ્રભાચન્દ્રસૂરિ ૬૬, ૭૧
'પ્રભાવકચરિત' ૬૬, ૭૧
પ્રભાસપાટણ ૧૩, ૩૧, ૭૬, ૮૬, ૮૭, ૮૮
'પ્રમાણપ્રકાશતર્ક' ૬૮
'પ્રવચનસારોદ્ધાર' ૬૮
'પ્રવચનસારોદ્ધાર વૃત્તિ' ૬૬, ૬૮
'પ્રશસ્તપાદભાષ્ય' ૧૪૩
'પ્રશ્નવ્યાકરણ' ૩૮

'પ્રશ્નશતક' ૨૧
'પ્રાકૃતપ્રબોધ' ૨૧
'પ્રાચીન ગુર્જર કાવ્યસંગ્રહ' ૪૮, ૬૭, ૭૫, ૧૧૭
'પ્રાચીન જૈન લેખસંગ્રહ' ૭૭, ૮૫, ૯૨
પ્રાચ્ય વિદ્યાપરિષદ ૩૩
પ્રેમકલા ૪૫, ૫૧

ફાધર ફેલિક્સ ૧૧૩
ફાર્બસ ગુજરાતી સભા ૪૬;—નું ત્રૈમાસિક ૮૭
ફાહિયાન ૩૪, ૩૫
ફોફળિયાવાડો ૧૦૨, ૧૦૫
ફ્લોબર્ટ ૫૦

બગદાદ ૨૬
બનારસ ૧૩૪
બનારસ હિન્દુ યુનિવર્સિટી ૩૩
બલવર્મા ૮૭
બંબેરપુર ૪૭, ૫૧
બાણ ૧૧
બાલચન્દ્ર ૧૯, ૨૪, ૨૫, ૨૬
'બાલભારત' ૧૬, ૧૭
બાલ મૂલરાજ ૧, ૪૯, ૧૧૧
બાલહંસસૂરિ ૧૭
બિલ્હણ કવિ ૬૭, ૬૮, ૮૦, ૮૧
'બિલ્હણપંચાશિકા' ૮૦
બિલ્હણ સુભટ ૭૬
બીજાપુર ૭૪
બીજો ક્ષત્રિય ૭૪
બીબીપુર ૧૧૫
બીજી પ્રેમકલા ૪૫, ૫૧
બુદ્ધ ૩૪, ૩૫, ૩૭
બુદ્ધગયા ૩૪
'બુદ્ધિપ્રકાશ' ૫૬
બુરાનપુર ૯૦
'બૃહત્કથા' ૩૯
'બૃહત્ ખરતર ગચ્છ ૯૭
'બૃહટ્ટિપ્પનિકા' ૩૦
'બૃહદ્દેવતા' ૧૪૩
બૃહસ્પતિસવ ૧૪૩
બેચરદાસ પંડિત ૬૫
બેચરાજી ૬૯
બોધિસત્ત્વ કાશ્યપ ૩૩
'બોમ્બે ગેઝેટિયર' ૪૮, ૫૫
'બોમ્બે યુનિવર્સિટી જર્નલ' ૧૧૨
બોમ્બે સંસ્કૃત સિરીઝ ૩૮

'ભક્તામર સ્તોત્ર વૃત્તિ' ૧૨૦
ભટેવા પાર્શ્વનાથ ૧૦૪
ભટ્ટેન્દુરાજ ૧૪૪
ભટ્ટોજી દીક્ષિત ૧૪૬
ભડકુ ગામ ૭૬
ભદ્રેશ્વરસૂરિ ૫૯, ૬૪, ૬૫, ૬૭
ભરૂચ ૩, ૧૭, ૨૪, ૨૬, ૨૭, ૬૮, ૭૫
ભવભૂતિ ૧૨
ભંડીર ઉદ્યાન ૩૪
'ભાગવત' ૧૪૪

ભાણવડ ૧૪૫
ભામહ ૨૮
'ભારતીય જૈન શ્રમણસંસ્કૃતિ અને લેખનકલા' ૧૩૯
'ભારતીય વિદ્યા' ૧૦, ૧૦૧, ૧૪૫
ભારતીય વિદ્યાભવન ૧૦૧
ભારવિ ૧૪૪
ભારંડ પક્ષી ૩૮. ૩૯, ૪૦, ૪૧, ૪૨, ૪૩
ભાવરત્ન ૧૦૪
ભાવવિજય ૭૮
ભાસર્વજ્ઞ ૧૪૩
ભાંડારકર ઇન્સ્ટીટયૂટ ૧૩૭. ૧૪૬
ભીમદેવ પહેલો ૮૬
ભીમદેવ બીજો ૧, ૪, ૫. ૬, ૭, ૧૫, ૨૪, ૪૯, ૫૦, ૫૨, ૫૩
ભીમ મંત્રી ૯૫, ૧૦૦
ભીમાશાહ ૭૩
ભીમેશ્વરદેવ ૨૬, ૫૮
ભોજદેવ ૮, ૨૮, ૫૯, ૬૪, ૬૫, ૬૬

મક્કા ૪૧
મણિલાલ મિસ્ત્રી ૭૦
મણુંદ શેઠ ૭૦
મથુરા ૩૪
મદન ૧૧
'મનુસ્મૃતિ' ૧૪૪
'મનોરમા' ૧૪૬
મમ્મટ ૨૮, ૧૪૪
મમ્માણી ખાણ ૪૫, ૪૬
મયગલપુર ૭૬
મયણલ્લા ૮૦
મયૂર ૧૪૪
મલધારી હેમચન્દ્ર ૧૦૫
મલિક રકુનલ ૮૯
મલ્લદેવ ૮૪
મલ્લ વાદી ૧૭
મહમદ ગઝનવી ૩૫, ૪૮
મહમ્મદ ઘોરી ૪૮, ૪૯, ૫૪, ૫૬
મહમ્મદશાહ ૮૯
મહાદેવ ૪
'મહાભારત' ૧૪૨
મહાવીર ૩૩, ૩૮, ૯૩, ૯૭, ૧૦૧
મહીપતિ ૧૦૦
મહીપાલ ૧૧૧
મહીસુર ૩૯
મહેસાણા ૬૯
મંડણદેવ ૭૬
મંડલિક ૭૪, ૭૫
માઘ ૨, ૬, ૧૭, ૧૪૪
માણસા ૪૨
માણિક્યચન્દ્ર ૩,૧૪,૨૮,૨૯,૩૦,૩૧,૬૬
માણેકચંદ ૧૧૬
માધવ ૧૪૨
'માર્કંડેયપુરાણ' ૬
માળવા ૪૮
માંડળ ૪૫, ૬૯
'મિતાક્ષરા' ૧૪૪
'મિનરાજ–ઉસ–સિરાજ' ૫૦, ૫૫

'મિરાતે અહેમદી' ૧૧૩
મિહિરકુલ ૩૫
'મીમાંસા સૂત્રો' ૧૪૩
મીરપુર ખાસ ૩૭
મીલચ્છીકાર ૨૬, ૨૭, ૫૭
મુઇઝ–ઉલ–મુલ્ક ૧૧૪
મુઇઝ્ઝી અમીરો ૫૪
મુઇઝ્ઝુદ્દીન ૪૪, ૪૫, ૪૭, ૪૮, ૪૯, ૫૦,
૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬
મુકુલ ૨૮
મુનિચન્દ્ર ૧૪૦, ૧૪૬, ૧૪૭
મુનિચન્દ્રસૂરિ ૧૪૭
મુનિદેવ ૧૪૨
મુનિભદ્રસૂરિ ૧૪૦
મુનિસુન્દરસૂરિ ૧૪૭
'મુનિસુવ્રતચરિત' ૬૮
મુનિસુવ્રત ચૈત્ય ૧૭, ૨૬
મુરલીધરનું મન્દિર ૫૬
મુરાદબક્ષ ૧૧૬
મુરારિ ૨૧, ૧૪૪
મુંજ ૪, ૬૬
મુંજપુર ૧૧૫
મુંજાલ ૨૩
મૂલગન્ધકુટીવિહાર ૩૭
મૂલરાજ ૪, ૫, ૧૫, ૨૪, ૪૮, ૪૯, ૮૬
મૂલરાજ બીજો ૧૧૧
મૃગદાવ ૩૪, ૩૫, ૩૭
'મેઘદૂત' ૧૪૫
મેઘવિજય ઉપાધ્યાય ૧૪૦
મેડતા ૧૪૫
મેરુતુંગ ૨, ૪૬
મોક્ષ ૭૩
મોજદ્દીન ૪૪, ૪૯, ૫૦, ૫૧, ૫૬, ૫૮
મોઢેરક ગચ્છ ૭૧
મોઢેરા ૨૩, ૬૯, ૭૦, ૧૦૨
'મોઢેર' ૭૦
મોહનલાલ દલીચંદ દેસાઇ ૯૨, ૯૪, ૧૦૧

યશોવીર ૩, ૧૪, ૧૫, ૨૯, ૩૫
યાજ્ઞવલ્ક્ય ૧૪૪
યાત્રામહોત્સવ ૨૫, ૫૮, ૬૭
યુવરાજવાટક ૧૦૫, ૧૦૬
યુવરાજવાડો ૧૦૫
યૌગંધરાયણ ૬૮

'રઘુવંશ' ૨૩, ૧૪૫
'રઘુવંશ'ટીકા ૧૪૭
રણછોડભાઇ ઉદયરામ ૫૦
'રતિરહસ્ય' ૧૪૪
રત્નચંદ્ર ૧૪૦, ૧૪૩, ૧૪૭
રથયાત્રા ૫૯, ૬૪
'રાઘવપાંડવીય' ૧૪૫
રાજગચ્છ ૨૮, ૬૬, ૯૮
રાજગૃહ ૩૪
'રાજપૂતાને કા ઈતિહાસ' ૫૭, ૫૮
રાજશેખર ૨, ૧૨, ૧૩૩, ૧૩૪, ૧૩૫
રાજશેખરસૂરિ ૨૨, ૪૬, ૪૭, ૪૮, ૪૯,
૫૦, ૫૧, ૫૨
રાણપુર ૭૬
રામચંદ્ર વૈદ્ય ૧૪૧

રામચંદ્ર શેષ ૧૪૦
રામદેવ ૫૫
'રામશતક' ૫, ૭
'રાસમાળા' ૫૦, ૫૩, ૫૫, ૧૦૪
રુદ્રટ ૨૮, ૧૪૪
રુદ્રપલ્લીય ગચ્છ ૯૨
રુય્યક ૧૪૪
રૂપજી ૧૪૫
રુહાવી ગામ ૭૨
'રેવંતગિરિ રાસુ' ૧૮, ૧૯, ૪૮, ૬૭
'રૈવતકલ્પ' ૬૭
રોક પક્ષી ૪૧
'રોહિણીકથા' ૧૨૦

લક્ષ્મણ ૯૪
લક્ષ્મીપ્રમોદ મુનિ ૧૦૦
લલિતપ્રભસૂરિ ૧૦૮
લલ્લ ૭૭
લલ્લશર્મા ૪
લવણપ્રસાદ ૧, ૪૪, ૪૭, ૫૦, ૫૨, ૫૩, ૫૪, ૫૫, ૫૮
લવણસિંહ ૧૫
લાડોલ ૯૮
લાલચંદ્ર ગાંધી ૬૭
'લીંબડી ભંડાર સૂચિપત્ર' ૧૨૦
લૂણવસહી ૫, ૭૭, ૮૫
'લોકપ્રકાશ' ૧૪૦
લોટેશ્વર ૬૯
લોલીઆણા ૭૬

'વક્રોક્તિજીવિત' ૧૪૧
વટકૂપ ૨૯
વડઉદ્દય ૫૯, ૬૪, ૬૮
વડનગર ૪, ૬૯, ૭૦, ૭૩
'વડનગરપ્રશસ્તિ' ૪૭
વડલી ગામ ૯૪, ૧૦૯
વડવા ગામ ૨૯
વડોદરા ૬૮
વઢવાણ ૪૬
વત્સરાજ ૬૮
વનરાજ ૧૫
વનરાજ ચાવડો ૬૭
વર્ધમાન ૭૩, ૭૬
વર્ધમાન મિશ્ર ૧૪૬
વર્ધમાનસૂરિ ૬૪, ૬૬, ૯૮
વલભી રાજ્યકાળ ૧૭
વલ્લભજી હરિદત્ત આચાર્ય ૪૭, ૫૦
વલ્લભરાજ ૮૬
વસન્તપાલ ૨૪
'વસંતવિલાસ' મહાકાવ્ય ૨૪
'વસુદેવ-હિંડી' ૪૦, ૪૧, ૪૩
વસ્તુપાલ ૧, ૨, ૩, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૪, ૫૬, ૫૭, ૫૮, ૭૩, ૭૬, ૭૭, ૮૪, ૮૫, ૮૬, ૧૦૪, ૧૦૭, ૧૩૫, ૧૩૬, ૧૩૭
વસ્તુપાલ (બીજો) ૧૦૦
'વસ્તુપાલચરિત' ૨, ૧૭, ૨૯, ૩૦

વસ્તુપાલ-તેજપાલ ૧, ૫, ૧૮, ૨૦, ૨૪, ૮૪, ૮૫, ૧૩૬
'વસ્તુપાલ-તેજપાલપ્રશસ્તિ' ૨૭
'વસ્તુપાલપ્રબન્ધ' ૪૪, ૪૭
'વસ્તુપાલપ્રશસ્તિ' ૨૧, ૨૩
વંથળી ૧૩
વાગડ દેશ ૯૮
વાગડોદ ૧૦૬
વાઘેલ ૬૯, ૧૦૬
વાજપેય યજ્ઞ ૧૪૩
વાડી પાર્શ્વનાથ ૯૫, ૯૭, ૧૦૦, ૧૦૮, ૧૧૦
વાડીપુર ગામ ૯૫, ૧૦૮, ૧૦૯, ૧૧૦
વાડીપુર પાર્શ્વનાથ ૯૫, ૯૭, ૧૧૦
વાત્સ્યાયન ૧૪૪
'વાદમહાર્ણવ' ૫૯, ૬૩, ૬૫
વાદી દેવસૂરિ ૨૪
વામન ૨૮, ૧૪૪
વામનસ્થલી ૩૧
વાયડ ૬૯
વાયડ ગચ્છ ૧૫, ૧૬
વારાણસી ૩૩, ૩૪, ૩૫, ૧૩૪
વાવડી ગામ ૧૦૯
વિકલ ૩૧
વિક્રમાદિત્ય ૮૦
'વિક્રમાંકદેવચરિત' ૬૭, ૮૦, ૮૧
વિજય ૪
વિજયચન્દ્ર ૧૩૪
વિજયદાનસૂરિ ૯૩, ૯૪
'વિજયપ્રશસ્તિ' કાવ્ય ૧૩૪
વિજયસેનસૂરિ ૧૨, ૧૮, ૧૯, ૨૧, ૮૫
વિજિત ૭૫
વિજ્ઞાનેશ્વર ૧૪૪
વિદ્યાધર ૧૦, ૧૪૦, ૧૪૧, ૧૪૩, ૧૪૬, ૧૪૭
વિદ્યાવિજયજી મુનિ ૧૧૩
વિદ્યુત્ ૨૩
વિનયવિજય ઉપાધ્યાય ૧૪૦
વિમલચન્દ્ર ગણિ ૬૫
વિમલ દંડનાયક ૯૮
વિમલવસહી ૭૭
'વિવિધ તીર્થકલ્પ' ૭૭
'વિવેકકલિકા' ૨૩
'વિવેકપાદપ' ૨૩
'વિવેકમંજરી' ૨૫
'વિવેકમંજરી' ટીકા ૧૯
વિવેકરત્નસૂરિ ૭૫
'વિવેકવિલાસ' ૧૬
વિવેકહર્ષ ઉપાધ્યાય ૧૧૩
વિશ્વરૂપ ૧૪૪
'વિષ્ણુપુરાણ' ૧૪૪
વીજડ ૭૭
વીજાપુર ૭૩, ૯૯
વીરધવલ ૧, ૪, ૫, ૯, ૧૬, ૨૪, ૨૬, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૨, ૫૪, ૫૫, ૫૬, ૫૭, ૧૦૭, ૧૩૫, ૧૩૬, ૧૩૭
વીરનારાયણ પ્રાસાદ ૫, ૮
વીરસૂરિ ૧૭, ૨૬
વીસનગર ૬૯
વીસલદેવ ૧, ૪, ૭, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૨૭, ૨૮, ૫૧,

૫૫, ૧૩૭, ૧૩૮, ૧૪૧;–નો ભારતી ભાંડાગાર ૧૦૭, ૧૩૭, ૧૪૧
'વૃત્તરત્નાકર' ૧૪૪
વેલણકર પ્રો ૩૦
વૈદર્ભી રીતિ ૨૪, ૨૫
વૈદ્યનાથ ૧૪૨
વૈરિસિંહ ૩૧

શકુનિકાવિહાર ૨૭
શત્રુંજય ૬, ૧૯, ૨૦, ૨૫, ૪૫, ૪૬, ૫૧, ૫૮, ૭૪, ૭૬, ૮૬, ૧૧૩, ૧૧૬, ૧૧૭
'શતપથ બ્રાહ્મણ' ૧૪૪
શત્રુંજય ૧૪૫
'શત્રુંજયમંડન આદિનાથ સ્તોત્ર' ૨
'શબ્દબ્રહ્મોલ્લાસ' ૧૯
શંકરસ્વામી ૩૧
શંખ ૫, ૨૪, ૪૪
શંખેશ્વર ૧૧૫
શાર્ઙ્ગધર ૨
'શાર્ઙ્ગધરપદ્ધતિ' ૨
શાન્તિચન્દ્ર ૧૪૭
શાન્તિદાસ ઝવેરી ૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૭
'શાન્તિનાથ ચરિત્ર' ૨૮, ૧૪૦
શાન્તુક સચિવ ૬૪, ૬૭, ૬૮, ૮૦
શાન્ત્યુત્સવગૃહ ૬૭
શાહજહાં ૧૧૨, ૧૧૪, ૧૧૫, ૧૧૬, ૧૧૮
શાહબુદ્દીન ઘોરી ૩૫, ૪૯, ૫૬, ૧૧૦, ૧૧૧
'શાંખાયન ગૃહ્યસૂત્ર' ૧૪૮
'શાંખાયન શ્રૌતસૂત્ર' ૧૪૪
શિગીરામીખાન ૮૯
શિવદત્ત પંડિત ૧૩૪
'શિશુપાલવધ' ૨, ૧૪૫
'શૃંગારતિલક' ૧૪૪
શ્રાવસ્તી ૩૪
શ્રીચન્દ્રસૂરિ ૬૭, ૬૮
શ્રીધર ૨૧, ૧૪૩, ૧૪૬
શ્રીસ્થળ ૬૯
શ્રીહર્ષ ૮, ૧૦, ૧૧, ૧૦૭, ૧૦૮, ૧૩૩, ૧૩૪, ૧૩૫, ૧૪૦, ૧૪૬, ૧૪૭
'શ્રેયાંસનાથ ચરિત્ર' ૫૯, ૬૫, ૬૬, ૬૮
શ્રૌત સૂત્રો ૧૪૩
'શ્લોકવાર્તિક' ૧૪૩
શ્વેત હુણ ૩૫

'ષડશીતિ' ૨૦

સઉસર ૮૭
સજ્જન મંત્રી ૫૯, ૬૪, ૬૭, ૬૮
'સત્યપુરમંડન મહાવીરોત્સાહ' ૪૮
સત્યસૂરિ ૭૪
'સનત્કુમાર ચરિત્ર' ૬૭, ૬૮
સન્મતિતર્ક ૬૫
સમરવતી નદી ૭૯
સમરવાવ ૭૯

સમરસિંહ ૧૧૭
'સમરાદિત્ય સંક્ષેપ' ૨૩
સમલિકાવિહાર ૬૮
'સમ્યકત્વસપ્તતિકા' ૧૪૭
'સમ્રાટ્' ૧૪૩
સર અલેક્ઝાન્ડર કનિંગહામ ૩૬
સરસપુર ૧૧૫, ૧૧૭
સરસ્વતીકંઠાભરણપ્રાસાદ ૮
'સરસ્વતીસદનપ્રશસ્તિ' ૧૬
સર્વદેવ ૪
સર્વાધિકારી ૫૩, ૫૮
સહસ્રવીર ૭૫
'સંકેત' ૨૯, ૩૧
'સંગીતચૂડામણિ' ૧૪૧
'સંગીતસાગર' ૧૪૧
સંગ્રામસિંહ ૨૬
સંઘદાસ ગણિ ૩૯
'સંઘપતિચરિત્ર' ૧૯
સંડેર ૬૯, ૭૦, ૭૧, ૭૨, ૭૩, ૭૪, ૭૮, ૭૯, ૧૦૭
સંડેરી માતા ૭૨
'સંદેહદોલાવલી' ૭૮
સાગરચન્દ્રસૂરિ ૨૮
'સાત બોલ' ૯૫
સાન્તૂ ૫૯
સામંતસિંહ ૧૫, ૫૬
'સામાચારી' ૬૮
સાયણાચાર્ય ૧૪૨
સારનાથ ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭
શારંગ ૧૪૨
સારંગદેવ ૧૩, ૫૫
સારંગનાથ ૩૪
'સાહિત્ય' ૪૬
સાહિત્ય પરિષદ ૪૬
'સાહિત્યવિદ્યાધરી' ૧૩૭, ૧૩૯, ૧૪૦, ૧૪૧
'સાંખ્યકારિકા' ૧૪૩
સિકંદર પાદશાહ ૯૯
સિદ્ધરાજ ૪, ૨૭, ૪૭, ૬૭, ૬૮, ૭૧, ૭૯, ૮૦, ૮૪, ૧૩૭
સિદ્ધસેનસૂરિ ૬૫, ૬૬, ૬૮
સિદ્ધાચળ ૭૪
'સિરોહી રાજ્ય કા ઇતિહાસ' ૭૭
સિંહ ૭
સિંહણ ૨૬, ૫૭
સીતા ૮૪
'સુકૃતસંકીર્તન' ૧૫, ૧૭, ૪૭, ૪૮, ૫૨, ૫૩
'સુકૃતકીર્તિકલ્લોલિની' ૨૦, ૮૫
સુખલાલજી પંડિત ૬૫, ૬૮
સુપાર્શ્વનાથ ૩૩
'સુબોધિકા' ૩૯, ૧૪૧
સુભટ ૩, ૧૨
સુમતિશાહ ૭૩
સુરથ રાજા ૬, ૫૩
'સુરથોત્સવ' મહાકાવ્ય ૪, ૫, ૬, ૭, ૯, ૧૨, ૫૩, ૧૩૫
સુંવર ૮૭, ૮૮
'સૂક્તાવલી' ૧૬
'સૂક્તિમુક્તાવલી' ૨
સૂણક ગામ ૬૯, ૭૧, ૭૨
'સૂરીશ્વર અને સમ્રાટ્' ૧૧૩

'સૂર્યશતક' ૧૪૪
સોમ ૪
સોમ સચિવ ૮૩, ૮૪, ૮૫
સોમનાથ ૩૧, ૭૬, ૮૦, ૮૧, ૮૮
સોમ સત્રો ૧૪૩
સોમસિંહદેવ ૫૫
સોમસુન્દરસૂરિ ૧૦૧
સોમાદિત્ય ૩૧
સોમેશ્વર ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૨, ૨૪, ૩૧, ૪૬, ૫૨, ૫૩, ૧૩૫, ૧૩૬
'સ્ટડિઝ ઇન હિસ્ટરી ઓફ ગૂજરાત' ૧૧૨
સ્તંભન પાર્શ્વનાથ ચૈત્ય ૧૭
'સ્થપતિ' ૧૪૩
સ્થાનકવાસી ૯૫, ૧૧૪
'સ્થાનાંગસૂત્ર' ૩૯
'સ્યાદિશબ્દસમુચ્ચય' ૧૬
હસ્તિલિંગ પક્ષી ૪૨
'હમ્મીરમદમર્દન' નાટક ૨૬, ૨૭, ૫૬, ૫૭, ૫૮, ૮૬
'હમ્મીર મહાકાવ્ય' ૧૬
હરજી ૧૧૮
હરસ્વામી ૧૪૪
હરિભદ્રસૂરિ ૧૮, ૨૩, ૬૬
હરિશંકર શાસ્ત્રી ૮૭
'હરિશ્ચન્દ્ર રાજાનો રાસ' ૧૨૦
હરિસ્વામી ૧૪૪
હરિહર ૩, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૨૪, ૧૦૭, ૧૩૫, ૧૩૬, ૧૩૭
હર્ષપુરીય ગચ્છ ૨૧, ૪૪, ૬૮
હર્ષવિજય ૧૧૦
હર્ષાણંદ ૧૧૩
હલાયુધ ૧૪૪
હારીજ ૧૦૪, ૧૦૬
હારીજ ગચ્છ ૭૮
હિમ્મતનગર ૯૩
'હિસ્ટરી ઓફ ઇન્ડિયા' (ઇલીઅટ) ૪૯, ૫૦
'હિસ્ટરી ઓફ મુસ્લિમ રૂલ ઇન ઇન્ડિયા' ૫૧, ૫૪
હીરવિજયસૂરિ ૯૪, ૧૧૪
હેમચન્દ્ર ૧૦૫, ૧૪૪, ૧૪૬
હ્યુએનસંગ ૩૫

# શુદ્ધિપત્રક

મુદ્રણમાં કેટલેક સ્થળે અનુસ્વાર ઊઠયા નથી અને અક્ષર ઉપરની બે માત્રાઓ કવચિત્ ઊડી ગયેલ છે; તથા પહેલાં ૩૨ પાનાંમાં 'ઉદ્ધૃત' જેવા શબ્દોમાં 'દ્ધૃ'ને બદલે કવચિત 'દ્ધૃ' છપાયેલ એ તે સુધારી વાંચવું.

એ સિવાયની બીજી ભૂલો નીચે પ્રમાણે છે–

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૮ | ...देवेकव... | ...देवकवे... |
| ૧૪ | ૧૭ | કવિ | કવિ હતો |
| ,, | ૧૮ | મન્દિરમાં હતો | મન્દિરમાં |
| ૧૫ | ૨ | माति | माति |
| ૧૬ | ૧૭ | અલંકારબોધ | અલંકારપ્રબોધ |
| ૧૮ | ૫ | અમ | એમ |
| ૧૮ | ૧૯ | मञ्जीर | मंजीर |
| ૧૯ | ૨૧ | મહાત્મ્ય | માહાત્મ્ય |
| ૩૦ | ૧૪ | બહટ્ટિપનિકા | બૃહટ્ટિપનિકા |
| ૩૬ | ૨૩ | થયેલાં | થયેલા |
| ,, | ૨૮ | તેનો | ( તેનો |
| ૪૮ | ૯ | ઘટનાનો | ઘટનાનો |
| ૫૦ | ૧૬ | मोजदीन | मोजदीन |
| ૫૪ | ૧૯ | ચયો | થયો |
| ૫૫ | ૨૪ | मंन्त्र | मन्त्र |
| ૫૭ | ૨૫ | प्रपञ्जयन्तः | प्रपंचयन्तः |
| ૬૧ | ૧૬ | निग्रहिता | निगृहीता |
| ૬૩ | ૧૫ | शिष्यस्स | शिष्यस्य |
| ૭૩ | ૭ | ચંદ્રસિંહના | ચંડસિંહના |
| ૭૫ | ૧૦ | જયાનંદસૂરિના | જયાનંદસૂરિના |
| ૮૦ | ૨ | ચૌરપચાશિકા | ચૌરપંચાશિકા |
| ૮૧ | ૧ | वीलोक्य | विलोक्य |

| | | | |
|---|---|---|---|
| ૯૫ | ૨૩ | चत्य | चैत्ये |
| ૯૬ | ૭ | विशुद्धयादि | विशुद्ध्यादि |
| ,, | ૯ | श्रावकर | श्रावककर |
| ,, | ૧૧ | प्रतिबाधक | प्रतिबोधक |
| ,, | ૧૨ | गन्थ | ग्रन्थ |
| ,, | ૨૬ | प्रवणप्रणव | प्रवण प्रणव |
| ,, | ૩૦ | स्यगुण | स्वगुण |
| ૯૭ | ૧૦ | मार्था | भार्या |
| ,, | ૧૫ | वष | वर्ष |
| ૯૯ | ૨૩ | સવ | સર્વ |
| ૧૦૨ | ૨૪ | ઈસમગ્ર [illegible]તિહાસમાં | સમગ્ર ઇતિહાસમાં |
| ૧૦૫ | ૧૨ | ઉલ્લખો | ઉલ્લેખો |
| ૧૦૬ | ૧ | अलाखि | अलेखि |
| ,, | ૧૮ | અતિહાસિક | ઐતિહાસિક |
| ૧૦૭ | ૧૧ | ઓદિચ્ય | ઔદિચ્ય |
| ,, | ૧૮ | અને | અથવા |
| ૧૧૬ | ૩ | વાળા | વાળાં |
| ૧૧૮ | ૧૨ | પ્રસંગોપાત | પ્રસંગોપાત્ત |
| ૧૨૧ | ૧૦ | દીધા | કીધા |
| ૧૨૩ | ૩ | ગુરૂરાજ | ગુરુરાજ |
| ૧૨૫ | ૨ | પ્રાણિગ્રહણ | પાણિગ્રહણ |
| ,, | ૨૦ | સર્વ સર્વ | સર્વ |
| ૧૨૬ | ૫ | હવા | હવા |
| ૧૨૮ | ૯ | મૂખં | મૂર્ખ |
| ૧૩૦ | ૨ | ઊરાડી | ઉરાડી |
| ૧૩૩ | ૧૦ | भृदूत्तर... | मृदूत्तर... |
| ૧૩૭ | ૯ | તાડપત્રી | તાડપત્રીય |
| ૧૩૯ | ૯ | ગ્રન્થો | ગ્રન્થો |
| ,, | ૨૭ | ઊપરનું | ઉપરનું |
| ૧૪૨ | ૨૫ | श्रीउदयराजे | श्रीउदयराजे |
| ૧૪૩ | ૨૬ | वाजपेयजनेन | वाजपेययजनेन |

# જૈન પત્રના પ્રકાશનો

શ્રી શ્રીપાળ
શ્રી શ્રાદ્ધવિધિ
શ્રી અર્હંન્નીતિ
શ્રી શત્રુંજય મહાત્મ્ય
હરિવિક્રમ ચરિત્ર
સ્ત્રીઓનો સાથી
પ્રદ્યુમ્ન ચરિત્ર
ગિરનાર મહાત્મ્ય
આખ્યાન સંગ્રહ
ધર્મબિન્દુ
દિલ્હી દરબાર
જૈન ચિત્રમાળા
શ્રી રત્નમાળા
જૈન તીર્થયાત્રા વર્ણન
મારી યાત્રા

શ્રી તીર્થંકર ચરિત્ર
ધર્મદેશના
સતી આદર્શ-જીવનમાળા
ધર્મજિજ્ઞાસુ અકબર
જૈન લેખ સંગ્રહ
જૈન દર્શન
વિમલ મંત્રીનો વિજય
ભાગ્યવિધાયક ભામાશાહ
ગુર્જરેશ્વર કુમારપાળ
વીરશિરોમણી વસ્તુપાળ ભા. ૧
અણહીલપુરનો આથમતો સૂર્ય
મહિલા મહોદય ભા. ૧
પુનરાવતાર
નવી દુનિયા

:: મળતા ગ્રંથો ::

| | |
|---|---|
| નવ સ્મરણ (સચિત્ર) | ૨-૦-૦ |
| વીરશિરોમણી વસ્તુપાળ ભા. ૨ | ૨-૦-૦ |
| મહાવીર તત્ત્વપ્રકાશ | ૨-૦-૦ |
| શત્રુંજયપ્રકાશ (સચિત્ર પૂર્વાર્દ્ધ) | ૨-૦-૦ |
| શત્રુંજયપ્રકાશ (સચિત્ર) ઉત્તરાર્ધ | ૨-૦-૦ |
| અર્પણ | ૨-૦-૦ |
| હેમચંદ્રાચાર્ય | ૨-૦-૦ |
| પુરાણાં પુષ્પો | ૨-૦-૦ |
| મહિલા મહોદય ભા. ૨ | ૨-૦-૦ |
| મહિલા મહોદય ભા. ૩ | ૨-૦-૦ |
| બિમ્બિસાર | ૨-૦-૦ |
| [illegible]કથા | ૨-૦-૦ |
| [illegible] મહેતા ભા. ૧ લો | ૨-૦-૦ |
| ,, ,, ભા ૨ જો | ૨-૦-૦ |
| ,, ,, ભા. ૩ જો | ૨-૦-૦ |
| પ્રતાપી પૂર્વજો પુષ્પ. ૧લું | ૨-૦-૦ |
| ,, ,, પુષ્પ ૨જું | ૨-૦-૦ |
| [illegible]રનો વિપાક | ૨-૦-૦ |
| ક્ષમાશ્રમણ. | ૨-૦-૦ |

**જૈન પત્રની ઓફિસ-ભાવનગર.**